# આપણી કવિતાસમૃદ્ધિ

દલપત નર્મદથી આજ લગીના આપણા અર્વાચીન યુગની
સુધારેલી વધારેલી બીજી આવૃત્તિ
વિ વ ર ણો સા થ

સંપાદક અને વિવરણકર્તા—બળવંતરાય કલ્યાણરાય ઠાકોર.



ઇસવી ૧૯૩૯ મૂલ્ય ૨-૦-૦ સાથી.

*** પ્રો. ઠાકોરનાં ઘણાં લખાણો અને વ્યાખ્યાનો હજી માસિકો અને ત્રૈમાસિકો, દીવાળી અંકો, છાપાંઓ અને પ્રાસંગિક પ્રકાશનોમાં તેમ જુદા જુદા કર્તાઓની ચોપડીઓમાં પ્રવેશકો રૂપે દટાયલાં પડ્યાં છે. તેનો સંગ્રહ ચાર પાંચ દળદાર પુસ્તકો (આશરે ૩૦૦૦ મોટાં પાનાં) જેટલો થાય એવો હોવાથી એવા પ્રકાશનના ભારે ખર્ચને લઇને હજી પ્રકટ થઇ શક્યો નથી.

હાલના શિષ્ટ સાહિત્યની ઝડપી અને વિવિધ પ્રગતિમાં પ્રો. ઠાકોરનો ફાળો સંગીન મોટો અને વિશિષ્ટ છે. એમનું બહુશ્રુત અને ગંભીર સંગીનની સાથે હાસ્ય ચમકારવાળું ગદ્ય, પરિચયની સાથે સાથે વધારે વધારે આકર્ષક અને સચોટ લાગે એવું છે. સૂચનોથી ભરપૂર મનભર અને મનનપ્રેરક એવું બીજું ગદ્ય પ્રાચીન અર્વાચીન ગુજરાતીમાં છેજ નહીં. એમની વિદ્વત્તા વિવિધ વિષયોમાં એકસરખી વિહરે છે. વિવેચના અને જીવનચરિતમાં એમની કૃતિઓ અજોડ છે. અને કવિતામાં તો—

શ્રી કનૈયાલાલ મુનશી  શ્રી રામનારાયણ પાઠક
શ્રી હિંમતલાલ અંજારીયા  શ્રી રમણલાલ વ. દેસાઈ
શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને શ્રી ત્રિભુવન સુંદરમ્

જેવા ભિન્ન ભિન્ન ચિત્તંત્રવાળા રસિકો એક અવાજે સ્વીકારે છે કે પ્રો. ઠાકોરે નવા ચીલા પાડ્યા છે, ગુજરાતી કવિતાને અર્વાચીન સજીવનતા અર્પી છે, અને તેમની કેડીએ કેડીએ ઉછરતા કવિઓ વધતી જતી સંખ્યામાં આપણા કાવ્યસાહિત્યને સુંદર વિવિધ રીતે ખીલવી રહ્યા છે.

*    *    *    *    *

આપણી કવિતા સમૃદ્ધિ પ્હેલી આવૃત્તિ વિષે અભિપ્રાયોમાંથી કેટલાક માટે જુવો આગળ.

# આપણી કવિતા સમૃદ્ધિ

## પ્રથમ આવૃત્તિ ઉપરથી કેટલાક અભિપ્રાયો.

### શ્રી અંબાલાલ પુરાણી.

આપણા ગુજરાતી સાહિત્યમાં કવિતાના સંગીન અભ્યાસની જે ખામી છે તે જોતાં "આપણી કવિતા સમૃદ્ધિ" નવી જ ભાત પાડનારૂં પુસ્તક ગણાતું જોઈએ. પુસ્તકમાં સ્વીકારેલી પદ્ધતિ શાસ્ત્રીય છે. લેખકના અભિપ્રાયો સંગીન અને તર્કસંમત છે. અને વિવેચના તલસ્પર્શી છે. લેખકના અભિપ્રાયો કે પદ્ધતિ જેમને માન્ય ન હોય તેમને પણ વિચાર કરવાની અને કવિતાનો અભ્યાસ કરવાની તક તથા જરૂર ઉભી કરવામાં એ પુસ્તકની વિશિષ્ટતા રહેલી છે. ઉછરતા કવિઓ અને ઉગતા વિવેચકો માટે તો એ પુસ્તક ઊંચુ ધોરણ રજુ કરે છે, એટલુંજ નહિ પરંતુ બન્ને ક્ષેત્રોમાં ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન પણ કરે છે.

### શ્રી. ઉમેદભાઈ મણિયાર

આપણી કવિતા સમૃદ્ધિ જોતાં સહેજે Palgrave's Golden Treasury યાદ આવે છે. અંગ્રેજી કવિતાની જે સેવા એણે કરી એવી જ સેવા બ. ક. ઠાકોરની 'આપણી કવિતા સમૃદ્ધિ'એ ગુજરાતી કવિતાની કરી છે, અને ભવિષ્યમાં પણ કરશે.

સૂક્ષ્મ સૌન્દર્યદૃષ્ટિથી, જૂના તથા નવા કવિઓની કવિતા સમૃદ્ધિ એકત્ર કરવામાં અને સમૃદ્ધ વિચારસામગ્રીથી ભરપૂર પ્રવેશક આપવામાં "આપણી કવિતા સમૃદ્ધિ" ગુજરાતી સાહિત્યમાં એક અતિમૂલ્યવાન ગ્રંથ તરીકે કાયમ રહેશે એ નિઃશંક છે. જ્યારે પરદેશ કે પરપ્રાંતોને ગુજરાતી કવિતાના આસ્વાદની તમન્ના જાગશે ત્યારે આપણે એમના હાથમાં આ ગ્રંથ આપીશું.

### શ્રી. ગટુલાલ ગોપીલાલ ધ્રુ.

ગુજરાતી કાવ્યોના પદ્ધતિસરના અભ્યાસ માટે "આપણી કવિતા સમૃદ્ધિ" ઉત્તમ આદર્શ પૂરો પાડે છે. અગ્રગણ્ય કવિઓનાં વિશિષ્ટ લક્ષણો બતાવનારાં કાવ્યોની પસંદગી અને તે કાવ્યોના પદ્ધતિસરના અભ્યાસનો માર્ગ આ પુસ્તકમાં જેવો બતાવવામાં આવ્યો છે તેવો આપણા સાહિત્યમાં બીજા કોઈ પુસ્તકમાં જોવામાં આવ્યો નથી.

## ડોલરરાય ર. માંકડ.

'આપણી કવિતા સમૃદ્ધિ'માં પસંદ કરેલાં કાવ્યો આપણાં દલપત પછીના કાવ્યસાહિત્યનું મૂલ્યાંકન કરવામાં માર્ગદર્શક થઈ પડે તેવાં છે. પણ એ પુસ્તકનું ઉત્તમાંગ તો એનો પ્રવેશક અને એનું ટિપ્પણ છે. ટિપ્પણમાં ખાસ કરીને છંદ અને મૂળ કાવ્યનાં વિવરણના કૂટ મુદ્દાઓ ઉપર જેવું વિવેચન આમાં મળે છે તેવું પ્રમાણભૂત વિવેચન હજુ સુધી તો આપણે ત્યાં નથી જ. પ્રવેશકમાં ચર્ચેલા કાવ્યશાસ્ત્રના મુદ્દાઓ કવિતાના અંતસ્તત્ત્વનો વિચાર કરવામાં દ્યોતક બને તેવા છે. સર્વથા એ પુસ્તક સ્વાગતાર્હ છે. એની બીજી આવૃત્તિ થાય છે જાણી ઘણો આનંદ થયો.

## ત્રિભુવનદાસ લુહાર ("સુન્દરમ્")

'આપણી કવિતા સમૃદ્ધિ' માત્ર બીજા કાવ્યસંગ્રહો જેવો એક કાવ્યસંગ્રહ જ નથી. એમાં જેટલાં કાવ્યો છે તેટલી જ બીજી કવિતા વિષેની વર્તમાન ગુજરાતી કવિતાને પલટો આપનાર એક સમર્થ કવિતાભ્યાસીના હાથે રજુ થયેલી સઘન માહિતી છે. વર્તમાન ગુજરાતી કવિતા પાછળની દૃષ્ટિ, કવિતાના છંદોદેહનું અભ્યાસપૂર્ણ નિરૂપણ, અને કવિતાકલાની છતી–અણછતી ચર્ચા–આ ગ્રંથમાં આ તત્ત્વો વાંચકને ગુજરાતી કવિતા વિષે સારા પ્રમાણમાં સુજ્ઞ કરી શકે તેમ છે. કવિતા પ્રદેશના નવા દીક્ષિતો માટે આ ગ્રંથ માર્ગદર્શક મિત્રની મોટી ખોટ પૂરી પાડશે. હજી લગી આવો ગ્રંથ આ એક જ છે.

## શ્રી પ્રાણલાલ દેશાઈ.

Indian Women's University એ "આપણી કવિતા સમૃદ્ધિ" એ નામનું આપે સંપાદન કરેલું પુસ્તક પાઠ્ય પુસ્તક તરીકે પસંદ કર્યું છે. અને તે નિમિત્તે આપ એ પુસ્તકની સુધારા વધારા સાથેની નવી આવૃત્તિ બહાર પાડવાનો વિચાર રાખો છો તે જાણી મને આનંદ થયો છે.

શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતા હાલના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ગુજરાતી કવિતાનો ઊંડો અને તુલનાત્મક અભ્યાસ કરતાં નથી એવી ફરીયાદ હાલમાં કેટલેક સ્થળેથી આપણા સાંભળવામાં આવે છે. જો એ ફરીયાદ ખરી હોય તો તેનું મુખ્ય કારણ મને એ લાગે છે

કે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને તેમના અભ્યાસમાં માર્ગદર્શક થઈ પડે એવાં પુસ્તકોની આપણા સાહિત્યમાં ખોટ છે. "આપણી કવિતા સમૃદ્ધિ" એ નામની આપની કૃતિએ એ ખોટ ઘણે અંશે દૂર કરી છે. અભ્યાસીઓને માટે આપનું એ પુસ્તક અમૂલ્ય છે એમ હું માનું છું.

દલપતરામથી માંડીને તે સુંદરમ્ સુધી અર્વાચીન ગુજરાતના સાડા આઠ દાયકાના લગભગ બધા જ કવિઓની કૃતિઓને આપના પુસ્તકમાં આપે સ્થાન આપ્યું છે. દરેક કૃતિનું આપે અત્યંત કાળજીથી વિદ્વત્તા ભરેલું સુંદર વિવરણ કર્યું છે. કર્વે યુનિવર્સિટીનો દાખલો આપની આ અને બીજી ચોપડીઓ—પાઠય પુસ્તક લેખે નીમીને બીજી યુનિવર્સિટીઓ પણ લેશે એવી આશા રાખું છું.

**બચુભાઇ રાવત.**

અમારા કાર્યાલયમાં દર બુધવારે કવિતાચર્ચા માટે મળતી અમારી મંડળીમાં કવિતાના ક્ષેત્રમાં પ્રવેશતા જે જે નવા વિવિધ આગંતુકોને મેં અભ્યાસ અને કાવ્યાસ્વાદ માટે **એની** ભલામણ કરી છે તે સૌને એથી અત્યંત લાભ થયો છે. કાવ્યની સમજણ, તેનો આસ્વાદ, અને આપણા કવિઓ તથા કવિતાઓને આવશ્યક બધો પરિચય આપનારૂં અને કવિતાના તત્ત્વમાં પ્રવેશ કરાવનારૂં એવું બીજું પુસ્તક આપણે ત્યાં નથી.

**શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ.**

કવિતા સમૃદ્ધિની બીજી આવૃત્તિ તૈયાર કરો છો જાણી ઘણો ખુશી થયો છું. આપણા સાહિત્યક્ષેત્રમાં કાવ્યપસંદગીઓના સંગ્રહો અનેક છે પણ મારા મતે ગુજરાતી કવિતાના પરિશીલન અર્થે માર્ગદર્શક આવો બીજો સંગ્રહ નથી. તેમાંએ આપની ટિપ્પણી વિવેચનના શિક્ષક જેવી છે. મને આશ્ચર્ય તો એ થાય છે કે આવો કવિતાશિક્ષણનો ઉત્તમ ગ્રંથ ગુજરાતી હાઇસ્કૂલો અને કોલેજોમાં પાઠય પુસ્તકનું સ્થાન હજી સુધી કેમ પામ્યો નથી! મારા અભિપ્રાય પ્રમાણે મેટ્રિક અને ફર્સ્ટ ઇયર માટે 'કવિતા સમૃદ્ધિ' એ આઇડીયલ પાઠય પુસ્તક છે.

**શ્રી. રામનારાયણ વિ. પાઠક.**

આપણા વિવેચનમાં ઘણી જગાએ વસ્તુહીન પ્રશંસા કે વસ્તુહીન નિંદા થતી મેં જોઈ છે. ઘણી જગાએ વિવેચન એકલું વિગતોમાં જ

ગુંચાઇ જાય છે, અને સમસ્તનું દર્શન કરી શકતું નથી; તો ઘણીવાર કાવ્ય તરીકે નહિ જોતાં તેના વસ્તુના બૌદ્ધિક પરીક્ષણરૂપ બની જાય છે. કેટલાક વિવેચકોને તો પોતાને પણ ઉચ્ચ કવિતારુચિ હશે કે કેમ તેની શંકા રહે છે. તેવી સ્થિતિમાં કવિતા કેમ સમજવી એ માર્ગમાં તમારા પુસ્તકથી અસંદિગ્ધ દોરવણી મળે છે. અભ્યાસીને એ ઘણુંજ ઉપકારક છે. સામાન્ય નજરે આવું નાનું ગણાતું કામ તમે હાથમાં લ્યો છો એથી વિશેષ આદર થાય છે.

## શ્રી. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી.

દલપતરામથી આજ સુધીના શતકના ગુજરાતી કવિતાનો વિકાસ દર્શાવતા આ સંગ્રહની કક્ષાનો બીજો કાવ્યસંગ્રહ નથી. ગુજરાતી કવિતાએ કરેલા નવા નવા વિષયોનો, નવી નવી કાવ્ય રીતિઓનો સ્વીકાર છંદાદિમાં કરેલા વિધવિધ પ્રયોગો, વગેરેનું યથેચ્છ દર્શન આ પુસ્તકમાં થાય છે. અને કાવ્યનાં રસમય અને વિસ્તૃત ટિપ્પણ લખવામાં કાવ્ય મૂલ્યાંકનની કોઇપણ શિષ્ટ સ્વીકૃત દૃષ્ટિ પ્રો. બલવંતરાય ઠાકોરે જતી કરી નથી.

વગેરે વગેરે વગેરે

---

# આપણી કવિતાસમૃદ્ધિ

## દલપત નર્મદથી આજ લગીના આપણા અર્વાચીન યુગની
## સુધારેલી વધારેલી બીજી આવૃત્તિ
## વિ વ ર ણો સા થે

સંપાદક અને વિવરણકર્તા—**બળવંતરાય કલ્યાણરાય ઠાકોર.**

'We live by admiration, hope, and love.'

આશા, રતિ અને ભાવનાભક્તિ જ આપણું જીવન છે.

*　　*　　*

રૂપપિપાસુ　સર્જનવાંછુ

સ્વૈરવિહારી　કલ્પનજલ્પનગુંજન;

દિક્કાલાર્ણવશૈલન :

—જીવન સંજીવન !

*　　*　　*

અહીં કોઈને કવિ કહેતાં તે શબ્દને જ હલકો કરવા જેવું છે.

—કલાપી



ઇસવી ૧૯૩૯　　　　મૂલ્ય ૨–૦–૦ સાઠી.

પ્રથમ આવૃત્તિ–ગુજરાત વ. સોસાયટી પ્રકાશિત ૧૯૩૧: પ્રત ૧૫૦૦.
સુધારેલી વધારેલી બીજી આવૃત્તિ–કર્તાપ્રકાશિત ૧૯૩૯: પ્રત ૧૦૦૦.



મુદ્રણસ્થાન: ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિગ પ્રેસ–**અમદાવાદ**
મુદ્રક: પરીખ સુરેશચંદ્ર પોપટલાલ

# નિવેદન

આવૃત્તિ ૧લી ના નિવેદનમાં સ્પર્શેલી મુસ્કેલીઓ આ વખતે ઓછી નડી છે. ભાવનાજીવી કવિઓ પણ કાલક્રમે વ્યવહારુ અને વાચકભૂખ્યા પ્રસિદ્ધિતરસ્યા થતા દેખાય છે. સાથે સાથે પામર ઉમેદવારોની માફક અદ્યતન કવિજન પણ કોઈ કોઈ પોતાની ઉમેદવારીના ટેકામાં ચાટૂક્તિ-પ્રયોગો કરી જુવે ખરા, એ નવો અનુભવે થયો છે. એક બે કિશોરો લખે છે તે સાચું માનું, તો મ્હારી પસંદગીઓ "અંગત રાગદ્વેષથી પર રહીને શુદ્ધ શાસ્ત્રીય ધોરણે અને ઉદાર તેમ કેળવાયલી રસવૃત્તિએ" થતી હોવાથી, ગુજરાતી વાચકોમાં "એટલી તો વજનદાર ગણાય છે," કે પ્હેલી આવૃત્તિમાં રહી જવા પામેલા કવિઓ "હજી પણ કવિપદ મેળવી શક્યા નથી," આ આવૃત્તિમાં જે જે લેવાશે તે "આવૃત્તિના પ્રકાશનની સાથે કવિ લેખે સુપ્રતિષ્ઠિત થઈ જશે," વગેરે. ભાઈ કવિકિશોર, તમને મ્હારા મતો, ધોરણો, વલણો, સિદ્ધાંતો આદિમાં લગીરે શ્રદ્ધા હોય, તો મ્હારું સાંભળશો, કે આ ચોપડીમાં કે અન્યત્ર પ્રકાશન મળી જવાના બાહ્ય અને આકસ્મિક ટેકાથી જે કોઇ લેખક સાચો સર્જક કવિ નથી, માત્ર કવિકુ છે, તેને સ્થાયી લાભ થવાનો નથી. ઉલટ પક્ષે જે સર્જક છે જ, તેને એવો આગંતુક ટેકો ભલેને ના મળે, ભલેને તેની સામે હરીફો અને ટોળકીઓ અને મતભેદથી પ્રામાણિક રીતે પ્રેરાતા વિવેચકો વિરોધપ્રચાર કર્યા કરે, તેના સર્જનોનો પ્રવાહ જો વ્હેતો રહેશે, તો તેને કવિપદ મળ્યા વગર રહેવાનું નથી. અથચ કવિપદ મળવું ન મળવું એ તો તુચ્છ બાબત: સર્જનપ્રવૃત્તિ સજીવન રહે અને તેને લઇને સર્જક પોતે સૌન્દર્યસમઝમાં, જ્ઞાનાનુભવમાં, માનવતા અને ચારિત્ર્યમાં વધે ચડે, એ જ શ્રેયોવસ્તુ છે; તેના જીવનનો આનંદાનુભવ પણ છે. કલાદીક્ષિત જીવન જેવું તપોમયની સાથે સાથે આહ્લાદક જીવન બીજું ભાગ્યે.

આ ઉગતા કવિઓએ મ્હને પોતાનાં કાવ્યોની નકલો જોવા મોકલી મ્હારા કાગળો પરથી, અને પ્રસ્થાન, કુમાર, ને બીજાં એકબે પ્રતિષ્ઠિત છાપાંઓના તંત્રીઓ અને માજી તંત્રીઓના કાગળો પરથી, હું આ બીજી આવૃત્તિ માટે પસંદગીઓ કરી રહ્યો છું એમ જાણીને. કુમાર અને પ્રસ્થાનમાં અને બીજાં એક બે સામયિકોમાં નવી કવિતાઓ આવ્યા જ કરે છે. દીવાળી

અંકોમાં સંખ્યાબંધ આવે છે. ઊર્મિએ થોડાં વર્ષ કાવ્યાંકો કહાડેલા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આબ્દિક 'ગ્રંથ અને ગ્રંથકાર' માં કેટલાંક વર્ષથી તે તે વર્ષ દરમિયાન માસિકો આદિમાં પ્રકટ થયેલી કવિતામાંથી પસંદ કરેલી થોડી અપાય છે. હરિ હર્ષદ ધ્રુવે અને મણિલાલ નભુભાઇએ નવી કવિતાના પ્રકાશનની જે પદ્ધતિ "સાક્ષર યુગ" બેસતાં આરંભેલી, જે રમણભાઇ, ભાવનગરના "કાવ્યપ્રેમી" આદિએ ચાલુ રાખેલી, તે વીસમી સદી, ગુજરાત, સાહિત્ય, વસંત, આદિ આશ્રમી ગયાં છે તથાપિ ચાલ્યા કરે છે, વધારે વ્યવસ્થિત રૂપે ચાલે છે એમ પણ કહી શકાય છે. આ સર્વ બંધુઓએ મ્હને મ્હારા કાર્યમાં સુગમતા કરી આપી છે તે માટે તેમનો, તથા જે જે કવિઓએ પોતાની વત્તીઓછી કૃતિઓ મ્હને જોવા મોકલી આપી, તે સર્વેનો અત્ર ઉપકાર માનું છું. વળી પસંદગીઓ કરતાં કરતાં મ્હને આ વખતે ચારપાંચ અધિકારી કવિતાભોગી વિવેચકો સાથે ખુલ્લા દિલની ચર્ચાચર્ચીનો સારો લાભ મળ્યો છે. એમાંના એકબેએ મ્હારાં કેટલાંક વિવરણો પણ વાંચ્યાં ચર્ચ્યાં છે. એટલે જો કે આ વખતે પણ અત્ર અક્ષરેઅક્ષર માટે જવાબદાર હું જ છું, તથાપિ અત્ર કેટલુંક હું વધારે ખાતરીથી પ્રજાસેવામાં રજુ કરી શકું છું, તે આ ભાઇઓના આવા સહકારને આભારી છે.

શ્રી ઉમાશંકર જોષીની "વિશ્વશાંતિ" મ્હારી પ્હેલી આવૃત્તિની લગભગ સાથે બ્હાર પડેલી. તે પછી કવિતાની ચોપડીઓ વધતી સંખ્યામાં બ્હાર પડતી ગઇ છે. ગુજરાત સાહિત્ય સભાએ ચાલુ રાખેલાં દર સાલનાં સાહિત્યનાં અવલોકનોથી એ ચોપડીઓ ઝટ ઘણાની જાણમાં પણ આવતી થઇ છે, અને એ સર્વ ગ્રંથસ્થ નવી કવિતા જોઇ જવામાં મ્હને ફાર્બસ સભા અને ગુજરાત વ. સોસાયટીનાં પુસ્તકાલયો સારી રીતે ઉપયોગી થઇ પડયાં છે.

સંગ્રહ અને સંકલનાના આશય હેતુ અને ધોરણો પ્હેલી આવૃત્તિનાં હતાં તેજ કાયમ રાખ્યાં છે. એ વખતે ઇ. ૧૯૧૧ પછી જન્મેલા કોઇની કૃતિ લીધી ન્હોતી. આ વખતે ઇ. સ. ૧૯૨૦ પછી જન્મેલા કોઇની લીધી નથી. તે વખતે અરજણ ભગત, ભીમરાવ, દોલતરામ, અને ભાઇશ્રી "પતીલ" (મગનભાઇ ભુધરભાઈ પટેલ) રહી ગયેલા, તેમની એક એક કૃતિ લઇને હું નવા કવિઓના ફાળ જોવા લાગ્યો, તે મ્હને જથામાં તેમ

ગુણવત્તામાં ય અસાધારણ માલુમ પડ્યો. ભાષા, પદ્યરચના, શૈલી, રીતિ અને કલા ઉપર સંખ્યાબંધ ઉછરતા કવિઓએ સારો કાબૂ મેળવી લીધો છે. હાસ્યરસનો એક પણ નમૂનો આમાં આપી શકતો નથી એટલે ખાસ ઉમેરૂં છું કે હસાવતી અને ઉપહાસપ્રધાન કવિતા પણ ઠીક લખાવા લાગી છે. આમ પસંદગીઓ કરતાં મેં થોભીને જ્યારે પંક્તિ સંખ્યાનો સરવાળો કરી જોયો, ત્યારે તે ૩૨૦૦ તો થઇ ગયેલો જણાયો. અને હજી તો કેટલાક લાયક નવીનો રહી જતા હતા!

આ તો અતિ ભારે ત્રાપો ડૂબે, એવો મામલો! હું ખૂબ વિચારમાં પડી ગયો. સમૃદ્ધિની એકે નકલ સિલકમાં ન્હોતી અને શ્રી કર્વે વિદ્યાપીઠે તેને પાઠ્યપુસ્તક લેખે નીમી હતી, એટલે વિશેષ નહીં તો તેનું પુનઃ મુદ્રણ ફરજિયાત હતું. એ કરીને તેને સમૃદ્ધિ વૉલ્યુમ ૧લું કહેવું, અને બીજી ૨૦૦૦–૨૫૦૦ પંક્તિના સવિવરણ સંગ્રહને બીજું વૉલ્યુમ કહેવું? મ્હને બે વૉલ્યુમ છાપવાનો ખર્ચ પડે, ખરીદનારને બે વૉલ્યુમના ઓછામાં ઓછા રૂા. ત્રણ પડે.

પ્હેલી આવૃત્તિમાં એક બે દોષ મોટા હતા. એ પંચાવન કવિ અને બાસઠ* કૃતિઓના સંગ્રહથી સારા કવિઓને ભારે અન્યાય થયો હતો. અડતાળીશ કવિના અડતાળીશ જ નમૂના લેવાનું કડક ધોરણ પાળતાં વિષય-વૈવિધ્ય શૈલી વૈવિધ્ય આદિને સમાલવા જતાં, ઊંચી કવિતા ગણાય ભાગ્યે એવી પણ કેટલીક લેવી પડી હતી. અને આ બીજો દોષ પણ ઘણાને ખૂંચે એવડો મોટો હતો. ઉલટ પક્ષે, એમાં ૧૯૦૧થી ૧૯૧૧ લગીમાં જન્મેલા નવ નવીનોને સ્થાન આપેલું, અને સદ્‌ગત પ્રોફેસર ગજેન્દ્ર બુચ શિવાયના એ આઠ કવિઓ ચાલતા દાયકામાં પોતાનાં સર્જનો ઉપરા-ઉપર ચાલુ રાખી પ્રજામાં પોતાની પ્રતિષ્ઠા જમાવી શકયા છે અને એમ મેં કરેલી એમની ચુંટણીને પણ તેમણે પ્રતિષ્ઠા અપાવેલી છે, એ હકીકત આ પ્હેલી આવૃત્તિનો સૌથી આગળ પડતો વિજય ગણાવાને પાત્ર છે.

વ્યવહારુ મર્યાદાઓને નમી ૨૬૦૦–૨૬૫૦ પંક્તિઓનું જ વૉલ્યુમ કરવું, ઉપલો ગુણ તેમાં યથાશક્તિ જાળવવો અને ખીલવવો, ઉપલા દોષોથી તેને બનતાં લગી મુક્ત રાખવું,—એ પ્રમાણે ઠરાવીને આ નવી

* એ આવૃત્તિમાંની ગણત્રી પ્રમાણે તો સાઠ, પણ હરિલાલ હ. ધ્રુવ અને કાન્તની બે કૃતિની એક એક બનાવી લઇને કુલ સાઠ ગણેલી, જો કે હતી બાસઠ.

આવૃત્તિની રચના કરી છે. એમ પણ, થોડા ઉછરતા કવિબંધુઓ રહી જ જાય છે, જુના જાણીતા પ્રતિષ્ઠિત અને પ્રથમાવૃત્તિમાં લીધેલા એવા પણ કેટલાક કવિબંધુઓને આમાં ફરી નથી જ લઈ શકતો: વગેરે સર્વ માટે મ્હારી લાચારી જાહેર કરૂં છું.+ ૨૬૦૦–૨૬૫૦=૩૬૦૦–૩૬૫૦, એવી રચરિયા આ દુનિયા છે નહીં!

---

+ પ્હેલી આવૃત્તિમાં લીધેલા કવિઓમાંથી નીચેના અહીં છોડી દેવા પડયા છે:—

(૧) અનવર મીયાં, (૨) કંચનલાલ (મલયાનિલ), (૩) કૃષ્ણપ્રસાદ ભટ્ટ, (૪) કે. હ. ધ્રુવ, (૫) ગણપતરાવ બર્વે, (૬) ડા. ચંદુલાલ દેસાઈ, (૭) ચંદ્રશંકર પંડયા, (૮) જગન્નાથ (સાગર), (૯) જીવ(ન)રામ (જટિલ), (૧૦) જીવાભાઇ પટેલ, (૧૧) ડાહ્યાભાઈ દેરાસરી, (૧૨) ત્રિભુવન પ્રેમશંકર, (૧૩) ભાનુશંકર ભટ્ટ, (૧૪) મણિલાલ દ્વિવેદી, (૧૫) રંજિતલાલ પંડયા, (૧૬) વિઠ્ઠલરાય આવસત્થી, (૧૭) શંભુપ્રસાદ (કુસુમાકર), (૧૮) હરજીવન ત્રવાડી (ઋષિરાય), અને (૧૯) હ. હ. ધ્રુવ, ઉપરાંત નીચેના કવિઓની તે આવૃત્તિમાં લીધેલી કૃતિ ત્યજી દઇ, અત્ર બીજી (અને આશા છે કે તેના કરતાં વધારે સારી વા લાક્ષણિક) લીધી છે:—

(૧) અરદેશર ખબરદાર (બે લીધી છે, બંને નવી); (૨) શ્રીધરાણી; (૩) ગો. મા. ત્રિ.–૧લી આવૃતિમાંની કૃતિમાં તેના જેટલો જ લાંબો આગલો ભાગ વધાર્યો છે; (૪) ચંદ્રવદન મ્હેતા; (૫) જન્મશંકર (લલિત); (૬) ઝીણાભાઇ (સ્નેહરશ્મિ) બે લીધી છે, બંને નવી; (૭) ત્રિભુવન (સુંદરમ) પ્હેલી આવૃત્તિમાંની રાખી બીજી ત્રણ નવી ઉમેરી છે; (૮) દલપતરામ ૧લી આવૃત્તિમાંની એક છોડી દીધી છે; (૧૦) ન્હાનાલાલ કવિ (બે નવી ઉમેરી છે); (૧૧) કાન્ત (બે નવી ઉમેરી છે, એક લાંબી. ૧લી માંની એકનો ઉત્તરાર્ધ છોડી દીધો છે); (૧૨) મનઃસુખ ઝવેરી (એક નવી ઉમેરી છે); (૧૩) સુંદરજી બેટાઈ (૧લી માંની છોડી દઇ નવીમાંથી લાંબો ફકરો લીધો છે); (૧૪) બ. ક. ઠા. (૧લી માંની છોડી દઈ ત્રણે નવી લીધી છે); (૧૫) નર્મદ (એક નવી ઉમેરી છે).

આમ ૫૫ કવિઓ હતા તેમાંથી એકવીશ જ મૂલ પ્રમાણે ફરી છપાયા છે; અને પંદરમાં વધારે અને (આશા છે કે) વધારે સારી કૃતિઓ લેવાઇ છે, જ્યારે ૧૯ (મુકાબલે જુનવાણી અગર ઉતરતા) ને છોડી જ દીધા છે. એકંદરે આ કંઇ માત્ર "સુધારેલી વધારેલી" આવૃત્તિ ના કહેવાય. નવા કવિઓ પ્હેલી જ વાર ઉમેરેલા છે તેમની સંખ્યા ગુણવત્તા આદ પણ આમાં ઉમેરી લેતાં, આને ખરી રીતે પંચોતેર ટકા નવી ચોપડી કહેવી પ્રાપ્ત થાય છે. અને તો પણ પ્હેલી આવૃત્તિના કરતાં ત્રગણીને બદલે બમણી ચડિયાતી પણ ગણાય, તો સદભાગ્ય.

૧લી આવૃત્તિમાં લેવાયેલા નવીનો વિષે ઉપર આવી ગયું. આ આવૃત્તિમાં નીચેના પ્હેલી જ વાર લેવાય છે. (૧) "પતીલ," જન્મ–ઇ. ૧૯૦૭; (૨) કરસનદાસ માણેક, જન્મ–ઈ. ૧૯૦૧; (૩) પૂજાલાલ દલવાડી જન્મ, ઇ. ૧૯૦૧; (૪] જેઠાલાલ ત્રિવેદી, જન્મ–ઇ. ૧૯૦૮; (૫) ભાનુશંકર વ્યાસ જન્મ–ઇ. ૧૯૦૫; (૬) રમણલાલ સોની, જન્મ–ઇ. ૧૯૦૯; (૭) ચમનલાલ ગાંધી, જન્મ–ઇ. ૧૯૦૯; (૮) રામપ્રસાદ શુકલ, જન્મ–ઇ. ૧૯૦૭; અને વળી ૧૯૧૦ પછી (૧૯૧૧માં) જન્મેલ પરંતુ બહુ જલદી નવીન કે ઉછરતા વર્ગમાંથી નીકળી જઈ પ્રતિષ્ઠિત વર્ગમાં ઉચ્ચ પદ મેળવી શકેલા (૯) ઉમાશંકર જોષી, જન્મ ઇ. ૧૯૧૧; પછી જન્મેલા નીચેના નવીનો પણ અત્ર સ્થાન મેળવી લે છેઃ—

(૧૦) ગણપતલાલ ભાવસાર, જન્મ ઈ. ? (૧૧) દુર્ગેશ શુકલ, જન્મ ઇ. ?; (૧૨) પ્રહ્લાદ પારેખ, જન્મ ઇ. ? (૧૩) ભોગીલાલ ગાંધી, જન્મ ઇ. ૧૯૧૨; (૧૪) નાથાલાલ દવે, જન્મ ઇ. ૧૯૧૨; (૧૫) દેવજી મોઢા જન્મ ઇ. ૧૯૧૩; (૧૬) પ્રબોધરાય ભટ્ટ, જન્મ ઇ. ૧૯૧૩; (૧૭) રમણિક અરાળવાળા, જન્મ ઇ. ૧૯૧૩; (૧૮) મગનલાલ દેસાઈ (કોલક), જન્મ ઇ. ૧૯૧૪; (૧૯) મનુ હ. દવે, જન્મ ઇ. ૧૯૧૪; (૨૦) મુકુન્દ પારાશર્ય, જન્મ ઇ. ૧૯૧૪; અને (૨૧) ઠાકોરલાલ ચોકસી, જન્મ ઇ. ૧૯૧૫.

અથચ આમાં ૧લી આવૃત્તિમાંના નવ નવીનોને ઉમેરતાં, અત્ર કુલ સંગ્રહેલા સત્તાવન કવિઓમાંથી ૧૯૦૧માં અને પછી જન્મેલાની સંખ્યા ત્રીશની થાય છે. ૧૯૦૦ લગી જન્મેલા કવિઓની સંખ્યા સત્તાવીશથી પણ ઓછી રાખવામાં આવી હોય એવો સંગ્રહ દલપતથી માંડીને આજ લગીના આખા અર્વાચીન યુગના ભોમીયા લેખે કેટલો તો એકતર્ફી ગણાય તે જે કિશોર બંધુઓને પોતે આમાંથી રહી ગયાનું ખટકે તેમણે જરા વિચારી જોવું. સામી બાજુએ, નવીનોમાંથી જે સારી રીતે આશાસ્પદ–આપણા સાહિત્યની પ્રગતિમાં ફાળો આપી શકે એવા સમર્થ–જણાતા હોય, તેમને પ્રજા આગળ જલ્દી આણવા એ આ સેવાકાર્યના એક મોટા આશયને પૂરતું વઝન આપી શકશે, તેવા કવિબંધુઓ, પોતે ૧લી આવૃત્તિમાં લેવાયલા તો ય આમાંથી પાછા છોડી દેવાય છે, એ હકીકતને પૂરતી ઉદારતાએ સહી લેશે, એવી આશા રાખું છું.

વળી ધારો કે પસંદગીઓ કરતાં કરતાં નવીનોને આગળ આણવાના આશયે અજાણતાંજ મ્હારાથી પક્ષપાત થયા હોય, એ ધોરણ વપરાઇ

ગયાં હોય, પ્રતિષ્ઠિતો માટેનાં ઉચ્ચ ધોરણને નવીનો માટે અતિ કડક ધારી મેં એમની કવિતાઓ લેતાં નમતું તોળ્યું હોય. માણસ અપક્ષ અને ન્યાયી રહેવા મથે, તથાપિ કાં તો તે પ્રતિષ્ઠિતોને સંગ્રહમાં પૂરતું અને ઘટતું અને હક્કનું સ્થાન મળવું જ જોઈએ એ દૃષ્ટિને પ્રધાન ગણશે, કાં તો નવીનોને તો આગળ આણવા જ જોઈએ એ દૃષ્ટિને પ્રાધાન્ય આપશે. ત્રાજવું આ બેમાંથી એક પણ બાજુએ ઢળે, તે ચોકખો દોષ, એટલી તોળાટની તોળાટની મધ્યસ્થીમાં ખામી, એ કબૂલમંજૂર. તથાપિ આ બેમાંથી એક દોષ જ્યાં અતિસહજ, ત્યાં કયો દોષ ક્ષમ્ય અથવા ઓછો ટીકાપાત્ર, અથવા કંઈ નહીં તો ય સમભાવજન્ય ગણાવો ઘટે, એટલું કૃપા કરીને જરા શાંતમને વિચારી લેશો.

અને સારા કવિઓમાંથી થોડાની ચાર ચાર, થોડાની ત્રણ ત્રણ, થોડાની બે બે કૃતિઓ આમાં લીધી છે, તે પણ જુનામાંથી કેટલાકને છોડી દેવાનું મોટું કારણ છે. આગલા બધાને રાખવા અને નવાને પૂરતી સંખ્યામાં લેવાનું અશક્ય, તેટલું જ જૂના બધાય રાખીને સારા કવિઓની કૃતિસંખ્યા વધારવાનું અશક્ય હતું.

કાંત, ન્હાનાલાલ, સુંદરમ્, અને ઉમાશંકરની ચારચાર કૃતિ લીધી છે; ન. ભો. દી., કલાપી, બલવંતરાય, પૂજાલાલ, અને પતીલની ત્રણ ત્રણ; નર્મદ, ખબરદાર, રામનારાયણ, મનઃસુખ ઝવેરી, સ્નેહરશ્મિ, અને ભોગીલાલ ગાંધીની બે બે લીધી છે; આ ત્રેતાળીશ કૃતિઓ ઉપરાંતની બેતાળીશ, દરેક જુદા કવિની છે. ગો. મા. ત્રિ., સુંદરજી બેટાઈ, કરસનદાસ માણેક અને ગજેન્દ્ર બુચ જેવા મનોહર કવિઓની એક એક જ કૃતિ લઈ શક્યો છું ત્યારે તે પૂરતી લાંબી પસંદ કરેલી છે.

વિવેચકોને ચેતવણી લેખે એક બીજો અનુભવ નોંધી આ કલમ સંકેલું છું. નવો કાળ તપાસતાં કોઈ કોઈ કૃતિ એવી દીઠી, જે ઊંચી ગણાય તો તો સારી પેઠે ઊંચી ગણવી પડે એવી હતી, પણ ઊંચી ગણાય કે નહીં એવી શંકામાંથી ફરી ફરી ફરીને વિચાર કરતાં પણ હું મુક્ત થઈ શકતો નથી, તો એવી કૃતિને આ સંગ્રહમાં શી રીતે સ્થાન આપું વારુ ?

## ૨

આપણા નવા એટલે આશરે ઈ. ૧૯૦૦ થી શરુ થતા કવિતાકાલનું એક લક્ષણ પ્હેલી આવૃત્તિના પ્રવેશકમાં જણાવી ગયો છું, કે ઊજળી પરજની તળેનાં વસતી થરોમાં કેળવણી અને અસ્મિતા અને ઉદાર દૃષ્ટિવૃત્તિ પ્રવેશતી જાય છે, તેમ તેમ સાહિત્ય અને કવિતા વધારે ચોકખા અર્થમાં "પ્રજાની વાણી" બનતાં આવે છે. બીજું એક લક્ષણ અહીં નોંધું છું. શ્રી ન્હાનાલાલની અસર એમના પછીના સાહિત્યમાં ભાવનામયતા અને સોણલાંપરસ્તી વધારવાની છે, અને તોપણ "સાક્ષર યુગી" કવિતાના કરતાં ૧૯૦૦ પછીની કવિતા વાસ્તવદર્શી બનતી આવે છે. ગાંધીભકતો આ પલટાને ગાંધીયુગની અનેક વ્યાપક અસરોમાંની એક લેખે ઝડપી લિયે, તે ન સમઝાય એવું નથી. પરંતુ હિંદ બ્હારના સાહિત્યમાં પણ આ પલટો દેશ દેશના સાહિત્ય અને કવિતામાં દીસી આવે છે, અને ત્યાં બધે તો એને યુરોપી મહાયુદ્ધથી આરંભાયલી અને હજી ચાલ્યા જ કરે છે તે આર્થિક (ઇકોનોમિક) ભીંસ ચરસાચરસી અને તંગીનું પરિણામ માનવામાં આવે છે. આ આર્થિક ભીંસની સાથે સાથે સામ્યવાદી (માર્કિસયન અને સોવિયેટન) વિચારજૂથના વધતા જતા પ્રચારે નિષ્કિંચનો, અંત્યજો, દલિતો આદિ કાળી પરજ* તેમ ખેડુત મજુર આદિ શ્રમજીવી વર્ગ અને બાવા ભિક્ષુક આદિ આર્થિક હિસાબે નકામ વર્ગ ભણી પણ સહાનુભૂતિ વધેલી છે. કવિજન તેમની માનવતાની રેખાઓ વિશેષ સ્પષ્ટતાએ આલેખી રાચે, એ કુદરતી છે. અને કવિમાનસ તો વળી કોઈ કોઈ વાર એવી ચમત્કારિક દશાઓમાં વિહરે છે, કે તે વ્યોમગુંબદ અને અગાધ પાતાલગર્ત્તની વચ્ચે પણ અભેદ દર્શન કરાવી શકે છે. કવિ એ દશાઓમાં વર્ડઝવર્થના ચંડોળની જેમ

True to the kindred points of heaven and home,

—વ્યોમશિખરોનો ધરાની નક્કર સપાટી સાથેનો સનાતન સંબંધ જુવે દેખાડે છે. સાક્ષરયુગી કવિતા પોચટ હતી. ન્હાનાલાલી કવિતા ધુમાડાના ગોટા છે. તે ભાવનાઓ અને અધર આકૃતિઓ અને અભ્રાસ્થિર ચિત્રો આલેખે છે અને તેમના ઉપર મોહી પડે છે, તેમના નશામાં ડૂબે છે, અને બાળક જેમ ઘરઘરની રમતોમાં વાસ્તવદૃષ્ટિ સાથે આંખમીચામણાં રમે છે,

---

* આ શબ્દજોડમાંનો પરજ શબ્દ પ્રજાનો અપભ્રંશ હશે એમ લાગે છે: પ્રજા—પરજા—પરજ.

એમ જાણ્યે અજાણ્યે ન્હાનાલાલની કવિતા વાસ્તવદૃષ્ટિ બંધ રાખીને મનઃ મનવે છે. નવીનોની કવિતા જરા મરદાની અને ખુલ્લી આંખે યાથાતથ્ય જોનારી બનતી આવે છે. આ વલણ વધે તો તો–સોનાથી વળી પીળું શું! પરંતુ ખરે જ વધશે કે કેમ–નજાને.

શ્રી ખબરદાર, શ્રી સાહિત્યપ્રિય, અને શ્રી મેઘાણી જેવા પ્રતિષ્ઠિત બંધુઓ જે પ્રકારની કવિતાભાવનાને જાણ્યે અજાણ્યે વળગે છે અને વખાણી રહ્યા છે, તે સુશિક્ષિત ઉછરતી પેઢીઓમાં વધતો જતો સ્વીકાર મેળવી લે, તો ગુજરાતી કવિતામાં વાસ્તવાલેખી કલ્પનાપ્રવૃત્તિ ના પણ વધે.

નવી કવિતા વિષે કહેવા બેસિયે તો કહેવાનું એટલું બધું છે કે ક્યાંથી આરંભ કરવો અને કેમ આગળ ચાલવું તે પણ એકાએક સુઝે ભાગ્યે. વળી અત્ર અને અદ્ય એ પ્રકરણ ઉખેળી બેસવાને નથી જગા અને નથી સમય. આ ચોપડીનું પ્રકાશન એટલું તો મોડું થઇ ગયું છે કે તે માટે પ્રવેશક લખાય ત્યાં લગી વળી વધારે મોડું કરવું શક્ય જ નથી.

પ્હેલી આવૃત્તિમાં પણ કૃતિઓની ગોઠવણ સાભિપ્રાય હતી. આ વખતે આગળ વધીને આ પંચાશી કૃતિઓને નવ સ્તબકમાં ગોઠવી છે. આખો સંગ્રહ બહુ લાંબો પડે, તે ગમે તે એકબે સ્તબક છોડી દિયે. વર્ગમાં ચલાવતાં જે આ ચોપડીને દર અઠવાડિયે થોડો જ સમય રાખી શકે, પરંતુ બે વર્ષ લગી ચલાવી શકતા હોય, તેવાને બે વર્ષ પૂરતી અભ્યાસ-વસ્તુ પણ વ્યવસ્થિત રૂપે મળી રહેશે. પ્હેલા ત્રણ સ્તબકની અને પછીના ચાર સ્તબકની લંબાઈ એક સરખી આવી ગઈ છે, એ અકસ્માત છે, તો પ્હેલી આવૃત્તિ કરતાં આમાં કરુણ રસને ઓછું સ્થાન આપ્યું છે એ ફેરફાર મેં જાણીને કર્યો છે. કિશોર અને નવજુવાન વાચકો માટેનાં પાઠ્ય પુસ્તકો ઘેરા કરુણનાં કે કરુણપ્રધાન ના જ હોવાં જોઈએ. વળી વર્ણનાત્મક સ્તબક ખાસ લાંબો રાખ્યો છે, સ્હેલી કવિતાઓનું અને ટુંકી કવિતાઓનું પ્રમાણ ઘટવા દીધું નથી, જો કે લાંબી કવિતાઓ પ્હેલી આવૃત્તિ કરતાં વધારે આપી શક્યો છું, વગેરે વગેરે ઝીણાં મોટાં લક્ષણો વાચકો અને શિક્ષકો જાતે જોઈ લેશે.

હજી ખામીઓ અને અસંતોષકારણો રહે છે જ. સાચો ઉપાય એ વોલ્યુમો કરી નાખવાનો છે. દલપત નર્મદથી માંડીને કલાપીના મૃત્યુ એટલે

આરોહણ વસંતોત્સવ આદિના પ્રકાશન લગીનું પ્હેલું પુસ્તક, તે પછીની કવિતાનું–ઈ. ૧૯૨૫ લગી જન્મેલા કવિઓનું બીજું પુસ્તકઃ એમાં મળીને

કૃતિ સંખ્યા—આશરે ૧૫૦:

કવિ સંખ્યા—(અહીં ૫૭ છે તે આંકડો ઉથલાવતાં) આશરે ૭૫:

પંક્તિ સંખ્યા—આશરે ૪૫૦૦–૫૦૦૦.

ઈ. સ. ૧૯૪૫–૪૬ માં આવી "ત્રીજી" અને "અંતિમ" આવૃત્તિ બ્હાર પાડવાનો સમય પાકી જશે. હું તે વખતે અશક્ત હોઉં અગર નામશેષ થઈ ગયો હોઉં, તોપણ મ્હારા જેવો કવિબંધુ અને કવિતાસેવક ગુજરાતમાં તે વખતે નહીં જ હોય એમ માની શકતો નથી. મ્હારી અંગત અતડાઈઓ અને મર્યાદાઓ ઘણી ઓછી એવો પણ કોઈ તો હશે, અને એવા અનુયાયીને સૂચના લેખે આટલું લખ્યું છે.

કવિતાશિક્ષણને ઉત્તમ પગથિયે આવી ચોપડી દેશે દેશ યુગે યુગના સાહિત્યમાં આવશ્યક તો છે જ. અને દેશે દેશ યુગે યુગમાં પાયો ખોદનાર અને પૂરનાર, માર્ગ શોધનાર અને બાંધનાર, ઢેકાં ફોડી ભોંય ખેડી તૈયાર કરનાર, આદ્ય યાત્રી (પાયોનીયર) ને મુસ્કેલી ઘણી પડી લાભ મુકાબલે ન જેવો થાય, એ વાવે અને એના પછી આવતા વારસો લણે, એ સામાજિક ન્યાય (સોશિયલ જસ્ટિસ) નો વિચિત્ર પ્રકાર, આ ક્ષેત્રમાં પણ પ્રવર્ત્તે છે. મ્હારા પછી આવાં સેવાકાર્ય ઉપાડી લેવાને બેચાર વિદ્વાનો આજથી તૈયારી કરી રહેલા જોવામાં પણ આવે છે. એમને મ્હારા શુભાશીષ! બિનંગત અને શાસ્ત્રીય અને ઉદાર સમભાવી બની શકશો, તે પ્રમાણમાં જ ત્હમારી વિદ્વત્તા અને સેવા ઉગી નીકળશે, એ ધ્યાનમાં રાખશો.

## ૩

આ "સમૃદ્ધિ"ની યોજનામાં વિવરણ કેટલું જરૂરી ગણેલું છે તે વિષેનાં વાક્યો પ્હેલી આવૃત્તિના નિવેદન અને પ્રવેશકમાંથી અહીં ફરી છાપું છુંઃ

અંગત રુચિ અરુચિને અલગ રાખી કૃતિના ગુણદોષ સમઝાય એમ સકારણ વિવરણ લખવું, વાદાવાદી બનતાં લગી ત્યજીને પણ મત દેવામાં તો ખંચાવું નહીં. ગોળ ગોળ પણ ન લખવું, અને મત કરતાં તેનાં કારણોને મુખ્ય ગણવાં: અલંકારો સરખામણીઓ તથા તે માટે ઉતારા, શબ્દવ્યુત્પત્તિ, કવિનાં સામાન્ય

લક્ષણો, વગેરે વિષયોથી ન લલચાતાં ચોપડીના કદની મર્યાદાઓને વળગી રહેવું. કૃતિને અને તેના અર્થને જ પ્રધાન ગણવાં:

પરંતુ આવી આવી ચર્ચા ફેલાય અને લોકમત કેળવાય તે પ્હેલાં કવિતાઓ જ વધારે વંચાય અને વંચાય તેટલી સંગીત લલકાર કે ભાવને તેમ પરિચિત વા પસંદ વિચારલઢણને માત્ર ઘુંટયા કરવાને નહીં, વધારે ઊંડી ને સ્પષ્ટ સમઝથી અને ઉદાર સુસંપન્ન તુલનાત્મક રસિકતાથી વંચાય, એ આવશ્યક પગથિયું છે. આ સંગ્રહની યોજનામાં વિવરણને આટલી જગા આપવામાં આવે છે એવા અભિપ્રાયથી, કે સારી કવિતા સારી કેમ ? નબળી કવિતા નબળી કેમ ? એ માત્ર લાગણીસંવેદ્ય અને રુચિભિન્નતાનો વિષય નહીં, પણ સિદ્ધાન્તોને વળગીને એટલી શાસ્ત્રીયતાથી ઠસાવી શકાય એવી ચોકસ વસ્તુ છે, કે એવાં પ્રતિપાદનો સર્વમાન્ય અથવા લગભગ સર્વમાન્ય થવા પામે એવી કોટિનાં લખી શકાય છે. કલાના દરેક ક્ષેત્રમાં તેમ કવિતામાં થોડી ઘણી પક્ષાપક્ષી અને ઓછાવત્તા રુચિભેદ રહેવાના જ તથાપિ એવા અનિવાર્ય અપરિહાર્ય મતભેદોનું વર્તુલ કલાની દુનિયામાં વસ્તુતાએ અતિમર્યાદિત છે, લેભાગુઓ માને મનાવે તેટલું વિશાળ નથી. વળી સ્ફુટાર્થવતી વાણી જે કલાઓનું વાહન, તે કલાઓમાં તો બીજી કલાઓને મુકાબલે મતભેદ વર્તુલ વધારે મર્યાદિત છે. પક્ષાપક્ષીથી અલગ બિનંગત, નહીં માત્ર યશોગાન કે નહીં વિપરીત, કારણ અને આધાર અને દાખલા આપી આપીને જ ડગલુ ભરે અને મત કરતાં તેનાં કારણોને જ પ્રધાન ગણે, એવી શાસ્ત્રીય નિખાલસ સૌન્દર્યપ્રીત્યર્થ સેવાભાવી ટીકા અને તુલનાને કવિતા અને સાહિત્ય કલાના ક્ષેત્રમાં તો એટલું અગત્યનું સ્થાન છે, કે આપણે એવી મીમાંસામાં જેમ જેમ ટેવાતા જઈશું, તેમ તેમ તેનો વિસ્તાર વધતો જતો જ અનુભવીશું.

## ૪

પ્હેલી આવૃત્તિના પ્રવેશકમાં ગુજરાતી કવિતાની મુખ્ય ખામીઓ અને એઓ વિષે લખ્યું હતું. "પૃછું, મ્હને કટેવ" એ મથાળાવાળી તે પદ્યપંક્તિઓ અને તે ઉપર ઇરાદાપૂર્વક લાંબુ લખેલું ભાષ્ય (૧લી આ. પ્રવેશક, પૃ (૧૭) થી (૨૭)) જિજ્ઞાસુએ ત્યાં જ જોઈ લેવું. કલામાં પ્રધાનપણે જોઇએ કલ્પનાપ્રવૃત્તિલબ્ધદર્શન, તેને બદલે અપહરણ, અનુકરણ, અનુરટણ આદિ જ ગાડાં ને ગાડાં ઉપજાવાય છે, તે વિષે પણ જાપાની ચિત્રકાર અને તેના ચેલાઓના દૃષ્ટાંત વડે મ્હારૂં વકતવ્ય એજ સ્થાને ગુંથી લીધું હતું. અહીં એવા જ મિત્રભાવે એ જ જાતની અણઘડ પદ્યપંક્તિઓ કવિબંધુઓને ઉદ્દેશીને ઉમેરૂં છું.

## કવિને

કથા વિગત ચિંતન પ્રભૂત તાણે વાણે નિર્મિત પટ;
સ્વભાવોક્તિ રસ ને અદ્દભુત રંગે રંગિત ગૌરારક્ત;
શબ્દ અર્થધન સરલ વિચક્ષણ, છંદ નાચતા સમઝી ગત;
છેડા કોર છબિલા'કર્પણ, – કવિજન ! એટલડી જો છત,
તો તુજ સત્કારાશે કલા:—છતન્યૂને અપસર્જિત બલા
ડૂબશે, તહેને ય ડૂબવી, ભલા !

આ પંક્તિઓ ઉપરે લાંબું ભાષ્ય આવશ્યક હશે, તથાપિ અત્યારે તો આ ચોપડીને એક પળ પણ વધારે અસૂઝે પોપાય એમ નથી.

### ૫

નિવેદન કિંવા પ્રવેશક કિંવા એયની રસખીચડી જેવા આ ગોંફની છેલ્લી આંટી લેખે એ જુના પ્રવેશકમાં ટાંકેલો આચાર્ય શ્રી હેમચંદ્રનો દાવો અહીં ફરીને ટાંકું છું:—

**અહ્મેં નિંદઉ કો'વિ જણ,**
**અહ્માઇં વણ્ણઉ કો'વિ:**
**અહ્મે નિંદહું કે'વિ નવિ,**
**નહ્માઇં વણ્ણહું કે'વિ.**

**( તરજુમો )**

**નિંદો અમને કોઈ જન,**
**સ્તવો અગર જન કોયે:**
**નવ નિંદાસ્તુતિ કોઈની**
**ભણિયે અમો કદીયે.**

૧–૮–૧૯૩૯, મુંબાઈ.

⁂ * અહીં સંગ્રહેલી કૃતિઓમાંની કોઈ કોઈ હજી કોઇ છાપામાં પણ પ્રકટ ન થયેલી અહીં જ પ્રથમ પ્હેલી વાર છપાય છે, કોઇ કોઇ કર્તાના નવા કૃતિસંગ્રહમાં હજી હવે પ્રકટ થશેઃ એવી કૃતિઓ વડે સમૃદ્ધિની આ આવૃત્તિમાં પણ થોડી નૂતનતા આવવા પામી છે, તે બદલ તે તે કર્તાનો ખાસ ઋણી છું.

# અનુક્રમણી

## સમૃદ્ધિ

**સ્તબક ૧: કાવ્ય ૧ થી ૯ : પંક્તિ ૧ થી ૨૭૩**

૧ છોટાલાલ ભટ્ટ (સ્તુતિમંગલ)* ૨ મનુ દવે (કવિમાં તકરાર) ૩ ત્રિભુવન લુહાર "સુંદરમ્" (એક કવિતાપ્રવાસમાંથી)–ચારમાંથી પહેલું કાવ્ય. ૪ ભાનુ વ્યાસ (કવિને) ૫ નાથાલાલ દવે (આકાંક્ષા) ૬ ઉમાશંકર જોષી (નવાં નવાણ)–ચારમાંથી પહેલું કાવ્ય. ૭ મગનલાલ દેસાઈ "કૌલક" (અમે કવિ ?) ૮ દલપતરામ (ગુજરાતી ભાષા)* ૯ પૂજાલાલ દલવાડી (માતૃભાષા)–ત્રણમાંથી પહેલું કાવ્ય. **પૃ. ૧–૧૧**

**સ્તબક ૨ : કાવ્ય ૧૦ થી ૨૩ : પંક્તિ ૨૭૪ થી ૯૬૪**

૧૦ દામોદર બોટાદકર (શત્રુંજય)* ૧૧ ત્રિભુવન વ્યાસ (ગીરનાં જંગલ)* ૧૨ ગજેન્દ્રરાય બુચ (ગિરનારની યાત્રા)* ૧૩ પૂજાલાલ દલવાડી (આબુરાજ)–બીજું કાવ્ય. ૧૪ ગોવર્દ્ધનરામ (વૃષ્ટિ પછી કુદરતની સુંદરતા)† ૧૫ રસિકલાલ પરીખ (ચંદ્રદર્શન) ૧૬ મણિશંકર ભટ્ટ "કાંત" (સાગર અને શશી)*–ચારમાંથી પહેલું કાવ્ય. ૧૭ ઉમાશંકર જોષી (નિશીથ)–બીજું કાવ્ય ૧૮ ત્રિભુવન લુહાર "સુંદરમ્" (બહુરૂપિણી)–બીજું કાવ્ય. ૧૯ નરસિંહરાવ (પ્રકૃતિરહસ્ય અને માનવબાળ)–ત્રણમાંથી પહેલું કાવ્ય. ૨૦ ઉમાશંકર જોષી (બળતાં પાણી)—ત્રીજું કાવ્ય. ૨૧ જેઠાલાલ ત્રિવેદી (સમુદ્રને) ૨૨ દુર્ગેશ શુકલ (લાવા) ૨૩ પ્રહ્લાદ પારેખ (જલધિમોજાં શો). **પૃ. ૧૨–૩૩**

**સ્તબક ૩ : કાવ્ય ૨૪ થી ૩૧ : પંક્તિ ૯૬૫ થી ૧૧૧૦ પૃ. ૩૪–૩૯**

૨૪ હરગોવિંદ ત્રિવેદી (કવિ અને જગત)* ૨૫ મગનભાઈ પટેલ "પતીલ" (સદ્ભાવના)–ત્રણમાંથી પહેલું કાવ્ય. ૨૬ બાલાશંકર (ગઝલ)* ૨૭ ભોગીલાલ ગાંધી "ઉપવાસી" (આત્મદીપો ભવ)–બેમાંથી પહેલું કાવ્ય. ૨૮ સુરસિંહજી "કલાપી" (એક ઇચ્છા)–ત્રણમાંથી પહેલું કાવ્ય. ૨૯ રામનારાયણ પાઠક (પાંદડું પરદેશી)–બેમાંથી પહેલું કાવ્ય. ૩૦ હરિહર ભટ્ટ (નિરભિમાન)* ૩૧ રામપ્રસાદ શુકલ (ઝાંખી).

**સ્તબક ૪ : કાવ્ય ૩૨ થી ૪૦ : પંક્તિ ૧૧૧૧ થી ૧૪૫૩**

૩૨ બેહરામજી મલબારી (અદ્દભુત મિત્રભાવ)* ૩૩ ચંદ્રવદન મ્હેતા

(સ્મારક) ૩૪ ઇંદુલાલ ગાંધી (ભાઇનો બ્હેન પાછળ વિલાપ)* ૩૫ સુંદરજી બેટાઇ (ઇંદ્રધનુમાંથી) ૩૬ ન્હાનાલાલ કવિ (સ્મૃતિશેષ વડીલોનું૦)* ચારમાંથી પહેલું કાવ્ય. ૩૭ રમણભાઈ (તું ગઇ અને હવે ?)* ૩૮ કરસનદાસ માણેક ('અરે ન કાં......?') ૩૯ મણિશંકર ભટ્ટ "કાંત" (વત્સલનાં નયનો)* બીજું કાવ્ય. ૪૦ દેસળજી પરમાર (મૃગચર્મ)* પૃ. ૪૦–૪૯

**સ્તબક ૫: કાવ્ય ૪૧ થી ૪૭: પંક્તિ ૧૪૫૪ થી ૧૬૯૯**

૪૧ નવલરામ (ઇતિહાસની આરસી)* ૪૨ નર્મદાશંકર (સુરત)* એ કાવ્યમાંથી પ્હેલું. ૪૩ નરસિંહરાવ (સહસ્રલિંગ તળાવ પરથી પાટણ)–બીજું કાવ્ય. ૪૪ દુલેરાય કારાણી (ઝારાનું યુદ્ધ)* ૪૫ નર્મદાશંકર (જય જય ગરવી ગુજરાત)–બીજું કાવ્ય ૪૬ બળવંતરાય ઠાકોર (માજીનું સ્તોત્ર)–ત્રણ કાવ્યમાંથી પ્હેલું. ૪૭ ન્હાનાલાલ કવિ (સામ્રાજ્ય શાંતિ)–બીજું કાવ્ય. પૃ. ૫૦–૫૮

**સ્તબક ૬: કાવ્ય ૪૮ થી ૫૨: પંક્તિ ૧૭૦૦ થી ૧૯૬૩**

૪૮ મણિશંકર ભટ્ટ "કાંત" (ચક્રવાક મિથુન)–ત્રીજું કાવ્ય ૪૯ ગણપતલાલ ભાવસાર (દશરથનો અંતકાળ) ૫૦ બલવંતરાય ઠાકોર (એક તોડેલી ડાળ) બીજું કાવ્ય. ૫૧ ન્હાનાલાલ કવિ (વીરની વદાય)* ત્રીજું કાવ્ય. ૫૨ મનઃસુખલાલ ઝવેરી (અભિમન્યુનું વીરોચિત મૃત્યુ)* એમાંથી પ્હેલું કાવ્ય. પૃ. ૫૯–૬૮

**સ્તબક ૭: કાવ્ય ૫૩ થી ૬૨: પંક્તિ ૧૯૬૪ થી ૨૨૨૦**

૫૩ અરદેશર ખબરદાર (પ્રિયાવર્ણન)–એમાંથી પ્હેલું કાવ્ય. ૫૪ સુરસિંહજી "કલાપી" (તારામૈત્રક)*–બીજું કાવ્ય ૫૫ ચતુરભાઈ પટેલ (અજબ તાર ખેંચ્યાં, અહા !")* ૫૬ ઉમાશંકર જોષી ("સખી મેં કલ્પી'તી")–ચોથું કાવ્ય. ૫૭ ત્રિભુવન લુહાર "સુંદરમ" ("તે રમ્ય રાત્રે")–ત્રીજું કાવ્ય. ૫૮ મણિશંકર ભટ્ટ "કાંત" (આપણી રાત)–ચોથું કાવ્ય. ૫૯ કૃષ્ણલાલ શ્રીધરાણી (ભતવારીનું ગીત) ૬૦ જન્મશંકર બુચ "લલિત" (મટુલી) ૬૧ બલવંતરાય ઠાકોર (પ્રણય

* ૧લી આવૃત્તિમાંનાં જ આ કાવ્યો અને વિવરણો અહીં ફરીને.

† ઉત્તરાર્ધ પ્હેલી આવૃત્તિમાં છે, પૂર્વાર્ધ નવો ઉમેર્યો છે.

પ્રશસ્ત)–ત્રીજું કાવ્ય. ૬૨ મગનભાઈ પટેલ "પતીલ" (પ્રેમનો જાદૂ)–બીજું કાવ્ય. પૃ. ૬૯–૭૯

**સ્તબક ૮: કાવ્ય ૬૩ થી ૭૪: પંક્તિ ૨૨૨૧ થી ૨૪૧૧**

૬૩ મુકુંદ પારાશર્ય (મોટો પ્રશ્ન) ૬૪ અંધભગત હંસરાજ (ગરીબોનાં હૈયાં)* ૬૫ રમણલાલ સોની (ઉદ્‌બોધન) ૬૬ પૂજાલાલ દલવાડી (લોકપ્રકોપ)–ત્રીજું કાવ્ય ૬૭ ઠાકોરલાલ ચોકસી (શ્રીજીનો ભગત) ૬૮ ઝવેરચંદ મેઘાણી (ભ્રાંતિ)* ૬૯ રમણીક અરાળવાળા (વિખૂટા મિત્રને) ૭૦ ભોગીલાલ ગાંધી "ઉપવાસી": (મિલન આતુરાં)–બીજું કાવ્ય ૭૧ મગનભાઇ પટેલ "પતીલ" (ન રહી!)–ત્રીજું કાવ્ય. ૭૨ દેવજી મોઢા (ખારે સમંદર) ૭૩ ઝીણાભાઈ દેસાઈ "સ્નેહરશ્મિ" (ભગ્ન સ્વપ્નની નાવ)–એમાંથી પ્હેલું કાવ્ય. ૭૪ મનઃસુખલાલ ઝવેરી (અમે મનુજ) બીજું કાવ્ય. પૃ. ૮૦–૮૭

**સ્તબક ૯: કાવ્ય ૭૫ થી ૮૫: પંક્તિ ૨૪૧૨ થી ૨૬૫૪ પૃ. ૮૯–૯૭**

૭૫ ત્રિભુવન લુહાર "સુંદરમ્" (બુદ્ધનાં ચક્ષુ)*–ચોથું કાવ્ય. ૭૬ કેશવરામ ભટ્ટ (તારનું તુટવું)* ૭૭ ચમનલાલ ગાંધી (મૃત્યુ) ૭૮ કેશવ શેઠ (સુરવાટ)* ૮૦ સુરસિંહજી "કલાપી" (આપની યાદી)*–ત્રીજું કાવ્ય. ૭૯ અરદેશર ખબરદાર (સનાતન અંધાર)–બીજું કાવ્ય. ૮૧ ઝીણાભાઈ દેસાઈ "સ્નેહરશ્મિ" (મિલનનું સ્વપ્ન)–બીજું કાવ્ય. ૮૨ રામનારાયણ પાઠક (સિંધુનું આમંત્રણ)*–બીજું કાવ્ય ૮૩ ન્હાનાલાલ કવિ (નયણાંની આળસ)–ચોથું કાવ્ય ૮૪ પ્રબોધ ભટ્ટ (મ્હારા દેવ) ૮૫ નરસિંહરાવ (અવસાન)–ત્રીજું કાવ્ય.

## વિવરણ:

સંખ્યાંક ૧ થી ૮૫ મથાળે મુકી દરેક આરંભેલું હોવાથી કાવ્યનો સંખ્યાંક પકડતાં તેનું વિવરણ તુર્ત જડશે. **પૃ. ૧૦૩–૨૦૯**

---

# આપણી કવિતાસમૃદ્ધિ

And I know not if, save in this, such gift be allowed to man,
That out of three sounds he frame, not a fourth sound, but a star.
Consider it well: each tone of our scale in itself is nought;
It is everywhere in the world – loud, soft, and all is said:
Give it to me to use! I mix it with two in my thought
And, there! ye have heard and seen: consider and bow the head!

— **R. Browning**

Thy light alone—like mist o'er mountain driven,
Or music by the night-wind sent.
Through strings of some still instrument,
Or moonlight on a midnight stream,
Gives grace and truth to Life's unquiet Dream.
Love, Hope, and Self-esteem, like clouds depart
And come, for some uncertain moments lent.
Man were immortal, and omnipotent,
Didst Thou, unknown and awful as Thou art,
Keep with thy glorions train firm state within his heart.

**—Shelley**

. . . . . . . .

કરુણ અને કોમલ કવનો કે વીર સમી વીરહાક,
ચેતનવન્તી તુજ વીણા ત્યાં તાર ન એક અવાક.
—ત્હારા શુદ્ધ સનાતન પન્થ હો ! ત્હારા યુગ યુગલે આદેશ !

—ગજેન્દ્ર બુચ

. . . . . . . .

ઓ માલણ રે ! ક્યાંક્યાં ફૂલ ખિલે ત્હારા બાગમાં ?
જગમાલણ રે ! ક્યાક્યા ભેદ દિયે તું પરાગના ?
ગુલાબ સુન્દર ક્યાં ખિલે ?
ચમ્પાપરિમલ ક્યાં મિલે ?
મ્હને કહે ને કમલ ઝૂલે કો સલિલે — ઓ મા૦

—સ્નેહરશ્મિ

. . . . . . . .

મ્હારા અન્તરમાં જ્યોત એક જાગી—સુહાગી કોઇ રશ્મિ ઝીલો. ૨૦
જેની દીપ્તિથિ માયા દૂર ભાગી—સુભાગી કોઈ ૨૦ ૨૦

—ઉપેન્દ્રાચાર્ય

# આપણી કવિતાસમૃદ્ધિ

## સ્તબક ૧ : પંક્તિ ૧—૨૯૩.

**૧ છોટાલાલ નરભેરામ ભટ્ટ—**

### સ્તુતિમંગલ.

રાધાશું શૃંગાર, અને હાસ્ય ગોપવૃંદ સાથ,
ગોપીના વિયોગથી કરુણ ઉપજાવ્યો છે:
વીર કાલિનાગ સાથ, કંસ સાથ રૌદ્ર, અને
જરાસંધ થકી ન્હાશી ભય સમઝાવ્યો છે:
અઘદૈત્ય ફાડીને બીભત્સ, તેમ અદ્દભુત
ગોવર્દ્ધન તોળી અને જગને જણાવ્યો છે:
પાંડવોને પાળી વત્સ યાદવોને રોળી શાંત,
કૃષ્ણદેવે પૂર્ણ રસગ્રંથ આ ભણાવ્યો છે!

મત્સ્ય છો કે વત્સ, અને કૂર્મ છો કે હાસ, છો
વરાહ કે બીભત્સ, કે નૃસિંહ કે ભય છો:
વામન કે અદ્દભુત, કે પરશુરામ વીર,
રામ કે કરુણ, કૃષ્ણ કે શૃંગારમય છો:
બુદ્ધ છો કે શાંત રસ, કલ્કિ છો કે રૌદ્ર રસ,
દેવ કેરા દેવ કે અખંડ રસમય છો:
કોણ છો કૃપાળ તમે, યોગીને અગમ્ય છો, કે
સર્વથા કવિજનોના રસના-વિષય છો?

**૨ મનુ હરગોવિંદદાસ દવે, કાવ્યતીર્થ—**

# કવિમાં તકરાર

કવિમાં પડી એક તકરાર
ઉભરાઓ ઠાલવવા ત્યાં તો તુર્ત ભરી દરબાર
બધાં સૌ બેઠાં નર ને નાર—
૧ ન્હાનાલાલ— રસગીતો ગાનારો આ હું 'વસંત' પૂજણહાર,
સાડત્રીસ વરસથી રે'લૂં કોને છે દરકાર ?
આવિયો આત્મપ્રશંસાવાર.
૨ ખબરદાર— મોટાં કાવ્યો લખનારો ગુજરાતીનો રખવાળ:
મૂંગી સેવા કરૂં છતાં યે ટિકાતણો અંબાર,
કહો ક્યાં કદર દિસે ગુજરાત ?
૩ નરસિંહરાવ— વર્ડ્ઝવર્થની શૈલીમાં મેં કર્યો 'નૂપુર ઝંકાર'
સરવાળામાં માન મળ્યૂં કે તરજુમ્મા કરનાર
જુલમનો કહો ક્યાંઈ છે પાર ?
૪ લલિત— મંજીરા લઇ ઘર ઘર જઇ ગજવ્યો સારો ગુજરાત
'લલિત લખે છે માત્ર ભજનિયાં અર્થ વગરની વાત',
કહે છે એવૂં પણ કહેનાર.
૫ મેઘાણી— દેશભક્તિનાં મર્દ જંગનાં રણશિંગા ફુંકનાર
છતાં કહે છે 'પ્રચાર કાવ્યો, ઝાઝો છે ના સાર'
ચિતાઅંગાર સમો સંસાર.
૬ બળવંતરાય— અર્થભારથી ભર્યો કાવ્યનો એક હૂં જ ઘડનાર,
લોક કહે છે કે 'આ કવિથી તો માથાં છે ચડનાર
દવાની શોધ કોઇ કરનાર ?'
૭ કેશવ હ શેઠ— ગુર્જર રમણીને રસકુંજે રાસભેટ ધરનાર
'સાચ્ચી કવિતા નથી રાસડા' એમ વદે વદનાર
કોઈ છે પંથ બતાવણહાર ?
૮ ચંદ્રશંકર— સેવકની છે ખૂબ ફોઇઓ નામ પડે વણપાર
'કઠીદાનજી' 'ચાંદાભાઈ'–ધિરજ ક્યાંથી ધરનાર ?
—રોજ જ્યાં નામ નવૂં પડનાર !

સાખી

બધા— “પીંપલ પાન ખરંતાં, હસતી કૂંપળિયાં
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.” ૨૯

---

**૩ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર ( સુંદરમ્ ) :**

## એક કવિતાપ્રવાસમાંથી

× × × ×

દલપતરામ કૃપા થકી કાવ્યાસ્વાદ મળ્યો પ્રથમ,
“ઓ ઈશ્વર ભજિયે તને” ગાઈને માંડ્યાં કદમ.
જૂના કવિનાં ઘરથકી નવાતણા ઘરમાં ગયા,
નવી શૈલિસ્થાપત્યથી રંજિત મુગ્ધ મહા બન્યા.
કલાપીના એ પિચ્છનો કલાપ કેવો ઓપતો
કડિએ કડિએ કવિ લળ્યો રસના ધરુઓ રોપતો.
મધુર કંઠ લલકારથી શિક્ષક કાવ્ય પઢી જતાં
મધુર ભાવ ઉરસીડિએ આપોઆપ ચડી જતા.
કવિતાના ઉદ્યાનમાં કલાપીની કોમળ કળા,
નિરખી નિરખી નેત્રમાં ભરાઈ શી રસની ઘટા.
કાન્તતણું ‘અતિજ્ઞાન’ ત્યાં ઓર માધુરી અર્પતું,
જોષી મૂર્છા પામતાં અંતર પણ ત્યાં મૂર્છતું.
અને ‘કાવ્યમાધુર્ય’થી પીધી રસની માધુરી,
લાલ પુઠાંની ચોપડી, માસ્તરની જિભ ચાતુરી.
‘કાવ્યસમુચ્ચય’ની કળા અધઊંધે સઘળી લહી,
અવલ નવલ રસ ચાખતાં પ્હોંચ્યા કાવ્યભુમી જહીં.
આજ લગી જોયેલ સૌ હતાં કવિતનાં હાટ,
વનૌષધિ જ્યાં સંઘરી અલ્પ અલ્પ જનમાટ.
વનસ્પતિ વન વનતણી ડાળપાંખડી ત્યાં હતી,
કશાં હશે એ વૈન, જરા કલ્પના યે ન્હતી.
ઉદાર શારદ માત, વન વનમાં ભમવ્યો મ્હને,

—ટુકડાથી રિઝનારનૂં આખૂં મળતાં શૂં બને !
પ્રથમ પ્રવેશે ત્યાં સુણ્યો ‘નિર્ઝરિણી’ કલ્લોલ,
કવિતાયુવતીનો લહ્યો મુગ્ધ હૃદય હિલ્લોળ.
નિર્ઝરિણીઓ રેલતો આંબ્યો મેં ગિરનાર,
પાંચ સાત સરિતોદ્‌ગમે બિંદુવત જગપરથાર.
સુતટ સરલ કલ્લોલતાં સમથળ વ્હેતાં નીર,
ઝરણે ઝરણે ચાખિયાં, ક્યાંક જ ઘેર ગભીર.
અને ક્યાંકથી સાંભળ્યા ‘નૂપુરના ઝંકાર’
મન મોહ્યૂં દોડી ગયૂં જોવા નૃત્યવિહાર.
સજી ‘કુસુમમાળા’ ગળે, ‘હૃદયવીણા’ લઇ હાથ
નાચંતી વનિતા હતી, પંડિતાઇ દે સાથ.
ગરબી રોળા નાચતી છંદ સ્વદેશી ચાલ,
પ્રેક્ષક હાંકોટ્યા હતા ‘આ છે વિદેશિ માલ !’
મેં પણ જોયૂં એહના અંગવસ્ત્રમાં મરડમાં
કંતાતૂં સીધૂં નથી, ત્રાક ફરે છે દરડમાં.
અને સદા વનિતા ડરે પંડિતતાની પાસમાં,
મન મૂકી નહિ નાચતી બકરી વ્યાઘ્રાવાસમાં.
ઘડી એક પણ આવિ ત્યાં પંડિતમા પોઢી ગઈ,
અને કાવ્યવનિતા છુટી ‘સ્મરણગાન’ ગાવા ગઈ.
અજોડ એ ‘સ્મરણોતણી સંહિત’ના શરણાઈ સુર
ઘૂંટાતા દ્રવતે દિલે સુણ્યા હૃદય આક્રંદભર.
શમ્યૂં એહ આક્રંદ ત્યાં સુણી નાનકી ભેર
‘ગુણવંતી ગુજરાત’ને ગાતી ઊલટભેર.
‘યજ્ઞકુંડ’ આમંત્રતી શૂરા ‘બાવિ હજાર’
પ્રચંડ મુખ પણ લઘુ સ્વરે વદતી ખબ્બરદાર !
‘ઇકા–ઇકા’ની ટોપિઓ પ્હેરેલી લઘુ સેન
કન્યાઓની તે કને દીઠી મેં બેચેન.
ત્યહીં કલાપી મોરલો જૂનો દોસ્ત દિલેર
નિજ ‘કેકારવ’ સંઘરી રમવા આવ્યો ઘેર.
કેકા એકેએક મેં સુણી, સનમ દિલ ઘાવ
ઝરતા જોઈ હૂં દ્રવ્યો, ક્યાંય ન મળ્યો રુઝાવ.

પણ એ કેકાના રવો મેઘગર્જના પાસ
આછેરા થઇ ને શમ્યા નિરખ્યૂં મેં આકાશ.
દલપતસુત ન્હાનલતણી હતી સવારી શૂર,
વર્ષો લગ વરસી રહ્યો એ ઘન રસભરપૂર.
હૃદય હોડલી ઝુલવતી ગીત લહર લહરાય,
ગોપીની ચોળી ભિંજે ઉર ગોરસ છલકાય.
ઉરને આંબાવાડિએ કોયલડી ટહુકાવતો
શબ્દઘટામાં વીજળી ન્હાનલ શી ચમકાવતો !

ગગડ્યૂં ગદ્ય અપદ્ય ત્યાં આવ્યાં નાટ્યાનાટ્ય,
વિવેચકોની વાડિમાં થઇ છે ભાગાભાગ !
'ચિત્રદર્શને' ચકિત થઈ કૈં કે પ્હોંચ્યા કરડિયા,
'જયા જયંતે' કવિતણાં વિજયદદામાં ગગડિયાં.
પણ વૃષ્ટિ અતિવૃષ્ટિ થઈ, કાવ્યદેવિ પલળી ગઈ,
ભેજમહીં ડૂબી ઘણૂં મેલેરિયાવશ હા થઇ !
ધોધમાર શબ્દાળુતા, એ લટકાં ભાષા તણાં,
વાશી વાતો એનિ એ, તત્ત્વ એમ અળખામણાં.
કાન્તતણી કમનીય ત્યાં નિર્મલ લલિત પ્રભા વસી,
શશી સમી ચોકખી સકલ, ઉરે ઉરે સહુને વસી.

શરદ રાત્રિઓમાં નભે ઝગઝગ જ્યોત્સ્ના એહની,
પાઈ આર્દ્ર કથા ગઈ મસ્ત મિલનને વ્રેહની.
શશી સમા પણ ઉદય ને ક્ષય વરિયા એ કાંત,
ક્ષયનાં ગીત ઝર્યાં કશાં કરુણાગહન પ્રશાંત.
ચંદ્ર વિલાતાં તેહના વિરહે દગ્ધ ચકોરનો
સુણ્યો આર્ત્ત પોકાર મેં બળવંતા ઠાકોરનો.
કઠોર પત્થર કાયમાં દિલ ખાસ્સૂં કોમલ વસ્યૂં,
રુક્ષ કાવ્યના કોટલે નમણૂં તો કામણ વસ્યૂં.
પ્રવાહિ છંદે એહના કઠણ વહેવૂં થઇ પડ્યૂં,
ચડ ઉતરવાં પગથિયાં એથી તરવૂં શ્રમ ભર્યૂં.
ઘણા રસિકજન પગથિયે ડર માર્યા બેસી રહ્યા,
કૈં કે અંદર ઝૂકવ્યૂં, રસ પ્રવાહે તે વહ્યા.

'આરોહણ'માં કાવ્યનો દીઠો નવ સંસ્કાર
'રાસે' થાકયો પણ લહ્યો ગજબ ક્ષેત્ર વિસ્તાર.
'તૂટી ડાળે' બાઝિને ઊભી ક્ષત્રિય નાર
રણે વળાવ્યા કંથનો ઉરે સ્મરણઅંગાર.
અને "ચૌદકો" સ્નેહનાં વિરહ કરુણ મૈત્રી તણાં,
પુનઃ પુનઃ આસ્વાદતાં મિષ્ટ મિષ્ટ બનતાં ઘણાં.
બાલાશંકર 'મસ્ત'ની મસ્તીએ મોહી લિધો,
કેંક કાળ મેં એમને દિલનો કબ્જો દઇ દિધો.
'બુલબુલ' ને 'નાદાન'ને મેં ઠપકો ખાસ્સો દિધો,
'જિગરના યારની જોડે' અવળ રસ્તો ઘડિક લીધો.
વળી ગજંતાં મંજિરાં 'મઢુલી' પેલે તીર,
લલિત સાંકડા મુખ થકી ગીત ઝમ્યૂં જ લગીર.
ગોવર્દ્ધનકરથી રચી 'મુદ્રા સ્નેહનિ' કર પડી,
મુદ્રાના એ શાસ્ત્રની તદા ક્યાંય નહિ ચોપડી.
વળિ ભૂલી ન ભુલાય એ ધ્રુવની કણક બળે ભરી,
ભાલાં વિરામચિહ્નનાં લઇ કાવ્યલલના ચડી.
'અમર આશ'ના કવિતણાં બ્રહ્મગીત પણ ગાજતાં,
વણ તંબુર વણ તાલનાં તોયે રસથી રાજતાં.
નર્મદ દ્રષ્ટા આદિનો મોડો મેં પરખ્યો ઘણો,
'ગરવી ગુજરાતે' વસી ગર્વ લહ્યો મેં સોગણો.
ડાહ્યા દલપતરામની વાર્તાઓ બહુ મીઠડી,
કવિતા કેરે માળ પણ ખોટાં મોતિનિ બહુ ભરી.

× × × ×

હૂં જાગ્યો તાજો બની, તે બોલી હસતી જરા
'બચ્ચા, છે તૈયાર ને? ખેડવિ છે વિસ્તૃત ધરા.'
મેં ધાર્યૂતું જો રિઝી શારદ, તો વીણા થશું,
પણ હળ બનવાની કદી ન્હતી કલ્પના લેશ શું!
હૃદયના હળને લઈ હાંકતી,
અવનવાં ધરતીપડ ભાંગતી,
રસળતી ઘસડંત જ કયાંય એ ?,
કઠણ પ્રશ્ન, – અનુત્તર આજ રે!

પ્રવાસનો પ્રારંભ છે, સાથીઓ કઈ સંગ છે,
ખેડણનાં ખુબ કોડ છે, નવા નવા જનરંગ છે.
આજે શું ? કાલે કશું ? ટકશું કે ભાંગી જશું ?
ઊંડાં ધરતીપેટ છે, કઠણ ક્ષેત્ર છે વજ્ર શું !
વળિયે, તૂટી ભાંગિયે, **શારદ** મા, પરવા નહીં !
પણ ના લેશ કટાઇયે, એ આશા અંતર રહી.
ધન એ દલપતરામ ! ધન એ "પોથી બાળ" !
જેહ પ્રતાપે પામિયા આજુક ભૂમિ રસાળ.

---

**૪ ભાનુશંકર બાબરભાઈ વ્યાસ ( બાદરાયણ ) :**

## કવિને

હૈયે ત્હારે ઝગે દીવડો, એનાં તેજ ભલે જગ રાજે,
અમારે માર્ગમાં દીવડો થાજે.
આંખ અમારી ભરેલ અંધારે સાચિ દિશા નવ ભાળે,
તેજનાં અંજન આંજતો જાજે.
પૃથ્વીથિ ઊડતો તારલાચંદ્રને આંગણે કોક દી' જાજે,
જગનો થાક્યો વિસામો ખાજે.
દીનને પીડિત રક્તચુસાયલ માનવી મોતને બાઝે,
એને અમર ચેતના પાજે.
જેહ અચેતન જીરણ તેહના હાથ દોડી તૂં સ્હાજે,
એની ટેકણલાકડી થાજે.
દુઃખદારિદ્રનાં ધારણ ભેદવા તૂં ત્હારિ બંસરી વાજે,
કાળનિ આગળ આગળ ધાજે.
બોલે પ્રજાના પ્રાણ, અભિનવ બોલ તેના સૌ સ્હાજે,
એને ઉર ઘૂંટી ઘૂંટી ગાજે.
આકાશ સાગર અદ્રિના અંકમાં જ્યાં જવું હોય ત્યાં જાજે,
ગીતો તો માનવબાલનાં ગાજે.
લોભ મ રાખતો, થોભ મ રાખતો, નીત નવૂં નવું ગાજે,
ત્હારાં અંતર ઠાલવી જાજે.

**૫ નાથાલાલ ભાણજી દવે:**

## આકાંક્ષા

આજ મ્હારે હૈયે ઓ રે સુદૂર !
ગુંજી રહ્યા ત્હારા સુમંગલ સૂર.
દૂર દિગંતે દષ્ટિપથાંતે,
વ્યોમ વસુંધરા મીટ માંડી જ્યહાં ઊભાં મિલનાતૂર,
તેથીય દૂર, અદસ્ય કિનારે રણકે ત્હારાં નૂપુર,
ઓ રે સુ૦ ગું૦ ૫
વાયુના સ્પર્શે ઝૂલતા વૃક્ષે,
ઉન્નત શૃંગ ધરીને ઊભેલા ગિરિવર કેરે ઊર
એજ અદમ્ય જલે આકાંક્ષા, એવી જ પ્યાસ મધૂર
ઓ રે સુ૦ ગું૦ ૮
જે મહાગાને મસ્ત બનીને
સાગર સ્તંભ રચે જલ કેરા આભે ઉછાળે પૂર,
આજ મ્હારા અણુએ આણુએ વહે એ મહાગંભીર સૂર
ઓ રે સુ૦ ગું૦
દૂર અગાધમાં દષ્ટી માંડૂં, આતમ બને આતૂર,
હૈયે વસ્યૂં એ નિગૂઢ નિમંત્રણ, રણકે તારાં નુપૂર.
'ના અહિં' 'ના અહિં' અંતર બોલે, જાવૂં દૂર સુદૂર.
ઓ રે સુ૦ આ૦ ૧૪

---

**૬ ઉમાશંકર જેઠાલાલ જોષી:**

## નવાં નવાણ

રમે હૈયાને ટેરવે સદા યે
ને હોઠે ન આવે, એ ગીત મ્હારે ગાવૂં, સખી.
કદિ કયાંથી જરીક શૂં સુણાયે
ને ઝાંઝું સમઝાયે, એ ગીત૦
ઉરે કોઈની પગલીઓ પૂજી
અચિંતિ આજ ફૂજી, એ ગીત૦

જૂનાં સોણલાંનિ મંજરિઓ મ્હોરી
અનંત રમે હોરી, એ ગીત૦
કંઈ જનમોનાં બાંધણાં તૂટયાં
નવાણુ નવાં ફૂટયાં, એ ગીત૦
હૃયે ડસતી નાગણ સમાં દોડે
જાણું ન કોની સોડે, એ ગીત૦
દોડે દોડે ડોડીલ શિર ન્હાનૂં
દોડે છાનું છાનૂં, એ ગીત૦
ઘણું ગમતૂં તો યે ન ગવાતૂં
હૈયામાં મુંઝાતૂં, એ ગીત૦
મ્હારિ ન્હાની છાતીમાં ન માતૂં
ઓરે ઓરે ન માતૂં, એ ગીત૦

---

**૭ મગનલાલ લાલભાઈ દેસાઇ ( કોલક ):**

## અમે કવિ ?

હવે ગગનગુંબજે કદિ ન મીટ માંડી રહૂં:
ઝગે નભશિરે ભલે તગર પુષ્પ શા તારલા,
શશી બદલતો ભલે રસિક રાશિના હારલા,
હવે નયન ઠારવા કાશ ન વ્યોમલક્ષ્મી ચહૂં.
શમે હૃદયમાં ભલે અગણ ઊર્મિ ઊઠી વહી,
ભલે અનૂપ કલ્પના પ્રકૃતિમંદિરો બાંધતી
ઉડે નયનથી મહાતડિત શી કલા સાધતી,
છતાં દઇશ કોઇને કવિ પિછાન મ્હારી નહીં.
મ્હને 'કવિ' કહૂં ? ન કો કવિ થયો જગે નિર્મળ
—અનંત ભુવને અનંત યુગથી કવે એકલ,
મહાજિવનસ્રોતની અગણ ઊર્મિમાલા તણી
અખૂટ રસપ્રેરણા, અમર વિશ્વકવિ ચેતન:
તરંગ ઉઠતા અમે સહુ તિહાં પ્રવાહે ક્ષણ,
ઉઠી ઉછળિ ભાંગિયે: અવર શક્તિ શી અમ તણી !

---

### ૮ દલપતરામ ડાહ્યાભાઈ—

## ગુજરાતી ભાષા વિષે

શીખ્યૂં સંસ્કૃત દીક્ષિતે ભટજિએ, અંતે તજી ગર્વને
ભાષા સોરઠની છટાથિ ભણવા શિક્ષા કહી સર્વને;
જે શિક્ષા સઘળે પ્રમાણ ગણિ છે ગીર્વાણ વાણીશ્વરે
તે ભાષા ગુજરાતિ મધ્ય મુજને આપી રુચી ઈશ્વરે.
જે ભાષા નરસિંહ નાગર કવિ શોધી ગયો સુલભે,
પ્રેમાનન્દ ભટે વખાણિ વળતી, ભાખી ભટે વલ્લભે;
દેવીદાસ, મિઠો, અખો, પ્રિતમ તે, સંખ્યાસોમા ના મળે—
કૃષ્ણે, ને રણછોડ, કહાન રઘુએ, શોભાવિ છે શામળે.
ભારત ને ભાગવત રચેલી છે રામાયણ
રેવાખંડ શંકરપુરાણ પણ સારાં છે;

વૈદક, જ્યોતિષ, ને વેદાન્ત વાદ, વારતાઓ,
નાગરી નારીનાં ગીત ચિત્ત ચોરનારાં છે;
જોડેલા જે જતિઓના રાસમાં કચાશ નથી,
પ્રેમભરી ગર્બીઓ ને પદ પણ પ્યારાં છે;
ભારતીનો ભેદ મ્હને ભાવી ગુજરાતી ભાષા,
સારે શણગારે જેનાં અંગ શણગાર્યાં છે.

આવ ગિરા ગુજરાતિ ત્હને અતિ શોભિત હૂં શણગાર સજાવૂં,
જાણનિ પાસ વખાણ કરાવું, ગુણી જનમાં તુજ કીર્તિ ગજાવૂં;
ભારતવર્ષ વિષે બિજિ ભારતી માનવતી તણું માન તજાવૂં,
દેશ વિષે દલપત્ત કહે ભભકો તુજ જો ભલિભાત ભજાવૂં.

પણ પ્રભુની સહાયતાથી પાર પાડી શકું
સમ્પૂરણ જોઈએ સ્વદેશીની સહાયતા;
વિદ્વાન મંડળ મળીને મંડે એ જ કામ
ચિત્તમાં ધરીને નિજ ભાષાની ચહાયતા;
ગૂંથીને અનેક ગ્રન્થ સુધારો વધારો કરે;
નિશ્ચલ થઇને નિત્ય આપશે જો ન્યાયતા;

કહે દલપતરામ તો જ થાય પૂરૂં કામ,
એ વિના તો અન્ય નથી સુઝતી ઉપાયતા.
સ્વદેશ સુધારવાની સભાનો છું સભાસદ,
સુબોધક સજ્જનોના સાથમાં શામીલ છૂં; ૩૦
ચૌટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી,
જાણી તેનું દુઃખ ઘણો દીલગીર દીલ છૂં;
હિન્દી ને મરાઠી હાલ પામી છે પ્રતાપ પ્રૌઢ,
સ્વદેશી શિથિલ રહી, તે દેખી શિથિલ છૂં;
કહે દલપતરામ રાજ અધિરાજ સુણો,
રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છૂં.
વાણી ગુજરાતી રૂડી રાણી જાણી આજ
હૂં વજીર તેનો બની કરૂં તેનું શુભ કાજ. ૩૮

---

**૯ પૂજાલાલ રણછોડદાસ દલવાડી—**

## માતૃભાષા

જે ભાષા દેહપિંડે અણુઅણુમહિં આંદોલનો લોલ લાવે,
પ્રાણો કેરે પ્રવાહે મુદિત મલપતી ઊર્મિઓને નચાવે,
હૈયાઊંડી ગુહાએ પ્રતિપળ પડઘા પાડતી પ્રેમકેરા,
ઉચ્છ્વાસો માનસે જે પ્રિયદ્યુતિ કમલોને સમર્પે અનેરા:

ભજૂં તે માતૃભાષા સેવૂં એના પદો સદા,
ચૈતન્યસિંધુમાં એનૂં બ્હો માધુર્ય મોક્ષદા. ૬

---

# સ્તબક ૨ : પંક્તિ ૨૭૪–૯૬૪

## ૧૦ દામોદર ખુશાલદાસ બોટાદકર—

### શત્રુંજય

ભીંજાયેલા ઉરેથી જગત ભિંજવતો ( સ્નેહભીના કવિ શો ),
ભાનુંના આગમાર્થે વન ગિરિ નગરો છાંટવા ચિત્ત ચ્હાતો,
મુક્તાના સ્વસ્તિકોથી તૃણ કુસુમ તરૂપત્રને પૂજનાર,
આછેરા અભ્ર જેવો દશ દિશ ધસતો એકલો આ તુષાર.
તે મધ્યે આ હિમાદ્રિવિરહવિપદના શોકથી સ્તબ્ધ જેવો,
ઊંચા દષ્ટી કરીને જનકપથ ભણી ધ્યાનથી જોઈ રહેતો;
દેવો ને માનવોના મધુ મિલન તણા સ્થાન સંકેત જેવો,
દૈવી વૈમાનિકોના વિરતિભવન શો સિદ્ધ શૈલેશ ઊભો.
દેખીને શષ્પ સ્વાદુ, સલિલ બહુલતા, વૃક્ષની વાડિઓ ને,
ઊતાર્યો સ્વર્ગમાંથી નિજ ગજપતિને વાસવે વ્યોમ વાટે;
તે તો સંતૃપ્તિ એવી–અચલ બનિ રહ્યો નંદનાનંદ છોડી!
હારીને ઇંદ્ર પાછો અમરપુર વિષે હા! ગયો આશ મૂકી!
તો યે વીસારતાં એ ક્ષણ નવ વિસરે આંગણે ઊછરેલો,
પાળેલો પૂર્ણ પ્રેમે, પ્રતિ સમરપથે વાહરૂપે વસેલો;
તેથી પૃષ્ઠે પનોતૂં નગર નિરમિને દિવ્ય દેવાલયોનૂં,
દેવોના વૃન્દ સંગે સુરશચિપતિએ શું અહીં સ્થાન કીધૂં,
ઓઢેલી ઝૂલ લીલી પદસરણિ તણી મધ્ય રાજે કિનારિ,
ને ચારૂ ચોતરાઓ પથિક વિરતિના શ્વેત ગુચ્છા સુહાગી;
ડોલન્તો મસ્ત વાયૂ શ્રમ સહજ હરી સ્પર્શથી શૈત્ય આપે,
ને ઇંદ્રોદ્યાન કેરી કુસુમસુરભિથી દોષ દૂરે હઠાવે.
શીળૂં આ કુંડ કેરૂં સલિલ થિર બની શાન્ત એકાન્ત સેવે,
તેને ધીમે રહીને રવિકર રસિલા આપી ઉષ્મા જગાવે;
ને પેલો વાયુ વેગે વ્યજન વિરચતો ઉષ્ણુતાને ઉડાવે,
એ સ્પર્ધા જોઇ મીઠી હસિ હસિ હળવે વારિ નાચે વિનોદે.
ઊંચે ઊંચે અહો આ શુચિતર શિખરો લોક એને વિલોકે,
મૂંઝાવીને ધજાઓ કનક કલશની કાન્તિથી ચિત્ત ચોરે;

ને ઘેરો દુર્ગ ઊંચો અડગ સુભટ શો શૈત્ય સન્તાપ સ્હેતો,
રક્ષાર્થે રમ્યતાની અનિમિષ નયને એક પાદે ઉભેલો.
આ પ્રાસાદો અનેરા કર દઈ કરમાં રાસ રંગે રચીને,
ઊભા દેવાંગનાનાં રસિક હૃદયનાં ઝીલવા ગાન હર્ષે;
ચિત્રોનું ને કલાનું વિવિધ હૃદયના ભાવ ને વૃત્તિઓનું,
સૌંદર્યોનું, રસોનું, ઉચિત ખચિત આ સંગ્રહસ્થાન સાચું.
ગન્ધદ્રવ્યો અમૂલાં કંઇ કંઇ કુસુમો શાન્તિ આપે સુવાસે,
ઘંટાના ઘોર ઘેરા ગગન ગજવતા, સ્પર્દ્ધતા સામસામે:
તો યે એકાન્તનું ને કવિહૃદય તણી વીચિઓ વાધવાનું,
ભક્તિની ભવ્યતાનું અચલ વિરતિનું સ્થાન શોભે સદાનું.

---

**૧૧ ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ:—**

## ગીરનાં જંગલ.

ઘોર અતીવંકા ધરતી ને વંકા પથરાયા બહુ પ્હાડ,
વિકટ અને વંકા પગરસ્તા ગીચ ખિચોખિચ જામ્યાં ઝાડ;
ઝરે ઝરણ બહુ નીરતણાં —જો ગાજે જંગલ ગીર તણાં.
ઉતાવળી ને ઊંડી નદિયૂં સઘન ઘટાથી છાઈ રહે,
કાળાંભમ્મર પાણી એનાં ધસતાં ધમધોકાર વહે;
ઝુકયા તરૂવર તીર તણા —જો૦
શિયાળ સસલાં સાબર હરણાં મનગમતી સૌ મોજ કરે,
વાઘ વરૂ ચિત્તા પારાધી શિકારિઓની ફોજ ફરે:
જીવનસાટાં શિર તણાં —જો૦
સિંહ સમા શુરવીર નરોની દુર્ગમ ધરતી શાખ પુરે,
ડુંગરની વિકરાળ કરાડૂં ઊભી મિત્રવિજોગ ઝુરે !
સ્મરી ધિંગાણાં ધીર તણાં —જો૦
અજબ ખંજરી બજે ભયાનક પ્રચંડ ધોધપછાડ તણી,
ઝીલે તેના પડછન્દાઓ પ્રજા અડીખમ પ્હાડ તણી:
ભીષણ સૂર સમીર તણા —જો૦

બહુ રંગી વન વ્યાઘ્રચર્મ શાં    અંગ ધરી યોગી ગિરનાર,
બહુ યુગથી બેઠો દૃઢ આસન,    પ્રેમભર્યાં કરતો સત્કાર,
સાધૂ સન્ત ફકીર તણા: —જો૦
પુષ્પિત તરુ વનવેલ વસન્તે    નવપલ્લવ ઘેઘૂર બને,
રૂંઢ ખાખરા ખિલે કેસુડે    મધુકર ગુંજન છાય વને,
કલરવ કોકિલ કીર તણા —જો૦
સ્વતંત્રતા ને સ્વાભાવિકતા    સુંદરતા સહ રાસ રમે,
ડુંગર ડુંગર દેવ વસે, ને    વિરાગિઓ અલમસ્ત ભમે,
વિસરી જતન શરીર તણાં: —જો૦
મોટી ગોળી સરખાં માથાં    ઉપર સુન્દર ફૂંદાં શીંઘ,
કુંજરનાં બચ્ચાંઓ જેવી    ભેંશૂની બહુ લઇને ધીંગ,
નેસ વસ્યા આહીર તણા —જો૦
વર્ષાની ઘનઘટા ચડે નભ,    ડુંગર પર વિજળી ઝબુકે,
મેઘદુન્દુભી ગડે ગગનમાં    મત્ત બની મોરા ટહુકે;
ત્રાડન કેસરિ વીર તણાં: —જો૦

---

**૧૨ ગજેન્દ્ર ગુલાબરાય બુચ—**

## ગિરનારની યાત્રા.

ક્ષિતિજમાં કંઈ મેઘ સમો રમે નજર માંડિ જહીં દિનરાત મેં;
અહિં ઉભો પડછંદ પહાડ એ –નમન હો ગરવા ગિરનારને!
મેં સ્વપ્નમાં સુંદર આળખ્યો 'તો ને મોહમાં મેરુ સમો ગણ્યો 'તો;
એ અપ્સરાક્રીડન શૈલ ક્યાં, ને આ આભને યે ભરતો ગિરિ ક્યાં!
પિપીલિકાના ગણ જેમ જાય, અનંત લોકો ઉરમાં સમાય:
પાતાલ ભેદે પદ, ઊર્ધ્વમૂર્ધા, –વિરાટનાં દર્શન આજ લીધાં.
જો પ્રકૃતિતાંડવરાસ આંહી, જો માનવીના ઇતિહાસ આંહી;
આ પત્થરે પત્થર પ્રાણવંતો, આ એક સાક્ષી યુગ કૈ સ્મરન્તો.
પડળ આંખ થકી ઉતરી ગયાં, અમર દર્શન આજ મ્હને થયાં;
પણ પ્રભો, ચડતાં કયમ ક્ષોભ આ? જિવન શું મુજથી જિરવાય ના?
અગર શું કંઇ કાળ રહ્યા છતાં વિરલ યોગ થતાં મન થંભતાં?

ક્ષણિક ક્ષોભ; હવે ખમવૂં નહીઃ ગિરિ ઉભોઃ જઇને શમવૂં તહીં;
ચડિ જઇશ હવે ભર મોદમાં, શમિશ હૂં મુજ માતનિ ગોદમાં;
ગહન સાદ હવે શ્રવણે પડયા, પરમ ઉન્નત પન્થ મ્હને જડયા.
કલ્લોલતાં પંખિ મ્હને વધાવે, ને વાદળીઓ મુજ સંગ આવે;
ના પુણ્ય આવે પળ આ ફરીને, ચડૂં હવે ફાળ ભરી ભરીને.
ઘડિ ઘડી ઘન ધુમ્મસ ઘેરતાં, ઘડિકમાં ગિરિ શૃંગ ગળી જતાં;
ઉઘડતાં ઘનઘોર ઉંડાણ જ્યાં, કયમ ઉભાય અગાધ જ આભમાં ?
અવનિથી કહિ ઉચ્ચ ભૂમિ કો ? નજર આવરતાં ઘન ધુમ્મસો;
જરિક ઝાંખિ થતી નહીં થતી, તુરત ત્યાં સ્મૃતિ માત્ર રહી જતી.
ક્ષણિક આવરણે નવ હૂં ડરૂં, તિમિર પાર જવા ડગ મેં ભર્યૂં;
ઘડિકમાં ઉગશે રવિરાજ જ્યાં તિમિર ઓસરશે મુજ પંથનાં.
ના, ના, હશે, સ્વાગત આ ગિરીનાં, છંટાય જોને મુજ પન્થ જ્યાં ત્યાં
ને પન્થ થાકયો ગણિ પાઠવ્યા ના શું સ્નાન આ અદ્‌ભુત સિંચનોનાં !
સદાવ્રતો સ્વાગતના નિસર્ગે એ મંત્ર મૂકયો ગિરનારશૃંગે;
ને કૈંક સન્તો વ્રત એ ઝિલીને યાત્રાળુને સ્વાગતથી નિમંત્રે.
અધવચે શિર ઊપર આ ઉભા ખડક ભૈરવનો ભય પ્રેરતો;
તહિં ચડી પડતૂં મુકતાં મળે નૃપતિનૂં પદઃ ભાવના ફળે.
પ્રકૃતિ પૂજનમાં પણ વાસનાઃ મનુજને ઉડવા અવકાશ ના.
પતન પામરતા કયમ લે વરી ? પ્રભુ પ્રભુ ! જનતા જડ કાં કરી ?
નૃપતિના પદની પરવા નથી; ફરિ ફરી તપ આદરવાં નથી;
નૃપતિ યે અહિં આખર આવિયા, —અમર ભર્તૃહરી તણિ આ ગુહા.
ચડિ ગયો મુજ ધૂન મહીં કહીં, ફફરતી ધ્વજ કોટનિ જ્યે રહી.
ભવનથી ભરચક્ક કોટ એ, નગર જો ગિરનાર તણૂં દિસે.
અખૂટ લક્ષ્મી, સઘળે સમૃદ્ધિ, ને શિલ્પિઓની બહુ સૂક્ષ્મ બુદ્ધિઃ
એ જૈન કેરાં ધન મંદિરો આ, ચાલો અહીં ચેન મ્હને પડે ના.
આ ખંડિયેરો કંઈ કાળજૂનાં, આજે પડયાં એ પણ સાવ સૂનાંઃ
શૂં પત્થરોમાં પગલાં પડે ના ? —આ મ્હેલ તો **રાણકદેવડીના !**
એ અપ્સરા આભથિ ઊતરીને વાસો વસી શૂં ગિરિના ઉછંગે ?
શૂં વ્યોમને વીંધતિ વીજળી એ ! ઉભી હશે **રાણક** આ અટારિએ ?
સૌન્દર્ય ને શૌર્ય મહાસતીનાં સ્મરી સ્મરીને ઉર નેહભીનાં;

ફુંકે ઉરાડે ગિરનાર એવી સૌરાષ્ટ્રની **રાણક** એક દેવી.
નમું ત્હને, નમું, પ્રાણ પ્રેરજે, કઠણ **અમ્બ** તણા ચઢાણ છે:
નવ હવે પળ એક ગાળવી, ક્ષણ મહીં મુજ માત ભાળવી.
ઉતરતી અહિંથી વનવાટ આ, વિકટ પ્હાડ, બધે ઘન શી ઘટા:
કહિં કહીં વનવાનર કૂદતા, કહિં મૃગેન્દ્ર બખોલ ભરી પડયા.
ગહન મોહક સુન્દર પન્થ એ, પથિકને પગલે પગલે દમે;
પ્રકૃતિપૂજનમાં ઢળવૂં નહીં, કઠણ ધ્યેય, વને વળવૂં નહીં.
કુદિ જશેં જ્યમ કો કવિકલ્પના, પગ હશેં જઇ આભ અગાસિમાં;
ચરણમાં તુજ મસ્તક આ ઢળે, શરણ, **મા**–મુજ જીવન આ ફળે?
દિઙ્મૂઢ ઊભો, ઉર આ ભરાય; અમ્બાર ત્હારા નહિ જીરવાય:
**મા**, ચિત્ત આ શાન્ત જરી થવા દે: **મા** ગોખ ત્હારે જરિ ઝમ્પવા દે
છૂં ગોખમાં કે ઉડતો હવામાં? શાં ચિત્ર દોર્યો મુજ આંખ સામાં!
પ્હણે ગિરીના કલંક પડયો જે શૂં કોતર્યો કોટ બહૂ રુપાળો!
ને ઊઘડયાં નેત્ર પ્હણે ગિરીનાં, એ તો ભર્યાં નિર્મલનીર ચશ્માં.
દેખાય ના શૂં મુજ બિમ્બ એમાં? આ કાંકરી શૂં પડશે નહીં ત્યાં!
જો સ્હેરની સુન્દર છાંટ છાંટી રસાળ આ સોરઠની સપાટી;
ત્યાં સાપ જેવી સરતી સરીતા, ને નીર જે સાગરનાં ઝગે ત્યાં.
નજર આમ જરી વળગી ત્યહાં કંઈક ઉન્નત શૃંગ હજી ઉભા;
સરલ સૌમ્ય નથી પ્રદેશ એ, વિકટ એ અવધૂત પન્થ છે.
ગુરુ મછન્દર વંચિત ભેખથી જગવિયા જઇને અલૉલેકથી;
અડગ યોગિ તપ્યા તપ, એ અહીં ગગનમાં ટુક ગોરખની રહી.
અહિં કમંડલ, જાગતિ આ ધુણી, વસમિ જે ગુરુ દત્ત તણી અણી;
તહિં રહી ટુક કારમિ **કાળકા**: ભૉપણ ભવ્ય શિરો ગિરનારનાં.
ઝળહળે નભ જે રવિ ડૂબતાં ઘણઘણે ગિરિ, ઘંટ બધે થતા;
ઝિલિશ ઝાલરના ઝણકાર, **મા**, ઝણઝણે મુજ જીવનતાર, **મા**!
**મા**, કંઠ મ્હારો અહિંયાં રુંધાય; **મા**, આરતી ના મુજથી ગવાય;
**મા**, આંખમાં અમૃત ઊભરાય, **મા**, ઝાંખિએ શૂં મુજને ન થાય!
**મા**, દર્શને હૂં તુજ દ્વાર આવ્યો, **મા**, ભાન ભૂલ્યો ભવમાં ભમાવ્યો;
**મા**, બન્ધ કયારે છુટશે, મ્હને કહે! **મા**, પાંખ કયારે ફૂટશે, મ્હને કહે!
**મા**, દૈત્ય જેવાં દુરિતો દમે જ્યાં, **મા**, પૂરજે પ્રાણ સદા મ્હને ત્યાં:

**મા,** બાળ ત્હારો બળ યાચતો આ, તું આદ્યશકતી, જગની જનેતા !
સરસ્વતી ના, સ્તુતિ શી કરૂં હું ? **મા,** અલ્પ આ જીવનને ધરૂં હું:
અમોલ એ અર્ધ્ય ત્હને ધરીને નમું, નમું, **માત,** ફરી ફરીને.
ઉતરવાં બહુ સ્હેલ સદા હશે, ઉતરવા અહિંથી પગ ના ખસે:
ગગનચુમ્બિત આ ગિરનાર કયાં ? –ખરિ પડું ફરિને કયમ ભોમમાં ?

---

**૧૩ પૂજાલાલ રણછોડદાસ દલવાડી—**

## આબુરાજ

થા ઊંચો, આબુ ! થા ઊંચો, સરણી બન સ્વર્ગની:
તારે માર્ગે ચડે ઊંચે મહત્તા ગુજરાતની.
લાંબો પ્હોળો થઈને અડગપદ રહે આભલાને અડેલો,
રેતીનાં રોક ખરો ધસમસ કરતાં પ્રૌઢ પ્રાચીર જેવો:
કૂંજળી ગુર્જરીની લહરત હરિયાળી રમે લુમ થાયે,
એ ચિંતાએ સ્વયં તું ગુરુજન ! તપતો વ્હાલની ઢાલ થાજે.
ધિંગા આ અરવલ્લીના જોદ્ધા સ્વત્વાર્થ ઝૂઝતા:
ફૂંકતો પ્રાણ ત્યાં રૂહેજે. રમે પાવક બૂઝતા.
શ્રમે વા સ્વાર્થલોભે વા ભયે કો પાઠ ફેરવે,
પ્રચંડ પડકારેંતો રોકજે નિજ ગૌરવે.
તુંહિ હિમાલય ગુર્જરભોમનો,
સતત જાગ્રત તું ભડ સંતરી;
બન ન સેવક કેવળ વ્યોમનો,
વહવ પ્રાણ ધરા પર ગુર્જરી.
દીઠા છે ગિરનાર પાવાગઢ પંકાયલા,
પણ કો ત્હારી હાર આબુરાજ ! ના આવતા.
પાવાગઢ સમા પ્હાડો ને ટૂંકો ગિરનારની
એકમેક પરે જાણે ચડાવે તવ ટેકવી.
બળેલો લાગતો પાવા, પાષાણી ગિરનાર તો;
પ્રફુલ્લી ઝૂલતી ત્હારે રોમે રોમ વનસ્પતિ.
સોનાની મંજરીઓમાં મોગરાં મધુડાં ભરી

આમ્રકુંજોતણા પુંજે આમંત્રે મંજુ ગુંજના;
અને ગહન એકાંતે કોકિલ પ્રેમકૂજને
પહાડને ય ડોલાવે ફુલાવે રસિકાત્મને.
ખોળામાં ખડકોકેરા ચંપા સુવર્ણ જાતના
મ્હેકે મ્હેકે કરે મુગ્ધ હૈયૂં સંચરનારનું.
વાડો તેય ગુલાબોની ગુલતાન બનાવતી,
જાઈ જુઈ જનારાને શ્વેત સ્મિત વધાવતી.
ખડકે ખડકે ત્હારે ઝરાની સેર ફુટતી,
સૂર્યને તડકે મોતીમાળા શુભ્ર બની જતી.

ખૂણે ખૂણે સરો, કુંડો, સ્ફટિકે નિત્ય શોભતા;
વિહંગસૂરતા તારે કંઠે વ્હેતી અકુંઠિતા.
બાર બાર વસ્યાં ગામો તારાં ધામો નિપેવવા;
કલારૂપ ધરી આવ્યાં તીર્થો સાર્થક્ય પામવા.
પ્રસિદ્ધ અહિંયાં પુરી હતી વિશાલ ચંદ્રાવતી,
પદે તવ, સુરક્ષિતા તવ ગુરુપ્રતાપે સદા:
પ્રમાર રજપૂત વીર તવ પ્રાણના તેજથી,
થયા પ્રબલ, રાજછત્ર નભનૂં શિરે ધારતા,
અહીં અચલદુર્ગમાં અણનમ્યા રહેલા સદા.
અહીં જ પૃથુરાજ ઇચ્છિનકુમારીના પ્રેમની,

થઈ'તી રસગોઠડી મધુરવા નિકુંજોમહીં;
અને પરિણમેલ એ સમરભેરિની નાદમાં,—
અદમ્ય ચહુઆણ ને વિકટ ભીમના વાદમાં.
અહીં જ શિશુ મારવાડપતિનો ઉછેરાયલો
અજેય અચલે ગઢે બિરદ ધર્મનૂં રક્ષવા.
સમાન તવ સ્વત્વશાળિ પરમાર રાજા સમરૂ
પ્રસિદ્ધ સુરતાનસિંહ, મુગલાઈની તેગનું
ન તેજ નમવી શક્યૂં શિર ઉંચૂં લવે જેહનૂં.
મનુષ્ય-ઇતિહાસ-ગૌરવથકી ય ત્હારું વધે—
સ્વયં સુપ્રતિમા તું ગૌરવતણી! નહિ કાલનો
ત્હને ન ભય લેશઃ —ભવ્ય પડછંદ પાડી રહ્યો

અનેક યુગના અજાણ ઇતિહાસના મૌનનો.
તું અદ્‌ભુત જણાય એકલ અનેકને ગાંજતો,
નમાવત શિરો પદે, નયન ઓજથી આંજતો.
નિસર્ગ સર્વ સ્વીકારે મહિમા તવ; વ્યોમના
તારાઓ ચંદ્ર ને સૂર્ય પ્રભા પ્હેલી ત્હને જ દે
વાયુ પંખો બની ત્હારો દિનરાત નિંપવતો
તવ કીર્તિતણી લ્હેરો દૂર દેશે લઈ જતો.
ગ્રીષ્મના તાપથી તમ અકળાઇ કદાચ તૂં
ઝંપલાવી પુરી નાખે સિંધુકેરું તળિયું,
સાગર એ ભયે ચેતી વેળાસર જ પાઠવે
મેઘ તાજાં જળો સાથે અંગ ત્હારાં ન્હવાડવા.

એ વારિ નીચે વહિ જાય વેગે
હજાર કૈં ધોધ તણે ધડાકે,
યા નિર્ઝરોના રમણીય રાગે
ખીણો અને કોતરને છલાવી
રસાળ કરતું ધરા, જઇ રસાબ્ધિ હૈયે રમે,
આવો ત્હારો પરમ મહિમા, તોય તૂં નમ્રતાએ
નામે ઊંચું શિર જગગુરૂ દત્તને પાય કેવો!
ધારે માથે રજ, નયનની ધારથી ચાખડીને
ધૂવેઃ નામે ગુરુશિખરના તારકા તેજ ચૂવે.

હિમાદ્રિ ના, કિંતુ મહાપવિત્ર
ત્હને વસિષ્ઠે ભૃગુએ ય સેવ્યો,
તીર્થંકરો એ કિધ તીર્થવંતો,
અનંત આભે નિજ મિત્ર માન્યો.

ગૂઢ તારી ગુહાઓમાં સિદ્ધ જોગીશ્વરો મુનિ
જ્યોતિઓ ઝીલવા પેઠા, બેઠા આસન આદરી.
એમનાં રાત્રિને હૈયે જાગતાં તેજ ઓપતાં;
ધન્ય કો પુણ્યશાળીને એ જ્યોતિર્દર્શનો થતાં.

સૌંદર્ય ત્હારૂં નિરખી નિરાળૂં
કલાતણી મંગલ દેવતાનૂં

વિમુગ્ધ હૈયૂં થયું, પાય માંડે
લક્ષ્મી કલાની તવ આંગણાએ.
દેલવાડાતણાં દેરાં આરસરચિયાં રુડાં
સોનામૂલ કલાકેરાં બન્યાં ધામ અનેક શાં!
આશ્ચર્ય કરતાં મુગ્ધ આંખ પારખનારની;
અચલ ય વળી બીજાં આકર્ષીને લઈ જતાં.
તીર્થંકરોએ તદા વાસ કીધો;
કલાતણાં વસ્ત્ર દિગંબરોએ
ધર્યાં હરંતાં તપતાપ તાતા,
સૌંદર્ય–આનંદતણાં પ્રદાતા. ૯૦
નિસર્ગસુંદરતાએ સમૃદ્ધ, મનુજે રચિત કલાશાળી,
આબુરાજ! રઢિયાળા તુજથી ગુર્જર ધરા સુધન્યા આ
વંદન આબૂરાજ! વંદન વહાલપનાં તહને:
ખડો રહી અમ કાજ અહિત ધસારા વારતો.
ગુરુમહિમાનાં ગાન ગુણિયલ નિત્ય ગજાવતો,
ચહૂં એક વરદાન, અચલગઢો હે આતમના.
વંદન આબૂરાજ! વંદન વ્યોમનિમગ્નને;
અંજલિ અર્પૂં આજ ઝીલ ગુર્જરી બાલની! ૯૮

---

## ૧૪ ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠી.

# વૃષ્ટિ પછી કુદરતનું સૌન્દર્ય.

× × × × × ×

વળી પહણે શી સુંદર જાળી શ્વેત મેઘની
પડી રહી છે! વળી અગાડી ધીર સમીરે
સરવર ઉપર રમ્ય રચેલી નાજુક લહરી
વાંકાચૂંકી એક બિજાની આગળ પાછળ
કૈં સંધાતી, કંઇ તૂટતી, ધીમે ધીમે
પ્રસરે તેવિજ પાડિ મેઘમાં ભાત શિ દીસે
લ્હેરિયાંનિ આ! સ્તંભ સમીંતર મોટ મોટ બનિ

વ્યોમઘુમટને ધરી રાખવા પ્હણે રહ્યા છે,
પણ એ પાછા ગતીમાન આ થયા જ દિસતા
રવીરાજની પાસે આવે, ગજગતિથી ગજ
ચરણ સમાન શું ? પણ અંધારૂં આગળ આ શું
થતૂં દિસે છે ! હાં, હાં, એ તો સલિલભારથી
શ્યામ ચળકતો, મૃદંગ સ્વર્ગનિ નિકર રતીની
બની ગાજતો મેંદ્ર મનોહર, પવનપીઠ પર
બેસી દોડે સાથે પયોધર, બિજા મેઘને
ભેટી કરતો લીન સ્વહૃદયે, થાકિ ગયેલા
ઉષ્ણરશ્મિને અભે સુવાડી, વધ્યો અગાડી,
દિગંત સર્વે દિધાજ છાઈ ! મેઘ, ધરા, રવિ,
તારા, ને નભ, સર્વ આજ રતિ હૃદયે ગ્રહિને
એકરૂપ જે થયાં જ, તેનૂં દિગંતવ્યાપી
શરીર જળાધર કૃષ્ણવિષ્ણુ રૂપ આ છે નક્કી !
સ્નેહ એકલો એને ચિત્ત, સ્નેહ એકલો
એને ચિત્ત, – તે જ સ્નેહને દેખી મ્હારા
ઉરથી ઉછળાયો સ્નેહ નક્કિ આ ! સ્નેહ, લક્ષ્મિ, ને
આનંદનિ આ ત્રિપુટી આજે એક બિજાને
બાઝીને, વા એક બિજામાં લીન થઇને,
એક બિજામાં શિવાઈ જઈને આજ રહી છે !
નથી હૃદય મુજ ભુવનથિ જૂદૂં, નથી ભુવન વા
મુજથી જૂદૂં ! એક, એક, આ સર્વ ભુવન છે.
ભુવન લક્ષ્મિ આનંદ એકઠાં ગાન યોગમાં
લીન બની જરા રતિનાં ગાતાં ' નહિં હૂં પણ કૈં
મુજને દેખૂં ! અંધ બની રતિકીર્તિ ગાઉં છૂં !

ગાઉં છૂં રતી સજિ રે !
વિશ્વમાં રતી ઘણી હજિ રે !

વળી વીજળી એ જ મેઘમાં શી આ રમતી !
મૂજ ચિત્તમાં ઘડી હર્ષ ને ઘડી શોક ઉદિ
સકળ ભુવનને નીજ રંગથી રંગે તેમ જ, –

ચપળા આ પણ રસધર ઉરમાં તિરોહિત થઈ
અંધકાર ભરિ ઘોર દશે દિશ, વળી અચિંતિત
કરિ ચમકારો, મેઘ કોયલા પર ભભકાથી
સળગી ઊઠી, દિશા સગડિમાં રમણિય ભડકો
બની અધઃશિખ, મેઘતિમિરથી રાત્રિ થયેલી
તેનો મધ્ય દિવસ કરિ નાખી, તથાપિ રવિ હજિ
અસ્ત નથી ને કિરણ તે તણા રસભે ભુવને
તેથી ઝાંખા ( દિવસ ચંદ્રની પેઠે ) દિપતા,
શાંત થઇ ગઈ શી એ પળમાં ! તિમિર સાથ એ
આલિંગત દઇ નક્કી પેઠી હૃદય તે તણે !
જો ! જો ! જો ! આ તુટી પડયો શો મેઘ જોરથી,
નભકટિપરથી પ્રસારિ લાંબા ધારા–કરને,
ધરતીને ઝટ બાઝી પડવા !
અહો પવન પણ
વચમાં આવી સુ સુ સુ સુ કરતો ઝટ્ ઝાપટી
ગભરાવી લઈ લેઇ બાથમાં ધારાપટને
શો આ દોડે હા હા હા હા કરિને હસતો
ઉચ્ચ સ્વરથી ! અરે, મુકી આ પાછો હોઈ
તેને ચાલ્યો અવર દિશામાં માતરિશ્વ, ને
મન્દ ઝાપટૂં પડી ગયું, તે રુમઝુમ રુમઝુમ
રુમઝુમ કરતૂં, થાકિ હાંફતૂં હળવે હળવે
પાછૂં પડિ એ જાય ભ્રામ ભણિ.
જિવતો રૂહેજે
જિવતો રૂહેજે અગણિત વર્ષો વિષે તું રસધર !
સ્નેહગર્ભ તૂં: ત્હારી પેઠે, જો ને, આજે
ભુવન સર્વ છે; અમીદૃષ્ટિ તે ઉપર કરી તૂં
રાચ ! રાચ રતિ સજિ રે !
વિશ્વમાં રતિ ઘણી હજિ રે !
પડી રહ્યો એ મેઘ એટલે શાં ખેચરનાં
ટોળેટોળાં સ્વતંત્ર થાતાં સ્વ-સુખ કેરા

અંક વિષે ફરિ કલ્લોલથી કોલાહલ કરતાં
આવે પાછાં ! હર્ષપ્રમત્ત બનીને આવે,
એકબિજાને અંટીવાળે, ઉંડે ઉપર ને
નીચે પાછાં ! ચક્રગતિ કરિ રાસ રમી ગીત
ગાઇ મનોહર, આણિ મુકયું વૃન્દાવન આજે
વિષ્ણુપદમાં શું આ પાછું !
અહો, હ્મણે પણ
જો ને અધિક જ કૌતુકકર્પિ થાય શું પેલું ?
સ્નેહ વિષ્ણુરૂપ–કૃષ્ણમુકુટ–શિખિકલાપ કેરી
કમાન સુન્દર ! આછી આછી દિવસદીપ સમ
પ્રથમ ભાસતી !
વધ્યો જ પ્રકાશ ! વધ્યા વળિ રંગ !
વિલાસિ બન્યા રતિમૂઢ કરાકર સૂર્ય તણા
જલદોદરમાં પ્રસરી નવ રૂપ ગ્રહે અતિસુન્દર:
નામ કહે જગ 'અમ્બુદચાપ', મહને પણ લાગતિ
સ્નેહકમાન વિટી સઉ ભૂમિ અને નભને
લઇ લેતિ સ્વગોળવિષે જયિની.
મન, જો ! મન, જો !
રતિ રંગ કરે હાતરેતર શું બહુ આજ સહૂ :
નિલ, લાલ, પિળો, વળિ ચાર બિજા, રમિ એકબીજા
તણિ સાથ રહ્યા; કર–અશ્વ ઉપર રવિ બેસિ ફરે
મુખ સમ ધરે હય, તે જ ! તું તે મન, જો ! મન, જો !
ફાર જો ! ફરિ જો !
પણ એ ભળિ ગૈ નિજ મૂલ વિષે
રતિ ગાઢ ધરી:—પ્રભુસ્નેહતણી અકળીત લિલા
મન તેં પરખી, નિરખી પરખી
લિધ ! લીધ રતિ સજિ રે !
વિશ્વમાં રતિ ઘણી હજિ રે !

---

## ૧૫ રસિકલાલ છોટાલાલ પરીખ (મૂસીકાર):

# ચંદ્રદર્શન

સરવરે તરતી તરણી અને નયન 'ચંદ્ર કહીં!' કહિ શોધતાં,
ઉદયશૃંગ થકી તહિં આવતી તિમિર ટાળતિ ચંદ્રતણી પ્રભા.
"ઉદયગૂઢ શશાંકતણા કરો તમસ દૂર કરે અહિંની તદા
અલક બાંધતિ હોય જ એમ આ હરતિ પૂર્વદિશા મુજ લોચનો."
કવિશિરોમણિ શબ્દ મુખે સ્ફુરે પ્રિયતમામુખ એ હૃદયે રમે
કર ઉંચા કરિ કેશ સજાવતી હૃદયને ભરતી છવિ એ ઉભી.
હૃદય લીન સખીસમણું થતાં કર અડાડિ વદે શશિની પ્રભા,
'નયન માંડ ઉગે મુજ શાંત જો ઉદયશૃંગ પરે અસવાર એ'
અચલ ગર્ગ વને મૃગયા કરી તુરગ ખેલવિને ગિરિના તટે
વિજયિ કોઈ જુવાન સમો હવે શિખરથી નયની નમતો ઝુકે.

× × × ×

દક્ષે સતીપતિતણું અપમાન કીધું,
યજ્ઞાગ્નિમાંહિ નિજ દેહ સતી સમર્પે,
રુદ્રે ગ્રહી કર મહીં બળતી લતા એ,
સર્વસ્વ જીવનતણું, કહિ જે બચે એ.
ગર્ગાચલે વિચરતાં ભવ હાથ માંહી
ઢાળે સતી નયન, એકલ રુદ્ર થાયે;
કંપે હિમાચલ અને ધ્રુજતી વનશ્રી,
ને ભૂમિનું હૃદય ફાટિ સરે વિરામ્યું.
નયન ચુમિ ને પત્ની કેરાં જુવે ભવ સૃષ્ટિમાં
હૃદય મથતી ઊંડી ઊંડી વ્યથા; કરિ ગૂઢ એ
નયન સરતૂં ઉત્કંઠાથી ભરેલ સરોવરે;
હિમગિરિ વિષે વ્યાપી રહેતો જુવે સતી આત્મને!
નમસ્કાર તને દેવી ' હિમશ્રી જલરૂપ ઓ!
મૂર્તિ કરુણ ભાવોની શિવ શક્તિ વિયોગ ના

× × × ×

અભિજાત યુવાન સમો હયથી ઉતરી નભમાં ચડતો ક્રમથી;
ગગનોપવને હિમરશ્મિ ફરે સરના હૃદયે પણ રૂપ ધરે.

મેઘના વિવિધ ગુલ્મની મહીં ચંદ્રમા વિચરિ વેગથી ઉભો
ચોકમાં ગગનના, હૃદે ધરે મૂર્તિ એ જલમયી વિયોગની.

× × × ×

આકાશે તો ચંદ્રમા થંભિયો ને
તેજોરૂપે અંતરિક્ષે ખડું છે;
થંભે ધીમે ડોલતી નાવડીઓ
ના થંભે ત્યાં હૃદયરસને વર્ષતી સૂરમાળા.

× × × ×

કહે કવિજનો સદા શ્રવણરમ્ય શબ્દોમહીં
વ્યથા જ વિખુટાતણી નિરખિ ભાવ સૌન્દર્યના:
યથાર્થ ! નિરખી સુધાકર સુધા બધે વર્ષતો
મ્હને ગમગિની દમે, સ્મૃતિ ભરાય વ્હાલાં થકી.

વાદળું શ્યામ આવતાં ઢંકાતો ચંદ્રમા જરા;
નયનો તો ય શોધે છે સૌન્દર્યમૂર્તિને નભે.

---

**૧૬ મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)—**

## સાગર અને શશી

આજ મહારાજ જલ પર ઉદય જોઈને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગનમાંહિ ઉત્કર્ષ પામે:
પિતા, કાલના સર્વ સંતાપ શામે-
નવલ રસ ધવલ તવ નેત્ર સામે, પિતા,
કાલના સર્વ સંતાપ શામે !
જલધિજલ દલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસરમાંહિ સરતી;
કામિની કોકિલા કેલિકૂજન કરે
સાગરે ભાસતી ભવ્ય ભરતી:
પિતા, સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી—
તરલ તરણી સમી સરલ તરતી, પિતા,
સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

**૧૭ ઉમાશંકર જેઠાલાલ જોષી :**

# નિશીથ

(૧)

નિશીથ હે ! નર્તક રુદ્રરમ્ય !
સ્વર્ગંગનો સોહત હાર કંઠે, કરાલ ઝંઝા ડમરૂ બજે કરે;
પીંછાં શીર્ષે ઘૂમતા ધૂમકેતુ, તેજોમેઘોની ઉડે દૂર પામરી,
હે સૃષ્ટિપાટે નટરાજ ભવ્ય !

ભૂગોલાર્ધે પાયની ઠેક લેતો; વિશ્રાંતનાં વ્યાપતો ગર્ત ઊંડા:
પ્રતિક્ષણે જે ચકરાતિ પૃથ્વી, પીઠે તેની પાય માંડી છટાથી,
તાલી લેતો દૂરના તારકોથી.

ફેલાવી બે બાહુ બ્રહ્માંડ ગોલે, વિંઝાઈ રહેતો ઘૂમતી પૃથ્વિ સાથે:
ઘૂમે સુઘૂમે ચિરકાળ નર્તને, પડે પરંતુ પદ તો લયોચિત
વસુંધરાની મૃદુ રંગભોમે, બજંત જ્યાં મંદ્ર મૃદંગ સિંધુના.

(૨)

પાયે ત્હારે પૃથ્વિ ચંપાય મીઠું, સ્પર્શે ત્હારે તેજરોમાંચ દ્યૌને.
પ્રીતિપ્રોયાં દંપતીઅંતરે કો વિકારવંટોળ મચે તું–હૂંફે.

(૩)

નિહારિકાનાં સલિલે ખેલનારો, લેનાર જે તાગ ઊંડા ખગોલના,
રંકાંગણે તું ઉતરે અમારે !

દીઠો ત્હને સ્વૈર ઘુમંત વ્યોમે, અગસ્ત્યની ઝૂંપડિએ ઝૂકંતો,
કે મસ્ત પેલા મૃગલુબ્ધ શ્વાનને પ્રેરંત વ્યોમાંત સુધી અકેલ.
સપ્તર્ષિનો વા કરિને પતંગ, ચગાવિ રહેતા ધ્રુવ શું રમંતો.
પુનર્વસૂની લઇ હોડલી જરી, નૌકાવિહારે ઉરને રિઝાવતો.
કે દેવયાની મહિં જૈ ઝુલંતો.

દીઠેલ હેમંતમહીં વળી મઘા તણું લઇ દાતરડું નિરંતર
અમે નભક્ષેત્ર તણા સુપક્વ તારાકણો–ધાન્યકણો–લણંતો.
ને વર્ષામાં લેટતો અભ્ર ઓઢી, હે રૂપોમાં રાચતા નવ્ય યોગી !

(૪)

નિશીથ હે ! શાંતમના તપસ્વી ! તજી અવિશ્રાંત વિરાટ તાંડવો,
કદીક તો આસન વાળિ બેસતો હિમાદ્રિ જેવી દૃઢ તૂં પલાંઠિએ.
ઉત્ક્રાંતિની ધૂણિ ધખે ઝળાં ઝળાં, ઉડુસ્ફુલિંગો ઉડતા દિગંતમાં.
ત્યાં ચિંતવે સૃષ્ટિરહસ્ય ઊંડાં, અમાસ અંધારતલે નિગૂઢ તૂં.
અને અમે માનવ મંદ ચેતવી દીવો ત્હને જ્યાં કરિયે નિહાળવા,
જૃંભાવિકાસ્યૂં મુખ જોઈ ચંડ ત્હારૂં દગોથી રહિયે જ વીંટી
ન્હાની અમારી ઘરદીવડીને; ને ભૂલવાને મથિયે ખિલેલૂં
સ્વરૂપ ત્હારૂં શિવરુદ્ર વ્યોમે.

(૫)

સન્યાસી હે ! ઉર્ધ્વમૂર્ધા અઘોર !
અંધાર અર્ચેલ કપોલ ભાલે, ડીલે ચોળી કૌમુદિ શ્વેતભસ્મ,
કમંડલૂં બંકિમ અષ્ટમીનૂં કે પૂર્ણિમાના છલકંત ચંદ્રનૂં.
કરે રસપ્રોક્ષણ ચોદિશે, જે સ્વયં ચરે નિઃસ્પૃહ આત્મલીન,
દ્વારે દ્વારે ઢૂકતો ભેખધારી !

પ્રસુપ્ત કોઇ પ્રણયી યુગોનાં
ઉન્નિદ્ર હૈયાકમલો વિષે મિંડો ફેરાવતો ચેતનનો પરાગ,
સ્વયં સુનિશ્ચલ, અન્ય કેરાં રાચે કરી અંતર મત્ત ચંચલ.
મિલંદા હે શાન્ત તાંડવોના !

(૬)

મ્હારા દેશે શાશ્વતી શર્વરી કો, નિદ્રાઘેરાં લોચનો લોક કેરાં.
મૂર્છાછાયાં ભોળુડાં લોકહૈયાં:
તે સર્વ ત્વન્નીરવનૃત્યતાલે ન જાગશે, ઘોનટ હે વિરાટ ?

મ્હારે ચિત્તે મૃત્યુઘેરી તમિસ્રા, રક્તસ્રોતે દાસ્યદુર્ભેદ્ય તંદ્રા.
પદપ્રપાતે તવ, હે મહાનટ, ન તૂટશે શું ઉરના વિષાદ એ ?
તાલે તાલે નૃત્યના રક્તવેણે સંગીત આંહી શું નાહીં સ્ફુરે નવાં ?

શ્રાંતોને તું ચેતના દે, પ્રફુલ્લ શોભાવતો તું પ્રકૃતિપ્રિયાને,
ને માનવોની મનોમૃત્તિકામાં સ્વપ્નો કેરાં વાવતો બી અનેરાં.
તું સૃષ્ટિની નિત્યનવીન આશાઃ ન આટલું તું થિ થશે? કહે, કહે,
નિશીથ, વૈતાલિક હે ઉપાના!

---

## ૧૮ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર '(સુંદરમ્):'

### બહુરૂપિણી

તું તો અજબ વેશધારી, અનંત રૂપવાળી, બહુરૂપિણીઃ
છંદ છંદ નાચે તું ન્યારી, દેવોની દુલારી, બહુરંગિણી—— ધ્રુવ.
પાંપણને પલકારે ભરતી ત્રિલોક તું,
અંકે મયંક મઢ્યું વ્યોમ ત્હારે ઝોકતું,
વૃંદના વિહાર ત્હારા ત્રિભુવન વિલોકતું:
સાગરની સુંદરી હલેતી, દર્શનિયાં દેતી, બહુરૂપિણીઃ
કોનાં ઓવારણાં લેતી, એ વાત જા કહેતી, બહુરંગિણી!
ઘેરા આકાશપટે છાયા ઘનસ્યામની,
સવિતાનાં તેજ ઝીલી ઝબકતી ભામિની,
રંગ છોળ ફેંકતી આ, વ્યોમ કેરી સ્વામિની:
ઝૂલે દિશાઓને ઝોલે, દિગંતો ઢંઢોળે, બહુરૂપિણીઃ
છૂપી પ્રકટ રંગ ઢોળે, ક્ષિતિજોને ખોળે, બહુરંગિણી!
આછી તરંગમાળ દરિયાની લ્હેરતી,
પાંખો પસારી ઊડે, પીંછાં શાં વેરતી,
પીંજેલા પોલ સમી આભ બધો ઘેરતીઃ
છૂટે અંબોડલે છકેલી, ઓ રૂપકેરી વેલી, બહુરૂપિણીઃ
આછેરી ઓઢણી સંકેલી ઊડે રંગ રેલી, બહુરંગિણી!
ભગવાં ભભૂત ધરી ભીખે શું જોગણી,
કંકુની આડ તાણી ભાલે સોહાગણી,
ગાલે ગુલાબભરી કન્યા કોડામણીઃ
ઘૂમે તું કોણ ભેખધારી, વેરાગણ સંસારી, બહુરૂપિણીઃ
રંગની ઘેલી કુમારી, અલખની કુવારી, બહુરંગિણી!

સંધ્યા ઉષાના આ રંગભર્યાં કુંડ જો !
હાથે આ વાયુઓની પીંછીઓના ઝુંડ જો !
લીધા પ્રતીક કાજ પૃથ્વીના ખંડ જો !
ખોલ્યો આકાશપટ પ્હોળો, ત્હેં કૂચડો ઝબોળ્યો, બહુરૂપિણી!
રેખાનો રમ્ય રાસ દોર્યો, જીવનરંગ ઢોળ્યો, બહુરંગિણી !
માનવનાં નેણમાં ન વેણમાં સમાતી,
સાત સાત રંગમાં ન ઝાલી ઝલાતી,
કલ્પનાની ડાળ ત્હારા ભારથી દબાતી;
પલટતી વેશવર્ણકાયા, ત્હેં વિશ્વો સર્જાવ્યાં, બહુરૂપિણીઃ
પાથરતી પ્રાણભરી છાયા, ધરતીની ધન્ય જાયા, બહુરંગિણી!

---

**૨૯ નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયાઃ**

# પ્રકૃતિ રહસ્ય અને માનવબાળ

જો ! જો ! પેલો ઘુઘુઘુઘુઘુઘુ નાદ ગંભીર બોલે,
ઊંડા પેસે મુજ હૃદય ને શાંતિનું નીર ડોલે,
ને થાયે ત્યાં પ્રતિરવ કંઈ ઊપની ઊર્મિમાળા;
ક્યાંથી પામ્યો અતિગહન આ શક્તિઓ સિંધુ કાળા !
ઊંડા એ નાદના અર્થો ઉકેલી ના શકું કંઈ;
છાયા માત્ર દિસે ઝાંખી, સ્પર્શતાં તે ઉડી ગઈ.
સ્વપ્નસંસ્કાર એ સર્વ વાંકાચૂંકા ગુંથી રમું;
હૃદયોર્મિતણા બિંદુ ઉછાળું સ્વલ્પ એમ હું.
ધરા ઉછંગે લાવ મંદ વાણી,
મનુષ્ય જાગ્યો નવજન્મ પામી,
તે કાળ પૂર્વે પણ નાદ આ તો
ગાજી રહ્યો ગહન ગાન અનાદિ ગાતો.
ધરા વિષે માનવકેરિ વાણી,
વિલુપ્ત થાશે સ્થિર મૌન પામી;
તેની પછી યે ગુરુ નાદ આ તો,
જો ! જાગશે ગહન ગાન અનંત ગાતો.

તથાપિ સિંધૂ જનમ્યાનિ પ્હેલાં,
અને લયે સિંધુ વિલુપ્ત થાતાં;
ગાજ્યો હતો ને વળિ ગાજશે જો !
સિંધૂ સનાતન તણો ઘન નાદ બીજો.

*ગરબી.

ઓ ગિરિકોકિલ તૂં !
શું અદ્ભુત રેલે ગાન ઓ ગિરિકોકિલ ! તૂં.
તુજ ગૂઢ અર્થનૂં જ્ઞાન પામું ન કો દિન હૂં;
મેઘ શિખર છુપિ ચૈદા વરસે સ્મિત અમિધાર અનંત રે,
ને ગિરિ, તરુ, જળ મત્ત જ ઘૂમે, એવું ગાન રેલંત
ઓ ગિરિકોકિલ તૂં;
લતા માધવી ઉછંગ ઉછળી કળી રમે લાજાળ રે,
સુગંધ ને સ્મિત યોગમ વેરે, એવિ મધુરસ્વધાર
ઝરે ગિરિકોકિલ ! તૂં.
ટિહૂ ટિહૂ ગાન કુંડાળે ભમતૂં નભ મોઝાર રે;
ગિરિ શૃંગોમાં ધ્વનિ દઇ રમ્ય રજતરણકાર
કરે ગિરિકોકિલ ! તૂં.
મધ્યરજનિ ચાંદનિમાં ચળકે, સાગવને ગૂંચવાયૂં રે,
ધુમસ રુપેરી, તે પર તરતૂં ગાન ચમકતૂં આવ્યૂં
જો ! ગિરિકોકિલનું.
પ્રિય સહચરીને શું તૂં શોધે ગાન ગાઈ વનવનમાં રે ?
તે થકિ શું કંઇ મધુર ગાનને રંગે ભાવ કરુણમાં
ઓ ગિરિકોકિલ ! તૂં.
અવિરત મધુરા ગાનતણી તુજ કવિતા કદિ ન સુકાય રે,
એ અદ્ભુત ગુણ ક્યાંથિ સાંપડ્યો ? મધુર જ મધુર જ ગાય
ઓ ગિરિકોકિલ ! તૂં.
માનવજીવનના સુર ઊંડા પ્રફુલ્લ ને વળિ ઘેરા રે,
તે સર્વેનાં રહસ્ય સાચાં વાંચિ શકે જ અનેરાં–
તે ગિરિકોકિલ ! તૂં.

* અલબેલી રે અંબે માત–એ ચાલ.

નૂતનઘન રંગે રંગીલી સંધ્યા લટકે આવે રે,
મધુર અનિલ ઉચ્છ્વાસથી કરતી અધરસ્પર્શો ભાવે
ઊંચા ગિરિવરને;
તોય અડગ ગિરિ સમાધિ ન તજે,તે ગિરિ પણ દ્રવ ધારે રે,
જેહ વેળ સુરસુંદરી સંધ્યા લલિત સુરો લલકારે
આ ગિરિકોકિલના.

ગૂઢ શક્તિને ગૂઢ અર્થ તુજ કળી શકું શી પેર રે?
ગૂઢ બને ગિરિવર જ્યાં પીતાં અવિરત અમિરસલ્હેર
તુજ, ગિરિકોકિલ ઓ!

રાગ મ્હાડ

ભૂરા વ્યોમ વિષે ગિરિરાજ ઓ! છાના લેખ લખે શા આજ?
મેઘમાળ તુજ કંઠ વળગતી તેને ન જોતો લગાર;
ઊંચા ઊંચા ભૂરા વ્યોમ વિષે તું લેખ લખે શા હજાર રે!
છાના લેખ લખે શા હજાર!
આવી પડતી ઉછંગમાં રે કાંઇ હસતી ધુમસની હાર,
પ્રતિભાસ તેને ન દેતો તું તો ઊંડા મૌનતણો ધરી ભાર રે,
છાના લેખ લખે શા અપાર!
નાદ સનાતન સિંધુતણો રેડી રેડી હૃદય મોઝાર,
ઘોળી ઘોળી ગાન અંતરમાં રચ્યું તેનો કરે ઉદ્ગાર રે,
છાના લેખ લખી ગિરિરાજ.
શ્યામ રજનિ નિજ અંગુલિ નચવે વ્યોમપટે જે વાર,
તારકમય ગાન ચમકી એ રૂહે તોયે વાંચી શકું ન લગાર રે,
ઊંડા લેખ લખ્યા ગિરિરાજ.
ગૂઢ અર્થ તમ હૃદયતણા પછી કેમ ઊકેલું હું બાળ?
દીન બની લહું આનંદ ઊંડા ઊંડા માનું ઉપકાર રે,
સિંધુ, કોકિલ, ને ગિરિરાજ!

---

**૨૦_ જેઠાલાલ ના. ત્રિવેદી**

## સમુદ્રને

દીધેલ ત્હેં અમિ પિધું મળિ દેવલોકે,
ને હાર આ અમતણાં હજી મૃત્યુ રોકે,
દીધો મનોહર મહા વળિ ચંદ્રમા તે
આવે ન કામ અમને કદી કૃષ્ણ–રાતે.
મોહાવતી મન ત્રિભુવનનાં રૂપાળી,
સૌંદર્યમાં કમલ–સત્વ સમી સુંવાળી
દીધેલ લક્ષ્મિ તુજ કો જન વિષ્ણુ જેવા
લેઈ જતા. અવરને મળતી ન જોવા.
ના રત્ન કો' તુજ તણાં અમ રંકભાગ્ય,
તૂં ગર્વથી ઉછળતો દિસતું અયોગ્ય:
—ત્યારે કહૂં કયમ તને દીન–હીન વેદે?
ખારાશ જે હૃદયની ગમતી તને ના,
જેને કલંક કડવું દધિ! તૂં ગણે છે,
'મીઠું' બની અમ જગે રસ તે ભરે છે. ૧૪

---

**૨૧ ઉમાશંકર જેઠાલાલ જોષી**

## બળતાં પાણી

નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગરવનો;
પડે ઓળા પાણી મહિં સરિત હૈયે સળગતી;
ઘણું દાઝે દેહે તપિ તપિ ઉડે બિંદુ જળનાં,
વરાળો હૈયાની પણ મદદ કૈં ના દઇ શકે.
જરી થૈભી જેને ઉછળિ દઈ છોળો તટ પરે,
પહાડોને છાંટી શિતળ કરવાનું નવ બને.
અરે! જે પ્હાડોએ નિજ સહુ નિચોવી અરપિયું
નવાણોમાં તેને સમય પર દૈ બુંદ ન શકે.
કિનારાની આંકી જડ કઠણ માઝા કયમ કરી
ઉથાપી લોપીને સ્વજન દુખને શાંત કરવું?

નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી,
જવું સિંધૂ કેરા અદિઠ વડવાગ્નિ બુઝવવા !
પછી ત્યાંથી કો'દી જળભર ભલે વાદળ બની
વહી આવી આંહી ગિરિદવ શમાવાનું થઈ રહે !
અરે ! એ તે ક્યારે ? ભસમ સહુ થૈ જાય પછિથી?

---

**૨૨ દુર્ગેશ તુલજાશંકર શુક્લ :**

## લાવા

પૃથ્વી, પેટાળ ત્હારે દવ નિત સળગે અંતરે, તોય ત્હારે
હાસે શે કૂંપળો આ હરિત મૃદુલ રે ? અંકુરો કેમ ફૂટે ?
મ્હારે હૈયે ય લાવા પ્રતિદિન પ્રજળે, ના શમે કોડ વાતે,
બાળે ઊર્મિ, મધુરાં સ્વપન, પ્રિયતણી સંસ્મૃતી રમ્ય–એ રે ?
માતા, આ રંક કેરૂં ગુરુપદ લઇ કો ભાવ ઉદાત્ત પૂરો;
લાવાની ઝાપટે છો ઉર ડસડસતૂં,— લોચને હાસ વેરો ! ૬

---

**૨૩ પ્રહલાદ જેઠાલાલ પારેખ:**

## જલધિમોજ શો

તુટો નવ તુટો પહાડ, કણ વા ખરો ના ખરો,
નહી જલધિમોજ એ કદિ ય ચિત્ત ચિંતા ધરે;
પ્રફુલ્લ મુખ ઊરગીત સહુ અંગથી નાચતાં
વહી સતત કાંઠડે ભિપણ પર્વતે આથડે.
હું યે જલધિમોજ શો કયમ કદી ય ચિંતા ધરૂં,
તુટે મનુજ દુઃખનો અડગ શો ઉભો પહાડ આ ?
ઉરે હું લઇ ગીત ને સ્મિતતણી ધરી દીવડી
યુગોયુગતણા પહાડ પર હું પડૂં આથડી !

---

# સ્તબક ૩ : પંક્તિ ૯૬૫-૧૧૧૧

### ૨૪ હરગોવિન્દ પ્રેમશંકર કવિ—

## કવિ અને જગત વચ્ચે વિરોધ.

સુણું કયાં પ્રેમનું ગાણું  મળે કયાં ઊરની મિજલસ ?
વહે કયાં ભાવ દિલતખ્તે ?  –બતાવી દે તું એ કિસમત !
વદી તું દે અરે ઓ આભ!  ખલક સારી જ ત્હેં વીંટી,
દિઠી છે એવિ ત્હેં દુનિયા  દિલે દિલ પૂર ઝીલે જ્યાં ?
ગજાવે ઇશ્કને નામે  અરે દરિયા ! બધા કાંઠા,
દિઠું ત્હેં કોઇ બંદર, જ્યાં  પિછાણે દિલ તલપતું દિલ ?
ધરી ખુશબો ફરે દિનરાત  સદાગતિ, બોલ એ કયાં કુંજ,
સલુણાં ઊર ઉર સાથે  ગળે લાગે જ્યહાં સાચે ?
અમી વર્ષાવતી ચંદા,  જુવે છે ગુહ્યતમ ખૂણા.
કહે ત્હેં એવું દીઠું કયાં  દિલે દિલ જ્યાં રમે ખુલ્લાં ?
નહી ઇર્ષ્યા, નહી તૃષ્ણા,  પ્રવૃત્તીના નહી પાખંડ,
સુહાતાં હેત હૈયાનાં  મળે કયાં કહે મ્હને કિસમત?
સરવમય જ્યાં બને એકેક  સરવમાં સર્વ ગળિ જાતાં,
જુદાઈ ના, નહી શંકા,  જનો એવાં કયહાં, કિસમત?
ખુદાઈ ઇશ્કનું ટીપું  પડ્યું ઉર તે બહેલાવે ઉર,
અરે તારા અમર બોલો,  હતું કો કાળમાં એવું ?
હશે એવું કયહાં આજે ?  થશે વા એહવું કયારે ?
—ન બોલે કો, ન જાણે કો,  પિછાણે કો ન ઊર્મી આ !
અરે ઓ ઊર ! તું એકલ  ખુદાઈ ઇશ્ક કેરી એ
ધરે આશા ! ઝુરે એકલ !  -દિસે છે એ જ તુજ કિસમત!

---

### ૨૫ મગનભાઇ ભૂધરભાઇ પટેલ (પતીલ):

## સદ્ભાવના

ના મ્હારે તુજ ભેટ બક્ષિસ ન વા ત્હારી કૃપા જોઇએ;
હું એવો નહિ રંક કે અવરની મ્હારે દયા જોઇએ.

આવ્યો છું લઈ નગદ હાથ, કરવા સોદો મ્હને ભાવતો,
રાજા ચોર લિયે હરી નહિ કદા એવી મતા જોઈએ.
આપે તો ગુજરાન આપ મુજને, મ્હારી લઈ ખાતરી,
થોડા આપ દિનો વળી સુખ તણા, ના વાસના જોઇએ.
જો તું દાન કરે મ્હને, ભગવતી, દે દાન હૈયાતણું,
હૈયું સાફ પરંતુ કાચ સરખું તે હોવું, હા, જોઇએ,
જેમાં જોઈ શકું મુહબ્બતતણી તસ્વીર ખેંચાયલી.
થા મ્હારી, જન આ નિખાલસતણી જો ચાહના જોઇએ,
જો કે ના મુજ માગણી તુજ કને, સંકોચ જેનો ત્હને;
રે. ઝાઝું તુજ પાસ હોય નહિ તો સદ્‌ભાવના જોઇએ.

---

## ૨૬ બાલાશંકર ઉલ્લાસરામ ("બાળ" "મસ્ત")

### ગઝલ

ગુજારે જે શિરે ત્હારે જગતનો નાથ તે સ્હેજે:
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિપ્યારું ગણી લેજે.
દુનીઆની જૂઠી વાણી વિષે જો દુઃખ વાસ છે,
જરા યે અંતરે આનંદ ના ઓછો થવા દેજે.
કચેરીમાંહિ કાજીનો નથી હીસાબ કોડીનો:
—જગતકાજી બનીને તું વહોરી ના પિડા લેજે.
જગતના કાચને યંત્ર ખરી વસ્તૂ નહીં ભાસે:
ન સારા કે નઠારાની જરાયે સંગતે રહેજે.
રહેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે:
દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહીં કહેજે.
વસે છે ક્રોધ વૈરી ચિત્ત—માં તેને તજી દેજે:
ચડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે.
રહે ઉન્મત્ત સ્વાનંદે ખરું એ સુખ માની લે:
પિયે તો શ્રી પ્રભૂના પ્રે—મનો પ્યાલો ભરી પીજે.
કટુ વાણી સુણે જો કોઇ—ની, વાણી મિઠી કહેજે:
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.

અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર, માગે તોઃ
ન માગ્યે દોડતું આવેઃ ન વિશ્વાસે કદી રહેજે.
અહો શું પ્રેમમાં રાચે ! નહીં ત્યાં સત્ય પામે તું:
અરે તું બેવફાઇથી ચડે નિંદાતણે નેજે.
લહે છે સત્ય જે સંસાર તેનાથી પરો રહેજે:
અરે એ કીમિયાની જો મઝા છે તે પછી કહેજે.
વફાઇ તો નથી આખા દુનીઆમાં જરા દીઠી:
વફાદારી બતા'વા ત્યાં નહીં કોઇ પળે જાજે.
રહી નિર્મોહ શાંતિથી રહે એ સુખ મોટું છે:
જગત બાજીગરીના તું બધાં છલબલ જવા દેજે.
પ્રભુનાં નામનાં પુષ્પો પરોવી, કાવ્યમાલા તું:
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રિતે દેજે.
કવીરાજા થયો શી છે પછી પીડા તહને કાંઈ:
નિજાનંદે હમેશાં બાલ મસ્તીમાં મઝા લેજે.

---

### ૨૭ ભોગીલાલ ચુનીલાલ ગાંધી ("ઉપવાસી")

## આત્મદીપો ભવ

તું ત્હારા દિલનો દીવો થાને ! ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું૦ **ધ્રુવ.**
રખે કદી તું ઉછીનાં લેતો પારકાં તેજ ને છાયા;
એ રે ઉછીનાં ખૂટી જશે ને ફેડી જશે પડછાયા ! ઓ રે! ઓ રે ઓ ભાયા ! તું૦
કોડિયું ત્હારૂં કાચી માટીનું, તેલ દીવેલ છૂપાયાં;
ન્હાની શી સળી, અડી ન અડી પરગટશે રંગ માયા ! ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું૦
આભના સૂરજ, ચંદ્ર ને તારા, મોટા મોટા તેજરાયા;
આતમનો ત્હારો પ્રગટાવ દીવો, તું વિણ સર્વ પરાયા ! ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું૦

---

## ૨૮ સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ ("કલાપી"):

### એક ઇચ્છા!

પડ્યા જખમ સૌ સહ્યા, સહિશ હું હજૂ એ બહૂ,
ગણ્યા નવ કદી, ગણું નવ કદી, પડો છો હજૂ;
અપાર પડશે અને જિગર હાય! આવું થયું,
કઠિન ન બનો છતાં હૃદય એ જ ઇચ્છું પ્રભૂ!
પડી વિજળિ તે પડી સુખથિ છો, બળું છું સુખે;
અનંત ભભુકા દહે, બહુ દહો, ગળું છું સુખે,
ન દાહ વસમો કદી, જિગર બૂમ ના પાડતું,
કઠિન બનજો નહીં હૃદય એ જ ઇચ્છું પ્રભૂ!
બહૂ ય રસ છે મને હૃદય છે હજૂ તો અહો!
અરે હૃદય જો ગયું રસ ગયો પછી તો બધો;
ભલે મૃદુ રહી સહી જખમ છેક ચૂરો થતું,
કઠિન ન બનો કદી હૃદય એ જ ઇચ્છું. પ્રભૂ! ૧૨

---

## ૨૯ રામનારાયણ વિશ્વનાથ પાઠક ("શેષ")

### પાંદડું પરદેશી

ઓલ્યા પાંદડાંને ઉડાડી મેલો કે પાંદડું પરદેશી!
એ તો બેઠું મ્હારા ચંપાની ડાળે કે પાં૦
એનાં ફૂલડાં ખરી પડ્યાં અકાળે કે પાં૦
મેં તો હાર મહીં ગૂંથાવ્યું કે પાં૦
એણે ફૂલ એક એક કરમાવ્યું! કે પાં૦
એને નદીને નીર પધરાવ્યું. કે પાં૦
એ તો દરિયેથી પાછું આવ્યું! કે પાં૦
મેં તો ખોદી જમીનમાં દાટ્યું, કે પાં૦
ત્યાં તો ફણગો થઈને ફાટ્યું! કે પાં૦
મારી સખીએ બતાવ્યું સ્હેલું! કે પાં૦
એક ફૂંક ભેળું ઊડાડી મેલ્યું! કે પાં૦ ૧૧

---

**૩૦ હરિહર પ્રાણશંકર ભટ્ટ—**

# નિરભિમાન

ભલે મન વિવેકહીન તિમિરે સદા આથડે,
અને હૃદય કલ્પનારહિત કૂપમાંહી પડે;
ભલે સકલ જિંદગાનિ રસરંગહીણી જતી,
પરંતુ નહિ નમ્રતારહિત ચિત્ત થાજો કદી.
ભલે સ્ખલન પૂર્વનાં સ્મરણથી સદાયે બળું,
પરન્તુ ન હિતે ભુલી મદ–નકાર થાવા ચહું;
સદાય નિજ દોષ કાજ અનુતાપ વાળા પરે
વહે તુજ દયા, વિભો, ફિકર શી પછી છે મ્હને !
દિનેશકર કોમળાં ધનુષ મેઘમાંહી રચે,
નિહાળિ શિશુ ભાઇ બ્હોળું નિજને બતા'વા ધસે:
ધરું વિવિધ વર્ણ એમ જગ આગળે સર્વ તે
કટાક્ષ કરુણા તણા તુજથી જે લસે અંતરે:
પરન્તુ કદિ વર્ણ એ મુજ ગણું, ગણું'ના કરું,
અને હૃદયમાં પડેલ તુજ રશ્મિને વીસરું,
કરી પ્રખર તો, પ્રભો, કિરણ તાહરાં તે સમે
સુકાવ વિખરાવ એ હૃદય મેઘને, વર્ણ–ને. ૧૬

---

**૩૧ રામપ્રસાદ મોહનલાલ શુકલ:**

# ઝાંખી

પૃથ્વીથકી માનવ સૂક્ષ્મ જેટલો, પૃથ્વીય સૂર્યોથકિ સ્વલ્પ તેટલી;
અધિક વા તારકવૃંદ કેટલા નિહારિકા એક વિષે સમાય.
આકાશગંગાજલમાં નિહારિકા અનંત–જાણે લઘુ બુદ્બુદો રમે !
પરંપરા આવિ અનેક ગંગની ફેલાય દિક્કાલ ન તોય આવરે.
અસંખ્ય બ્રહ્માંડતણો પસારો થોડાંક બિંદુ અવકાશમાં પડ્યાં;
વિશાળ મેદાન વિષે શું વીખરી, બેચાર દાણા પડિયાજ રાઈના !
દિક્કાલની એમ વિશાળતાનો અનંત શ્રેણીલગ પાર ના'વે;

વિજ્ઞાનના ઉત્ક્રમ સાથ એ વધે નવા નવા નિત્ય પ્રદેશ ખોલે.
મનુષ્યથી ઉર્વિ વિશાળ જેટલી, અણુથકી માનવદેહ એટલો;
અણુ વિષે યે અણુઓ અનંત બિજા સમાયા, જ્યમ સૂર્યમાલા

વિષે ગ્રહો ચંદ્રગણો ઉપગ્રહો અસંખ્ય તારા ખરતા, દિને દિને
પસારતા પૂંછડું ધૂમકેતુ, અનેક સત્ત્વો,—ન ગણાય જેહને !
અણુનું અલ્પત્વ વિરાટ એટલું પ્રત્યેકમાં વિશ્વ સ્ફુરે, રમે, શમે:
બ્રહ્માંડની સર્વ લીલા ધરંતા સૂક્ષ્મત્વનો યે કયંહિ પાર આવે !
ઉંચે નિહાળું, લઘુ બિંદુ જેવડો અફાટ હું સાગરમાં જણાઉં;

નિચે કરૂં જો દગ, તો વિરાટ શો વ્યાપી રહું બિંદુનિ પાસ સિંધુઃ
વિશાળતાથી હું ફુલાઈ જાઉં તો અલ્પત્વની યાદ મ્હને ઉગારેઃ
સૂક્ષ્મત્વથી જો હું હતાશ થાઉં તો વિરાટ હું એ સ્મૃતિ પ્રાણ પૂરે,
આંદોલનો બે ય મધે રહું છું વિકાસસંકોચ વિષે શ્વસું છું.

---

# સ્તબક ૪ : પંક્તિ ૧૧૧૨–૧૪૫૪

## ૩૨ બેહરામજી મેહરવાનજી મલબારી—

## અદ્‌ભુત મિત્રભાવ

કેમ અને ક્યારે મળ્યું મન ત્હારું મ્હારી સાથ ?
દિલ સાથે દિલ મળ્યું ? હાથ મળ્યો હાથ શું ?
બેના એક ક્યારે અને કેમ બન્યા નેક મિત્ર ?
ત્હારામાં સમાવા પ્હેલાં મ્હારામાં સમાત તૂં ?
કોણથી કથાય એવો દૈવી એકતા સ્વભાવ ?
બેના એક થયા પ્હેલાં એકના બે થાત શું ?
હા, કશું અશક્ય નથી સર્વશક્તિમાન ! ત્હને,
એકના બે કરી બતલાવે જગતાત તૂં !
એક ધર્મ એક કર્મ એક અધિકાર બેને,
એક કિરતાર, તારનાર એક જોઉં છું;
એક જ સંસાર, એક આચારવિચાર બને,
એક અહંકાર,—ત્હારામાં હું મ્હારો ખોઉં છું;
આવેશ ઉદ્દેશ એક, વિશેષ કહું શું બીજું,
ઐક્ય–અવલોકનમાં ચિત્ત ચટ્ટ પ્રોઉં છું:
ઉમંગતરંગે ઉછળાઈ હું સમુદ્ર આંહિ
શાંત સુવદન તું શશી ઉપર મોહું છું.
શી એ મિત્રતા જ ! જેમાં જોઈ ન જુદાઈ કાંઈ:
ભલી જ ભલાઇ બાઇ ત્હારીથી તણાઉં છું;
ત્રાહિ ! ત્રાહિ ! જગતતવાઇથી પોકારતો હું
આવી ત્હારી શીતળ છાયા તળે ભરાઉં છું;
શાંતિ શાખવી તું નિવૃત્તિએ મન શુદ્ધ કરે,
એ ત્હારા અપાર ઉપકાર નિત્ય ગાઉં છું;
મિત્રનું ચરિત્રચિત્ર અલ્પ આ ઉતારી અત્ર
એકત્ર સંગથી તૂં બની પવિત્ર થાઉં છું.
શા હું ત્હારા હૃદયવિસ્તારના વિચાર કરૂં,
કેમ વર્ણવું, વીરા, ગામ્ભીર્ય મુખારવિન્દનું '

કેમ અને કયારે ત્હારે મ્હારે પ્રીતિપાસો પડયો ?
—હું ગુર્જર ગુંજકર, તૂં કમલ સિંધનૂં '
ધન્ય મિત્રતા એ સગાભાઇથી સવાઇ એવી
દયારામ માંહિ દેખું દયા મધ્યબિન્દુ હૂં.
ના, ના, એ ભાટાઇથી સુગાઈ કાં ભરાઇ જાય ?
ત્હારામાં શમ્યો હું, તો તું પોતે પણ હૂં જ છૂં.

---

**૩૩ ચંદ્રવદન ચિમનલાલ મ્હેતાઃ**

## સ્મારક

લઉં ફુલછડી ? સુગંધમય પાંખડી ? કે ઘડી
શિલાશકલને અમોલ વદને ય વાચા દઉં ?
વિરાટ નભમાળથી ચકચકંત તારા લઉં ?
ધરૂં ચરણમાં ? પળેપળ રચૂં નવી દીવડી ?
સહસ્રકિરણાવલી રચિત દીપતી રાખડી
થકી ગ્રથિત વિશ્વનાં પરમ પંચતત્ત્વો સહૂ
તણા અચલ ચિત્રની જ સ્મૃતિ એક ત્હારી ચહૂં.
કિયૂં રચું કહે અનંત યુગરાજથી યે વડી !
હતી રમતિયાળ તૂં, સરલ શાંત ગંગોદકઃ
સદા પતિતપાવની, કમલરેખશી વિસ્તરી
વહી ધનગર્ભાર નિત્ય મુજ જીવને નિર્ઝરી.
ઉદંત જગતાતની અતિ વિશાળ કો કલ્પના
સમી, તુજ મિષે કઈ નવિન હૂં રચૂં ભાવના !
'ઇલા' શબ્દ એક એ જ નથિ ભવ્ય શું સ્મારક !

---

**૩૪ ઇંદુલાલ ફુલચંદ ગાંધી—**

## ભાઇનો બ્હેન પાછળ વિલાપ

રતન તૂં અમ પામર દીનનૂં, સુરભિ તૂં કરમાયલ ફૂલની;
વિશદ જ્યોત નરોત્તમ કુલની, નમન અંતરનાં ચરણે ધરૂં.
પ્રકૃતિ કાદવમાં કમળો રચે, મમ ઉરે રચિ તેં શુચિ ભાવના;

જિવનની તપમંગલ સાધના   ઠરિ ગઈ તુજ શૈશવને તટે.
કઠણુ અંતરમાં અમિ હોત તો   કુમળિ વેલ ઉખેડત ના વિધિ;
નવ ગવાડત ગીત વિલાપનાં   નિજ સનાતન ક્રૂર નહોરથી.
પવનમાં તરતા તુજ પ્રાણુની   જલ સરોવરમાં પડતી પ્રભા,
મિટ અબોલ પ્રકાશ મહીં ભરી   જળચરો નિરખે અવકાશમાં.
પવનમાં તરતા તુજ પ્રાણુની   સુરભિ સર્વ દિશા પ્રસરી રહે;
તરુવરો બનિ શાંત નમી રહે,   સ્મૃતિ પવિત્ર રડે ભૂતકાલની.
પવનમાં તરતા તુજ પ્રાણુની   શિતળ છાંય ઢળે ભર ગ્રીષ્મમાં;
વિરમતાં અહિં પંખિ રમી રમી   અમિત પાંખ ઘડીક પ્રસારતાં.
ઠરિ ગયાં સરતાં નિર નૈનમાં,   બધિર ઊર બન્યું પડઘા ભરી,
તનમનાટ ગયો રુદને ગળી,   પણુ ખુટી નહિ અંતરવેદના.
શમિ ગયા ઉરશ્વાસ ધિમે ધિમે,   ઠરિ ગઈ નિજ લોચનદીવડી;
રામ રહ્યું સ્મિત મુખ પ્રભા પરે,   ડૂબિ ગઈ મુજ ચિંતન નાવડી.
ફરિ ફરી પૃથિવી અટકી જશે,   જગતનાં સહુ ચક્ર જશે ખડી;
પણ જડેલ ઉરે સ્મૃતિની કડી   મરણુથી ય કદી નવ તૂટશે.

---

**૩૫ સુંદરજી ગોપાળજી બેટાઇ:**

## "ઇંદ્રધનુ" માંથી

× × × ×

આશ્વાસનો ન આશ્વાસે સ્નેહસંબંધિઓ તણાં
સંક્ષોભ અંતરે વાધે સૂનાં આ જોઇ ખેલણાં.
"જા બ્હેન હીંચોળ, રડે છ ભાઇ" એ શબ્દ ઘૂમંત હજી હવામાં;
ઉચ્ચારનારી તુજ માવડીને હૈયે ચડે છે કંઇ પ્રેમપ્હાના.
હા, તાત ! ત્હારાં અનિમિત્ત હાસ વસ્યાં અમારે ઉર એક વાસ;
તે સર્વ ધારી અતિઘોર રૂપ સ્વપ્નો વિષે કૈં દળતાં વિશેષ.
વાણીને સાંપડ્યું મૌન પ્રેમને શોક સાંપડ્યો,
ઋદ્ધિ હર્ષતણી ખૂટી જાતાં તૂં અમ બાલુડો.
બ્રહ્માંડમાં વ્યક્ત પ્રભુપ્રભાને અનેક નામે જન ઓળખાવે,
ઉદ્યાન મ્હારે પ્રભુ રશ્મિ ઊતર્યૂં ને રશ્મિ રૂડું અભિધાન મ્હેં કર્યું,

એ રશ્મિના ઇંદ્રધનુષ્ય જેવા અનેક રંગો વિમલપ્રભા ભર્યાં
ક્ષણે ક્ષણે નૂતન દીપ્તિ ધારતા સૌંદર્યરેખા લખતા કંઈ ઉદ્દયા.

પ્રકટ્યા દિવ્ય જે રંગો રશ્મિના આત્મરશ્મિના
વિલીન તે થયા પાછા શાશ્વત બ્રાહ્મતેજમાં.

એ તેજનાં દર્શન દિવ્ય સેતી દીધી મ્હને ના કયમ દિવ્ય દૃષ્ટિ?
અંધારમાંહે અટવાયલાંને વિલીનતા કેવલ શું વિનષ્ટિ?
કો પીડતું અંતર પ્રશ્નભારે સૂતેલ કૈં ચિંતનને જગાડે;
એ ભાર ઉદ્ધાર વિષે નિરાશા જાગે દિલે, મોહતમિસ્ત્ર વાધે.

“દિવ્ય આપું ત્હને ચક્ષૂ!” આશામંત્ર સનાતન;
સર્વની દૃષ્ટિને એનું લાધે ના કયમ દર્શન?

ચૈતન્યના પ્રસ્નવ ગૂઢ જેના આ વિશ્વને જીવનમાં રમાડે
તે આદ્ય માતા શિશુ માહરાને નવીન ચૈતન્ય નહીં શું પાયે?
તારો ખર્યે તેજતણો વિનાશ? દીવો બુઝયે જ્યોતિતણો શું હ્રાસ?
ઊર્મિશમ્યે શું વિરમે વિલાસ? સંગીતનો વાદ્ય જતાં શું નાશ?

મૂઢત્વ મ્હારું આ ભેદી ગૂઢતા કોણ દાખવે?
સૂક્ષ્મકેરો રણત્કાર સ્થૂલમાં કો ન સાંભળે?

મેં મૃત્યુ અંકે મુજ બાલ સંગે સૂતેલ જોયાં શિશુઓ અસંખ્ય,
હૂં સાંભળૂં છૂં મુજ બાલચીસે અનેક ચીસો જગબાળકોની.
ઊંડી અમારી ઉરવેદનામાં છૂપી વ્યથા કૈં જગની જણાતી;
હૂં દાઝતો અંતર બાષ્પઝાળે અનેક દૂભ્યાં જનનીપિતાની.

દંપતી વેલને મોઘાં કુસુમો દઈ ને પછી
ચૂંટી કોણ જતૂં ગૂઢા મૃત્યુના નિજ હસ્તથી?
મોઘાં હરાયાં શુચિ બાલપુષ્પો જીવંત સૂક્ષ્મ સ્મૃતિ સૌરભેથી
જિવાડતાં કૈં જનનીપિતાને મૃત્યૂ વિષે જીવન ગૂઢ રીતથી.
કૈં કાલના ગહ્વરને ઉજાળે દિશાવકાશે નવતેજ પૂરે
એવો અનેરો સ્મૃતિદીપ દૈવે કૃપા કરી માનવચિત્ત ચેતવ્યો.
વિનાશમાં સર્જનતંતુ સાચવ્યો.
જન્મ જીવન ને મૃત્યુ એક તંતુત્વ પામતાં,
વિશ્વના આદિથી નિત્યે વૈવિધ્યે વિલસી રહ્યાં;

વિલાસ એ અદ્દભુત આદિશક્તિનો અનંતમાં ગૂઢ સદાય વિસ્તર્યો
સામર્થ્યનો કાલનિયંત્રણાના સાક્ષી સદાયે મનુબાલને કર્યો.
આ વિશ્વના સર્જન શ્રેણિબંધે છે માનવી ચિત્ત જ એક દીવો,
પેટાવિયો તે જ અદીઠ હાથે અંધાર જેણે જગમાંહિં ધ્રેર્યો.
બીડેલાં માનવી ચક્ષુ તિમિરે ભય ધારતાં
મૃત્યુના અંજને પાછાં નવલાં તેજ પામતાં. ૧૭૩

× × × ×

---

**૩૧ ન્હાનાલાલ દલપતરામ કવિ—**

## સ્મૃતિશેષ વડીલ પૂર્વજ આગળ નવીનનું પ્રાયશ્ચિત

પિતાજી, પત્ર ને પુષ્પે એ જ આવી વસંત આ:
ટ્હૌકે છે કોકિલા, એવાં ટ્હૌકે છે સ્મરણો અહા!
આંબાની ડાળ મ્હોરી, ને આત્મા યે મુજ મ્હોરિયો;
ગાય છે સાધુ ને સંતો હરિની રસહોરીઓ.
હું ય તે લઇ આ વીણા સ્મરું છું ગુણ આપના,
પુણ્યશ્લોક પિતા, મંત્રો જપું છું પિતૃજાપના.
છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ:
દેવોના ધામના જેવૂં હૈડું જાણે હિમાલય.
બુદ્ધિવૈભવ ને આસ્થા, આશા, રસ, ઉદારતા:
એ દૈવી દીપમાલાનાં અંતરે તેજ રાજતાં.
પૂર્યા છે દુઃખ ને પાપ મનુષ્યે જગમાં રુડા,
પાડયા અંધારના પાટા તેજસ્વી વિશ્વમાં વડા.
દિઠૂં એ સૌ દીર્ઘ કાલ, સુધાર્યૂં સુધર્યૂં ય તે;
પછી સંસારવાડીથી સંકેલી લીધ દૃષ્ટિને.
બહુ વર્ષો સુધી આપે મૂલવ્યાં મોતિ બ્હારનાં,
પછી પારખવા પેઠા આત્મના દરિયાવમાં.
ધૂમનાં સૌ દિશે તેને ધાર્યા એક સમાધિમાં.
વાળી બ્રહ્માંડથી ચક્ષુ પરોવ્યાં પરમેશમાં.
સ્મિતની સુંદરતાના કપોલે અંકુરો ઉભા,

મધુરાં હાસ્યની દીપે મુખડે મધુરી પ્રભા.
આત્માનું તેજ, વીંધીને રોમરોમ, વિકાસતૂં;
બ્રહ્મર્ષિ, આપને દેહે બ્રહ્મવર્ચસ્ વિલાસતૂં.
વેદ જેવા મહાભાવ, દેવ શા દિવ્ય કાંતિના,
પ્રકાશે પરમાનંદે એવી અખંડ શાંતિના.
સહસ્ત્ર ધારથી જેમ વર્ષે છે મેઘની ઝડી,
લોકમાં વર્ષતાં તેમ આપના આત્મના અમી.
સિંધુ પ્રત્યે વહે જેવી ઊર્મિઓ નદીઓ તણી,
લોકનાં હેતનાં પૂર વ્હેતાં તેવાં તહમો ભણી.
સારપ આશિષો વ્હોરી જનોમાં શુભ નામના,
સંચર્યાં લઈ સદ્ભાવો અ પ અક્ષરધામમાં.
દેહના સુરથે સ્થાપી દેહી કેરો મહારથી,
ઇંદ્રિયોના અશ્વ જોડી, લગામો વૃત્તિની ગુંથી,
વિવેક સારથી માંડી અખંડ પ્રભુની દિશે,
તહમે કીધી મહાયાત્રા વિશ્વના વિષયો વિષે.
નિત્યે જીવનમાં યોગી તત્ત્વચિંતક ચિંતને
શાણા સંસારિ સંસારે, તપસ્વી જ તપોવને:
ભક્તિદેશે મહાભક્ત કૂંપળો ભાવની કૂંળી,
—આપને આંબલે એમ ડાળિયો સૌ ફળી ફુલી.
શું શું સંભારું ને શી શી પૂજ્ય પુણ્યવિભૂતિ એ?
પુણ્યાત્માના ઉંડાણો તો આભ જેવાં અગાધ છે.

## ૨

ને એવું યે હતૂં જ્યારે પડયો'તો પિતૃભાવથી,
વિસારી પિતૃપૂજા હૂં ખડયો'તો પુણ્યલ્હાવથી.
બહુ અવગણ્યા, તાત! અસત્કાર્યા, અનાદર્યા,
રે અપમાનને ગારે આ હાથે દેવ અર્ચિયા!
ખીજવ્યા પજવ્યા પૂરાઃ કુમળું દિલ કાપિયૂં,
ને તહમારા દિનો છેલ્લા ઝેર કીધાઃ—સહૂ ગયૂં.
ગયો તે યુગ મસ્તીનો, ઝંઝાવાતો ગયા બધાઃ—
આપના મૃત્યુએ તાત, આછાંનીર ઉંડાં કિધાં.

પાપની મોહની પેખે, ન તો યે મોહ પામતાઃ–
પુરાણી ને પુણ્યવંતી આર્યોની એ જ આર્યતા.
જન્મની વેળ જે આપે સંચી'તી મુજ અંતરે,
નિભાવ્યો આર્યતાએ તે, ને બચાવ્યો પ્રભુવરે.
ભમે છે આ ગ્રહો આભે, કોઈ તોયે નહીં પડે;
ન છૂટે દાંડિથી જો કે વીંઝણો રમણે ચડે.
રમીને ને ભમીને હું આવ્યો છું આપ છાંયમાંઃ
દેજો એ છાંયડી શીળી દીધી છે જેમ કાય આ.
સૌ અળવીતરાંની એ ક્ષમાઓ તાત આપજોઃ
ન જોશો માટિને, દેવા! માનજો પંક પંકજો.

૩

અંધારી રાત્રિએ ઉંડા શબ્દ હો અંધકારના
બોલે છે ઉરમાં એવા શબ્દ કો ભૂતકાલના.
ડોલાવે આત્મની જ્યોત ઝંઝાનિલો સ્મૃતિતણા,
પ્રચંડ મોજે ઉછળે એ અવિરામ ઘોષણા.
અહોહો સિંધુની આવે ગર્જના ક્ષિતિજે તરી,
ગર્જે છે પડછંદા કો એવા અંતર્ગુહા ભરી.
ઘોરે જેવો મહાઘોરે ઘેરો તોફાનનો ધ્વનિ,
સમસ્ત જીવનકેરો ઘોરે એવો મહાધ્વનિ.
અને એ સ્મૃતિના ઊર્મિ, પડઘા ભૂતકાલના,
ને બધા મુંઝવે એવા બોલ જે મુજ બાલ્યના;
તે સૌમાં તરતો, જાણે ચંદ્રમા વ્યોમને જલે,
સુણ્યો આકાશવાણી શો શાંતિનો શબ્દ એક મેં.
શમાવે પ્રભુના શબ્દો આ કોલાહલ વિશ્વનો,
એ શબ્દે એમ મ્હારો યે શમ્યો પોકાર ઉરનો.
વર્ષી માધુર્ય દેવોનું, અંધકાર ઉજાળતો,
પુરાણા એ યુગોને યે ઓળંગી શબ્દ આવતો.
જ્યોત્સ્નાની ધારમાં જેવો ભર્યો મંત્ર સુધામય,
એવો ગેબી સુણ્યો મંત્રઃ **–पितृ देवो भव प्रिय।**

### ૩૭ રમણભાઈ મહીપતરામ નીલકંઠ ("મકરંદ")—

## તું ગઈ અને હવે?

ત્યારે ગઈ શું આહથી પ્રિયા તૂં? મુકી ગઈ આ હૃદયૂં રિબાતૂં.
હવે મિટૂં તે મુખ તાકિ તાકી નિહાળવાનૂં નહિ શું કદાપી?
ચિન્તા અને દુઃખ થકી પિડાતા આ ચિત્તને ટેકવવાનિ આશા
ત્હારા પ્રિયા પ્રેમથિ આવતી જે, હવે પછી શૂં સહુ મૂકવી તે?
શરીરને ને મનને જરૂરે આઘા પ્રદેશે ફરતાં હતૂં જે
સ્વસ્થાન પાછૂં બલ ખેંચનારૂં, શું તે વિના દૂર હવે જવાનું?
ગ્રહો ફરે છે રવિ આસપાસ, છાયા ફરે જ્યાં વચમાં પદાર્થ,
પ્રદક્ષિણા એ પ્રિય કેરિ સર્વેઃ ક્યાં હૂં ફરૂં રે તુજ વીણ મધ્યે?
તારાનિ પેઠે સ્થિર એક ઠામ દુઃખો સુખો સૃષ્ટિ વિષે તમામ
જોઈ રહી ક્ષોભ વિના જરી યે રહૂં જડાઈ? ન બને કદી એ!
શરીર મ્હારૂં સ્થિર રૂહે કદાપિ, આ ચિત્તને તો ન શકૂં જ રાખીઃ
સ્વચ્છંદ તે તો ભમતૂં ફરે છે, —રે તૂં ગઈ ને સ્થિર કેમ રૂહે એ?
શું કોઇ શોધૂં કહિં ધૂમકેતુ જેને અગાડી વધતો જ દેખૂંઃ
જેને ન મધ્યે કઈ ખેંચનારૂંઃ પાછો ફરે જે નહિં કોઈ સારૂ?
ને છોડિ સર્વે સુખશાંતિ પ્રીતે સ્વીકારિને સંગત તેની નિત્યે
નવા નવા રોજ પ્રદેશ ભાળૂં? જઉં અહીંથી, અહિંથી જ જાઉં?

---

### ૩૮ કરસનદાસ નરસી માણેક

## ‘ અરે ન કાં, પ્રીતમ....?

સ્હવાર તે સાંભરતી હજૂ યઃ વસંત પ્હેલી હતિ આપણી ને
ઉઠી, સખિ, બ્રાહ્મમુહૂર્તમાં મેં જમાવ્યું'તૂં આસન આમ્રકુંજે!
હું કોકિલાના સુર પૂરવાને મથી રહ્યો'તો પદ–શૃંખલામાંઃ
સહસ્રરશ્મી તણિ રોશનીને ઉતારવાને ઘરના દિવામાં!
વસંત જે પદ્મદલે પરાગ; વિશુદ્ધ સૌંદર્યવસ્યા સુહાગ,
કિશોર ઉરે અનુરાગ મ્હેકેઃ શું સ્થૂલ સદ્મે રહિ તે શકે કે!
નભોવિહારી સુર–આવલીની હું શોધિ થાક્યો અનુરૂપ કાયા.
મિચેલ આંખો જયહિં મેં ઉઘાડી ત્હને સખિ, સન્મુખ ત્યાં નિહાળી,

વિરેખ કો જાગ્રતસ્વપ્ન કેરૂં ઝુલંતું ત્હારે પ્રતિબિંબ નેત્રે,
કપોલ રાગે ઉરનાં તુમુલો લખ્યાં હતાં અસ્ફુટ વાણિમાં કો ?
હતાં ઉરો બે ય સ્ફુરંત એક વિચાર ભાવોર્મિથી તેમ પ્રાણે
તથાપિ કો ગોઠડિ કાજ બેયે ક્ષણાર્ધની સાધિ લિધી સમાધિ!
"અરે ન કાં ?" તે પછી સાથ બંને વધ્યાં, મુઝાયાં, વિરમ્યાં, અને ત્યાં
રસાળડાળે કુંજિ કોકિલાએ હસાવી ગૂંચ્યો ઉરની ઉકેલી !
"અરે ન કાં, પ્રીતમ," બોલિ પાસે પડેલ શૈલાસનપે ઝુકાવી,
"વસંતના—જીવનના—સુરો આ શકાય આખા જગને સુણાવી!
રસોત્સવાર્થે રસની સમષ્ટિ સ્ચાવિ સર્વત્ર રસાધિરાજ
સહસ્રકંઠે રસસાદ દે તે ઝિલાય ના કાં સહુ માનવોથી !"
સુરાવલી કોકિલની હજુ ના શમી, વિરામી હજુ ઝંખના ના
સુણાવવા સાદ જગજ્જનોને વસંતના ને, સખિ,—તાહરા યે !
સુતેલ, રોપેલ, સુકેલ, સૌના ફરી ઉરસ્રોત વહાવવાના
અતૃપ્ત ત્હારી રસવાસનાના અનંગ દેખૂં ભમતા ઉમંગ !
કુસુમનાં દલના વસનો ત્યજી અવનિઆભ ભરે રસ સૌરભઃ
અણઝિલ્યાં ઉરતૃપ્તિનિમંત્રણો વિતરતી સરતી તવ વાસના !

ઝીલાઓ વા ન ઝીલાઓ ન્હોતરાં રસરાજનાં
હું તો ભાંગ્યો તુટયો સાદ ત્હારી સાથે, સખિ' પુરૂં !
મહાસંગીતગંગામાં આપણા સુરદીવડાઃ
તરો વા એ, ડુબો વા એ છેડાછેડી બની રહો !

---

**૩૯ મણિશંકર રત્નજી ભટ્ટ ( કાન્ત )—**

## વત્સલનાં નયનો

તિમિરાશયના ગહને પડતાં સપનાં વિધુરાં નઝરે ચડતાં;
સહું તેઃ પણ —કેમ શકાય સખે સહિ વત્સલનાં નયનો રડતાં ?
નહિ તે કંઈ દોષભર્યાં નયનોઃ પણ નિર્મલ નેહ સરોવર સા—
રસયુગ્મસમાં પરિપૂર્ણ દયા— રસઃ એ જખમી દિલનાં શયનો!

---

**૪૦ દેશળજી કાનજી પરમાર :**

# મૃગચર્મ

ક્રૌંઢતી કન્યાની પુરપથઉડી ચૂંદડિ સમી,
અરે આત્મા કૂંળા, અરવ તુજ છાયા પડી ગઈ:
મુજ સદન ખૂંડે શમિ રહી.
એની સુંવાળી પર હાથ ફેરવૂં ને નેત્રથી કાવ્ય સરે દયાઝર્યું.
વન તૃણાંકુર ને ઝરા ઉભા જોશે વાટડી,
વન્ય કો ના પેખશે તહારી પરિચિત શીંગડી:
આ વહાલસોયાં મુખ પીક પાયનું ચાલી ગયું ચંચળ નૃત્ય ક્યારનું.
તૂં જે દિનાંત વનમાં વિંધાયલું ને મૃત્યુની અંતિમ યાતનામાં,
—આણ કેડે છિદ્ર આ, ડોક આ મરડાયલી,
આ રુપેરી છાતિની યે કંપતી રોમાવલી,
વૈરી–વિખેરી વળિ અશ્રુમાલ તે: તે જોઉં છું સૌ, મૃગચર્મ તૂંમાં!
અને મા જીવોના ક્ષણિક ભવસંગાથ વસતા:
મને સ્વપ્નોના કપટપટુ સંભાર ખસતા:
નયન તુજ ભગવો જ લસતો.

---

## સ્તબક ૫ : પંક્તિ ૧૪૫૫-૧૭૦૦

### ૪૧ નવલરામ લક્ષ્મીરામ પંડયા :

# ઇતિહાસની આરસી

ઇતિહાસની આરસી સાહી મેં જોયૂં માંહીં,
થિરથાવર દીઠું ન કાંઇ કરતી છે છાંહીં.
આ મુલક બધામાં આજ, ક્યાંના ક્યાં રૂહેતા,
ઇંગ્રેજ કરે છે રાજ, જગમાં જશ લેતા
પણ એંશી જ વર્ષ પશ્ચાત જો જોઈયે ઝાંખી.
દિસે દક્ષણીઓ ગુજરાત ઘૂમતા ડર દાખી.
શો પેશવાઇનો દોર પૂણેથી સંચરતા,
બહુ ચકરાં જાલમ જોર, "હાકડે યા!"—કરતાં.
માંડ્યા રાજ્યે અધર્મ અપાર, ધર્મનું કહાવે જે:
કરિ ચાર દિવસ ચમકાર શન્ય થયું સહેજે.
પેશવાઈ પ્હેલાં મુગલાઈ ચાલતી ચોપાસ;
અહિં સ્થાપી અકબર શાહ, બાંધિ નીતીપાશે.
નહિ જુલમ, ન ઝાઝું દાણ, નહીં પક્ષાપક્ષી
દિધું દેશીને માન સમાન, દેસાઇગીરી બક્ષી.
ટકિ બસેં વરસ મુગલાઈ, તે આને યોગે
જ્યારે રાજ્યનીતિ બદલાઈ પડી મરવા રોગે.
આ બસેં વરસ પણ બાદ કરી જો પછવાડે,
પાદશાહી અમદાવાદ સ્વતંત્રપણે લાડે.
"કુત્તે પર આયા સસ્સા —બસાયા સહર શાહને"
આ આસા ભિલને અસાઉળે —ગમ્યું તેજાંને!
થયો મહંમદ બેગડો એક છેક મહા મોટો;
બાંધ્યાં મસિદ મિનાર અનેક, શ્હેર, સણંગ, કોટો.
હતો ઝબરદસ્ત મહાશૂર મહા મોટો જંગી,
ચડી બહાણ, લડી, ચકચૂર કર્યા બહુ ફીરંગી.
પણ ચૌદસેં બાર અગાઉ હતૂં ક્યાં શ્હેર જ:
હવે પાટણપુરને ગાઉ —થયો અકરાકેર જ.

સન તેરસેં પૂરાં માંહ્ય થયા હિંદૂ પૂરા,
પડ્યું પાટણ, વર્ત્યો ત્રાહ્ય —ધિક્ક નાગર નગુરા!
પેઠા મુલકમાં મુસલ્માન 'મારૂં મારૂં!' કરતા;
લુંટે ઝૂંટે, વટાળે, લે જાન, વહૂ દિકરી હરતા.
લડ્યા પડ્યા હજારો શૂર, 'ભલે મારી મરિયે';
વહ્યું લોહિ જેમ જળપૂર, ડુબ્યો દેશ તે દરિયે.
એ દિવસ પડી જે પોક, હજી ગગને ગાજે!
એ દિવસ દેશીઓ શોક કરોને મળી આજે!
એ દિવસ થકી પરતંત્ર થયા, લાગિ ખાંપણ રે!
એ આગે હતા સ્વતંત્ર હિંદુ સૌ આપણ રે!
વધ્યો શોક થંભ્યું મુજ ગાનઃ જ્ઞાન આ એક જ રેઃ
વિણ ધર્મ નવલ આ સ્થાન ચલિત સૌ છેક જ રે.

---

**૪૨ નર્મદાશંકર લાલશંકર:**

## સુરત

આ તે શા તુજ હાલ, 'સુરત, સોનાની મૂરત!'
થયા પુરા બેહાલ, સુરત, તુજ રડતી સૂરત!
રે હસી હસી ને રડી ચડી ચડિ પડિ તું બાંકી,
દાપી કુંદનમાં જડી, પડી રે કથિરે ઝાંખી!
કંચનમણિનો દેવ જેમ વેચાયો કડકે,
સુકુમારો તુજ દેહ તેમ વહેંચાયો ભડકે!
શિર ઉપર બે બુરજ શોભતા ઉડતા રંગે,
ઢળી પડ્યા, નહિ નૂર જ, ક્ષોભ પામે છે ઢંગે!
નેન તણા ચળકાટ —પડ્યાં ફૂલાં કહાં આજે!
ભર્યાં ગાલના ડાઢ —પડ્યા કૂવા કહાં લાજે!
ક્યાં હોઠ જે લાલ મુજે તે ફીક્કા કાળા,
દાંત તણાતા હાલ, —સુઝે મરવાના ચાળા!
રૂડું અણિયાળૂં નાક બેઠું ચાઠાંએ ભાસે!
ગયૂં હાય રે નાક —નીચ્યું મોઢૂં નીરાસે!

તેજસ્વી મુખ જોઇ સુરતનું સૂરજ જેવું,
ડરામણું ફિક્કું તેઇ સુરત તુજ, ઘૂવડ તેવું !
ગોરું કારમું રૂપ ખમાં પૂનેમે જેવું,
થયું વેઠતાં ધૂપ અમાવાસ્યાએ તેવું !
તન પર સુરખી લાલ ઉડી રહેતી ચડતીમાં,
ધૂળ ઉડે છે હાલ ભુંડી દુખદા પડતીમાં.

---

**૪૩ નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા :**

## સહસ્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણ.

અહિંયાં સહસ્રલિંગ તળાવ વિશાળું હતું,
અહિંયાં પાટણ જુનું અહીં આ લાંબું સૂતું;
અહિંયાં રાણીવાવ તણાં આ હાડ પડેલાં,
મોટા આ અહિં બુરજ માખ્યા માટીના ભેળા.
એમ દઈ દઈ નામ કરવિ રહિ વાતો હાવાં,
પાટણપુરી પુરાણ ! હાલ તુજ હાલ જ હાવા !
ગૂજરાતનો પૂત રહી ઉભો આ સ્થળમાં,
કોણ એહવો જેહ—નયન ભીંજ્યાં નહિ જળમાં !
જળ નિર્મળ લઈ વહે કુમારી સરિતા પેલી,
નાસે, પાસે ધસે, લાડતી લાજે ઘેલી;
ઇશ્વર કરુણા ખરે, વહી આ નદી સ્વરૂપે,
સ્મિત કરિ પ્રીતિ ભરે, ભરે આલિંગન તૂંપે;
તૂંપે પાટણ ! દયા ધરંતી એ સૂચવતી,—
ભલે કાળની ગતી મનુજકૃતિને બૂઝવતી,
મુજ પ્રેમ—સરિતપૂર વણું જાશે અણખૂટયું,
હો ધનવિભવ લુંટાય, ઝરણ મુજ જાય ન લુંટયું.
તોડી પર્વતશૃંગ મનુજ મદભરિયો મહાલે,
જાણે નિજ કૃતિ અમર, ગળે કાળ જ તે કાલે;
ને મુજ તનડું વડચૂં કોમળું પાણી પોચું,
તે તો તેમનું તેમ રહે યુગ અનંત પહોંચ્યું.

---

**૪૪ દુલેરાય લાખાભાઇ કરાણી—**

# ઝારાનું મયદાનેજંગ

ધમ ધમ ધરણીનો પટ ધ્રૂજે, કળી કાળ ધ્રૂજે વિકરાળ
શેષનાગ પર સૃષ્ટિ ધ્રૂજે, ધ્રૂજે દિશા તણા દિક્પાળ,
પૃથ્વીનો પલટાતો રંગ! ઝારાનું મયદાનેજંગ!
કચ્છ તખ્ત પર રાવ ગોડજી અડગ શૌર્યમૂર્તી સાક્ષાત,
જીવણ શેઠ દિવાન પદે ને સદી ઓગણિસની શરુવાત:
સળગી રણસંગ્રામ—સુરંગ! ઝારાનું૦
દિવાન પદ ન મળ્યાની ઝાળે જળતો લોહાણો પૂંજો શેઠ:
ઈર્ષ્યાનો પાવક તરપતવા અઘટિત કાજે બાંધી ભેઠ:
બન્યો અવર માધવ મનભંગ! ઝારાનું૦
વાયુવેગે સિંધ સંચર્યો, શોધ્યો ગુલામશાહ સરદાર,
સાયર સમ લશ્કરમાં લાવ્યો સિંધી માડુ સાઠ હજાર:
માતા મદઝરતા માતંગ! ઝારાનું૦
જુદ્ધતણાં આમંત્રણ ઝીલી ટેક્યા જાડેજા જરધાર,
કક્કલ ઇચ્છરના વંશજ ને કચ્છ ભોમના જાગિરદાર,
રાજભક્ત ભાયાતો સંગ: ઝારાનું૦
વિંઝાણ ટીલે વીર લાખાજી મીંઢળ બાંધ્યા જેના હાથ,
ભીમ સમો ભડવીર ભીમજી જેને શિર છે ભોળાનાથ,
નરા તણો ઠાકોર અહંગ, ઝારાનું૦
ફૂંકાયા રણશિંગા કેરા ઉર રણઝણતા કૈં રણકાર,
જાડેજી કુળદેવી કેરા ગગન ગાજતા જયજયકાર,
આઈ આશાપુરા અભંગ, ઝારાનું૦
વંકા કચ્છ તણા વીરો ને વંકા થનગનતા તોખાર,
વંકા વાંકડિયા શિરપેચો, મૂછો પણ વંકા વળદાર,
વંકા કચ્છધરા પણ વ્યંગ્ય! ઝારાનું૦
ઊંટો પર જંજાલો ચાલી ચાલી બંદૂકો ને તોપ,
રણે ચડ્યા બહાદુર બખતરિયા મસ્તક ધારી ધીંગા ટોપ,
ભડક્યો ભુજિયા તણો ભુજંગ! ઝારાનું૦

સાંઝ સમે સિંધી સેના અન્ન જળ વણ થાકે થઈ હેરાન,
કચ્છી વીર મહારથિઓનાં ઝારા ડુંગર પર મેલાણઃ
    ચમક્યા કાનન તણા કુરંગઃ ઝારાનું૦
વિશ્વાસુ કચ્છી પર તોડી કોલ ઊલટ્યા દગ્ગલબાજ
ઝાકળમાં ભાંભળકે લડતાં 'નિજ' 'પર' ભેદ ગયો સહસાજ
    અસિ ચાલી ત્યાં એક સળંગ ! ઝારાનું૦
ચડાવનોકે માંડેલી તે પ્રથમ ભડાકે ફાટી તોપ;
મચી રહ્યો ભય ને કોલાહલ, —કિસમતનો આ કેવો કોપ,
    પલમાં પલટી ગયો પ્રસંગ ! ઝારાનું૦
શિર પડતાં ય સતાણી શૂરે સિંધીમાં વર્તાવ્યો કેર,
મસ્તક વણ મદમસ્ત ઘુમે ધડ ને ઘૂમે અવની ચોમેર !
    ઝારાનો રણવીર અભંગ ! ઝારાનું૦
કૈંક પડ્યાં ધડ ચરણુ ધરણિપર, કૈંક કપાતાં ઊડતા હાથ,
કૈંક રવડતાં મુંડ તુંબડાં ફરફરતા મોવાળા સાથ !
    વ્યોમે વર્ષે અંગ પ્રત્યંગ ! ઝારાનું૦
ચંડી નાચે કાલી રાચે રુંઢમાળ શિવની ઊભરાય !
શિયાળ સમડા ગીધ તણી પણ હા ! હા ! શી ઊજાણી થાય !
    રુદ્રજટામાં કંપે ગંગ ! ઝારાનું૦
શોણિતની છોળો ઊછળે ને મડદાનાં ઢગલા ખડકાય,
ભૈરવ કાળો હસે ભયાનક ખપ્પર જોગણિનાં છલકાય,
    રુદ્રજટામાં કંપે ગંગ ! ઝારાનું૦
મોર પડ્યા રણધીર પડ્યા કૈં આશાવંત અમીર પડ્યા,
કો પીઠી ચોળેલે અંગે સુરાંગના લગને ઉપડ્યા
    ચડયા તજી જે નવલ પલંગ ! ઝારાનું૦
પ્હાડ પડ્યા દાતાર પડ્યા કો શૂરાના સરદાર પડ્યા,
સમરાંગણ મખકુંડ પાવક લક્ષ માકુ બલિદાન ચડ્યા,
    દીપકમાં જેમ પડે પતંગ ! ઝારાનું૦
ઝારા કેરા યુદ્ધ ઘોરનો અસ્ત થયો એ રીતે શોર,
માણસ માત્ર નિમિત્ત બને ને કુદરત પડદે ખેંચે દોર,
    કચ્છિ વીર્યનો ફટક્યો રંગ ! ઝારાનું૦

---

**૪૫ નર્મદાશંકર લાલશંકર :**

# જય જય ગરવી ગુજરાત

જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુંબી પ્રેમશૌર્ય અંકિત,
તૂં ભણુવ ભણુવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત.
ઊંચી તુજ સુંદર જાત. જય૦ ૪
નદી તાપી નર્મદા જોય, મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધ રમણુને, રત્નાકર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિસ જયકર
સંપે સોહાએ સહુ જાત. જય૦ ૮
તે અનિહલવાડના રંગ, તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે વીતી ગઈ છે રાત,
જન ઘૂમે નર્મદા સાથ. જય૦ ૧૨
પૂર્વજ જેના. જે વળી આજે, જન્મ થકી ગુજરાતી વધા.
કોઈ રીતની તો પણ, ને વળી આર્યધર્મને રાખી રહ્યા.
તેની તેની છે ગુજરાત, પછી હોય ગમે તે જાત. તેની૦ ૧૬
વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટ કર્યાં,
પરધર્મી પણ હિત ઇચ્છનારા માત તણું તે ભાઈ ઠર્યાં,
તેની તેની છે ગુજરાત. પછી હોય ગમેતે જાત. તેની૦ ૨૦
નર્મદ કહે ગુજરાતી ભાઇઓ માતને અર્થે સંપ ધરે,
અંતે બંધન તોડી રહે સહુ ઝૂઝી જયસુખ જમે ભરે,
પ્રેમશૌર્યને કરી પ્રખ્યાત, તે તે સહુની છે ગુજરાત. તે તે૦ જય૦ ૨૪

---

### ૪૬ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

## માજીનું સ્તોત્ર

સ્વર્ગંગા સેંથો મા ત્હારો
માનસસર શિરમણિ રૂપાળો,
ભાલ-ત્રિવલિ વિમલ હિમ-હારોઃ
જય જય મા મ્હારી !
ઝુલે જાહ્નવી સિંધૂ કાને,
રેવા મહાનદી કટિસ્થાને,
કાવેરી તોડા ડેકાણેઃ જય૦
રામેશ્વર એડીએ ચળકે,
પુરી દ્વારિકા કાશી ઝળકે
મા, ત્હારી વાળીની હળકેઃ જય૦
સમશેળ પંજાબ એક કર,
પરશુ અરવલ્લી બીજે કર,
તેગ લટકતિ સહ્યાદ્રી કટિપરઃ જય૦
રામ સૌમ્ય તુજ દૃગપલકારો,
બુદ્ધ ઉદધિઉરનો ધબકારો,
ગુરુ ગોવિંદ પ્રકોપ ફુંકારોઃ જય૦
ભક્તિગાનધ્વનિ માને વ્હાલી,
એ સ્વરબ્રહ્મ વિંધે લે તાળી
અગણિત માની સંત-પ્રણાળીઃ જય૦
દિવ્ય ચક્ષુ જ્યારે મા ખોલે
જ્ઞાનસમાધિ પ્રકાશ જ ઢોળે,
વ્યાસ, પતંજલિ, શંકર બોલેઃ જય૦
શું શું મા તુજ સ્તવૂં વખાણી
યુગ યુગ રાજરત્નની ખાણિઃ—
અશોક, અકબર, વિજયારાણીઃ
જય જય મા મ્હારી !

---

### ૪૭ ન્હાનાલાલ દલપતરામ કવિઃ

## સામ્રાજ્ય શાંતિ

ચોખંડ માંહીં પ્રસર્યા જ પાયા,
ઝીલી રહે શિખર વ્યોમ છાયા,
વિશાલ ને ઉન્નત ને અનૂપ,
સામ્રાજ્યનું મંદિર આપ, ભૂપ !
ગ્રીસે સૌન્દર્યને પૂજ્યું, રોમે પૂજ્યો વિલાસને;
એક પૂજ્ય પ્રભુ છે, તે પૂજ જો રાજ્યમંદિરે.
દિશ દિશ મહિંથી સુરત્ન આવ્યાં,
મુગટ ગુંથી સહુ શીર્ષ તે ચડાવ્યાં;
સકલ જનકથા લહો જિ ગોતી,
અવર નથિ ક્યહિં એ કિરીટજ્યોતિ.

અષ્ટ યે વર્ણનાં રત્ને દીપે જેવો કિરીટ એ,
અષ્ટ યે વર્ણનાં લોકે શોભે સામ્રાજ્યવાડી તે.
યૂરોપમાં એક હશે જ ગોરા,
પૃથ્વી વિષે વર્ણ વસે ઘણેરા;
તો પૃથ્વિતખ્તે નૃપના સુધર્મ.
યૂરોપના તંત્ર થકી જ ભિન્ન.
સૂર્યના સૂર્યમાલાના ધર્મ એક નથી કદા;
રાજ્ય સામ્રાજ્યના ધર્મો ભિન્ન ભિન્ન જ છે સદા.
સામ્રાજ્યનાં રાજ! અનેક અંગો.
સૌના ગુણોના નવલા જ રંગો:

સામ્રાજ્ય રાજન્! નથિ એકતામાં,
સામ્રાજ્ય તો ઐક્ય જ ભિન્નતામાં.
સ્નેહ સત્યે, ન્યાય સંગે, આધારે એકમેકને,
ખીલવો, દેહ અંગો શાં, સૌ મહારાજ્ય અંગને.
રાજન્! મહારાજ્ય બ્રિટીશ કેરૂં,
ન રોમ શું, રાજ્યસભાનું એક:
ગૂંથાયું સામ્રાજ્ય જ આ વડેરૂં,
ડેલોસ પેઠે, દ્વિપથી અનેક.

ગૂંથી ગૂંથી ગ્રહો વ્યોમે દીપે છે સૂર્યમાલિકા;
સૂર્યમાલા ઘણી ગૂંથી ઘૂમે એક વિરાટ આ.
રાજેંદ્ર! વ્યક્તિત્વ મહીં અનેક
અવ્યક્ત વ્યાપે સઘળે જ એક:
સંસારનું, રાજ્યનું, ધર્મ કેરૂં,
બ્રહ્માંડનું સૂત્ર જ એ વડેરૂં.

જામ્યો છે એ મહારાસ, વાગે વેણુ સનાતન;
સુણે છે બ્રહ્મભીનાં તે, રમે તેમાં હરિજન.
જો કે રાજન્! ભિન્ન ભિન્ન પંથો માનવ જાતના:
ધપે છે એક જ તીર્થે સૌ સંઘો ઇતિહાસના.
બેઠી હેગ વિશે મનુષ્ય કુલની ચોખંડ ન્યાયાધિશી,
જાગી એક અમેરિકા મહિં સભા સૌ લોકના ઐક્યની;

કીધા કોલકરાર પંચ નિમવા, સંગ્રામ ખોટા ગણીઃ
દોરે છે ઇતિહાસની પગથિ સૌ રાજેંદ્ર–શાંતિ ભણી.
સૌ સદ્યત્નો મુમુક્ષુના મોક્ષની શાંતિ માટ છેઃ
તેમ શાંતિ ભણી સર્વે સત્પ્રજાની જ વાટ છે.
શોધે અમારાં સહુ શાસ્ત્ર શાંતિને,
બોધે અમારા સહુ શાસ્ત્રિ શાંતિ તે;
એ છે મહામંત્ર સદા ય આર્યનો,
થશે મહામંત્ર નૃલોક સર્વનો.
શાંતિપાઠ ભણે છે સૌ હિંદુઓ વેદકાલથી;
આજ સૌ દેશના શાણા ભણે એ મંત્ર તાલથી.

શાંતિ નથી રાજવિ ! કાંઇ ભીરુતા,
શાંતિ નથી રાજવિ ! કાંઇ શૂન્યતા;
શાંતિ નથી રાજવિ ! કાંઇ હીનતાઃ
છે શાંતિ સંવાદ વિકાસ આર્યતા.

શાંતિના પંથના પંથી તેઓ જ પ્રભુપંથી છેઃ
રાજ્ય રાજા પ્રજા સર્વે અન્ય પંથી વિપંથિ છે.

હો આપને જનકરાયની આત્મશાંતિ !
હો રામચંદ્રજિ તણી વિભુ પુણ્યકીર્તિ !
હો ધર્મરાજ સમ ધર્મની વાસનાઓ !
કલ્યાણ આપનું જ આપ પ્રજાનું થાઓ !

સ્થાપો અખંડ તે શાંતિ આખી શાહાનશાહતઃ
ને મહારાજ્ય–મ્હૈસૂરથી વિસ્તારો વિશ્વશાંતિને.

## ૪૮ મણિશંકર રત્નજી ભટ્ટ ("કાન્ત")

### ચક્રવાક મિથુન

પ્રસરી રહિ ચોપાસ શાખાઓ શૈલરાજની,
ન જણાય જશે કેવી સંધ્યા એ મધ્ય આજની!
સરિતનાં જલ કૃષ્ણ જરા થયાં,
કિરણ સૂર્ય તણાં શિખરે ગયાં,
સભય નાથ પ્રિયા હૃદયે ધરે,
વિરહ સંભવ આકુલતા કરે.
ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ,
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ,
પાસે સામે તમ પ્રસરતાં એક ઉદ્‌ગ્રીવ જોય,
ભીરુ સ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લ્હોય.
વિહગયુગ્મ કિશોર રસજ્ઞ એ,
રસ મહીંજ પરસ્પર મગ્ન એ,
નિભૃત અત્ર અહર્નિશ આવતું,
રમણ આચરવા મન ભાવતું.
ઊંચે બેસી રવિ ઉદયને જોડ સાથે વિલોકે,
ઘેલાં જેવાં ક્ષણ સ્મૃતિ થતાં જે દિસે હર્ષશોકે,
મોટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ
માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ.
હરિત નીલ સુદૂર વનસ્થલી,–
પર મળી સુકુમાર મૃગો રમે,
ઉપવનો તણી સંવૃત આવલી,
મહિં જવા પ્રણયી તરુણો ભમે.
ન્હાનાં ન્હાનાં ક્યહિં શુચિ સરો, કચ્છઉત્તાન રમ્ય
સ્નેહે જોવા થકિ ઉપજતી ભાવના કૈં અગમ્ય!
આધું આધું મુદિત રવનું ચિત્ર સંગીત થાય.
શાનો ક્યાંથી કંઈ નિસરતો મિષ્ટ આમોદ વાય!

અસર સુંદર અદ્ભુત રંગની,
સકલ સૃષ્ટિ નવીન ખરે બની,
રવિ મરીચિ અધે હિમને હરે,
ગહનમાં તદનંતર ઊતરે.
શાખાઓમાં તરુવર તણી ચક્રવાકી છુપાતી,
શોધી કાઢે દયિત નયનો જોઈને હૃષ્ટ થાતી,
ચંચૂ ચંચૂ મહિં લઈ પછી પક્ષને પક્ષમાં લે,
ક્રીડા એવી કંઈ કંઈ કરે મૌગ્ધ્યમાં દંપતી તે.
સુયુત એ ચરણો થકી ઊડતાં,
પવનથી પડતાં, કંઈ બૂડતાં
વિમુખ એકલિ ન્હાતિ પ્રિયા શિરે
પતિ જઈ અભિષેક કદી કરે.
કાંઠે બેસી નજર કરતાં આત્મછાયા જણાય,
બીજાંની ત્યાં પ્રતિકૃતિ ભણી એકદૃષ્ટિ તણાય,
ખરા અંગો નહિ કંઈ દિસે પ્રેમ તો તોય વાધે,
જોતાં જોતાં મુખ અવરનું ગાઢ આશ્લેષ સાધે.
પ્રણયની પણ તૃપ્તિ થતી નથી:
પ્રણયની અભિલાષ જતી નથી!
સમયનું લવ ભાન રહે નહી:
અવધિઅંકુશ સ્નેહ સહે નહીં!
હાવાં રક્ત દ્યુતિ ઉડિ જતાં થાય વૃક્ષો સરોષ,
હાવાં થંડી મૃદુ વહનથી સૂચવે છે પ્રદોષ,
આકાશે જ્યાં હતિ વિચરતી દેવતાઓ ત્યહીંથી,
જાગ્યાં પ્રેમી વિરલ સુખની મોહનિદ્રા મહીંથી.
વિરહ સંભવને વિસર્યાં હતાં,
બનિ નિરંકુશ એ ય ફર્યાં હતાં.
જવનિકા ત્રુટતાં સ્મૃતિનાશની,
નિકટ મૂર્તિ ઉભી વિધિપાશની.
અનુભવે ન છતાં ક્ષણ એક તે,
વિવશ મૂઢ નિરાશ જ છેક તે,

સહુ થનાર ક્રમે નઝરે વહ્યું,
રુદન અંતરમાં ઉછળી રહ્યું.
અંધારાનાં પ્રલયજલથી યામિની પર્ણ ઘોર
સ્વેચ્છાના વા કુટિલકૃતિના મંદ્ર અવ્યક્ત શોર,
ઊંડાણોમાં પડિ સુઈ જતો નિષ્ઠુર પ્રાણ કાલ,
આભાસોથી થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ.
થઈ તથાપિ વિમુક્ત પ્રયાસથી,
લઈ વિદાય નદીતટ પાસથી,
મિથુન એહ ચડે અવકાશમાં,
સ્થિતિ કરે દિનતેજ સકાશમાં.
અવર કાંઇ હવે નથિ દેખતાં,
અવર કાંઈ હવે નથિ લેખતાં,
ચપલ આખરની, ક્ષણ એ છતાં
ઉભય જીવન એક થતાં દિસે!
ધીમે ધીમે ગતિ કરિ જતો પશ્ચિમે સૂર્ય જેમ,
ઊડી બંને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ,
દાષ્ટ પ્રેરે વિતત ગગને કાંતિ કૈં ના જણાય,
આછી આછી રસ રહિત ત્યાં વાદળીઓ તણાય,
ઉદધિને રવિબિંબ હવે અડે,
અતિ સમુચ્છ્રિત તેય હવે ચડે,
ક્ષણ લગી પરિરંભ કરી રહે,
હૃદય કંપિત સાથ ધરી રહે.
રોમે રોમે વિરહભયની વેદનાથી બળે છે,
છૂટી છૂટી સહન ન થતાં, મત્ત પાછાં મળે છે.
વેળા થાતાં વિધિ દમનની ગાત્ર ખેંચાય સામાં,
પ્રેમી બંને ધૃતિ અતિ છતાં થાય સંમૂઢ આમાં.
ટળવળે નિરખી રચના વને,
તરફડે સમજી રચનારને.
શ્વસન દુઃખિત છેવટ સારતી,
પ્રિયતમા વચ આમ ઉચ્ચારતીઃ—

" પાષાણોમાં નહિ નહિ હવે આપણે નાથ ! રહેવું.
શાને આવું નહિ નહિ જ, રે ! આપણે નાથ ! સ્હેવું !
ચાલો એવા સ્થલ મહિં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર ત્યાં હોય દૈવ ? "

પ્રવદતાં અટકી ગઈ એ અહીં,
અધિક ધીરજ ધારી શકી નહીં,
થઈ નિરાશ હવે લલના રુવે,
મૃદુલ પીચ્છ થકી પ્રિય તે લ્હુવે.
પણ હજી દિન શેષ રહ્યો જરા,
નઝર ફેરવિ જોઈ બધી ધરા,
પ્રણયવીર લહી સ્થિરતા કહે,
અગર જો રજ અંતરમાં સહે:—

હા ! શબ્દો આ સરલ સરખા મર્મને તીવ્ર ભેદે,
ગર્ભાત્માને સ્ફુરિત કરતા ધૈર્યને છેક છેદે,
"લાંબા છે જ્યાં દિન, પ્રિય સખી ! રાત્રિએ દીર્ઘ તેવી
આ ઐશ્વર્યે પ્રણયસુખની, હાય ! આશા જ કેવી !

" અવર કાંઈ ઉપાય હવે નથી,
વિરહ, જીવન, સંહરીએ મથી,
ગહનમાં પડીએ દિન દેખતાં,
નયન મીચિ કરી દઈ એકતા ! "

*    *    *    *

પાછું જોતાં દ્વિજ યુગલને અન્યથા થાય ભાસ,
ઊંડું ઊંડું દિનકર સમું કૈંક દેખાય હાસ,
"આહા ! આહા ! અવર દુનિયા ! ધન્ય ! " એ બોલતામાં
નીચે નીચે ઉતરી પડતું વેગથી દંપતી ત્યાં !

અધિક એહ પ્રકાશ થતો જતો,
જવ જનાર તણો વધતો જતો;
અમિત એ અવકાશ તણી મહીં,
ક્યહિં જ ચેતન એક દિસે નહીં.

બીજો પાઠ— ક્યહિં અચેતન એક દિસે નહીં.

૪૯ ગણપતલાલ ભાવસાર

# દશરથનો અંતકાળ

'તે સમે ય સખી આવી જ રજની, દારુણ તે દિ' નિદાઘ,
દક્ષિણ વહ્નિથી કિંશુકે કિંશુકે લાગી હતી તે દિ' આગ.
શિરીષ આભલાની નીલિમા ધરી ફૂટી ફૂટી મલકાય,
માધવીકુંજમાં માધવીને એની ફોરમ ના સહેવાય.
તે દિ' હતી પ્રિયા માધવી પુષ્પ સમી તું ય, પિતાનું વન,
ફોરમે ભરતી; હું યુવરાજ; ને નિર્મળ તે દિ' ગગન.
તે રજનીમાં હતા આ જ તારલા મુક્ત આકાશને ઉર;
બાલિકા શી તે દિ' હતી આ સરજુ, ન્હોતાં આ યૌવનપૂર.
તે દિન—જે દિનની કરું વાત—હું—હતો જરીક ગરમ,
મેં ધાર્યું કે લાવ સરજુતટનું આપણું મૃગયા—વન
જોઈ આવું જરી; મૃગલાં કેરો મળશે કોઈ શિકાર,
કરીશ તો, નહિ તો બેસી સુણીશ અંતરના ધબકાર
સરજુ કેરા; એમ વિચારીને તીર ધનુષની સાથ,
પગપાળો સરજુતીર પ્હોંચ્યો, વા મહીં વીંઝતો હાથ.
ગભીર સરજુનીરમાં અરધો ડૂબતો રક્ત તપન
દેખાય, અંધારે ઝાંખાં પડી જતાં આમલીપીંપળીવન.
આભલાની સામે મૂક્યા ઉઘાડાં ગોપન અંતરદ્વાર,
ધીરે ધીરે નદીનીર વહી જતાં; દક્ષિણે દૂરનો પ્હાડ
તાલતમાલનું વીંઝે જટાજૂથ, પંખીતણા ટહુકાર
થતા અચાનક એક પળે; કદિ અન્ય અવાજ લગાર.
આવતો ના જરી ભંગ કરાવવા તીણાં તમરાનાં ગાન:
સરજુનીરમાં રાખી નજર હું ચાલતો'તો; કરી દાન
તિમિરથી અકળાતા આકાશને તારાને, સરજુનીર—
—માંહી લપ્યા રવિદેવ સમસ્ત; ત્યાં સંકોરી શ્વેત શરીર
વનનાં ઝાડઝાંખરાંથી આવ્યો શશિ અચાનક બહાર,
નદિના નીરમાં તેજ દોડ્યું એનું કોકિલ દે ટહુકાર.
મુખમહીં જરી પાણી રેડ પ્રિયા, અંધારે ઘેર્યું ગગન,
તે દિ' હતો મધુ ચંદ્રમા આભમાં, વાયુથી વ્યાકુળ વન.

ધીરે ધીરે મેં કર્યો પ્રવેશ એ નીરવ વનની માંય,
કોઈ અતિથિને કારણ વનડે ઢાળી'તી શીતળ છાંય.
ચંદ્ર વિચિત્ર ત્યાં સાથીઆ દોરતો, તમરાં ધરતાં ગાન,
માધવી ફૂલનાં છાબડાં હાલવી કરતી ફોરમ દાન.
પાંદડે પાંદડે નાચતાં કિરણ, ફૂલે ફૂલે ઊડે ગંધ,
છાયા–પ્રકાશના સંજોગમાં જાણે વનડું હર્ષથી અંધ.
દોડી આવે કદિ સ્હેજ અચાનક ઉતલા સમીર લ્હેર,
ખરખર કરી પાન ખરી પડે નાચતી છાયાની સેર.
શ્રાંતિ અનુભવી બેઠો ચઢી એક વડલાની ઊંચી ડાળ,
સામી દેખાતી'તી શ્વેતરંગને ભેટતી સરજુપાળ.
આકાશમાં એકે વાદળી ના જડે, ઝાંખું તારાકેરૂં તેજ;
એક પછી એક પ્હોર વીતી જતા, લાગતું જાણે 'સહેજ'.
આભનો અરધો પંથ પૂરો કરી પશ્ચિમે ઢળતો ચંદ,
વનના છાંયડા પૂરવ દિશમાં ધસતાં સુંઘીને ગંધ.
ફૂટતાં ફૂલની એવામાં સરજુતીર પે સ્હેજ અવાજ
'ભડ ભડ' કરી થયો અચાનક, ને મેં શિકારને કાજ
ધનુષની પર તીર ચઢાવી કાનપે તાણી કમાન,
મૃગલું ધારીને બાણ ફગાવ્યું, ને–અને–હાયરે ! રામ !

---

**૫૦ બળવંતરાય ઠાકોર :**

# એક તોડેલી ડાળ.

નથી પાસે કોઈ મૃદુ હૃદયને શાંત કરવા,
ચુમી અશ્રૂ છાતી સરસિ ધરિ પીયૂષ ભરવા;
નિશા અંધારીના વિરલ લઘુ તારા પણ તિહાં
નહીં પ્રેરે જ્યોત્સ્ના, પડિ રહિ સૂના આ શયનમાં.
ગયો સંધ્યાકાળે પ્રિ'તમ રિપુ સામે સજ બની,
પડો વાગ્યો, 'હાં રે મરદ સઉ રક્ષો જ જનની !'
સ્વદેશે આપત્તી સુણિ ઘર રહે માઇસુત કે ?
થયો જ્યાં ડંકો જૌહર ઢિલ કરે રાજપુત કે ?
પિયૂ શૂરો આ તો સુપુત લડવૈયા કુળતણો,

યશાકાંક્ષી પૂરો રણકુશલ, જૂવાન વયનો.
વધાવે પત્ની ત્યાં ભુજ તુરગકેશે ગુંચવિને
ઉભેલો બોલ્યો, દક્ષિણ કર ખભે સ્હેજ મુકિને:
"સતી, ત્હારી પાસે અહિં જ જિવ રાખી કુચ કરૂં,
વિના દેશે શાંતિ, રિપુભય શિરે મેલિ ન ફરૂં.
પ્રભૂ હાથે ભાવી, કયમ નહિ બને બેલિ સતનો,
—કહો તેઓને કે સમરબિચ કરજોજિ જતન."
પડ્યું શ્રવણ નામ ગર્વભરિ ડોક ઊંચી કરે,
તિહાં ઝટ થઈ સવાર હસિ ફેરવી ઘોડલી;
કરી તિલક ભાલ જયમાલ કંઠ આરોપિ તે
સ્વિકારિ કઈ નાચતી, સખી નયન રાચતી,
વિયોગ ન કળાવતી થઈ અલોપ એ ઘોડલી.
પછી વૃદ્ધો ભેગા મળિ ગત બનાવો રસભર્યાં
ઉકેલી બેઠા, ને પ્રહર રજનીના નવ કળ્યા.
ઘણાં જંગી યુદ્ધો, મહિં પવનવેગી અણિસમે
ધસારે વીંધેલાં રિપુદળ રસાલે મરણિયે;
બચાવો દુર્ગોના મુઠિભર હઠીલા જણ થકી,
ટકાવો કિલ્લાના ભુખતરસ વ્યાધીથિ ન ડગી;
ઉમંગો જીત્યાના અધર જિવ હારોનું સુણતાં,
યશો ને ત્રાસો ને રણ સમયનાં લોહિ તપતાં:
કહ્યું સર્વે ધીમે સ્વર રસભરી સ્વાનુભવનો,
— કિશોરો સ્ત્રીઓનાં શ્રવણમહિં ઉત્કંઠ વદનો.
વળી વચ્ચે વચ્ચે સ્વકુલતિલકોનાં અવરનાં
સ્મર્યાં નામો, જે ભાવિક ભુમિઉરે શાશ્વત રહ્યાં:
ચડી ધોધો જ્યારે અરિપૂર પ્રદેશે ફરિ વળે,
તિહાં સ્વાતંત્ર્યાદિ જિવનરસસર્વસ્વ જ તળે
જતૂં તાર્યૂં,—તારી પ્રલયથિ વરાહે જયમ ભુમી,
મહાત્માઓ તેના અમર ચરણે વંદન નમી
કહ્યા સર્વે ધીમે સ્વર ઉછળતા યૌવનતણા
મનોભાવો, જેનાં સ્મરણ જ નિજાશ્વાસન રહ્યાં;

થયાં સ્ત્રીઓકેરાં દૃગ ચળકતાં દેશપ્રણયી,
કિશોરો જૂવાનીઅવસર ચહે ઉત્સુક થઈ.
પછી મોડી રાતે સકલ વિખરાયૂં શમિ ગયૂં.
અને સૂવા સૂતી, પણ મગજ થંડૂં નવ થયૂં.
× × × × × ×

---

**૫૧ ન્હાનાલાલ દલપતરામ કવિ—**

## વીરની વદાય

મ્હારા કેસરભીના કંથ હો! સિધાવો જી રણવાટઃ— ટેક
આભ ધ્રુજે, ધરણી ધમધમે, રાજ, ઘેરા ઘોરે શંખનાદઃ
દુંદુભિ બોલે મ્હારાજના હો સામંતના જયવાદઃ મ્હારા૦
આંગણ રણધ્વજ રોપિયા, રાજ, કુંજર ડોલે દ્વારઃ
બંદીજનોની બિરદાવલી હો ગાજે ગઢ મોઝારઃ મ્હારા૦
પુર પડે, દેશ ડૂલતા, રાજ, ડગમગતી મ્હોલાતઃ
ભારત કેરી કારમી હો એક અખંડિત ભાતઃ મ્હારા૦
નાથ, ચડો રણઘોડલે, રાજ, હૂં ઘેર રહિ ગૂંથીશ
બખતર વજ્રની સાંકળી, હો બર રણમાં પાઠવીશઃ મ્હારા૦
સંગ લિયો તો સાજ સજૂં, રાજ માથે ધરૂં રણમોડઃ
ખડ્ગને મીંડવ ખેલવાં હો મ્હારે રણલીલાના કોડઃ મ્હારા૦
આવતાં ઝાલીશ બાણને, રાજ, ઢાલે વાળીશ ઘાવઃ
ઢાલ ફુટયે મ્હારા ઉરમાં હો ઝીલીશ દુશ્મનદાવઃ મ્હારા૦
એક વાટ રણવાસની, રાજ, બીજી સિંહાસન વાટઃ
ત્રીજી વાટ શોણિતની સરિતે હો શૂરાંનો સ્નાન ઘાટઃ મ્હારા૦
જય કલગીએ વળજો, પ્રીતમ, ભીંજશું ફાગે ચીરઃ
ન્હઈ તો વીરને આશ્રમ મળશું હો સુરગંગાને તીરઃ મ્હારાઃ
રાજમુગટ, રણરાજવી, રાજ, રણઘેલા રણધીરઃ
અધિરો ઘોડલો થનગને, નાથ, વાધો રણે મહાવીર! મ્હારા૦

---

**૫૨ મનસુખલાલ મગનલાલ ઝવેરી—**

# અભિમન્યુનું વીરોચિત મૃત્યુ

× × × × × ×

ચાપહીન થયે એને ઉર ઉત્સાહ ઓસર્યો,
ને વાધી પલમાં પાછો ગદાથી એ કુદી પડ્યો.
ઘૂમંતો કૌરવોના અતલ ગગનમાં મેઘ શો ચંડમૂર્તિ,
ઝીલંતો શત્રુવર્ષ્યાં પરશુ શર અને તોમરો અગ્નિતીખાં
વીંઝંતો વેગથી એ વિષમ વડિ ગદા કાળની શક્તિ જેવી,
કૂદી ઉન્મત્ત ઘેલો કુરુકુલદલને ઝૂંદતો ઘાતઘાતે.
જેવો કમલિની કેરી કુંજે કુંજર કૂદતો
એમ કૌરવકુંજોમાં કૂદતો પાંડુકુંજર.
પ્રૌઢા પાદપ્રહારે ધરણિ ધમધમાવંત ભૂકંપ જેવો,
ગર્વીલા સિંહનાદે ગહન ગગનના ગાભને ગાળનારો,
હારેલા તાત કેરા, તુમુલ લઈ ગદા, વૈરને વાળવાને
તૂટ્યો દૌઃશાસનિ ત્યાં, રણરમણુ ચડ્યા શૂર સૌભદ્ર માથે.
ભર્યાં જેમ ઘનો ગર્જી આથડે આભઆંગણે
તેમ જોબનઘેલા બે આખડ્યા સમરાંગણે.
ઝંઝાવાતો સમા એ ઘુમિ ઘુમિ ઘુમિને લોક કંપાવનારા,
તોળી તોળી ગદા એ કડડડ કરતી ઝીંકતા સામસામા;
ગર્જને દાખવંતા નિજ કરબલ એ મત્ત માતંગ જેવા,
ખેલંતા શૌર્ય કેરાં સમર, અમરને આંજતા, યૌવનાળા.
મત્ત માતંગ શા બંને કરકૌશલ દાખવી
વિસ્મયે ભયથી હર્ષે શૂરનાં ઉર પૂરતા.
સરર તોળિ ગદા અભિમન્યુએ કડડ ઝીંકિ જહા પ્રતિપક્ષિ શું:
ચરર ચિત્ત ચિરાઈ જતાં તહીં 'અરર!' ઘોષ થયો કુરુસૈન્યમાં.
પણ ત્યાં અંગચાપલ્યે સરકી કુરુકુંજરે
ઝીંકી ભીમ ગદા સામી કરતાં ગર્વગર્જના.
સ્વબલથી અભિભૂત જ એ થયો, ક્ષિતિતલે અભિમન્યુ ય ત્યાં પડ્યો:
કડક કંપ્યું અનંતનું આંગણું, ખળભળ્યા ક્ષિતિના સહુ સંધિઓ.

## સમૃદ્ધિ ૫૨

પડયા ભૂમિ પરે બંને  વીરો ત્યાં નિજ વેગથી,
પણ ત્યાં પલમાં પાછો  દૌઃશાસનિ  ઊભો  થયો.

ઊભો થતાં જ ઉઠતા અભિમન્યુ માથે
વિદ્યુત્ સમી નિજ ગદા પળમાં જ ઝીંકી:
વ્યાયામશ્રાંત  રણવીર  રણે  હણાતાં
ગાજી  રહ્યો  કુરુકુલાંકુર  સિંહનાદે.

ગૌરક્ષા કાજ ચાલ્યા નિજ જનક તણી આમ કર્તવ્યપૂર્તિ
થાતાં, એના શરીરે અમર દિપિ રહ્યો એક આનંદજ્યોતિઃ
ઉત્કંઠી અપ્સરાઓ અમર કુસુમ ત્યાં વીરલે અંગ વર્ષે
ડૂબંતો ભાનુ યે ત્યાં કનક કિરણથી વીર્ય એનાં વધાવે. ૪૦

સૂર્યમંડલ  ભેદીને  વીરનો  જ્યોતિ  આત્મનો
બ્રહ્મમાં ભળતાં  વિશ્વે  શોકોદધિ  ફરી  વળ્યો, ૪૨

---

# સ્તબક ૭ : પંક્તિ ૧૯૯૬ થી ૨૨૨૨

## ૫૩ અરદેશર ફરામજી ખબરદાર

### પ્રિયા વર્ણન

મિત્રો મને પ્રિયા કેરી ખૂબી ગણવાને કહે:
    દીધો નહીં એવો કદી ભારી કો હિસાબ!
અગણિત તારલાને ઢોળી ખાલી કરી કરી
    વિધિએ ખિલાવ્યાં એના આત્મા તણાં આબ;
સંધ્યા ને ઉષામાં શ્વેત ચંદ્રિકા ઉમેરી, ગુણી
    ઇંદ્રધનુ--ચમત્કાર, ઘડયો એનો દેહ:
પૃથ્વી થકી પર એવાં ગણિત હું કેમ કરું,
    કોણ કહેશે કેટલી રે ધારા વેરે મેહ!
દીઠા છે કે રાજહંસ માનસસરે કદાપિ?
    જોયાં છે અરબ્બી મોતી? લક્ષ્યો હિમપાશ?
ગુગળના પાન કેરી મૃદુતા નિરીક્ષી કદિ?
    પોપટીની પાંખની કે માણી નરમાશ?
ચાખ્યું દિવ્ય કવિતાનું અમૃત અવાચ્ય કદિ?
    લાગી કદિ સ્વપ્ન દીઠી પરી કેરી લેહ?
અમલ, કમલ, મુખમલ જેવી પ્રિયા મ્હારી—
    એવી ગોરી, એવી મૃદુ, એવી મીઠી એહ!
શરદના ચંદ્ર જેવી ગોરી ગોરી પ્રિયા મ્હારી,
    પૂર્ણિમાની ચાંદનીની રૂપા કેરી રેલ!
અમૃતના કુંભ એના છલોછલ ભર્યા લાગે,
    જાણે આત્મશ્વેતતા છે ઊભરી રહેલ;
અમૃતના કુંભ એવા છલોછલ ભર્યા દેખી
    તૂટી જાય મુનિનાં યે તપ અને ટેક;
રે એ કુંભ પામું હું તો અમી એનું લૂંટું એવું,
    પડવા ન દેઉં નીચે બિંદુ પણ એક!
પ્રિયા કેરી કાંતિ તે તો દેવોની વિશ્રાંતિ જેવી,
    એથી વિશ્વ લાગે ઓછું વિરૂપ ને કૂડ;

બહુ કાળ સુધી એને વિશ્વ ઘડવાને માટે
બ્રહ્માએ પોતાની પાસે રાખી હતી ગૂઢ:
લક્ષ્મીજી ને પાર્વતીનું દર્પણ ન હતું લીધું,
પ્રિયા કેરી આંખમાં તે જોતાં નિજ રૂપ;—
પ્રિયા જેવી કૃતિ અન્ય બ્રહ્માથી ઘડાઈ નહી,
તેથિ જ જણાય એ અનન્ય ને અનૂપ!
પ્રિયાતણું મુખ દેખી બ્રહ્મા ઇચ્છે બીજી ચંદા;
આંખો કેરી જ્યોતે એણે કીધાં શુક્ર તેજ;
પ્રિયા કેરી ભમ્મરોનાં પ્રતિબિંબ પાડી પાડી
ઇંદ્રધનુ શોભાવ્યાં છે વ્યોમમાં ખરે જ;
પ્રિયા કેરા કેશ ભાળી સૂર્યનાં કિરણ કીધાં,
પગલીની રજે વેર્યા સંધ્યાના પ્રકાશ;
પ્રભાતના રંગ પણ પૂર્યા પ્રિયા હાસ્ય વડે,
મ્હારે ઉર એથી રોજ ઊગે નવી આશ!
પ્રિયાએ તો વિશ્વ બધું સર કરી લીધું લાગે;
વર્ણવું હું કેમ એનું જાદુ ભર્યું જોર:
ચંદ્ર અને સૂર્યને તો સંતાડી પોતાને હૈયે
આકાશ અમારાં એણે કીધા કાળાં ઘોર;
તારાઓને નાખ્યા નિજ નયન—સરોવરોમાં,
બાંધ્યું આસમાનને ત્યાં કીકીએ સગર્વ;
તેજમય વિશ્વ બધું બંધાયું છે પ્રિયાહસ્તે—
પ્રિયાને જો જોઇ તો છે જોયું વિશ્વ સર્વ!

---

**૫૪ સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (કલાપી)—**

## તારામૈત્રક

વિજળી શો થયો આ શો ઝબૂકારો જલની મહીં?
ઉડતાં હંસ, ચોંકીને પાંખો એ નભમાં ચડી.
નેત્રો ઉડે હંસનિ સાથ ઊંચે અહા તહીં કૈં વચમાં મધૂરૂં!
ના ચાલતી આંખ હવે અગાડી જરા ચડી ત્યાં જ ઠરી ગઈ તે.

માથે બેડૂં લઈ ઊભી સામે કો નવયૌવના,
મુખે છે હસ્ત એ ન્હાનો ઝરી સ્વેદની લૂછવા.
એનૂં જ બિંબ જલમાં પડિને ઉડયૂં’તૂં
એથી જ વ્યર્થ ડરિ હંસ ગયેલ ઊડી;
એ વીરનાં નયન એ જ ચડાવનારૂં,
લૂટી જનાર દ્રવતૂં ઉર એ જ, એ, એ!
જેને નિહાળિ નયનો હરતાં હતાં ત્યાં
તેનો જ હંસ બનવા દિલ હાલ ઇચ્છે;
તેના જ પાદ મહિં પાંખ પડી ગઈ સૌ,
તેને જ કાજ ઉરતખ્ત થયૂં જ ખાલી.
સ્તંભી જરા વદન એ નવ કોણ જોશે?
ચાલ્યાં જશે નયન એ નિરખ્યા વિના કો?
એવી ન કાર્ય તણિ કાંઈ જ તીવ્રતા છે,
કર્તાતણો અહિં ન જે ઉપકાર ગાશે.
સૌન્દર્ય આવું ધરતી ઉપરે નિહાળી
હર્ષે કયૂં હૃદય ના મગરૂર થાશે?
તો છો યુવાન પણ આ નિજ આંખ ઢાળે,
છો પાંખને નવિન આ લહરી ઉરાડે.
હજી એ કન્યા છે નવિન મૃદુ કો પુષ્પ ખિલતૂં,
કહીં પાંખો ખીલી, કહિં હજુ બિડાઈ કહિં ખિલે;
સુગન્ધીની વેળા મધુતર હશે કોઈ જ નહીં:
સુરંગોની લક્ષ્મી વધુ વળિ હશે સુંદર કહીં?
જે ક્રીડા મૃદુ ઉગ્રતા સભરતા લાવણ્ય જાદૂભર્યાં
રૂપે યૌવનની સ્વતંત્ર રસિલી મૂકી દશા જે શકે,
તે કો તાનમહીં ઊંડા હૃદયના એકાગ્રતા ધારતાં,
જોનારાં નયનો અને ઉર નહીં એકાગ્ર કોનાં કરે?
વિનિમય મધુ એવો ગોધ સાધી રહ્યો છે,
પૂરમહિં ઉર વ્હેવા છૂટ છે પૂર્ણ પામ્યૂં;
ખડક જગત કેરૂં આજ પાણી થઈ ને
વિપુલ રસતણા કો ધોધમાં જાય ચાલ્યૂં.

ભરે છે દૂર ત્યાં વારિ કન્યાની સખિ તો હજી
ફરે છે તીરની કુંજે ભોળી એ મૃદુ આંખડી.

થોભી ઉભી જરિક એ સખિ કાજ બાલા,
ન્હાની રહી પગતણી જરિ એક ઊંચે;
તેને અડી ફરફરે અનિલે નિમાળા,
એડા પરે અલક એક વિંટાઈ ઊડે.
સામે જ ગૌર મુખ છે સ્થિરતા ધરીને
ને નેત્ર કાંઈ તિરછાં બનતાં ફરે છે;
પ્હોંચી હતી નજર એ ત્યહિં યોધ પાસે
જ્યારે હતાં નયન હંસ પરે ઠરેલાં.

પાદ ને આંખડી એ તો હતાં ત્યાં સ્થિર થૈ રહ્યાં;
હૈયાનાં આંસુડાં મીઠાં સામેની છબિએ ઢળ્યાં.

મનહર છબી ભાળી નેત્રે અને હૃદયે ઢળી,
પરવશ થતાં લ્હેરી મીઠી નસેનસમાં ચડી;
હૃદય કુમળૂં એ યોદ્ધામાં જડાઈ ગયૂં, અને
સહુ અરપવા, અર્પી દીધૂં છતાં અધિકૂં બને.

યોદ્ધાની તો નજર હજિ છે ત્યાંજ ચોંટી રહેલી,
તો યે તાજૂં તન મન થતૂં સૂચવે આંખ કાંઈ;
'હૂં એવું એ !'—ઉર સમજિ એ કાંઈ આનંદ માને,
સંસારીને પ્રણયસુખની એ જ સીમા અહીં છે.

ક્ષણ થઈ અને બાલાનાં એ ઢળી નયનો જતાં,
પણ સુરખિ કો ગૂલાબી શી છવાઈ કપોલમાં;
ધડ ધડ થતૂં હૈયૂં લોહી વહાવિ રહ્યૂં બધે,
થર થર થતાં ગાત્રો સર્વે ધ્રુજે બનિ મુગ્ધ છે.

જાદૂભર્યાં નેત્ર વહાવિ જાદૂ કો અન્યના જાદુમહીં ફસાતાં;
તે જાદુનૂં ઝેર ઉતારવાનૂં કોની કને ઔષધ કૈં મળે ના.

---

**૫૫ ચતુરભાઈ ઉમેદભાઈ પટેલ—**

## અજબ તાર ખેંચ્યાં અહા !

મ્હણે નગરપાદરે બકુલવૃક્ષ કેરી ઘટા,
વિશાલ, મન રંજતો, અતલ પ્રેમવાપી જ્યહાં
ગભીર વળી ભવ્ય (કિંતુ રમણીય એની છટા),
ઉભો જ ગત કાલના અમર શેપ જેવો મહા.
જલાર્થ પુરયુવતીગણ સદા સ્થલાકર્પણે
તણાઈ અહિં આવતો; મચત ગોષ્ઠ ગુંજારવ;
અને રસ ઝુલંત કુંદગજરા શું સ્ત્રીમંડલ
રહે જ કૂપ ઘેરતું; મહિં અજોડ લીલાભરી
ભળે પણ જુદી તરે ગુલછડી શિ મ્હારી સખી.
મ્હણે શિતળ ચોતરે અવનવાં જ તોફાનમાં
અમે પુરકિશોરજૂથ વટરાજની છાંયમાં
રમી ગજવિ કુંજ શોર કિકિયારિ કૈં કૈં કરી
વિતાડિ મધુ સાંઝ થાકિ થઈ શાંત ચાલ્યા જતા.
છતાં રમતમાં ય મ્હારું મનડું કુવે દોડતું,
અને નયન શોધતાં ફરિફરી જ મ્હારી સખી.
ભરેલ અલવે ઘડો કનક મ્હેડલે નામતાં
થતા દગ દગે અહો ગુપત વીજસંદેશડા !
મુખે વિચલ હાસ્યરેખ કુટિ નેન ભ્રુકુટી વળી
શમી થતિ અલોપ, ને શરમ રમ્ય સંધ્યા સમી
ધિરે વદન આવરી નયનને ઢળાવી જતી.
અમે દિનદિને ત્યહાં અજબ તાર ખેંચ્યાં અહા!
અજાણ વણચૂક એ અતલ પ્રેમવાપી જતાં.
અમે દિન દિને નવાં અકથ ઊર્મિતાને ભર્યા
મુગાં નિજ ગૃહે જતાં, વિકલ તોય રાજી થતાં.
અને મધુર નીંદરે સ્મરણ એ અધૂરાં મિઠાં
અને નિશિનિશી નવાં સ્વપનવારિસીંચ્યાં નવાં.

---

**૫૬ ઉમાશંકર જેઠાલાલ જોષી:**

## સખી મેં કલ્પી'તી.

સખી મેં કલ્પી'તી પ્રથમ કવિતાના ઉદય શી
અજાણી ક્યાંથી યે રસળિ અણધારી નિતરતી
ઉરે ઊર્મિમાલા લય મધુર ને મંજુલરવા;
જતી તો યે હૈયે ચિર મુકિ જતી મોહમદિરા.
સખી મેં ઝંખી'તી જલધરધનુષ્યેથિ ઝુલતી
અદીઠી શી મીઠી નવલતર રંગોનિ લટ શી
પ્રતીબિંબે હૈયે અણુઅણુ મહા અંકિત થતી;
સ્ફુરંતી આત્મામાં દિનભર શકે સ્વપ્ન સુરભિ.
સખી મેં વાંછી'તી વિરલ રસલીલાનિ પ્રતિમા
સ્વયંભૂ ભાવોના નિલય સરખી કોમલતમ,
અસેવ્યાં સ્વપ્નોના ફૂલદલ રચ્યા સંપુટ સમી;
જગે મર્દાનીમાં અહવતિ જ ચિત્તે તડિત શી.
મળી ત્યારે જાણ્યું મનુજ મુજ શી, પૂર્ણ પણ ના:
છતાં કલ્પ્યાથી યે મધુરતર હૈયાંનિ રચના. ૧૪

---

**૫૭ ત્રિભુવન પુરુષોત્તમ લુહાર (સુંદરમ):**

## તે રમ્ય રાત્રે

તે રમ્ય રાત્રે
ને રાત્રિથી યે રમણીય ગાત્રે
ઊભી હતી તૂં ઢળતી લતા સમી
ત્યાં બારસાખે રજ કાય ટેકવી.
ક્યાં સ્પર્શવી?
ક્યાં ચૂમવી? નિર્ણય ના થઈ શક્યો.
ને આવડી ઉત્તમ કામ્ય કાયા
આલિંગવાને સરજાઈ, માની

શકયું ન હૈયુંઃ જડ થીજિ એ ગયું
એ હૈમ સૌંદર્યતણા પ્રવાહમાં.
ને પાય પાછા ફરવા વળ્યા જ્યાં
ત્યાં સોડિયેથી કર બ્હાર નીસરી
મનોજ કેરા શર શો, સુતન્વી
કાયાકમાને ચડિ, વીંધવાને
ધસંત ભાળ્યો : 'નથિ રે જવાનું !'
હલી શકયો કે ન ચલી શકયો હૂં
નજીક કે દૂર જઈ શકયો ન હૂં
એ મૂકતાસાગરમાં વિમૂઢતા—
તણા અટૂલા ખડકે છિતાયલા
કો નાવભાંગ્યા જનને ઉગારવા

આવંત હોડી સમ તું સરી રહી.
કયાં સ્પર્શવો ? કયાં ગ્રહવો ? ત્હને તે
નડી કશી ગૂંચ ન લેશ ત્યારે
તે રમ્ય રાત્રે,
રમણીયગાત્રે!

---

**૫૮ મણિશંકર રત્નજી ભટ્ટ : ("કાંત")**

## આપણી રાત

શરદ પૂનમની રઢિયાળી સદા
મ્હને સાંભરે આપણી રાત, સખી !
હસે આકાશે ચંદ્રમા, તારા લસે, મ્હને૦

વદને નવજીવન નૂર હતૂં,
નયને પ્રણયામૃત પૂર હતૂં,
હૃદયે રસમાં ચકચૂર હતૂં, મ્હને૦
ન્હાતાં ન્હાતાં પ્રકાશમાં પ્રેમતણી

કીધી વિશ્રબ્ધ વાતો રસીલી ઘણી,
કલ્પનાની ઇમારત કૈંક ચણી, મ્હને૦
ત્હારું સ્વાર્પણ અંતરમાં જ લહૂં,
કથા અદ્દ્ભુત એ જઈ કોને કહૂં ?
સ્મરનાં જલમાંહિં નિમગ્ન રહૂં, મ્હને૦

રાત રૂપાળી રૂડી રસાળી હતી,
આશંકાની અપૂર્વ દિવાળી હતી,
આખી ઉત્સવ માફક ગાળી હતી, મ્હને૦

પ્રાણો આપણાનો ત્યારે યોગ થયો,
અંગે અંગનો ઉત્તમ ભોગ થયો,
—અને આખર આમ વિયોગ થયો ! મ્હને૦ ૧૮

(અને પાછી ૧લી કડી પૂર્વાર્ધ ઉત્તરાર્ધ ઉથલાવીને)

---

**૫૯ કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણી:**

## ભતવારીનું ગીત

ગોધણધણીની ભતવારી રે હું ગો૦
આંબો ને હૂં પ્રેમક્યારી રે પતિ આં૦

સેંથડે સિંદૂર, પ્રેમનાં આંજણ, આંજ્યાં આંખે મતવારી,
ઢેલડી જેવિ હું થનગન નાચૂં, આવને મોરલા રખારી: હું ગો૦
રુમઝુમ રુમઝુમ ઝાંઝર ઝમકે, ભાલેશી સ્નેહની સિતારી,
ખેતર ખુંદીને કંથ થાકીને આવે, દેખે ત્યાં થાક દે વિસારી: હું ગો૦
હળવે ઉતારી ભાત મહીડાં પરીસૂં, કુલડાંની પાથરૂં પથારી,
કંથને કાજ ઘર રેઢું મુકીને આવું શીમે દાડિદાડી: હું ગો૦
વાલમને છોગલે ગૂંથું ચંબેલડી, પીછાં ગુંથૂં હું સમારી,
જોઈ જોઇને એ મુખ રળિયામણું હૈયામાં ઉડતી ફુવારી: હું ગો૦ ૧૦

---

**૬૦ જન્મશંકર બુચ ("લલિત")**

## મઢૂલી

મઢૂલી મઝાની પેલે તીર, સંતો વ્હાલાં !
અનેરી અમારી એ લગીર,
વૃક્ષો વેલડીઓ વાળાં, કુમળાં ફળ ફૂલ રસાળાં,
લઇ જાવ લ્હાણાં એ લગીર, સંતો વ્હાલાં !
મનની કંઈ મોજમઝાઓ, રસિયાં ઉરના કંઇ લ્હાવો,
લેવાને આવજો લગીર, સંતો વ્હાલાં !
સામે સંસારિ વિલસે, વચ્ચે જીવન સરિતા વ્હે,
રેલવિયે ત્યાં રસરંગ લગીર, સંતો વ્હાલાં !
ઉડવાય સફર સહિયારી, સુખદુઃખની કંથા ધારી,
આનંદ ઓર એ લગીર, સંતો વ્હાલાં ! ૧૦
લગની સ્હેવા સ્હાવાની, ગીતડાં પ્રભુનાં ગાવાની,
લાગે તો આવજો લગીર, સંતો વ્હાલાં ! ૧૨
મઢૂલી મઝાની પેલે તીર, સંતો વ્હાલાં !
અનેરી અમારી એ લગીર !

---

**૬૧ બળવંતરાય કલ્યાણરાય ઠાકોરઃ**

## પ્રણયપ્રશસ્તિ (૧૧-૧૨-૧૯૩૬)

આજ, જગદેવ, જગ ગાલ પર પ્રણયની વાજતી ગાજતી શી ચંપેટ !
વાગિ વેસ્ટમિન્સ્ટરે થડ ! જતી થડથડત્ શી ઉટાવાથી આકલાદ કેદ !
રોય બાલ્ડ્વિન, નીચું જોય છે સ્મટસ, ને મોઢ પેલો ભલો સાધુ ગાંધી,
સત્યને અખતરે સ્ત્રી દીઠી બ્હેન, માઃ જેહને જોગમાયા ન લાધી !
સાંભરે એણ્ટની, અવતરી શું ફરી કલીઉપેટ્રા, ગજબ મિસ્રરાણી ?
સાંભરે કચ, ગણી ફરજ જેણે વડી,—બની જીવનગરલ તો દેવયાની !
સાંભરે હેલન, તે કારમી સુંદરી, ટ્રૉય ગ્રીસે સકલ વીર મોડયા,
સાંભરે દ્રૌપદી, પાંડવોનું શું—તે અવગણી કૌરવો જેહ રોળ્યા ! ૮

ગાદી ને તાજ તેજે ગ્રહણ ઘાલિયાં યૂરપી ભારતે, ના છુટયાં તે,
–માર્સ ધ્રાયો તિહાં ધસી ચડી વીનસ, શ્રેષ્ઠ સામ્રાજ્યને યે ગ્રસે એ !
તોપતરવારથી તીક્ષ્ણ છે દામિની કામિની નેણની તરલ તીરછી,
રાજ શું ! તાજ શું ! સૌખ્ય કર્તવ્ય શું !–નર વીંધાતાં પડે ધબ્બ મૂર્છી !
એક ઉગરે ભગત, જેહનો જગત તો નિત્ય ઉપહાસ કરવો પ્રમાણે,
ભગત જગદેવને ભજિભજી તેહની જાદુઝર મોહમાયા વખાણે.
ને નમે જો જગત તે મહાપુરુષને જે પ્રણયમૂર્તિ ભુજ પાશ કાજે
છાંડતો શ્રેષ્ઠ સમ્રાટપદ જગતનું, તો ભગત તેહ નરવીરને
પ્રણયસમ્રાટ પદથી નવાજે ! ૧૬

---

**૬૨ મગનભાઇ ભૂધરભાઇ પટેલ (પનીલ):**

## પ્રેમનો જાદુ

નહિં હતું મ્હને લવ ભાન મગજની છુપી શક્તિનું મ્હારી
જ્યાં સુધી આદરી મેં ન હતી તુજ યારી.
પણ ગયું મ્હારૂં તમ અને ઉઘડતી આંખ થઈ મુજ ત્યારે
મુજ તર્ફ આપવા લક્ષ લાગિ તૂં જ્યારે !
મેં તહને ખેંચિ મુજ તર્ફ તેમ તૂં મ્હને રહેલી ખેંચી
ને એક અન્યને લિધાં આપણે વ્હેંચી.
પછિ સ્નેહ આપણો પ્રેમ વિષે પલટાયો,
ને બની વસ્તુ તે ગઈ, હતો જે છાયો. ૮
ઓળખ્યાં આપણે એક બિજાને જ્યાદે,
એકેક થયાં વધુ સરલ ઘણા અનુવાદે.
જ્યાં જુવે બિજા સૌ ભૂલ ભવ્યતા ત્યાંય આપણે દેખી,
બળ એક બિજાનું યોગ્ય આદરે લેખી.
જ્યાં હતો મ્હને સંદેહ, મળ્યો ઉત્સાહ ત્યાંય તુજ આવી,
ને નાખ્યું માહરૂં સર્વ ફેરવી ભાવી.
ગતિ કરી આપણે જિવનસમરમાં સાથે,
કાળને કાપતાં જતાં આપણા હાથે. ૧૬

ભયતણાં ભૂત નવ હવે આવતાં આડે
રહિ ગયાં ભૂખ ને ભાર વળી પછવાડે.
કર્મથી કસાતાં રહ્યાં આપણે તાજાં
બ્હારથી ભલે નહિ તોય ભિતરમાં સાજાં.
કેળવી આપણે કલા જગત તેહને કહે છે જાદુ:
કેટલું બધું એ કહે રહસ્ય જ સાદું! ૨૪

---

**૬૩ મુકુન્દ વિજયશંકર પારાશર્ય :**

# મોટો પ્રશ્ન

એક દિન મ્હેતાજીએ છોકરાંને પ્રશ્ન કર્યો
'ઇતિહાસ વિષે પ્રશ્ન સૌથી કયો મોટો છે?'
વાદ કરી છોકરાઓ પ્રશ્નનો વિચાર કરે,
મ્હેતાજીની આંગળીની ચીંધ સહુ માથ ફરે,
કુરુક્ષેત્ર? ટ્રોય તણો?—ઈતિહાસ ખોટો છે.
ફ્રેંચ રાજક્રાંતિ? એવી ક્રાંતિનેય જોટો છે.
રાજ્યમાં સુધારા? ધારાફેરનો ક્યાં તોટો છે.
વીજળી કે સંચા શોધ? એ તો પ્રશ્ન છોટો છે.
નોખનોખા ધર્મ પંથ? અરે એમાં ગોટો છે.
'સિપાઈના બળવા'ના વાંસા ઉપર સોટો છે!
સત્યાગ્રહ? એમાંય તે કૈંક મેલી દોટો છે!
આવડે ન-તો તો ગાલે મ્હેતાજીની થોંટો છે!
છેલ્લે બાંક છેલ્લો રાંક છોકરો જવાબ દે
"સાબ! સાબ! પ્રશ્ન એક રોટલાનો મોટો છે."

---

**૬૪ હંસરાજ હરખજી—**

# ગરીબોનાં હૈયાં

માણેક મોંઘેરાં, ડેરાં દેવનાં, ગરીબોનાં હૈયાં:
જ્યાં ભાળ્યાં પ્રભુનાં નામો નોંધેલાં અણુઅણુમાં નવાં: ટેક.
ઓળખજો આળાં એવાં પોચાં પોચાં રૂ જેવાં:
વ્હાલા જો જો ના વધુ વીંધતા, ભેટો ગ્રહી બેયાં—ગ૦ મા૦
દેવા નવ દમડી હોયે, અમૃતજલ દેજો તોયે:
વાંકી ભ્રૃકુટીએ ના દૂભાવતા— ગ૦ મા૦
સ્નેહીને સૌ યે માને, બમણો બદલો લેવાને:
સ્વાર્થહીને સેવે દીન દેવતા, મળશે ક્યાં એવાં—ગ૦ મા૦

જહેરા અધરાઈ જ્યાં જ્યાં, ચાબુક ચલવે સુરવર ત્યાંઃ
માયવી યજ્ઞો બીજા માનવા, ભૂલતા નહિં ભૈયા—ગ૦ મા૦ ૧૦
પામરને પ્રભુજી વેચાયા, બોલે બાંધ્યા જગરાયાઃ
બાળકડાં આપણુ એ મહાબાપનાં, સૌ યે બેલડિયાં—ગ૦ મા૦
પડતાં પડતાં પગ ધરતાં, ડરતાં ડરતાં ડોલન્તાં;
ઉચ્ચરતાં વચનો આશીષનાં, ટુકડાનાં ભૂખ્યાં—ગ૦ મા૦
દિલની ચૂતી આંખડિયે, ડસડસતાં રોતાં હૈયે,
શબ્દો સૂણાયે કિરતારના: સુણજો સુણનારાં—ગ૦ મા૦ ૧૬

---

## ૬૫ રમણલાલ પીતાંબરદાસ સોની

# ઉદ્બોધન

રે, તૂં સદામુક્ત સ્વતંત્ર પ્રાણ!
ઘોરી રહ્યો ત્યાં શિદ કાલ ઉમરે?
સંકોચતો ત્હારિ વિરાટ કાયા
બેસી રહ્યો ત્યાં શિદ ક્ષુદ્ર ઝૂંપડે?
પૃથ્વી તણા ભીતરમાં દબેલો
અંધારાના ગાઢ અસીમ ભારથી
યુગોતણી નીંદર ફેંકિ જો આ
જાગી ઉઠ્યો ઝાળ રુપે જ કોલસો!
પૃથ્વી ઉરે પાય પ્રચંડ ખૂંપી
ઉભાં અહીં વૃક્ષ; કદીક હોડલી
બની જશે એ સફરે સમુદ્રે!
લાગે છ જે સુપ્ત પડયાં જલાશયો
તેનાં સુતાં દુર્બલ વારિ બિંદુ
નભે ચડી દંગલમસ્તિ માંડશે,
અને પ્રસારી શતલક્ષ બાહૂ
ઉલ્લોલ હિલ્લોલત ભૂમિ ભેટશે!
તૂં મૂક ના: મંત્રદ દિવ્ય વાચા
પ્રચ્છન્ન ત્હારે ઉર, ઉઠ ગર્જતો;

કંગાલ તૂં? કોણ કહે? સમૃદ્ધિ
પ્રસુપ્ત ત્હારે ઉર સમ સિંધુની;
ના પંગુ તૂં, દુર્બલ ના, ન હીન;
પૃથ્વી તણી ધારણશક્તિ ને વળી
હિમાચલોની અચલાકૃતિ યે
ત્હારે વિષે!—હાં! ઉઠ કાલમર્દન!

---

**૬૬ પૂજાલાલ રણછોડદાસ દલવાડીઃ**

## લોકપ્રકોપ

પદો ગર્વે રોપી ભુવનહૃદયે પ્હાડ બળિયા
હશે આજે ઊભા, "અચળ પદ રાખીશું" વદતા;
પરંતૂ પૃથ્વીની પણ સહનશકતી અમિત ના:
જશે એ ખૂટી તો દલિત ઉર દુઃખે પ્રજળતૂં,
પ્રકોપે કંપંતૂં, અગનપ્રલયો મૂક્ક કરશે,
ગળાયેલા જેની મરણમય દાઢે કવલ શા
પચી જાશે પ્હાડો પળમહિં જ પાતાળજઠરે!

---

**૬૭ ઠાકોરલાલ પુરૂષોત્તમ ચોકશીઃ**

## શ્રીજીનો ભક્ત

"ખમો વરસ આટલું, ગણ ઘણો થશે બાપલા,
તમેય ધરમી થઈ અકજ શીદ કોપો ભલા?
જુવાર કણ ના બચી, નગદ વ્યાજ ક્યાંથી ભરૂં?
પલેગ ભરખી ગયો પરભુએ દિધો એટડો,
જુવાન,—મુજ રાંકની સકળ મૂડિ લૂંટી ગયો."
પટેલ નયનો ભર્યાં, શબદ કંઇ રૂંધી રહ્યા.
"અલ્યા!" હુકમચંદ કહે, "નગદ લૈ જતાં લાજના
અને ટટળતો હવે? મનખ જો ભલો, લાવ ને
બધી રકમ સામટી! ધરમફંડની એ બધી

ત્હને ન પચશે કદી. મગન એક ચાલ્યો ગયો,
નવીય ઉપડી જશે! પરભુ ન્યાય સાચો કરે.
પ્લેગ હિમ જે નડયાં કરમ ભોગ એ તાહરા,
મ્હને ન ગમ એ બધી.''—વચન બોલતાં શેઠિયે
લલાટ પર છાપિયાં તિલક છાપ 'શ્રીજી' કહી! ૧૪

---

**૬૮ ઝવેરચંદ કાલીદાસ મેઘાણી—**

## ક્રાન્તિ ઝંખના

મ્હારી માઝમ રાતનાં ઓણુલાં ચમકી ચમકી ચાલ્યાં જાય,
મ્હારી આતમ—જ્યોતના દીવડા ઝબુકી ઝબુકી ઝંખવાય: —ટેક
ઝંપે જરી રોતાં લોચનિયાં ત્યાં ઝબકીને જાગી જવાય,
આઘે આઘે આછા યુગનર કેરા પડછાયા પથરાય રે
મહા વીર મોટા દરશાય: મ્હારી૦
આભ લગી એનાં મસ્તક ઊંચાં ને પગ અડતા પાતાળ,
જુગ જુગના જેણે કાળ વલોવ્યા ને ડોલાવી ડુંગર માળ રે
ફોડી જીવન ઇંધણ પાળ: મ્હારી૦
દપકો દેતી હસતી મૂરતી એ ઝળહળતી ચાલી જાય,
સ્વપ્ન સરે મ્હારે કાન પડે મ્હારા દેશની ઊંડેરી હાય રે
એનાં બંધન ક્યારે કપાય: મ્હારી૦ ૧૦
ઘન ઘન અંધારાં વીંધણુહારો જાગે કો ભડવીર,—
ડરતાં ડરતાં ડગલાં ભરતાં આ તો વામન સરખાં શરીર રે
અણુભીંજલ ઊભાં છ તીર: મ્હારી૦
જરિક જરિક ડગ માંડતાં મ્હારી જનનીને ના વળે ઝંપ,
આવો વિપ્લવ! આવો જ્વાલામુખી! આવો રૂડા ભૂમિકમ્પ રે
તોડો જીર્ણતા દારુણ થંભ: મ્હારી૦ ૧૭

---

**૬૯ રમણિક બળદેવદાસ અરાળવાળા:**

## વિખૂટા મિત્રને

સ્મરી સ્મરી અનેરી ઉચ્ચ ગત સખ્યગાથા હવે
નથી જ લવવું, નથી જ કવવું, ન વા નેત્રને
સહી સ્મરણડંખ લેશ કરવાં ય ભીનાં, અને
ન વિસ્મરણનું ય તે સ્મરણ માત્ર ચાહું સખે!
અપાર અનુરાગના મધુર બાગમાં ઊઘડયાં
સુમિષ્ટ મુકુલો સમસ્ત જગમાં ઉછાળ્યાં, હવે
ચિતા ચિરવિરાગની અતલ આત્મએકાન્તમાં
ભલે પ્રજળીને જતી કજળી છેક ધીરે ધીરે!
વિશાળ જગ છે, અસંખ્ય પથ છે, પ્રવાસી ય તે
અનંત, પણ ના મને સુહૃદસ્નેહઝંખા; સખે!
ત્હને જ તજતાં તજી સભર સખ્યસંવેદના.
ધરાતલ તણા બનેલ અય ધૂમકેતુ! ત્હને
હવે શું અવરોધ, બોધ? અફસોસ! જા, હું હવે
કરીશ ભ્રમણે બળે ખતમ આપણી કૂચને.

---

**૭૦ ભોગીલાલ ચુનીલાલ ગાંધી (ઉપવાસી):**

## મિલન આતુરાં

પ્રભા પ્રકટતી હતી; સુભગરંગ કંકાવટી
ધરી કરપુટે, ઉષા હૃદયનાથ સત્કારવા
જતી નભપટે, મનોમનમહીં સમુલ્લાસતી;
અને મુદિતચિત્ત સૂર્ય રતરાગ શૃંગારમાં
ભરે પદ યથેચ્છ—રે! મિલનયોગ જામ્યો તહીં!!
ન્હતાં હૃદય આપણાં મિલન આતુરાં શું સખી?
ન્હતી ઉછળતી નદી અટલ સ્નેહ સિન્ધુ પ્રતિ?
હતાં નિરખતાં સદા શુભ મુહૂર્ત શુકલાર્ધની

વિલાસ રજની ભણી, અઙ્કૂર એ ક્ષણો યે થઈ;
અને હારતવર્ણ મંડપ અશોકપર્ણે લચ્યો,
રચ્યા કુસુમ કુંકુમે અખિલ અક્ષતે સ્વસ્તિકો;
રહી નવ મણા કશી, ક્ષણ ન અર્ધ બાકી રહી;
તહીં—જવનિકા પડી—અમ વિયોગની રાતડી!
પડી જનનોહાક!—રે મિલનયોગ જામ્યો નહીં!
ખરે, જવનિકા પડી—અસહયોગની માતની.
સખી! શબ્દ માતના; પ્રણયપૂર જ્યાં ત્યાં ડર્યાં;
ડર્યાં જ, ન વિલોપિયાં, ઉછળતાં સદા યે રહ્યાં.
પ્રચંડ જલધોધ શાં પ્રબળવેગ; શંકા તહને?
હું તો ક્ષણ ક્ષણે સુણું વિરહવેદના તાહરી,
હું તો સતત નીરખું કનકકાય ફિક્કી પડી,
હું તો અનુભવું નિતે અણસહાય તું બ્હાવરી.
અને મુજ ગતિ પ્રિયે?—તરલ નાવ કેરી કથા?
ડુબે ડુબડુબે છતાં ડુબતી ના, સદાયે વ્યથા!
પડે નિરવ શાંત શૂન્ય મૃતદેહ દીવાલની
પુઠે દ્વિગુણબદ્ધ તીવ્ર પડઘો ફરી ને ફરી.
સુણ્યો ન હજી તેં? ખરે?—સભર વિશ્વ ધોંધાટમાં
મળી ન નવરાશ? કે, વિરહ સ્તબ્ધ નૈરાશ્યમાં?
હશે; સહચરી! સખી! હૃદયસ્વામિની! શું વદું?
તહને વિરહ અગ્નિદાહ દહતી તજી હું જિવું?
તહને રઝળતી તજી વિપદ સ્વપ્નમાં હું સુવું?
પડ્યો પરવશે હું, ને પરવશે પડી તુંય રે,
પડી પરવશે જ જ્યાં ભરતમાત; શા મોહ રે?
કદીક મળશું અને અમિલનેય વર્ષો વીતે,
વીતે સકળ જિન્દગી તદપિ દુઃખ શેનું પ્રિયે!
વહે હૃદયમાં સદા વિમલ ઉત્કટ સ્નેહ જે!

**૭૧ મગનભાઈ ભૂધરભાઈ પટેલ (પતીલ):**

## ન રહી !

મુફવા સર જા ન રહી: શુધ કે નહિ સાન રહી:
બદલાઇ ગયૂં જ બધૂં —દુનિયા દુનિયા ન રહી !
ચિઝના સમ ખાઉં કઈ? ચિઝ એક કરે ન રહી:
અટક્યો જિવ આવિ ગળે પણુ 'ઐંધ, જવાન!' કહી.
અફ્સોસ, પતીલ! લવે કવિતા કવિતા ન રહી !

---

**૭૨ દેવજી રામજી મોઢા:**

## ખારે સમંદર

વેર ઝેર વીસારે પાડી ડંખ દિલના ધોઈ
ખારે સમંદર વ્હેતા મુકે એવા વીરલા કોઈ: ખારે૦
ચંદ્ર ઉગે હસતો પૂરવમાં આથમતો રવિ જોઈ,
તોય ચંદ્રને કીર્તિ અરપે એવા સૂરજ કોઈ; ખારે૦
વ્યોમવિંધે વાદળ ત્રાડતાં અબ્ધિ ઉછળતો જોઈ,
ચ્યુટયા મેઘને મારગ દેવા શમતા સાગર કોઈ: ખારે૦
આપસ આપસના ઝઘડામાં માટી મરાયા હોઈ,
અવસર આવ્યે એક ખૂમચે ખાઇ લેનારા કોઈ: ખારે૦
વાદ વિવાદ વિરોધો વાંધા વેર ઝેર જૂદાઈ
ઘસી મુકી દીવાસળી હઇયે ભડકા રહિયે જોઈ: ખારે૦

---

**૭૩ ઝીણાભાઈ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ):**

## ભગ્ન સ્વપ્નની નાવ.

મ્હારી નાવ કરે કો પાર ?
કાળાં ભમ્મર જેવાં પાણી જુગ જુગ સંચિત રે અંધાર:
સૂર્યચંદ્ર નહિ, નહિ નભજ્યોતિ, રાતદિવસ નહિ સાંઝ સવાર: મ્હારી૦
ભાવિના નહિં પ્રેરક વાયુ, ભૂતતણો દાબે ઓથાર:
અધડૂબી દીવાદાંડી પર ખાતી આશા મોતપછાડ: મ્હારી૦

નથિ હીરા, નથિ માણેકમોતી, કનકતણો નથિ એમાં ભારઃ
ભગ્ન સ્વપ્નના ખંડિત ટુકડા તારી કોણ ઉતારે પાર? મ્હારી૦ ૬

---

**૭૪ મનઃસુખલાલ મગનલાલ ઝવેરી:**

## અમે મનુજ!

હમે મનુજ! વિશ્વની સકલ યોજનામાં હમે
રહ્યા સતત અગ્રણી; પરમસત્ત્વ આ સૃષ્ટિમાં!
હમે મનુજ! બુદ્ધિના વિરલ વૈભવે સોહતાઃ
હમે સકલ સર્જને શિરકિરીટ જેવા રહ્યા!
હમે મનુજ! બુદ્ધિ તીવ્ર અમ વિશ્વના ભેદને
ઘડીકમંહિં દે કરી સુતર સોઙ્યલા સર્વથા;
ઘડીકમંહિં બુદ્ધિ તીવ્ર અમ એ જ, પ્રશ્નો કરી
રચે ગહન કોયડા જ હમને ય મૂંઝાવતા!
હમે મનુજ! બુદ્ધિથી સબળ આ હમારી હમે
મહા મનુજવંશને પશુદશાથિ ઉદ્ધારિયો;
અને સબળ બુદ્ધિ એ જ મનુવંશને પાશવી
દશામંહિં કરી રહે વિલસતો અને રાચતો! ૧૨
હમે મનુજ! બુદ્ધિના અમ અમાપ સામર્થ્યથી
હમે મનશરીરની સકલ શૃંખલા ભેદતા;
અને અમ સમર્થ બુદ્ધિ નિત શૃંખલાઓ નવી
રચી જ અમ બાંધતી મનશરીરને સર્વદા!
હમે મનુજ! આ અનન્ય અમ બુદ્ધિના વૈભવે
પ્રતિચ્છવિ હમે બન્યા અતિસુરેખ સ્રષ્ટાતણી;
અને અવ અનન્ય બુદ્ધિ અમ એ જ સ્રષ્ટાતણાં
સ્રજે છ ગુણ રૂપ જ્ઞાન બળ કર્મ પ્રાસાદને.
હમે મનુજ! બુદ્ધિમાં અમ અસીમ શ્રદ્ધા રહી;
અને ન અમ બુદ્ધિને ગણતરી ય શ્રદ્ધા તણી!
હમે મનુજ! કેંદ્ર સૌ જગતમાં ય બુદ્ધિ વડે;
અને જગતને જ કેંદ્ર અમ બુદ્ધિ માની રહી! ૨૪

---

## ૭૫ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર ( સુન્દરમ્ )

# બુદ્ધનાં ચક્ષુ

ભલે ઊગ્યાં વિશ્વે નયન નમણાં એ પ્રભુતણાં,
ઉગ્યાં ને ખીલ્યાં ત્યાં કિરણકણિ આછેરી પ્રકટી;
પ્રભા ત્યાં ફેલાઈ જગત પર દિવ્યા મુદતણી;
હસી સૃષ્ટી, હાસે દલ કમલનાં ફુલ્લ બનિયાં.
પ્રભો, જન્મે જન્મે કર ધરિ કંઈ શસ્ત્ર ઉતર્યાં,
નખાગ્રે, દન્તાગ્રે, દમન કરિયૂં શબ્દછલથી;
સજ્યું કે કોદંડ, ગ્રહિ પરશુ, ચક્રે ચિત ધર્યું,
પ્રભો, આ જન્મે તો નયનરસ લેઈ અવતર્યાં.
વિધાતાનાં દીધાં નયન કરિને અન્ધ જગ આ
ભુજાએ ઝૂઝન્તૂં કુટિલ મનનો આશ્રય લઈ;
પ્રભો, આવી આપે નયન જગને અર્પણ કર્યાં.
ભમન્તૂં અન્ધારે જગત નવ ચક્ષે જગવિયૂં.
મથ્યા લોકો ખુલ્લાં નયન કરવા બન્ધ પ્રભુનાં,
પુર્યાં કિલ્લે, મ્હેલે, રમણિભુજને પંજર વિષે;
વિદાર્યાં એ બન્ધો, નયન ઉઘડયાં ચેતનભર્યાં,
ન રૂંધ્યાં જાગેલાં, મુરછિત દગોને જગવિયાં.
ફરી ખૂણે ખૂણે જગત નિરખ્યૂં નેત્ર સદયે,
લહ્યૂં—સૃષ્ટીખાડે ખદબદી રહ્યા કીટ જગના
જરા વ્યાધીમૃત્યુ ત્રિવિધિ વમળે ડૂબિ મરતા;
અને બીજા જીવો ઉપર નભતા જીવ નિરખ્યા.
ઘુમ્યાં શાન્તીઅર્થે વન વન તપો તીવ્ર તપિયાં
ન લાધ્યૂં ઇચ્છેલું: નયન ભમતાં ત્યાં વિરમિયાં:
સર્યાં તે મીંચાઈ નિજ હૃદયને સાગરતલે,
ફરી આત્માગારે વિરલ લઈ મુક્તા ઉઘડિયાં.
અને આત્મસ્નાને અધિક થઈ ને આર્દ્ર નયનો
ખુલ્યાં ના ખૂલ્યાં ત્યાં પ્રણયરસગંગા અવતરી:

વહી તે ફેલાતી સભર જડ ને ચેતન વિષે:
કૃપાગંગાસ્નાને અવગતિ ટળી જીવ સહુની.
ઉધારી સૃષ્ટીને નયનજલથી ચક્ષુ પ્રભુએ
શમાવ્યાં, ત્યાં બીજાં નયન જગને અન્તર ખુલ્યાં.
પછી ઝંઝાવાતો ઉમટી કદિ એને મુઝવતા,
–તુફાનો દાબી એ દ્વિગુણ બલથી તે ચમકતાં.

---

**૭૬ કેશવલાલ હરિરામ ભટ્ટ—**

## તારનું તુટવું

તૂટયો મ્હારો તમ્બૂરાનો તાર, ભજન અધૂરૂં રે
રહ્યું ભગવાનનું— ટેક,

એક તૂટતાં બીજા રે તાર અસાર છે,
જીવાળીમાં નહિં હવે જીવ જી:
પારા પડયા પોચા રે નખલિયું નામનું— તૂટયો૦

તરડ પડી છે રે બાતલ તુંબડે.
લાગે નહીં ફૂટિ જતાં વાર જી:
ખૂંટીનું ખેંચાવૂ રે કાંઇ ન કામનું— તૂટયો૦

સ્વર મેળવિયે શેમાં રે તાલ બે તાલ છે,
ઢોલકમાં પણ કાંઈ ન ઢંગજી:
બન્ધ થયૂં છે બાઙૂ રે હરિ રસ પાનનું— તૂટયો૦

ખર્ચી હવે ખૂટી રે બૂટી હવે બીજી નથી,
હરિ હવે ઝાલો તમે હાથ જી;
કહું છું કામ ન મ્હારે રે ધનજનધામનું— તૂટયો૦

કેશવ હરિની કરણી રે કોઈ ન જાણી શકે,
વાણી મન પાછાં વળી જાય જી;
બલ ચાલે નહિં એમાં રે મહા બળવાનનું— તૂટયો૦

**૭૭ ચમનલાલ કચરાભાઈ ગાંધી.**

## મૃત્યુ

કંપે છે વજ્ર કાયા જગત પગ તળે છૂંદનારા વીરોની,
લક્ષ્મીનાં લોલ નેને રજનીદિન ભૂલ્યા નીંદ આક્રંદી ઊંડે,
ગંગાના નીર જેવી સુભગ કવિ તણી કાવ્યધારા વિરામે,
રે ! ત્હારા નામમાત્રે ભડ ભીરુ બનીને સ્થિરતા હારી બેસે.
શું છે ત્હારી સ્મૃતિમાં ? અકળ અણુકથી ક્રૂરતા પાર્ષદોમાં ?
કેવાં છે ઝેર નેને ? અગર ગજબ છે કેવું ત્હારૂં સ્વરૂપ ?
છે ત્હારા જૂથમાં શું મનુજ ભરખતી, રાચતી રક્તસ્નાને,
મુંડોની માળગૂંથી, શિવ રીઝવતી કો ભૈરવી જોગણી કે ?
ના ના, ભૂલ્યો; નથી કૈં; મનુજ અબુધની લાલસાથી ભરેલી,
હત્યારી કલ્પનાના અગણિત ચીતર્યાં સ્વાર્થીલા સૌ તરંગો. ૧૦

ઢાળીને પાંપણો આ, કુસુમ કળીસમાં કોમળાં હાસ્ય વેરી,
તારે ખોળે મધુરાં નભપરીસપનાં સેવતાં બાળ પોઢે;
રંકોને રાય કેરાં કુટિલ જગતનાં કૈં કલંકો અનામી,
હર્ષોન્માદો વિષાદો જય-અજય તણા ભાવના વાયુ ઝેરી
વામે સૌ ત્હારી કુંજે; અમર જીવનનાં કિન્નરી ગીત ગુંજે.
સત્વોના સાર જેવા પરમ પ્રિય પિતા ! થાકી નેનો મીચું હું.
ઇચ્છે ત્યારે મને યે શિશુ સરલ ગણી પ્રેમથી અંક લેજે. ૧૭

---

**૭૮ કેશવલાલ હરગોવિન્દદાસ શેઠ—**

## સુર વાટ

ભૂલી પંથ ભમૂં દિનરાત રે કોઈ સંત બતાવોજી વાટ. ધ્રુવ૦
ઉગે સુરજ વળિ આથમે એવી ન્હોતી મ્હારી મૂળ ભોમ:
જ્યોતિ અખંડ ઝગે જ્યહિં, જેનાં તેજ દ્રવે વીંધી વ્યોમ: કોઈ૦
સંસારને ઉન્હે વાયરે થાય ઘર ઘરના દીપ ગૂલ:
જીવન અહિં એવાં વ્હેંતિયાં—મ્હારે મુલકતો અમરોનાં ફુલ: કોઈ૦

ઉષાને અધરે ખીલતો ને સંધ્યાને કાંઠે વિલાય:
એવા રે સ્નેહને સોણુલે મ્હારું જિવતર ઝોલાં ખાય: કોઈ૦
પગલે પગલે પાવક પરજળે ને આંખે ઘેર્યો અંધકાર:
પામર દેહની પીડ પડી વહી ભવરણુ કેરો ભાર:
હવે સંત દોરો સુર વાટ૦ ૯

---

**૭૯ અરદેશર ફ્રામજી ખબરદાર**

## સનાતન અંધાર

અતિ ઊંડા પવિત્ર અંધાર આ! ઊંડા શા તુજ પુકાર!—ધ્રુવ.
શુદ્ધ સ્વરૂપ સનાતન ત્હારું ફુલે બ્રહ્માંડમોઝાર;
સૃષ્ટિ બધી પાકી ત્હારા ઉદરમાં, તુંમાં ડૂબ્યો સહુ સાર રે—અતિ૦
ત્હારી સાથે કંઈ લડતું જણાતું એવું આ દુનિયાનું તેજ,
તે પણ ત્હારા ઉદરમહિં પાક્યું, તું વિણ કાંઈ ન રેજ રે—અતિ૦
આકાશનાં પડ કૈંક રચી ઈશે તેમાં ફુંક્યાં નિજ તાન,
એ સહુની પણ આગળ તું તુજ ગાતો અખંડ જ ગાન રે—અતિ૦
સૂર્ય શશી વળિ તારા ને પૃથ્વી, ગાન કરે એ સર્વ,
એના સ્વરો સહુ તુજ ભવ્ય ગાને ભેળાઈ તજિ દે ગર્વ રે—અતિ૦
એ સહુને નિજમાંહિં રમાડતું કાળનું ઉર વિશાળ,
તે પણ સૂઈ રહે તુજ અંતર દીન બની તુજ બાળ રે—અતિ૦
તેજથકી અતિ તપ્ત બનેલું શોધે જગત તુજ સહાય,
આશ્રય તેને તું ત્હારો દઈને શીતળ કરિ દે ત્યાંય રે—અતિ૦
તેજ બધું જગદૃષ્ટિથી છુપવે ઉચ્ચ વિશ્વેશનાં કામ;
વિશ્વ અલૌકિક તું જ બતાવે, ત્હારું જ છે સત્ય ધામ રે—અતિ૦
પૃથ્વી અપાર દુઃખોથી ભરી ત્યાં પામર જનના શા ભાર?
પણ તુજ ઉરમાં એ સર્વ વહે નિત્ય, તો જ ટકાય લગાર રે!—અતિ૦
ક્રૂરતા જગની પુકારતાં બનિયાં કૈંક હૃદયનાં ગાન,
તે સહુને તુજ ઉરમાં ડુબાવી પિગળાવિ દે તુજ સ્થાન રે—અતિ૦
જાગતું વિશ્વ જણાતું આ સહુ તે સૂઈ જશે એક વાર,
શુદ્ધ સનાતન તું જ ઈશ સાથે જાગ્રત રહેશે ત્યાર રે!—અતિ૦

માયાવિ તેજથી ઠગાઈ આખર આવતું તાહરી પાસ!
તત્વ ઊંડું મળે તુજમાં જ અંતે, અંધાર એ જ પ્રકાશ રે ! !—અતિ૦
તો શિદ હૂં નહિ માગું આ ત્હારા સત્ય હૃદયનો વિલાસ?
દીન ગાન મુજ તુંમાં ભેળિ આવું, એજ અભેદ ઉલ્લાસ રે !—અતિ૦

---

૮૦ સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (કલાપી)—

## આપની યાદી

જ્યાં જ્યાં નઝર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની:
આંસૂ મહીં યે આંખથી યાદી ઝરે છે આપની. ૧
માશુકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન, જ્યાં જ્યાં ગુલો, ત્યાં ત્યાં નિશાનીઆપની. ૨
જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર:
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની. ૩
તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની. ૪
આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની. ૫
આકાશથી વર્ષાવતા છો દુશ્મનો ખંજર બધા:
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની. ૬
દેખી બુરાઈના ડરૂં હૂં, શી ફિકર છે પાપની?
ધોવા બુરાઈને બધે ગંગા વહે છે આપની. ૭
થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાં યે આશના:
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની. ૮
જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને
એસાનથી દિલ ઝૂકતૂં, રેહમત ખડી ત્યાં આપની. ૯
પ્યારૂં તજીને પ્યાર કોઇ આદરે છેલ્લી સફર:
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની. ૧૦
રોઉં ન કાં એ રાહમાં બાકી રહીને એકલો?
આશકોના રાહની જે રાહદારી આપની. ૧૧

જૂનૂં નવૂં જાણું અને રોણી હસ્યું તે તે બધૂં
જૂની નવી ના કાંઈ, તાજી એક યાદી આપની. ૧૨
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટીઃ
જોયૂં ન જોયૂં છો બને; જે એક યાદી આપની. ૧૩
કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખૂં બધીઃ
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની. ૧૪

---

## ૮૧ ઝીણાભાઇ રતનજી દેસાઇ ("સ્નેહરશ્મિ")

# મિલનનું સ્વપ્ન

ત્યજીને ખોળો કો ગિરિવર તણો, ને વનવનો
તણાં ગાનો કેરા નિજ લહરમાં ઝીલિ પડધા;
કદી વા ઊંચા કો ખડક કપરા કાળ સરખા
ગજાવીને ગાને, ધુમટ રચિને શીકરતણો;
ઘડીમાં દોડે કો તરલ મિહિ કન્યા સમ, અને
ઘડીમાં ફેલાતી ઉભય તટ પે ગૌરવભરી
મહારાજ્ઞી જેવીઃ વહતિ સરિતા જેમ ચમકે
સુણીને પ્હેલાં તો રવ ઉદધિનો, કિંતુ ઉછળી
પછી રૂહેતી તે ત્યાં, જ્યમ ગહનના ભવ્ય સપને!
પ્રભો, તેવી રીતે કદિ સરલ વા કષ્ટ વહતી,
કદી કાંતારોમાં પરમસુખના, વા ખડક પે
મહાદુઃખો કેરા કુહડિ ફરતી, જીવનનદી
સુણે આઘાતે જ્યાં, ગહન ગહરો કાલરવ ત્યાં
લખાશે ના ભાગ્યે મિલનસપનાં તૂં–ઉદધિનાં? ૧૪

---

## ૮૨ રામનારાયણ વિશ્વનાથ પાઠક (શેષ)—

# સિંધુનું આમંત્રણ

આનંદસિંધુ આમંત્રે સ્વયં હસ્ત ઉછાળતો,
રંગબેરંગી ઝાંયોનાં મોતિઓ વરપાવતો.

નહીં માર્ગ નહીં કેડી, દ્વાર કે દરવાન ના,
જ્યાં હો ત્યાંથી અહીં આવો, પાડ કે એહસાન ના.

દેખાતા સામસામા જડ જમિનતટો તો ય આ એક સિંધુ;
નોખાનોખા વસેલા મનુજ જગ પરે આપણે એક બંધુ.
આવો આવો પ્રજાઓ ! અહિં યુગયુગનાં વૈર વામો ડંસીલાં,
સિંધુ સાથે મિલાવી નિજ સુર ગરવાં ગીત ગાઓ રસીલાં.
આવો ફિલસૂફ આવો કવિગણ રસિકો ને કલાકોવિદો યે !
ઊર્મિ, પ્રૌઢા તરંગો ચલગિરિવરશા, રંગિલા બુદ્બુદો. ને
આવેરા ઘોર ગર્તો અતલ, ઉલટતા વારિઓઘો અગાધ,
ને વિસ્તારો વિશાળા, સહુ દિશ સરખાઃ માંણ ખેલો અબાધ.

સહસ્ત્ર સ્રોતથી વેલી નદી જીવનની વહે,
ઘડી શુદ્ધ ઘડી મેલી, ક્ષણે ના સરખી રહે.
તેમાં આ તટથી પેલે જતાં જન મથીમથી,
અનુકૂલ વહી આવો પ્રવાહોના જ પંથથી,

અંધારાં ભેદવાને અહિંથિ દિનકરે હસ્ત બ્હેલો ઉગાસે.
વિશ્વોમાં એક ચક્ર ફરિ અતુલબલે અસ્ત એ આંહિં પામે;
જીવો નિઃસંખ્ય સૌ આ અકલ સલિલથી આદિમાં નિર્ગમે છે.
ઊંચાનીચા ફરીને સમય નિજ થતાં આંહિં આવી શમે છે.

આવો સૌ પુણ્યશાલી અમલ કરણિના પુણ્યનો આ જ આરો,
નિઃસંકોચે પધારો કલુષિત થયલા ! વારિધિ આ તમારો;
પ્રાયશ્ચિત્તે અહીંયાં પ્રજળિ ન કરવાં દામણાં દુઃખદાહે,
વામીને પાપપુણ્યોતણું મમત, રમો શુદ્ધ મુક્ત પ્રવાહે.

સુણાયે સાદ એ દેશ કાલની પાર દૂરથી,
લોકલોકતણા ઊંડા અંતરતમ ઊરથી.
"નિત્ય એ સાદ આવે છે, સત્ય એમાં કશું નથી;"
"જવાશે જઈશું ત્યારે," કરી કોઈ પ્રમાદથી
ગયું ના; પણ એ સિન્ધુ હજી હસ્ત ઉછાળતો,
આમંત્રે રંગબેરંગી મોતિઓ વરષાવતો.

### ૮૩ ન્હાનાલાલ દલપતરામ કવિ

## નયણાંની આળસ

મ્હારાં નયણાંની આળસ રે; ન નિરખ્યા હરિને જરી:
એક મટકું ન માંડ્યું રે, ન ઠરિયાં ઝાંખી કરી.
શોકમોહના અગ્નિ રે, તપે ત્હેમાં તમ થયાં:
નથી દેવનાં દર્શન રે. કીધાં, ત્હેમાં રહ્યાં.
પ્રભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા:
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાં ઉભર્યા.
નાથ ગગનના જેવા રે, સદા મ્હને છાઈ રહે:
નાથ વાયુની પેઠે રે, સદા મુજ ઉરમાં વહે.
જરા ઉઘાડું આંખડલી રે, તો સન્મુખ દેવ તદા:
બ્રહ્મ બ્રહ્માંડ અળગા રે, ઘડી યે ન થાય કદા.
પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ તેને ચેતનની ?
જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ તો ય કંઈ દિનની.
સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી:
જીભ થાકીને વિરમે રે, વિરાટ વિરાટ વદી.
પેલાં દિવ્ય લોચનિયાં રે; પ્રભુ ! કયારે ઊઘડશે ?
આવાં ઘોર અંધારાં રે પ્રભુ ! કયારે ઊતરશે ?
નાથ ! એટલી અરજી રે, ઉપાડો જડ પડદા:
નેનાં ! નિરખો ઉઘાડે રે, હરિવર દરસે સદા.
આંખ આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી:
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નિરખો હરિ.

---

### ૮૪ પ્રબોધ માણેકલાલ ભટ્ટ

## મ્હારા દેવ

મેં તો માન્યા છે દેવ, દેવ દેખ્યા નથી, દેખ્યા નથી,
પ્રાણ સાટે ય 'પ્રાણ'ને પેખ્યા નથી, પેખ્યા નથી.
આખો દિવસ હું બ્હાર દેવ શોધ્યા કરું, શોધ્યા કરું,
રાત આખી હું એ જ ઉર ઝંખ્યા કરું, ઝંખ્યા કરું.

પૂછ્યું,—પોતે પ્રત્યક્ષ દેવ દીઠા હતા, દીઠા હતા?
કહે,—સાધુને સંત એમ કહેતા હતા, કહેતા હતા.
કોઇ કહેતું કે દેવ આભ બેઠા હશે, બેઠા હશે,
કોઇ બોલે પાતાળ જઈ પેઠા હશે, પેઠા હશે.
ક્ષીરસાગરમાં દેવ કોઈ શોધી ગયું, શોધી ગયું,
હિમમાળે છે ઠેઠ, કોઈ બોધી ગયું, બોધી ગયું.

ભર્યા બ્રહ્માંડે દેવ, લોક જાતા કથી, જાતા કથી,
મ્હારા કલ્પનમાં દેવ એમ માતા નથી માતા નથી.
પૃછ્યું દૃષ્ટાને દેવ કહો કેવા હતા, કેવા હતા?
'વદે વેદ ને પુરાણ દેવ એવા હતા, એવા હતા.'
મચ્છ, કચ્છપ, વરાહ દેવ બનતા હશે, બનતા હશે?
ઘડી વામન વિરાટ,—ખેલ કરતા હશે, કરતા હશે?
'લોક કાજે એ રૂપ ખેલ ખપનાં હતાં, ખપનાં હતાં,'
બધાં અંધારિ રાતનાં સપનાં હતાં, સપનાં હતાં.
દેવ શાના?—જો ચાપબાણુ ધરવાં પડે, ધરવાં પડે,
યુદ્ધ બોધી સંહાર કેમ કરવા પડે, કરવા પડે?

'દેવ એક ને અનેક રૂપ?' શાને નહીં, શાને નહીં?
મ્હારી માનવની આંખ એમ માને નહીં, માને નહીં.
મ્હારી શ્રદ્ધાના તાગ કોક માપી જતૂં, માપી જતૂં,
મ્હારા હૈયાને કોક તો સતાવી જતૂં, સતાવી જતૂં.
દેવ શોધું ને કોઈ ન બતાવી જતૂં, બતાવી જતૂં.
ખરે ક્યાં યે શું દેવ કોઈ જોતૂં નથી, જોતૂં નથી!
મ્હને કાં તો સાચૂં જ કોઈ કહેતૂં નથી, કહેતૂં નથી!
રોજ ચાલૂં એ વાટ, વાટ ખુટતી નથી, ખુટતી નથી,
મ્હારા હૈયાની આશ તેમ ફુકતી નથી, ફુકતી નથી.
મેં તો મા......

---

## ૮૫ નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા:

# અવસાન

અંધારમાં ઝબુકિ વીજ વિલીન થાય,
ઉલ્કા સરે ગગનમાં ગગને સમાય;
ગીતધ્વનિ પ્રકટિ શૂન્ય વિષે જ ડૂબે,
આનંદ માનવઉરે પળ માત્ર થોભે.
એ ઇંદ્રજાલરચના ગમતી તથાપિ
ભારે ભર્યાં હૃદયને ક્ષણ હર્ષ આપી;
મૌનેથિ ઊપનિ વળી શમિયા જ મૌને
ઝંકાર આ સુખ કરે કદિ બંધુઓને,
ઝીલ્યા ગણું સફલ આ ઉરયંત્રમાંહિ
દેવીતણા મધુર નૂપુરનાદ કાંઇ:
છોને પછી કવિત—નૂપુર મૂક થાય,
ઝંકાર નૂપુરતણા નવ વ્યર્થ જાય.
ને નાદ એ સરિ જશે વહિ મંદ મંદ,
નિઃશબ્દ શાંતિ ઉરમાં લય પામિ ધન્ય;
તે નાદની સમ વિલીન થઈ હું જાઉં
ને મૌનના ગહન સિંધુ વિષે સમાઉં;
તે વેળ ઓ રસિક બંધુ, હું માગું એક
મા વીસરી કંઈ જતો મુજને તું છેક;
જો એક અશ્રુ તુજ મેં કદિ હોય લોપ્યું,
એકાદ અશ્રુ તણું દાન જ યાચું તો હું.

ઇતિ

(૧લી આ૦) વૃષની છેલ્લી તિથિએ
કાવ્યભાવના ક્રમરુચિરે કથવા
સુખારિ સમયતણી આ
રચી બલિ સમૃદ્ધિ સવિવરણા.

(૨જી આ૦) અર્ધપલિત શિર પૂરૂં
થતાં સમુજ્જવલ સમૃદ્ધિ શિત્તેરે
બલિ ફરિ ગુંથી ઉમંગે,
કાવ્યભાવનોજ્જવલનલોભે.

# પ્રથમ પંક્તિ સૂચિ


| પંક્તિ | | (કર્તા) | ક્રમાંક |
|---|---|---|---|
| અતિ ઉંડા પવિત્ર | ... | (અ. ફ. ખબરદાર) | ૭૯ |
| અમે મનુજ વિશ્વની | ... | (મ. ઝવેરી) | ૭૪ |
| અંધારામાં ઝબુકિ | ... | (ન. ભો. દીવેટિયા) | ૮૫ |
| અંહિયાં સહસ્ત્રલિંગ | ... | (ન. ભો. દીવેટિયા) | ૪૩ |
| આજ જગદેવ | ... | (બ. ક. ઠાકોર) | ૬૧ |
| આજ મહારાજ | ... | (મ. ર. ભટ્ટ. "કાંત") | ૧૬ |
| આજ મ્હારે હૈયે | ... | (ના. ભા. દવે) | ૫ |
| આ તે શા તુજ | ... | (નર્મદ) | ૪૨ |
| આનંદસિંધુ | ... | (રા. વિ. પાઠક) | ૮૨ |
| આશ્વાસનો ન | ... | (સું. ગો. બેટાઇ) | ૩૫ |
| ઇતિહાસની | ... | (નવલરામ) | ૪૧ |
| એક દિન મ્હેતાજીએ | ... | (મુ. વ. પારાશર્ય) | ૬૩ |
| ઓલ્યા પાંદડાને | ... | (રા. વિ. પાઠક) | ૨૯ |
| કવિમાં પડી | ... | (મ. હ. દવે) | ૨ |
| કેમ અને ક્યારે | ... | (બ. મે. મલબારી) | ૩૨ |
| કંપે છે વજ્રકાયા | ... | (ચ. ક. ગાંધી) | ૭૭ |
| ક્રિડંતી કન્યાના | ... | (દે. કા. પરમાર) | ૪૦ |
| ક્ષિતિજમાં કંઈ | ... | (ગ. ગુ. બુચ) | ૧૨ |
| ખમો વરસ | ... | (હા. પી. ચોકસી) | ૬૭ |
| ગુજરે જે | ... | (બાળાશંકર) | ૨૬ |
| ગોધણ ધણીની | ... | (કૃ. જે. શ્રીધરાણી) | ૫૯ |
| ઘોર અતીવૈંક્ષા | ... | (ત્રિ. ગૌ. વ્યાસ) | ૧૧ |
| ચાપહીન થયે | ... | (મ. મ. ઝવેરી) | ૫૨ |
| ચોખંડ માંહીં | ... | (ન્હા. દ. કવિ) | ૪૭ |
| જય જય ગરવી | ... | ( નર્મદ ) | ૪૫ |
| જે ભાષા દેહ | ... | (પૂ. ર. હલવાડી) | ૯ |


* કૃતિ અને તેનું વિવરણ ઝટ અને સહેલાઈથી મળી જશે એના આ ક્રમાંક ઉપરથી

| | | | |
|---|---|---|---|
| જો જો પેલો | ... | (ન. ભો. દીવટિયા) | ૧૯ |
| જ્યાં જ્યાં નઝર | ... | (સુ. ત. ગોહેલ—"કલાપી") | ૮૦ |
| તિમિરાશયનાં | ... | (મ. ર. ભટ્ટ—"કાંત") | ૩૯ |
| તુટો નવ તુટો | ... | (પ્ર પારેખ) | ૨૩ |
| તૂટયો મ્હારો તંબૂરાનો... | | (કે. હ. ભટ્ટ) | ૭૬ |
| તૂં તો અજબ વેશધારી... | | (ત્રિ. પુ. લુહાર—"સુંદરમ્") | ૧૮ |
| તૂં ત્હારા દિલનો | ... | (ભો. ચુ. ગાંધી—"ઉપવાસી") | ૨૭ |
| તે રમ્ય રાત્રે | ... | (ત્રિ. પુ. લુહાર—"સુંદરમ્") | ૫૭ |
| તે સમેય સખિ | ... | (ગ. ભાવસાર) | ૪૯ |
| ત્યજીને ખોળો | ... | (ઝી. ર. દેસાઈ—"સ્નેહરશ્મિ") | ૮૧ |
| ત્યારે ગઇ શું | ... | (ર. મ. નીલકંઠ) | ૩૭ |
| થા ઊંચો આબુ | ... | (પૂ. ર. દલવાડી) | ૧૩ |
| દલપતરામ કૃપાથકી | ... | (ત્રિ. પુ. લુહાર—"સુંદરમ્") | ૩ |
| દીપ્રેલ તેં અમિ | ... | (જે. ના. ત્રિવેદી) | ૨૦ |
| ધમધમ ધરણી | ... | (દુ. લા. કરાણી) | ૪૪ |
| નથી પાસે કોઈ | ... | (બ. ક. ઠાકોર) | ૫૦ |
| નદી દોડે સોડે | ... | (ઉ. જે. જોષી) | ૨૧ |
| નહિં હતૂં મ્હને | ... | (મ. ભૂ. પટેલ—"પતીલ") | ૬૨ |
| ના મ્હારે તુજ ભેટ | ... | (મ. ભૂ. પટેલ—"પતીલ") | ૨૫ |
| નિશીથ હે નર્તક | ... | (ઉ. જે. જોષી) | ૧૭ |
| પડયા જખમ સા | ... | (સુ. ત. ગોહેલ—"કલાપી") | ૨૮ |
| પદો ગર્વે રોપી | ... | (પૂ. ર. દલવાડી) | ૬૬ |
| પિતાજી, પત્રને પુષ્પે | ... | (ન્હા. દ. કવિ) | ૩૬ |
| પૃથ્વી થકી માનવ | ... | (રા. મો. શુકલ) | ૩૧ |
| પૃથ્વી પેટાળ ત્હારે | ... | (દુ. તુ. શુકલ) | ૨૨ |
| પ્રભા પકટતી હતી | ... | (ભો. ચુ. ગાંધી—"ઉપવાસી") | ૭૦ |
| પ્રસરી રહિ ચોપાસે | ... | (મ. ર. ભટ્ટ—"કાંત") | ૪૮ |
| પ્હણે નગરપાદરે | ... | (ચ. ઉ. પટેલ) | ૫૫ |
| ભલે ઊગ્યાં વિશ્વે | ... | (ત્રિ. પુ. લુહાર—"સુંદરમ્") | ૭૫ |
| ભલે મન વિવેક | ... | (હ. પ્રા. ભટ્ટ) | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ભીંજાયેલાં ઉરેથી | ... | (દા. ખુ. બોટાદકર) | ૧૦ |
| ભુલી પંથ ભમૂં | ... | (કે. હ. શેઠ) | ૭૮ |
| મદુલી મઝાની | ... | (જ. મ. બુચ.–"લલિત") | ૬૦ |
| માણેક મોંઘેરાં | ... | (હંસરાજ હરખજી) | ૬૪ |
| મિત્રામ્હને પ્રિયા | ... | (અ. ફ. ખબરદાર) | ૫૩ |
| મુકવા સર જન | ... | (મ. ભૃ. પટેલ–પતીલ) | ૭૧ |
| મ્હને સાંભરે આપણી | ... | (મ. ર. ભટ્ટ–"કાંત") | ૬૪ |
| મ્હારા કેસરભીના | ... | (ન્હા. દ. કવિ) | ૫૧ |
| મ્હારાં નયણાંની | ... | (ન્હા. દ. કવિ) | ૮૩ |
| મ્હારી નાવ કરે | ... | (ઝી. ર. દેસાઈ–"સ્નેહરશ્મિ") | ૭૩ |
| મ્હારી માઝમ રાતનાં | ... | (ઝ. કા. મેઘાણી) | ૬૮ |
| મેં તો માન્યા | ... | (પ્ર. મા. ભટ્ટ) | ૮૪ |
| રતન તૂં અમ | ... | (ઇં. ફૂ. ગાંધી) | ૩૪ |
| રમે હૈયાને ટેરવે | ... | (ઉ. જે. જોષી) | ૬ |
| રાધાશું શૃંગાર | ... | (છો. ન. ભટ્ટ) | ૧ |
| રે તૂં સદા મુક્ત | ... | (ર. પી. સોની) | ૬૫ |
| લઉં ફૂલછડી | ... | (ચં. ચિ. મ્હેતા) | ૩૩ |
| વળી પ્હણું શી | ... | (ગો. મા. ત્રિપાઠી) | ૧૪ |
| વિજળી શો થયો | ... | (સુ. ત. ગોહેલ–"કલાપી") | ૫૪ |
| વેર ઝેર વિસારે | ... | (દે. રા. મોઢા) | ૭૨ |
| શોધ્યૂં સંસ્કૃત | ... | (દલપતરામ) | ૮ |
| સખી મેં કલ્પી'તી | ... | (ઉ. જે. જોષી) | ૫૬ |
| સરવરે તરતી | ... | (ર. છો. પરીખ) | ૧૫ |
| સુણૂં ક્યાં પ્રેમ | ... | (હ. પ્રે. ત્રિવેદી) | ૨૪ |
| સ્મરી સ્મરિ અનેરિ | ... | (ર. બ. અરાળવાળા) | ૬૯ |
| સ્વર્ગંગા સેંથો | ... | (બ. ક. ઠાકોર) | ૪૬ |
| સ્હવાર તે | ... | (ક. ન. માણેક) | ૩૮ |
| હવે ગગનગુંબજે | ... | (મ. લા. દેસાઈ–કોલક) | ૭ |
| હૈયે ત્યારે ઝગે | ... | (ભા. બા. વ્યાસ) | ૪ |

પ્રતિભાસિદ્ધ જિતે છે

લયમધુરા વાગ્વિહારિ કવિવર તે

જેના ધવલ સુકર્ષે

કાલકાલિમા ય ના લાગે !

વાગ્રત્નાકરજાયા

કામકલારશ્મિકલ્પિતા દેવી,

અનંતબ્રાહ્મિ સૌન્દર્યો

ગુંજંતાં ખિલવતાં જીતો !

# વિ વ ર ણ

हितं मनोहारि च दुर्लभं वचः-भारवि
કદી જ મીઠી હિતલક્ષણા ગિરા.

Today poets lack the inestimable advantage of direct criticism What poets need is the dead cat thrown at them by the dissatisfied members of the audience.

—JOHN MASEFIELD.

(તરજુમો) કવિઓને સક્રિય ટીકાનો અમૂલ્ય લાભ આજે નથી મળતો. (આગલા સમયમાં) શ્રોતાઓમાંથી નારાજ થતા લોક કવિ ઉપર મુવેલી બિલાડીની [અને એવી એવી] પુષ્પાંજલિ વર્ષાવતા. આજે પણ [કવિઓને સાચા વિકાસને માટે] એ [નારાજીપાનું ચોકખું અનુત્તર પ્રદર્શન] જરૂરનું છે.

Imitators, every one knows do not count in the history of poetry. —B. CROSE.

[તરજુમો] સૌ જાણે છે કે નકલી કવિઓને કવિતાના ઇતિહાસમાં સ્થાન જ નથી

With poetry secondrate in quality no one ought to be allowed to trouble mankind. —RUSKIN.

[તરજુમો] ઉતરતા ગુણની કવિતા વડે માણસ જાતિનું મગજ પકવવાની છૂટ કોઈને પણ હોવી જોઇએ નહીં.

Truly great work never pleases at once, and the god set up by the multitude keeps his place on the altar but a short time. This rule is most directly confirmed in the case of pictures, where, as connoisseurs well know, the masterpieces are not the first to attract attention. If they make a deep impression it is not after one but only after repeated inspections; but then they excite more and more admiration every time they are seen. —SCHOPENHAUER.

(તરજુમો) મહા સાહિત્યને લોકાદર મેળવતાં વાર લાગે છે. લોક જેની દેવ લેખે પૂજા કરે છે તેને પછી થોડાજ સમયમાં અપૂજ્ય પણ રાખે છે. આ નિયમ સૌથી વધારે ચિત્રોના દાખલામાં પ્રત્યક્ષ થાય છે; અને ચિત્રોના પારેખો સારી રીતે જાણે છે, જે શ્રેષ્ઠ ચિત્રો તરફ પ્રથમ ધ્યાન નથી ખેંચાતું. વારંવાર જોવાયા પછીજ ઉત્તમ ચિત્ર ઉંડી અસર ઉપજાવે છે, અને પછી તો તે જેટલી વાર જોવામાં આવે તેટલી વાર વધારે વધારે જ મોહની લગાડે છે.

# વિવરણ

## ૧

## સ્તુતિમંગલ: છોટાલાલ નરભેરામ ભટ્ટ

કવિત કે મનહર છન્દ.

૧ લી કડીમાં કૃષ્ણલીલાની સ્તુતિ મિષે, ૨ જીમાં દશાવતાર સ્તુતિ મિષે, દશે રસના વિષય દશે રસ રૂપ **रसो वै सः** એ પરમાત્માની સ્તુતિ છે. તેને પ્રથમ મૂકીને હું સવિવરણ સંગ્રહકર્તા આ ચોપડીનું મંગલાચરણ કરું છું.

**રસના** (૧) જીભ, વાણી; [૨] શૃંગારાદિ રસોના. આપ **રસના વિષય** છો–[૧] જીભ વિષય છો, વાણી વિષય છો; [૨] રસોના વિષય [વાસ્તવિક સનાતન અનન્ય આધાર] છો. આ શ્લેષાલંકાર ઉપરાંત બીજા અલંકારો પણ આમાં છે. આપણી સંસ્કૃતિ પરમ્પરાએ જે અલંકાર પ્રધાન કવિતાશૈલી વારસામાં મળેલી તે શૈલીનો આ નમૂનો છે. આખી કૃતિજ અલંકારમય છે. [પણ અલંકારોનો શાસ્ત્રીય વિષય આ ચોપડીના સામાન્ય વાચકો કરતાં વધારે જ્ઞાનાધિકારવાળા વર્ગ માટેનો હોવાથી અહીં છોડી જ દઉં છું. કવચિત્ સ્હેજ ઇશારાથી જ સંતોષ માનીશ. વળી પ્હેલો અર્થ, પછી અલંકાર વગેરે; અલંકારાદિ જોવામાં અર્થને વિષે બેદરકારી ચલાવી ના લેવાય.]

આખું ઘટાવતાં કવિને કેટલાક અંશ જરા તાણવા પડયા છે. યાદવોને રોળ્યા એ શાન્ત રસનો દાખલો કેવી રીતે, મત્સ્યાવતાર વાત્સલ્યનો કે કૂર્માવતાર હાસ્યરસનો પ્રતીક કેમ, રામાવતારનો આખો સંદર્ભ કરુણરસપ્રધાન કહેવાય ખરો, વગેરે સવાલોના સૌને ઝટ ગળે ઉતરે એવા સંતોષકારક જવાબ ભાગ્યે દઈ શકાય. કંઇક અંશે સાચાં એવાં વિધાન પણ કવિ કરે તેની એને છૂટ હોવી જોઈએ, એજ છેવટનો જવાબ છે.

શ્રી છોટાલાલના જન્મની ઈસવી સાલ ૧૮૫૦. આ આવૃત્તિમાંથી "ઋષિરાય" [જ.–૧૮૩૫] અને અનવરમીયાં (જ.–૧૮૪૩) ને છોડી દીધા છે, એટલે ક. દ. ડા. [જ.–૧૮૨૦], નર્મદ (જ.–૧૮૩૩) અને નવલરામ (જ.–૧૮૩૬) શિવાયનામાં એઓ જ સૌથી જૂના છે. એઓ સંબંધી વિશેષ હકીકત સારુ જુવો 'ગ્રંથ અને ગ્રંથકાર' પુ. ૧ : ૧૯૩૦. આ સંગ્રહમાંના સંખ્યાબંધ કવિઓને લગતી વિશેષ હકીકત માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રકટ કરેલી આ ગ્રંથમાળાનાં પુસ્તકો જોવાં. દરેક ઠેકાણે એને ટાંકવાનું લંબાણ બીનજરૂરી.

---

# ૨

## કવિમાં તકરારઃ મનુ હરગોવિંદદાસ દવે

જન્મ ઈ. ૧૯૧૪ **૫૬**

"પશુમાં પડી એક તકરાર" એ વાંચનમાલામાંના જાણીતા ગીત ઉપરથી સૂચન મેળવીને કવિએ આ જોડયું છે. મૂળ ગીતમાં કચેરીમાં ભેગા મળવાનો ઉદ્દેશ "ન્યાય મેળવવાનો" છે અને ત્યાં ન્યાયાધીશ પદ "નર ને નાર" ને સોંપેલું છે. આ અનુકરણનો ઉદ્દેશ "ઊભરાઓ ઠાલવવાનો" જ રાખ્યો તે ઉચિત કર્યું છે, પણ તેથી કચેરીમાં "નર ને નાર" ન્યાયાધીશ મટીને માત્ર શ્રોતા બની જાય છે. આરંભ શ્રી ન્હાનાલાલથી કર્યો છે તે ઉચિત છે પરંતુ પછીના અનુક્રમમાં કશો મેળ નથી જણાતો.

**૬.** કવિઓ સામે એક ટીકા વારંવાર થયા કરે છે કે એ લોક તો બહુ આત્મપ્રશંસકો છે, તેનો આ રદિયો છે. કવિતાની કોઈને જ દરકાર કે કદર જણાતી નથી એવી પરિસ્થિતિમાં એ અધીર પટુકરણ વ્યક્તિઓ આત્મપ્રશંસક બને જ ને.

**૭.** ગુજરાતીનો રખવાળ ભાષાશુદ્ધિ માટે આગ્રહી.

**૨૬.** ભાટ ચારણનાં નામને છેડે ઘણું ખરું (આપણા નામોના અંત્યાંશ રાય શંકરલાલ આદિને ઠેકાણે) દાન આવે છે. ભાટચારણો ભાટાઈ એટલે કે ખુશામત અતિ વખાણ આદિમાં કુશળ ગણાય છે. આ કવિ કહે છે મ્હનેય લોક માખણિયા ડોકો બેસાડે છે. કઢીઃ વખાણેલો શ્રીમંત જે બક્ષીસ પાનસોપારી આદિ આપે તે.

**૨૮–૨૯** છેલ્લી કડી જની લોકોક્તિ છે. ઝમાને ઝમાને ઘરડાં પાન ખરે છે તેમને દુઃખ વિષાદ આદિ થતાં જોઈને તાજી કળીઓ (કિશોરયુવકાદિ) ને હસવાનું થાય છે, ત્યારે તેમનો ઉપહાસ ન ખમાતાં એ ઘરડાં પાન ખરતાં ખરતાં વાગ્બાણ છોડે છે; 'આજ ભલે હસો, કાલ તમારો ખરવા વારો આવશે, ત્યારે તે સમયની કળીઓ ત્હમને ય આમજ હસશે; અને અમારું વેર લેશે!' અંગ્રેજ કવિ પોપની આખી માણસજાતની મૂર્ખતાને ચીંધતી We think our fathers fools—એ કડી સરખાવો.

તાત્પર્ય આ, કે કોઈ પણ પિતા-ઝમાનાની કદર તેના પછી તુર્ત આગળ આવતો પુત્ર-ઝમાનો કરી જ શકતો નથી. જુવો મ્હારું 'સોરાબ અને રુસ્તમ' એ વ્યાખ્યાન.

# ૩

## એક કવિતા પ્રવાસમાંથી: ત્રિભુવનદાસ પુરૂષોત્તમદાસ લુહાર–સુંદરમ

જન્મ. ઈ. ૧૯૦૮.

ઈસવી વીશમી સદીના પ્રથમ દાયકાના આપણા કવિઓમાં શ્રી સુંદરમ્ સારી પેઠે આગળ આવ્યા છે. નવલિકાઓ વિવેચનાઓ આદિ પણ લખે છે.

આ આકૃતિમાંથી આરંભો અને વચ્ચે વચ્ચે કેટલુંક અહીં છોડી દીધું છે.

૪. સ્થાપત્ય: ઇમારતના ચણતર જેવી કલાગોઠવણીથી.

૮. ફરસીડી રૂપક ઠીક નથી. ચડઉતર ભાવો યથાયોગ્ય ઝીલાઇ જતા, એવો અર્થ મળવો જોઇએ, તે આ શબ્દોમાંથી ગમે તેમ મેળવી લેવો પડે છે.

૧૨. જોર્ષી: પાંડવોમાંનો કનિષ્ઠ સહદેવ. મૂર્છતું; મૂર્છિત થતું. આવો પ્રયોગ અતિક્લિષ્ટનો નમૂનો જ ગણાવાને પાત્ર.

૧૫ અધ ઊંધે ગમે તે ક્રમમાં વાંચીને.

૧૬ કાવ્યભુમી: માત્ર શબ્દો છંદ અલંકાર આદિ સામગ્રી રૂપ દેહ પાછળનો કાવ્યનો આત્મા.

૨૧ શારદ માત: માતા શારદાદેવી.

૨૫ આંબ્યા મેં ગિરનાર: ટોચ લગી સ્પર્શ કરી શક્યો. અને ગિરનાર શબ્દમાં લક્ષણાએ આખા કાઠિયાવાડનો સમાવેશ કરી લેવાય.

૨૭ સમથળ: પૂરવેગ કે તોફાન ઉછાળા વગર.

૨૮ ઝડપથી અને જાણે રમતાં રમતાં કવિને–તેની કૃતિઓ, શૈલી આદિને વર્ણવે છે તોય એકાદ લાક્ષણિક ટકોરે કવિના જાણીતા ગુણદોષનેય સ્પર્શતું કાવ્ય કોઇ ઠેકાણે લાંબું અટક્યા વિના આગળ આગળ ચાલ્યું જાય છે, એ જ આ ઉપરછલ્લી દેખાતી કૃતિની વિશિષ્ટતા છે. અને જુદા જુદા બલ્કે સામસામી પાર્ટીના ગણાતા કવિઓમાંના પ્રત્યેક શુભ અંશને આગળ કરતું કવિની રસવૃત્તિનું ઔદાર્ય પણ આકર્ષક છે.

૩૪ હાકોટયા: હાકલ કરી ચેતવેલા હતા–મણિલાલ નભુભાઇએ 'કુસુમમાલા'ના અમોઘ લખેલા અવલોકન વડે.

૩૬ કંતાતૂં સીધૂં...ઇસવી ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના પ્હેલા દાયકાના આપણા પંડિત લેખકો વા સાક્ષરો ગો. મા. ત્રિ. (જ. ૧૮૫૫) હરિલાલ (૧૮૫૭) મણિલાલ નભુભાઇ અને બાલાશંકર (૧૮૫૮), ન. ભો દી. અને કેશવ ધ્રુવ (૧૮૫૯) એમનામાં પહેરવેશે અને રીતભાતે ન. ભો. દી. બેશક સૌથી વધારે 'સાબલોક' શાઇ હતા. પરંતુ કવિતા પ્રદેશનું એમનું રુચિતંત્ર પણ કૉલેજમાં વડર્સવર્થ આદિના અભ્યાસે પરદેશી કે અર્ધપરદેશી બનેલું હતું એમ ગાંધીજીના વિદ્યાપીઠના સંસ્કારવાળા પ્રેક્ષકોને કદાચ લાગે, તથાપિ વસ્તુસ્થિતિ એ પ્રમાણેની ન્હોતી.

ભોળાનાથના પુત્ર અને ક. દ. ડા. ને હાથે શાળામાં કવિતા શીખેલ ન. ભો. દી. ને કૉલેજમાં આવતાં પ્હેલાં અંગ્રેજી કવિતા તો કવિતા જ ન ગણાય એવો ગ્રહ બંધાઈ ગયો હતો તે. કૉલેજના વર્ષો દરમિયાન અંગ્રેજી કવિતાના વધતા જતા પરિચયે અને શોખે બહુ ધીમે ધીમે જ ઓગળવા પામેલો. એમનો ગેય છંદો માટેનો પક્ષપાત કદાપિ ઓસરવા પામેલો નહીં. શેક્સપીયર મિલ્ટન અને પછીની બ્લૅન્ક વર્સનું ગૌરવ લય માનબરી આદિ એમણે કદાપિ અનુભવેલું નહીં. ન. ભો. દી. જેવા પ્રાસાદિક કવિની પદ્યરચનાઓ "ઠરડાય" છે, ખડબચડ છે, બેતાલ કે લંગડી છે, એમ એક પણ અધિકારી વિવેચક સ્વીકારશે નહીં.

૪૦ 'સ્મરણસંહિતા' ન. ભો. દી. ની શ્રેષ્ઠ કૃતિ, એ મત પણ તેને શ્રી આનંદશંકર ધ્રુવનો ટેકો છે તથાપિ, ટકી રહે એવો ભાગ્યે. કવિઓની વૃદ્ધાવસ્થાની કૃતિઓને આપણે જાણીને નમતે ત્રાજવે તોળિયે,–એ જુદી વાત.

૪૩ નાનકી: ન્હાની શી. પછીની પંક્તિઓ સ્પષ્ટ કરી દે છે કે અહીં ન્હાનાલાલની એવો અર્થ નથી.

૫૩ મેઘગર્જના આગળ ચાલતાં કહે છે તે પ્રમાણે, ન્હાનાલાલની.

૬૦ શબ્દઘટા: શબ્દાલુતા. વીજળી: અલંકારોના પ્રકાશ.

નાટયાનાટય: અનાટય નાટકો, ભજવાય જ નહીં એવા માત્ર સંવાદમાળા રચનાઓ, નાટકો તો માત્ર નામે.

૬૭ લટકાં: mannerisms ૭૦ સકલ: સોળે કળા એ પૂર્ણિમાનો ચંદ્રમા ઉગે, તેમ તમામ કલા કારીગરીએ શોભીતી કવિતા. ૭૩ શશીસમા કાંત પણ ["એમ ચે] વૃદ્ધિ અને ક્ષયને વર્યાં.

૭૪ પ્રશાંત શબ્દને ખેંચીને અર્થ બેસાડવો પડે છે. પ્રાસની ખાતર બંધ બેસતા નહીં એવા શબ્દે કડી પૂરી કરી છે. કશાં: કોઈ કોઈ, કોઇક જ. ચડવાં ઉતરવાં.

૯૪ એક વિવેચકે કહ્યું છે કે કવિ લલિતને પ્રિય લગીર શબ્દ એમની પ્રતિભા પણ લગીર જ, એવા ધ્વનિ વાળો ગણી શકાય. ૯૭ ધ્રુવ: હરિલાલ હર્ષદરાય.

૧૦૮ લેશ શું: લેશ પણ. ૧૦૯–૧૧૨ દ્રુતવિલંબિત.

૧૧૩—૧૧૮ આ ૧૩ માત્રાની ચાર પંક્તિના છંદ માટે જુવો રણપિંગળ માત્રામેળ વિભાગ પાનું ૯–૧૦ એ ભાગવતજાતિ છંદમાં ૩૭૭ ભાતો શક્ય, તેમાંથી રણછોડભાઇ મૂળચંદ્ર, આદિ પાંચ જ નોંધે છે. આપણે વ્યવહારુ રીતે કહીશું જે આ તો દોહરાનું તેર માત્રાનું વિષમ ચરણ જ ચારે વાર વાપરી કવિએ કડી બાંધી છે.

૧૨૦ આજુક: આજની છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય ક ગુજરાતી ભાષા જન્મી તે પ્હેલાંની પ્રાકૃત ભાષાઓમાંથી ગુજરાતીમાં આવ્યો છે. 'રાણક દેવી' ન્હાના રાજારાણાની રાણી; ભીમક સુતા: રાજા ભીમની કુંવરી વગેરે.

## ૪

## કવિને: ભાનુશંકર બાબરભાઇ વ્યાસ ("બાદરાયણ")

જન્મ–ઈ. ૧૯૦૪ (?) પદ.

**૧** રાજે: શોભાવે, રંજન કરે. ત્હારી ભાવનાઓના કવને અમારો માર્ગદર્શક બનજે **૪** જે અંજન વડે અંધારે પણ ચોતર્ફ સુઝ પડી સાચો રસ્તો પસંદ થઈ શકે તે તેજનાં અંજન. **૮** અમર ચેતના: જે પરાજિત મનોદશા, નિરાશા, દુઃખ આદિથી માણસની હિંમત ભાંગી જાય, તેથી ઉલટા જ પ્રકારની મનોદશા ઉપજાવે એવી અમર ભાવનાઓ અભિલાષાઓ વગેરે. **૯** જીરણ; જીર્ણ, અશક્ત અચેતન જડ **૧૨** વર્તમાનથી વધારે સારા ભવિષ્યના "શુભ સમાચાર" દેજે **૧૩** નૂતન અને પ્રાણવાન બોધ ફરી ફરીને કર્યા જ કરજે, **૧૫** કુદરતના આલેખનામાં પણ તેની સુંદરતા સાથે માનવકથાઓ ગુંથી લેજે.

કલા છે ધર્મની ન્હાની અને વધારે આકર્ષક વધારે હેતાળ બ્હેન, કવિઓ અને કલાકારો છે દેવદૂતો એ ભાવનાના આ ઉદ્ગાર છે.

---

## ૫

## આકાંક્ષા: નાથાલાલ ભાણજી દવે.

જન્મ–ઈ. સ. ૧૯૧૨ પદ.

કવિની સૌંદર્ય તૃષ્ણા આ પદનો વિષય છે; જે અહીં કવિવર રવીંદ્ર બાબુની શૈલીએ રજુ થાય છે. સાથે કવિને ન્યાયની ખાતર ઉમેરૂં છું કે શૈલીમાં પણ આ કવિ પોતાને જ માર્ગે જવાની શક્તિ ધરાવે છે. જુવો એમની "પ્રસ્થાન" આદિમાં પ્રકટ થયેલી અને થવાની બીજી કૃતિઓ.

૪ અન્યોન્ય મીટ માંડીને.

**૫** નૂપુર સૌંદર્યના સત્ત્વને દેવી કલ્પી છે.

**૬–૮** વાયુ વનસ્પતિ ગિરિ આદિ કુદરતના નિકટ અનુભવો ઉપરથી પણ ત્હારો સાચો નિવાસ દૂરાતિદૂર હોવાની પ્રતીત ઊપજે છે; આ રોજિંદા અને સમીપવૃર્તિ અનુભવો તો ત્હારી ઝાંખી માત્ર કરાવવા સમર્થ છે.

જલે: જળયા કરે છે, મ્હને તૃપાતુર કરી રહે છે, એટલે લગી કે એ દરેક પોતે જ મ્હને તો એ જ ધગશે પીડિત દેખાયા કરે છે.

**૯–૧૧** તું એવી છે કે ત્હારો પરિચય થતો આવે તેમ તેમ માણસ ત્હારી લગનીને વધારે વધારે પરવશ બનતો જાય. સાગર ગાન રૂપે ત્હારાથી પોતાને થતો આનંદ અનુભવી અને જણાવી રહે છે, તે પ્રવૃત્તિમાં તે પ્રવૃત્તિથી જ જાણે

હર્ષમસ્ત પાણીના ફેનિલ સ્તંભો વારંવાર આકાશ લગી ઉરાડયા કરે છે, તે પ્રમાણે. ૧૩ રણકેઃ રણકાતી રહે છે.

રવમાધુર્ય જેમ દૂરથી સંભળાતું હોય તેમ વધારે મધુર લાગે છે એ ધ્વનિ પણ લેવો.

---

## ૬

## નવાં નવાણુઃ ઉમાશંકર જેઠાલાલ જોષી.

જન્મ–૧૯૧૧ ૫૬.

હવાની માફક એટલું તો સર્વવ્યાપી સત્ત્વ કે તેની હસ્તી છબે આગવાની જરૂર ન પડે, અને કદાપિ પડે તો તેને સારૂ યોગ્ય શબ્દો પણ ન જડે; એટલું તો વિરાટ તત્વ કે માણસ જેવા જંતુની છાતી કે બુદ્ધિમાં સમાય જ નહીં. હૈયાને મતિને અત્યંત રુચતું હોય અને તે સંતોષ વળે એટલું મળે, એમ બંને મુંઝાતાં હોય, જલાશયોમાં દૂર દૂરનાં ઊંડાણોમાં સરવાણી ફુટે એવા ગુપ્ત ગંગાદક જેવા ભાવ જાણે કોઈ [અજ્ઞાત] આગલા ભવમાંથી ફુટી નીકળતા હોય એવા; અમુક સમયે પ્રસંગે કે સંજોગમાં સખ્યભાવ આદિનું કેન્દ્ર બની હોય એવી ભાવના વા વ્યક્તિ લાંબા વિસ્મરણ પછી ફરી જાગી ઊઠે અને ચિદાકાશ છાઇ લે એવી ભાવના, રતિ, આદિ, પ્હેલી જ વાર અનુભવમાં આવે તથાપિ જાણે લાંબો પરિચય એની પાછળ હોય એમ અનુભવાતી મનોદશાઓ; જેટલું આકર્ષક લાગે તેટલું જ કારમું પણ લાગે, જેને ભેટી પડવાની અને જીવરક્ષા માટે જેનાથી બને તેટલા દૂર નાસી છૂટવાની પરસ્પર વિરુદ્ધ લાગણીઓ જેનાથી આપણને સાથે લાગી થાયઃ—એવા એવા વિષયો મ્હારે તો મ્હારી કવિતાઓમાં છેડવા સૂચવવા નિરૂપવાના કોડ છે. પણ અરેરે, એ શક્ય છે શું? તો શું અશક્ય માની લઈ પ્રયત્ને ન કરવા એમ?

અભ્યાસીએ આગલી પાછલી કવિતાઓને અને આને ફરી ફરીને સરખાવી જોવી 'કવિઓને તેમની ઈષ્ટકલા કેવી તો જુદી જુદી રીતે આકર્ષે છે, કવિઓ પોતાની ઈષ્ટદેવતાના કેવાં તો જુદાં જુદાં દર્શન પામે છે, તે દરેક કવિતા ભોગીએ પોતપોતાના ગજા પ્રમાણે સમજવું જોઈએ. અને કવિઓના આવા આવા ઉદ્ગારોથી કવિતાભોગી પૂરતાં મનને આ પણ જોઈ શકશે કે ત્હારા કવિઓ માટે પોતાને ગમે તેટલું બહુમાન હોય, પૂજ્યભાવ પણ હોય, તથાપિ વ્યવહારુ દુનિયા કવિને અવ્યવહારૂ ગણે છે તેમાં પણ તથાંશ છે. વર્ણવવા અશક્ય તેને વર્ણવવું, મેળવવી વાસ્તવ દુનિયામાં મૂર્ત કરવી, અશક્ય તેવી ભાવનાઓને વળગવું એવા એવા પ્રયોગો કર્યા જ કરવામાં કલ્પનાની સરદારી હેઠળ બને તેટલી શક્તિઓને ખેડયા કરવી, એ જ કવિ જેમ વધારે કવિત્વમય કિંવા બંડખોર તેમ તેનું જીવનસર્વસ્વ બની રહે છે.

---

## ૭

## અમે કવિ?: મગનલાલ લાલભાઈ દેસાઇ (કોલક)

જન્મ–ઇ. ૧૯૧૪ **પૃથ્વી: સૉનેટ**

**૨** તગરનાં ફૂલ તારા જેવાં અને શ્વેત હોય છે.

**૧૦–૧૪** સાચો કવિ તો વિશ્વસર્જક એક જ; આપણે જેને કવિ મહાકવિ કહિયે છ, તે સૌ એ મહાસાગર ઉપરના ક્ષણિક તરંગ બુદ્બુદાદિ. સૂર્યની આગળ દીવાઓ શી વિસાતના! 'સાંધ્યગીત' જોશો તો જણાશે કે કવિના પાઠ જુદા છે. એક બે ઠેકાણે જરાતરા જ સમારવા જતાં વધારે પડતા ફેરફાર થઈ ગયા છે: જો કે માત્ર શાબ્દિક; કવિનો અર્થ વધારે ચોકખો એમના પાઠમાં છે કે તેને બદલે અહીં છાપેલા પાઠમાં તે વાંચનારે જાતે વિચારી લેવું.

---

## ૮

## ગુજરાતી ભાષા વિષે: દલપતરામ ડાહ્યાભાઇ.

**છન્દ** મનહર, શાર્દૂલવિક્રીડિત, દોહરો, ઇંદ્રવિજ્ય.

**વિષય** પ્રેમાનન્દે પણ લીધું, પાઘડી તો જ પ્હેરું જો.....વગેરે વગેરે "પ્રાચીન કાવ્યમાલા" પ્રકટ થવા માંડી તે પ્હેલાં કોઈએ પણ સાંભળેલા નહીં એવા દાવાના ટેકામાં ચોકખો પુરાવો રજુ થતો નથી, ત્યાં સુધી ઈસવી ઓગણીશમી સદીમાં ગુજરાતીઓમાં ઉત્પન્ન થયેલી અસ્મિતાજન્ય મહેચ્છાઓ, ઊર્મિલ લોકોને ભૂમિકાલમાં પણ આરોપવી એટલી તો મીઠી લાગે છે, જે તેઓ એ પ્રલોભનમાં તણાઈ જાય છે, એમ જ કહેવું પ્રાપ્ત થાય છે. અને વર્તમાન કાલમાં જન્મેલી ઇષ્ટ વસ્તુનો ઉગમ ભૂતકાલમાં આરોપવાનું અશાસ્ત્રીય વલણ દેશે દેશમાં કોઇ ને કોઈ રૂપે પ્રવર્તેલું જોવામાં આવે છે એટલું બધું સામાન્ય છે. માત્ર ગુજરાતીઓ આવી નબળાઈને વશ છે એમ કોઈ કહેતું જ નથી. નર્મદ અને ક. દ. ડા. એ આ મહેચ્છા સેવેલી એ વિષે તો શંકા જ નથી. પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે બંનેએ તે સિદ્ધ કરવાને વર્ષો લગી રે આખો જન્મારો મંથન કરેલું અને ભોગ આપેલા, એ હકીકતો પણ નિર્વિવાદ છે. તો આ વાસ્તવિક મહત્તાની ઘટતી કદર કરવી નહી; ઓગણીશમી સદીના યુરોપમાં ખીલી સર્વવ્યાપી બની બીજા ખંડોમાં પણ પ્રસરતી પ્રજાસ્મિતા (નેશનાલિઝમ nationalism) નો અહીં (પ્રાંતે પ્રાંતે) ફણગો ફૂટયો, જેને ખીલતાં કૉન્ગ્રેસની સ્થાપના રૂપ ફલ આવ્યું, એ ચોકખા નિર્વિવાદ ઇતિહાસથી તો જાણે અભડાવું; અને વિક્રમની અઢારમી સદીમાં એ મહત્તા અહીં માત્ર ગુજરાતમાં અરે માત્ર પ્રેમાનન્દના મગજમાં સ્વયમેવ જન્મેલી એવી કલ્પના

માત્રથી રાચવું; પ્રેમાનન્દની મહત્તા પણ જે છે તે સમઝવા માટે બુદ્ધિ યોજવી નહીં, અને જેને માટે હજુ લગી પુરાવો આપી શકાતો નથી એવી આપણને મીઠી લાગતી મહત્તા એને આરોપવી, તથા તેના મોટા વકીલ થઇને વાદાવાદીમાં ઝઘડવું–એ સર્વ આપણું માનસ હજી કેટલું તો અનૈતિહાસિક છે, તેનો જ પુરાવો પૂરો પાડે છે. હા. પ્રેમાનન્દ અને તેના પુત્ર વલ્લભ વિષેના સૌ સ્વીકારી શકે એવા પુરાવા રજુ કરો, તો તે પછી પણ જે કોઇ સામા પક્ષને વળગી રહેશે, તે દરેક વગર વાદાવાદીએ મૂર્ખા ઠરી જશે.

દલપતકાવ્ય ભાગ ૧ લાને આરમ્ભે "ગુજરાતી ભાષા વિષે" એ વિષય છે, તે અહીં લેતાં છેલ્લો મનહર છોડી દીધો છે, અને એ ગ્રંથમાં પછી તરત આવતા દલપતરામે શ્રીમન્ત મહારાજા ખંડેરાવને ભર દરબારમાં સંભળાવેલ મનહર અને દોહરો, આમાં જોડી લીધા છે. વડોદરામાં એ દરબાર ઈ. સ. ૧૮૬૩ માં થયો હતો તેની હકીકત માટે જુવો દલપત કાવ્યમાં "ગુર્જરીવાણી વિલાપ" એ વિષય. (આ વિષય હાલ દેખાય છે તે રૂપમાં મહારાજા ખંડેરાવનો દેહ પડયા પછી જ પ્રથમ પ્રકટ થયેલો હોવો જોઈએ. દલપતરામ અને નર્મદની દરેક કવિતા પ્રથમ ક્યારે પ્રકટ થઇ, હાલના રૂપમાં ને તેમાં શો પાઠભેદ છે વગેરે તમામ ક્યારનું ય પૂરતી શોધખોળ અને ચર્ચાને પરિણામે નક્કી કરી દેવાવું જોઇતું હતું. આપણા વિદ્વાન ખરે જ આળસુ છે; આપણા લોકો જયંની આદિના માત્ર તમાશાથી જ પૂરતો સંતોષ માની લે છે.) એ "વિલાપ" માં અહીંની પંક્તિ "કહે દલપતરામ રાજ અધિરાજ સુણો" "દાખે દલપતરામ ખુદાવંદ ખંડેરાવ" એ રૂપે છે. વિષયને અહીં એમણે સર્વસામાન્ય રૂપ આપ્યું છે:

એ "ગુર્જરવાણી વિલાપ" ક. દ. ડા. ની શૈલીનાં લક્ષણ સમઝવાને માટે ઐતિહાસિક દૃષ્ટિએ વિચારવા જેવું કાવ્ય છે. દલપતરામની કવિતાને "સભારંજની" કહી એટલે વિવેચનાકાર્ય પતી ગયું એમ સન્તોષ માનવાનો નથી. ત્રણ જાતની સભાઓ-(૧) રાજસભા, વડોદરા, ઇડર, જામનગર, ભાવનગર, ભુજ જેવાં મોટાં રાજ્યોમાં પરમ્પરાપ્રાપ્ત રૂપે ચાલતી હતી. "વિલાપ" એવી સભાને રંજન કરે એવું કાવ્ય છે. (૨) ડંડ પ્હોરે મોટા ચૌટામાં આંટલાઓ ઉપર અને રસ્તામાં મહાભારત પુરાણ આદિનો "વૈશમ્પાયન બોલ્યા૦" એ પંક્તિથી આરમ્ભાતો માણભટલલકાર સાંભળવાને જામતી લોકસભાઓ: એવી સભાઓના રંજનાર્થ દલપતરામે "વેનચરિત્ર" આદિ કૃતિઓ રચી. (૩) નવા ભણતરથી થયેલી નવી "સ્વદેશાભિમાની" પેઢીની "મંડળીઓ;" પ્રથમ મુંબઈમાં અને પછી દરેક મોટાં શહેરમાં થવા લાગી. નર્મદ–દલપતની સરસાઇ આ મંડળીઓમાં જ શરુ થઇ. નર્મદ-અવતર્યો અસ્સલુસલ (primordial પ્રાઇમોર્ડિયલ) સુધારક, સાહસનીજ મૂર્તિ, પોતે ઉઠયા ત્યાંથી સવાર એ મનોદશાવાળો. સુધારાનો આરમ્ભ ઘણાખરા દેશોમાં અને યુગોમાં આવા ઉચ્છેદકોથી જ થાય છે. સુધારાનો નવો

અવતાર એટલે ક્રાન્તિનાં પગરણ. દલપતરામને કેટલાક સુધારા થાય એ ઈષ્ટ હતું, પણ એમનું આખું માનસ નર્મદથી છેક જ ભિન્ન. ક્રાન્તિ આ ભાગોળે દાખલ થાય છે એવી વાત આવતાં પેલી ભાગોળેથી નીકળી જાય એવા દલપતરામ. નર્મદ –દલપત વચ્ચેની સરસાઈ માત્ર કાવ્ય પ્રદેશમાં ન રહી, એકબીજા વચ્ચે મેળ જ નહીં એવી બે ભાવનાઓ વચ્ચેની સ્પર્દ્ધાનું રૂપ તેણે પકડયું. આ કારણથી. દલપતરામના શિષ્ય કાશીશંકર મૂળશંકર દવે કૃત એમનું ચરિત્ર (સયાજી સાહિત્યમાલા પુષ્પ ૬૨ મું) આ આખા પ્રશ્નમાં અનેક રીતે મનનીય છે, દલપતરામભક્ત જુનવાણી કર્તાના ખ્યાલમાંયે ક્યાંથી આવે એવી રીતે પણ મનનીય છે.

બહુ લંબાણ થઇ ગયું. ઉપલી ત્રણ જાતની સભાઓ ઉપરાંત દલપતરામનું સ્થાન સ્વામીનારાયણી ભક્ત મંડળીના કવિ લેખે તેમ શાળોપયોગી કવિતાના કવિ લેખે પણ ઊંચું છે. દલપત કાવ્યમાં આમ ઓછામાં ઓછી પાંચ ભાત છે.

**અર્થ** ૧ ભટ્ટોજી દીક્ષિત– સિદ્ધાન્તકૌમુદી એ સંસ્કૃત વ્યાકરણનો કર્તા. "શિક્ષા" **પાણિની**ય ગણાય છે. અને તેમાં અરૂં પરૂંનાં બહુવચન અરાં પરાંનો ઉચ્ચાર સૌરાષ્ટ્રી છટાથી કરવો એમ લખેલું છે, તે "શિક્ષા" જે સમયની હોય તે સમયે જે "પ્રાકૃત" સૌરાષ્ટ્રમાં ચાલતી તેને લાગુ પડે છે, વિક્રમના બારમા તેરમા સૈકા પ્હેલાં જેનું અસ્તિત્વ જ ન્હોતું તે ગુજરાતી ભાષાને લાગુ ન જ પડે. પરંતુ આપણું પ્રાકૃતોનું ઐતિહાસિક જ્ઞાન યુરોપીય વિદ્યાએ ઐતિહાસિક દૃષ્ટિ ભાષાપ્રદેશમાં લગાડી તે પછીનું છે દલપતરામ એમના ઝમાનામાં આવી ભૂલ કરે તે તદ્દન કુદરતી છે. **દીક્ષિતે ભટજિએ**–ભટ્ટોજી દીક્ષિતઃ નામના બંને અંશને વિભક્તિ પ્રત્યય એ સંસ્કૃત રચના છે. **ગીર્વાણ વાણીશ્વરે** સંસ્કૃત વૈયાકરણોએ. વૈયાકરણને વાણીશ્વર ગણવો એ મત હિન્દના સંસ્કૃત–પ્રાકૃત યુગનો છે. બીજી પ્રજાઓ અને ભાષાઓમાં વૈયાકરણને એટલું ઉંચું સ્થાન અપાતું નથી અર્વાચીન ભાષાશાસ્ત્ર વ્યાકરણને સર્જક ગણતું જ નથી.

**આપી રુચિ ઈશ્વરે**. દલપતરામને આમ કહેવાને હક્ક છે. એ કવિ તો થાત, પણ ઘણું ખરું વ્રજ ભાષાના, વ્રજ છોડીને ગુજરાતમાં કવિતા લખવાનું એમણે જાતે પોતાને માટે ઠરાવ્યું, તેમાં એમના એક ગુરૂ સ્વામિનારાયણી સાધુ અને કવિ, દેવાનંદ સ્વામીની સલાહ મુખ્ય બાહ્ય કારણ હતું. ભોળાનાથ ફૉર્બસ વગેરે સાથે સમ્બન્ધ એ બીજું મુખ્ય બાહ્ય કારણ હતું.

**૨ સૂલભે** "વિલાપ"માં પણ વલ્લભ સાથે પ્રાસ સુલ્લભ શબ્દે મેળવ્યો છે. આ વલ્લભ તે પ્રેમાનન્દ પુત્ર નહીં,—"જે વાણીથી જગદમ્બા ભેટી ભટ વલ્લભને" તે વલ્લભ. **સંખ્યાસીમા** ન કહી શકાય એટએટલા કવિઓએ જેને શોભાવી છે; અર્થ સ્પષ્ટ છે, જો કે વાક્ય તોડયું છે.

ઉપલી કડીમાં મોટા મોટા કવિ કેટલાક સૂચવ્યા; અહીં કેટભાક મોટા

રસિક ગ્રન્થો જણાવે છે. લોકગીત, ગરબી, ગરબા, ભજન, અને જૈન રાસોને પણ કવિ ભૂલ્યા નથી.

**૪ જાણ** ચતુરસુજાણ. **ભારતી** સરસ્વતી, ભાષાઓ. **ભભકો તુજ૦** આપણા કાનને હવે આવી શબ્દાવલિ જરા ગ્રામ્ય લાગે છે. ગુજરાતી ભાષા એટલી તો ઝડપથી ખેડાતી જાય છે. જે આજે કઠણ, તે દશ વર્ષે સરલ થઈ જાય છે, આજે શિષ્ટ તેમાંનું કેટલુંક દશ વર્ષે જૂનવાણું કે ગ્રામ્ય કે કોઈ કારણે કવિતા માટે અનુચિત પણ થઈ જાય છે.

**૫ ચહાયતા** ચાહના; **ઉપાયતા** ઉપાય. **નિશ્ચલ થઇને૦** ગ્રન્થો લખાયા પછી પરીક્ષકો દૃઢ રહે પક્ષાપક્ષી ન કરે ગ્રન્થના ગુણદોષ ઉપર જ નજર રાખીને તેને **ન્યાય** આપે, તો જ થોડા વર્ષમાં ઘણી પ્રગતિ બની આવે. તે સમયે વાઙમયની આ સ્થિતિ હતી એમાં શંકા જ નથી. **૬ સ્વદેશી** આપણી માતૃભાષા.

---

## ૯

## માતૃભાષા: પૂજાલાલ રણછોડદાસ દલવાડી

જન્મ— ઈ. સ. ૧૯૦૧

કવિના આ વિષય ઉપરના લાંબા કાવ્યમાંથી અહીં માત્ર છેલ્લી પંક્તિ લીધી છે. દલપતરામ વિષયને સ્થૂલ દૃષ્ટિએજ જુવે છે, અદ્યતન કવિની દૃષ્ટિ માનસશાસ્ત્રીય છે.

**૩** હૈયા ઊંડી = હૈયામાંની ઊંડી **૪** જરા દુર્બોધ છે. પણ જે પ્રિયદ્યુતિ ભાષા માનસે કમલોને અનેરા ઉચ્છવાસો સમર્પે છે, એમ લેવું.

માનસે કમલોને = આપણા દરેકના માનસમાંની ભાવનાઓને ઉચ્છવારો અર્પે છે = ફુંફા ફુંફા વિકસાવે છે.

**૫** પદ = બંને અર્થ લેવા. **૬** ચૈતન્યસિંધુ = માનવ જાતિની વિચારણા પ્રવૃત્તિનો મહાસાગર. વિશ્વચેતન = એવો અર્થ પણ લેવાય.

અશુદ્ધિ = પંક્તિ **૫** માં માતૃભાષા શબ્દ પછી હું ઉમેરી લેવો.

---

## ૧૦

## શત્રુંજય: દામોદર ખુશાલદાસ બોટાદકર.

**છન્દ**—સ્રગ્ધરા વૃત્ત.

**૧૬** કડીના કાવ્યમાંથી છેલ્લી ૫, શેત્રુંજી નદી, દરિયો, ખીણ, ગામડાં આદિને લગતી, અને વચ્ચેથી ૨ (કડી ૬ ઠી, ૭ મી) છોડી દીધી છે. કેટલાક સારા

લેખકો પણ કલાકૃતિ એટલે ચોકખા આરંભ મધ્ય અને અંતવાળી પ્રમાણસર આકૃતિ એ આદર્શને જતો કરી કૃતિઓને ગમે તેમ લંબાવે છે અને બગાડે છે.

**અર્થ** ૧ આખી કડી એક વાક્ય છે, તેનો કર્તા કડીનો છેલ્લો શબ્દ **તુષાર** છે. **સ્નેહભીના કવિ શો** અને **આછેરા અભ્ર જેવો,** એ બે તુષારની ઉપમા છે, તેમાંથી બીજી ઠીકજ છે, તો કવિ સાથેની ઉપમા માટે તુષારને **ભીંજાએલું ઉર** અર્પે છે, તે અર્થહીન છે. તુષાર જાતે આખો આર્દ્રપ્રકૃતિ હોવાથી ભાનુ રાજ પધારવાના તેમના સન્માનાર્થ પ્રવર્તતો. ત્રીજી પંક્તિનો અલંકાર આ બંનેથી સારો છે તો એમાં જરાયે નવીનતા નથી. તરુપત્ર–તરુ અને પત્ર, તરુનાં પત્ર, જેમ રુચે તેમ લેવું. દલપતરામ કરતાં નર્મદની વિચારવણાટ ઘાટી, તો નર્મદના કરતાં દામોદરની વધારે ઘાટી છે. કાપડમાં તેમ લખાણમાં પારેખો શૈલી ઘાટ ભૂષણ આદિ જુવે છે. તે ઉપરાંત વણાટ કેટલી આછી કે ઘાટી છે તે પણ જોવું જોઈએ.

૨ **હિમાદ્રિવિરહવિપદ** આ કવિમાં અતિસંસ્કૃતતા દોષ સૌએ કબૂલ રાખવા પંડ એટલો દેખીતો છે. આ કૃતિમાં જ **નન્દનાનન્દ, વાહ રૂપે વસેલો, પદસરણિ,** વગેરે એ જ દોષના બીજા દાખલા છે. એક કાળે બધા પર્વતો પુત્રપૌત્રાદિ સાથે રહેતા હતા. પછી તેમને વિખૂટા પાડી નંખાયા. હિમાદ્રિનો આ સત્પુત્ર શેત્રુંજો –સિદ્ધ શૈલેશ–વિયોગમાં પણ પિતા અને મૂલ વતન તર્ફ ખૂબ આકર્ષાય છે. **સ્થાન સંકેત** સંકેતસ્થાન, અન્યોન્ય મળવાનું સ્થાન. એટલે 'મિલનનું સંકેતસ્થાન. એમાં દ્વિરુક્તિ કે શબ્દબહુલતાનો દોષ છે; આગળ **દેવોના વૃન્દ સંગે સુરશચિપતિએ** માં પણ. **વિરતિભવન** વિશ્રામસ્થાન, વિલાસભૂમિ. ડુંગર એક સ્થળે અડગ હોય જ, તેને માટે **શોકથી સ્તબ્ધ** માટે અડગ, એવા તરંગ (ફૈન્સી Fancy) અલંકાર ગણાય છે, પણ ઉચિત હોય તે જ અલંકારો સારા; રૂઢ અને પરિચિત હોય અથવા નવીન અને વિચિત્ર હોય તેવા તરંગ, ઉચિત ન હોય તેમાં, કવિત કરતાં કવિતાભાસી પદાવલી (પોયેટિક ડિકશન) ના જ ટકા વધારે છે. ૩ **બહુલતા** રેલંછેલ **તે તો સંતૃપ્તિ એવી**–વાક્ય તુટે છે; 'પામ્યો સંતૃપ્તિ એવી, કે એવું કઈક જોઈએ. **નન્દન** ઈન્દ્રનું ઉપવન, ઈંદ્રે જાણે પોતાના વાહન ઐરાવતને આ સ્થાનની ઉત્તમતા જોઈને થોડી વાર અહીં ચરવા માટે ઉતારેલો. તેને જગા એવી તો ગોઠી ગઇ, કે શત્રુંજય બનીને તે અહીં જ રહી ગયો. તરંગની નવીનતાથી જ મોહી પડનાર આને 'અદ્ભુત!' એવા ઉદ્ગારે વધાવે. પણ અહીં એ દુરાકૃષ્ટ છે વળી પછીની કડીના વધારે દુરાકૃષ્ટ તરંગનો જનક છે, અને વિષયને અનુચિત છે. ૪ ઈંદ્ર હારીને એને અહીંજ રહેવા દઈને ચાલ્યો ગયો. પણ ઐરાવત વગર એને સ્વર્ગમાં શેનું ગોઠે જે! **વાહરૂપે વસેલો** વાહન રૂપે દરેક યુદ્ધમાં વાસસ્થાન–આસન–બનવાયલો. **પનોતુ.** સુભગ, મનોહર, આબાદ. **સુરશચિપતિ** સુરો અને ઈંદ્ર સૌએ. દેવોનાં

ઇન્દ્ર અને સુરો એમ વસ્તુની દ્વિરુક્તિ વડે પંક્તિ પૂરી કરી, તે કરતાં 'શચિશચિપતિ' કે 'શચિસુરપતિ' લખ્યું હોત તો દ્વિરુક્તિ દોષ તો ટળત. પણ આ બે કડી આખી કૃતિમાં મુખ્ય છે, અને શત્રુંજયના વર્ણનમાં છેક જ અનુચિત છે. શત્રુંજય જેમનો ગિરિ તે આપણા જૈન બન્ધુઓ એને તીર્થંકરોનું ધામ ગણે છે, અને ઈંદ્રાદિ તમામ દેવોને એ તીર્થંકરોના પગની રજ ગણે છે. જૈન દેવાલયોની સુન્દરતા આદિ મોહક અદ્વિતીય સ્વર્ગીય જણાવીને પણ તેમને ઇંદ્રાદિ દેવોના જ નગર લેખે વર્ણવાય, એ કવિતા જનોને બેહુદી જ લાગે. **૫ પદસરણિ** પગથી ચડવાનો માર્ગ (જે માત્ર પગથી નથી). હાથની ઝુલ ઉપર છેડે ફુમતાંવાળા લાંબા ટુંકા દોર લટકાવવામાં આવે છે. ચડવાને માર્ગે વચ્ચેવચ્ચે યાત્રાળુને વિસામા માટે ઓતરા બાંધેલા છે, તે જાણે આ ઝુલ ઉપર લટકતા સુન્દર શ્વેત ગુચ્છા! વાહ રે કવિતા, વાહ! ઉપયોગી વસ્તુને સુન્દર નિરૂપવા જતાં હસવું આવે એવું ચિતરાઈ ગયું છે. ઇંદ્રોદ્યાનનો નન્દનવનના જેવો દિવ્ય સુગન્ધ.

**૬** પાણી તડકે ચળકે છે, સપાટી ઉપર મન્દ મન્દ તરંગાવલિ ઉઠે છે, એવા તળાવની શોભાનું વર્ણન પણ છેક તરંગી છે. **૭ બે લોક** પૃથ્વી અને સ્વર્ગ. **૮–૯** આ પ્રાસાદો (મહાલયો) દેવાંગનાઓના રાસ (સમૂહનૃત્ય અને ગીત) જાણે હમણાં ઝીલશે એમ કુંડાળે ગોઠવાઇને રાસારમ્ભની પૂર્વ ક્ષણની મંડળી હોય એવા સોહે છે.

છેલ્લી છ લીટી સારી છે તો સુન્દરતાઓની માત્ર યાદી જેવી થઇ ગઇ છે. **વીચિ** આનન્દતરંગ. આ કૃતિ સામાન્ય વાચકને ઉંચી અને સુન્દર કવિતા લાગે એવી છે તેની ઉપલી કડક ટીકાનો અનર્થ ન કરવો.

શોભન ભૂષણ મધુરી કડી, ચિત્રવિચિત્ર તરંગાવલિ,

એટલા અંશોથીજ સારી કવિતા બનતી નથી. કલ્પના (ઇમેજિનેશન) તરંગ (ફેન્સી) બંનેને કવિતામાં સ્થાન છે. (વિચાર, તર્ક, યુક્તિ, વિગતો અને લાગણી આદિને ગદ્ય રૂપે વ્હેતા વિચારપ્રવાહની જેમ કવિતામાં પણ સ્થાન છે જ. ગદ્યમાં કલ્પના તરંગ અને–સામાન્ય રીતે બોલતાં–લાગણી પણ ઓછાં આછાં જ શોભે. કવિતામાં એમની રેલંછેલ પણ હોય. ગદ્ય અને કવિતા બંનેમાં બંનેના દરેક અંશમાં અર્થપોષક ઔચિત્ય જોઇએ જ.) કલ્પના અથવા વિશિષ્ટ દૃષ્ટિ તે મોટી બ્હેન. તરંગ તે ન્હાની બ્હેન. વિશિષ્ટ દૃષ્ટિ વિના જાણે વિશિષ્ટ દૃષ્ટિએ જોતો હોય એમ લેખક વર્ણવે, તે **તરંગી** (ફેન્સીફુલ) લખાણ છે. કલ્પના વિરલ છે: તરંગો સૌને શક્ય છે. કવિતાગોફને પરાણે ગુંથનારા ઘણાખરા તરંગી લખાણ જ કરી શકે છે, જે સારું પણ હોય, અહીં આપણે જોઈ ગયા તેવું પણ હોય. શબ્દોના "પ્રસાદ" અને છન્દની ચોટ અને ગોઠારાના મેળથી ઉપજતી આકર્ષતા ઘણાને ભૂલવે છે, અને તેઓ ઉતરતી કવિતાને પણ સારી માની લે છે. પરંતુ **અર્થપ્રવાહજ કવિતા.** શબ્દ અને છન્દની ખુબીઓ સારા બંધ બેસતા અર્થને

પોષવાના કાર્યમાં સફલ યોજાએલી હોય તે જ ખુબીઓ; એળે યોજાએલી હોય તે વ્યર્થ. દામોદરના કૃતિ સમૂહમાં અહીંની જેમ વિચારણાનો સ્પર્શ થતાં જરા નિસ્તેજ લાગે એવું તરંગી લખાણ પુષ્કળ છે, તો સારી કવિતા પણ **નથી** એમ **નથી.** જો કે આખી કૃતિ આદિથી અન્ત લગી સારી **કવિતા** ગણાય એવી એમના સંગ્રહમાં બહુ નહીં જડે, કલ્પનાદર્શન પણ વિરલ જ સાંપડશે. કલ્પના અને તરંગ માટે જુઓ **લિરિક** પૃ. ૧૦–૧૧,

---

## ૧૧

## ગીરનાં જંગલ : ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ.

જન્મ–ઈ. ૧૭૮૮ **છન્દ**—સવૈયાની જાતિનો.

**૧ વંકી** બંકિમ, વાંકડી, કેટલીક વસ્તુઓને લાગે ત્યારે—અહીં જેમ—વાંકુંચૂકું ઉંચુંનીચું દુર્ગમ ભેદભર્યું એવો અર્થ પણ થાય. ૨ **સઘન** ગીચ. સામસામા ડુંગરા, એક બીજાના મિત્ર, વચ્ચે કરાડોને લીધે ભેટી ન શકાતાં વિયોગ દુઃખે જાણે ઝુર્યા કરતા. **ધીંગાણું** ઝપાઝપી લડાઇ. **૫ ઘોધપછાડ** ઉપરથી નીચે સીધા પછડાતા ધોધ. **પડછન્દા** પડઘા. **અડીખમ** ધીંગી, સશક્ત, પ્હાડી; અડી (વિપત્તિ) સહી શકે એવી. **૬ બહુ** અહીં કવિતાના લયમાં **બ્હૌ** જ બોલાય છે. **વ્યાઘ્રચર્મ** શાં ચટાપટાવાળાં; યોગી ચટાપટાવાળું વ્યાઘ્રચર્મ ઓઢે, ગિરનાર ઓઢે છે બહુરંગી (ચટાપટાવાળાં) જંગલ. **૬૯ આસન** યોગીની જેમ એક જ **આસન** (બેઠકની તર્તીબ) જમાવીને. **૭ રુંઢ** કહેવત છે કે "આહીર મુંઢ (મૂઢ, ગમાર) ને બાખરો રુંઢ" (છેક સૂકો લુખો). **૮ સહ રાસ રમે** આ ત્રણ ગુણ અસાધારણ પ્રમાણમાં જ્યાં સાથે વિહરી રહ્યા છે. **૯ કુંઢાં** મોટાં વર્તુલાકારી. **ધીંધ** મોટાં સેંકડોનાં ટોળાં. **નેસ** ઝુંપડું, નળીયાં વિનાનું ઘાસ કરાંઠી આદિએ છાજેલું છાપરું; એવાં પાંચપંદર છાપરાંનું ઝુંડ. **૧૦. ગડે** ગડગડે. **ત્રાડન** સિંહોની ત્રાડ, ડુંગરામાંના અનેક પડઘાને લીધે અનેક ગુણ લંબાતા ઘોર નિનાદે ચોતર્ફ ઘૂઘવી રહે.

કૃતિ સાદી છે એમ કહેશો કે શબ્દે શબ્દ જાતે અલંકાર છે એમ કહેશો ? વિષય જાતે એટલો તો રોમાન્ટિક (romantic) છે કે તેની ભાવવાહી છબી માત્ર પાડતું છબીરાગી (realistic રીયાલિસ્ટિક) ચિત્ર, ભાવમુગ્ધ શૈલી વાપરી હોય તે કરતાં પણ વધારે ખુબીદાર અને દ્રાવક બની રહે છે.

---

# ૧૨

## ગિરનારની યાત્રા: ગજેન્દ્રરાય ગુલાબરાય બુચ

જન્મ–ઈ. ૧૯૦૨ મૃત્યુ—૧૯૨૭.

**છન્દ**—આમાં **૧૫** કડી દ્રુતવિલંબિતની છે, ઈંદ્રવજ્રાની **૯**, ઉપજાતિની **૮**; જગતી જાતિના વંશસ્થ અને ઈંદ્રવજ્રા મળીને થતા ઉપજાતિની **૧**. વળી ત્રિષ્ટુપ-જાતિનો **નભરલ** માપનો એક છન્દ અહીં દેખાય છે (કડી ૨૨ મી), જે રણપિંગલ જેવા મોટા ગ્રંથમાં પણ નોંધાયો નથી, એટલે એને માટે કવિના નામ ઉપરથી **ગજ છન્દ** નામ સૂચવું છું. અને દ્રુતવિલમ્બિત અને ગજછન્દના મિશ્રણથી થતા ઉપજાતિની અહીં ચાર કડી છે. ત્રિષ્ટુપ-જગતી જાતિનાં પાંચ છ વૃત્તોની આ ફેરબદલી, લય વૈવિધ્યને પોષતી, કૃતિનું ઐક્ય સાધે છે, એક જ વૃત્તમાં પણ કર્તા વિચારલહરી પ્રમાણે લયની ઝોક સમારી લેવામાં કુશળ કારીગર છે. પદ્ય એટલે ગદ્ય કરતાં વધારે સમર્થ સુગમ વધારે વિવિધ સાધન, તેની આવા દાખલામાં ખાતરી થઇ જાય એમ છે. હું જેને મિશ્રજાતિ નામ આપું છું, તેની રચના આપણી અર્વાચીન કવિતામાં પ્રથમ જડેલી આ કવિએ વાપરી, અને આવી સુંદર લડાવી, એટલે મહાભારતી મિશ્રજાતિ ગુજરાતીમાં પ્રથમ દાખલ કરવાનું માન એને જ ઘટે. એ વિવિધતાવાળી રમની રચના કેટલી તો ઉત્તમ છે, એટલુંજ મેં તો બતાવ્યું અને કહેતું ઘટે છે કે છંદની કદર થઇ તે પછીજ કૃતિની પણ ઘટતી કદર થવા પામેલી છે. 'આરોહણ' જેમ ભાઈશ્રી હિ. ગ. અંજારિયાએ કાવ્યમાધુર્યમાં લીધું તે પછી પ્રસિદ્ધિ પામ્યું, તેમ 'ગિરનારની યાત્રા', બુદ્ધનાં ચક્ષુ' અને બીજાં એક બે કાવ્યો–તથા તેમના કવિ–એ કાવ્યો આ ચોપડીની પ્રથમ આવૃત્તિમાં લેવાયાં તે પછી પ્રસિદ્ધિ પામેલાં છે.

**કવિ અને કૃતિ** ૨૬મા વર્ષમાં ટાઇફોઈડથી અચાનક વિદેહ થયલા આ ઉગતા કવિની ઇ. ૧૯૨૫ થી થયલી કૃતિઓ મોટે ભાગે સિદ્ધહસ્ત છે. અધૂરૂં એ સૉનેટ (ગજેન્દ્ર મૌક્તિકો પૃ. ૬૫) આપણાં ગણતરી સારાં સૉનેટમાં મુકાય એવું છે. એક બે ગીતો પણ મોહક છે. રા. રા. રામનારાયણ પછી ગુજરાતમાં જન્મેલા કવિઓમાં કલાસિકલ શૈલીના લેખકોમાં એમનું સ્થાન ઊંચું છું, કૃતિસંખ્યાએ નહીં તેટલું ગુણવત્તાએ. આ પ્રતિભાવૃક્ષ અકાળે ભસ્મ થવાથી ગુજરાતી કવિતા ઉપર મોટી હોનારત ગુજરી છે.

આ કૃતિ વાંચતાંજ ઘણાને રા. રા. ન્હાનાલાલની "ગિરનારને ચરણે" સાંભરશે. એ આની સાથે વાંચી જોવા ભલામણ કરું છું. "૦ ચરણે" અશોકના શિલાલેખ અને બૌદ્ધધર્મનો વિષય આવતાં જ રાવણની લંકા તરફ ઉડી જાય છે; અથવા કહો કે કવિ "ચરણ" આગળ બેસી ગયા છે, ગિરનાર ચડયાજ નથી. વળી એમની બીજી સંખ્યાબંધ કૃતિઓમાં તેમ આમાં, પ્રથમ દર્શને જે ભવ્ય

લાગે છે. અથવા જે ઉંચી કવિતા લાગે છે, તે જરાક જ વિચારી જોતાં શબ્દાડમ્બર (હ્રેટરિક rhetoric)† નીવડે છે, બે જ કડી જુવો–૪ થી અને ૮ મી.

ન્હોતી સિમા ગગનની ય રચન્તિ બાધા, ન્હોતી સિમા જગત કે જગબન્ધનોની;
ન્હોતાં જ સંકલન કો સ્થલકાલનાં ત્યાં, નિર્બન્ધ એમ વહતા પ્રભુના પ્રવાહે. ૪
જોયૂં અમે ગિરિકણે સ્થૂલની શિલામાં, જોયૂં અમે જ કંઈ અદ્‌ભુત માંહિ દીઠું;
તે એક શૈલકણનૂં ઉર ભેદિ જોતાં ઈતિહાસવાહિ સિંધુ દર્શન ત્યાં પ્રભુનું. ૮

૪ થી કડીમાં એ સ્થાન અનન્ત હતું એટલું નકારકથન જ છે. આઠમી કડીમાં એ વસ્તુ શી ભવ્ય ! એટલું જ છે. પણ 'આ ભવ્ય છે' એમ ગમે તેટલા આશ્ચર્ય-તીણા અવાજે કહેવામાં આવે, તેને જ **ભવ્ય આલેખન કે ભવ્યતાનું આલેખન** કોણ ગણી શકે વારુ ?* અને આવી કવિતાભાસી પદાવલિ (પોયેટિક ડિકશન) ની શબ્દાલુતા (વર્બોસિટી verbosity) રા. ન્હાનાલાલની રચનાઓમાં ઓછી નથી. એમની અછાન્દસ રચનાની ટુંકડી ટુંકડી પંક્તિઓથી છે તે કરતાં પણ વધારે હોવાનો ભાસ થતો હોય, તો ન જાને !

ગજેન્દ્રની કૃતિ ૪૯ કડી લાંબી છે. તેમાંની પ્હેલી ૨૪ માંથી **૧૩** જ લીધી છે. અહીંના આંક પ્રમાણે ૧૪ માથી છેલ્લી, તે મૂલની છેલ્લી ૨૫ કડી છે. કોઇક ઠેકાણે મૂલમાં "ગિરિનાર" છે: ગિરિઓમાં નાર એવો અર્થ અને શ્લેષ એ કોઈ ઠેકાણે આવશ્યક નથી. એટલે અહીં બધે **ગિરનાર** જ છાપ્યું છે. એક ઠેકાણે "દીપડા" શબ્દ છે, તે ફેરવીને મૃગેન્દ્ર છાપ્યો છે.

૧ છેક હાલારના ઝાંપા લગીનાં માણસ બચપણથી જ ગિરનાર ભણી વારંવાર નજર માંડે છે. **પડછંદ** પ્રચંડ **૨ આળખ્યો** આલેખ્યો. પાસે પ્હોંચતા માણસને તે એટલો તો અતિકાય લાગે છે કે...૩ પંક્તિ ત્રીજી ગુજરાતી ભાષાની શક્તિ રત્નની જેમ સદાજ્યોતિમય દીપાવે છે. ૧ લી કડી **ગરવા** શબ્દ ઉપર તો ૩ જી કડી **વિરાટ** શબ્દ ઉપર જાણે ભાષ્ય છે. ૨ જી કડી અણદીઠેલ વિષે કલ્પના અને તેના વાસ્તવિક દર્શન વચ્ચે કેટલો તો તફાવત, તે રજુ કરે છે. આ કૃતિમાં બીજી પણ આવી અર્થગર્ભ કડીઓ છે.

**૪ જો** જુવો **તાંડવ** અતુલ શક્તિના. **પત્થર** શબ્દને પથ્થર લખવા માટે આતુર જોડણી સુધારકો (!) ને આ પંક્તિ ભેટ ધરૂં છું. †

**૫ જીવન** સ્થૂલદૃષ્ટિનાં પડળ ઉતરી જતાં જેનાં દર્શન થાય તે અમરતાનું જીવન.

---

† ઉચિત અને ઊંચી જાતનું હ્રેટરિક તે વાક્છટા વાગ્વૈભવ–જુવો લિરિક પૃ. ૬૮

* આમ કરવાની ટેવ રા. રા. નરસિંહરાવને પણ છે. કવિતા સાધવાને બદલે કેટલીય વાર તેઓ આપણને બાળકની જેમ આશાટટળતા રાખે છે; બાળકને આપણે ખાવાનાનો દાબડો છીંકે બતાવિયે, છીંકા તળે પણ લઈ જઇને કહીયે "જો, આમાં છે !" અને આપિયે નહીં;—એ પ્રમાણે.

**૬** પૂર્વાર્ધનો તરંગપ્રશ્ન જેટલો સાચો તેટલો નાજુક છે. **૭ માત** અમ્બાજી **ગહન** ગયબી રહસ્યની ઝાંખી કરાવતા. **૮ ફાળ** સશક્ત ચડનારા મોટી ડાંગને ટેકે ચારપાંચ પગથિયાં ડગલે ડગલે કુદે છે. ગજેન્દ્રને એમ ચડવામાં ઓર આનન્દ આવતો. કૃતિના (અહીં) પાંચ વિભાગ પડે છે, છેલ્લો ૬ કડીનો, બીજો દરેક આઠનો. **૯** ધન અને ધુમ્મસ ઘડી બધું જ ગળી જાય, ઘડી ખસી જતાં અતલ કરાડોની કોર પર જ ઉભા લાગિયે. **૧૦** બીજી પંક્તિ દ્રુતવિલમ્બિત, બાકીની ત્રણ ગજ છન્દ. ગિરનાર વિરાટ-મૂર્તિ છે, અને વળી અવનીથી ઉચ્ચ ભૂમિની સ્થૂલ નેત્ર કરી શકે તેવી ને તેટલી ઝાંખી પણ કરાવે છે, સ્મૃતિમાં રહીજ જાય એવી સચોટ રીતે. **૧૧** સૂક્ષ્મસ્થૂલ બંને અર્થનું સુભગ મિશ્રણ. કડીઓના અનુક્રમ માત્રથી કેટલાક ધ્વનિ સ્ફુરે, એવી કલામય ગોઠવણ મનન વડે જ સધાય. પોતાનું લખેલું પોતે સુધારી ન શકે, એવા કવિઓમાં આવા ગુણ જવલ્લેજ દેખાય. **૧૨** બીજો તરંગ, પ્રથમના જેવો જ લલિત. અલંકારિકો જેને ઉત્પ્રેક્ષા કહે છે તે અલંકાર આવા સ્થળોમાં જોવામાં જ ઔચિત્ય છે. ધુમ્મસની અત્યન્ત પાતળી અને શુભ્ર નાગકન્યાઓ ગિરિ ચડતાં પથિકને વારંવાર ભીંજવી દે છે, એ કુદરતપક્ષે પણ વાસ્તવિક વર્ણન છે. **૧૩ નિસર્ગે** કુદરતમાં સ્વાગતનાં સદાવ્રતો હોય, એ માન્યતા બરાબર છે. આ ગિરનાર એજ મંત્ર સંભળાવ્યા કરે છે, એવો પ્રત્યક્ષાનુભવ આપ્યા કરે છે. અને સાધુસંતોનાં સદાવ્રતો અને આતિથ્યો પણ અહીં કૈંક છે. **૧૪** પડતું નાખે તેને કહે છે રાજ્ય મળે, ભાવનાસદૃશ સિદ્ધિ મળે. **૧૫** માણસ આમ પ્રકૃતિપૂજનમાં પણ સ્થૂલ વાસનાઓને લાવે, તે એની પામરતાનો જ પુરાવો છે. હે પ્રભુ માણસને આવો જડ કેમ સર્જ્યો વારુ? **૧૬** આ યાત્રીને રાજપાટે ન ખપે, તપે ન ખપે. વળી અહીં જ જુવો, રાજાઓમાં પણ ભરથરી જેવાય પાક્યા છે. તેનો પુરાવો આ રહ્યો સામે. **૧૭ ફફરતી** ફરકતી, ફરફરતી., શબ્દશુદ્ધિ માટે આગ્રહ હોય તો ફરકતી કે ફફડતી વાંચવું. **૧૮ ધન** આ મન્દિરો (૧) જૈનોનું સૂક્ષ્મ ધન, (૨) એમના અઢળક ધનના પુરાવા, બંને અર્થ. **૧૯** પગલાં પોચાં. પત્થર કઠણ, પોચાની છાપ કઠણ ઉપર પડે?—અરે સ્થૂલબુદ્ધિ બન્ધુ આ પત્થરે પત્થર મહાસતી રાણકનું પગલું છે. **૨૧ એક દેવી** અનન્ય, સુવિખ્યાત: 'એક' શબ્દનો આવો પ્રયોગ સંસ્કૃતમાં જાણીતો છે. **૨૨** અહીં અમ્બાજીની ટુક ચડવા જેટલા પ્રાણ માટે રાણકના આત્માને પ્રાર્થના કરે છે, એ પણ આ યથોચિત તરંગોથી ઉભરાતી કૃતિનો એક સુન્દર કુદરતી તરંગ છે. **૨૩ મૃગેન્દ્ર સિંહ,**

---

† રમૂજ માટે એજ જાતનો બીજો એક દાખલો નોંધું: રા. રા. નરસિંહરાવ આંખ, સુણ (સાંભળ), વગેરેમાં ય બોલાય છે માટે લખવો એ મતના છે; આંખ્ય, સુણ્ય, વગેરે લખે છે. આ લેખન અને ઉચ્ચારણથી હું સૂગાયો ક્યારથી? એમની જ કવિતામાં "સુણ્ય સુણ્ય" બે વાર સાથે આવે છે તે એમની પંક્તિ જોઇને, ત્યારથી!

દીપડા. **૨૫** કોઈ કવિકલ્પનાનો જબરો કુદકો: મારું એમ–માતાજી, આ આવું છું ત્હમારી આભ–અગાસીમાં, ત્હમારે શરણે, જીવન સફલ !

**૨૭–૩૧** ચોતર્ફ જુવે છે. દૃષ્ટિમર્યાદામાંનો અદ્ભુત વિશાલપટ દેખાય છે એવો ચિતરે છે, તેમાં પણ ગિરનારનું પ્રાધાન્ય રાખે છે જ. **૩૧–૩૭** તેમાં પણ સર્વ સ્થૂલ સૂક્ષ્મનું શિખર, પૂજનીયોમાં પૂજનીય, આખા જીવનનો ઉપહાર જે એકને જ ઘટે તે મ્હારાં ઇષ્ટદેવી, મ્હારાં **અમ્બાજી**. **૩૩ ધણુધણે** ઘંટારવ અને પડઘાઓથી ગાજી ઉઠે. **૩૪** ત્હારી ઝાંખીથી મ્હને શું શું નથી થતું ! **૩૫** બેભાન, ભવભ્રમિત, વિક્ષિપ્તચિત્ત. **અન્ધ, પાંખ** ધર્મપક્ષનો કવિતાપક્ષનો બંને અર્થ. **૩૭ સરસ્વતી** વાણીની શક્તિ, નથી તે ક્યાંથી આપું ? હોય તો પણ એનાથી વધારે મ્હારું આખું જીવન જ લે **મા** ત્હારે ચરણે, ત્હને એનો જ અર્ઘ્ય ધરી દઉં છું. **૩૮ ગગનચુમ્બિત** ગગન જેને ચુમ્બી રહ્યું છે એવો.

---

## ૧૩

### આબુરાજ: પૂજાલાલ રણછોડદાસ દલવાડી

**છંદ**—અનુષ્ટુપ, સ્રગ્ધરા, દ્રુતવિલંબિત, સોરઠા, પૃથ્વી, મિશ્રજાતિ, મંદાક્રાંતા, ઉપજાતિ, અને ( પંક્તિ ૬૧–૬૨ ) એક ગીતિ.

૪ આબુની આડ ના હોત તો ઉત્તર ગુજરાત મારવાડ રાજપુતાનાનાં રણનો જ એક ભાગ બની જાત. ૭ બીજી ઢાલ અરવલ્લિએ પોષેલી મરદાની. સ્વત્વ: સ્વાતંત્ર્ય, આત્મવશતા, આત્મીયતા, વ્યક્તિત્વરક્ષા; (૨) બાપુકી ભોંય, ગ્રાસ, જીવાઈ, વગેરે. ૮ પાવક: જ્વાલા, તેજ, પાણી, વીરતા. **૧૦** ત્હારા ગૌરવના દાખલા વડે એમનામાં ગૌરવ પ્રેરજે. **૧૨** સંતરી શબ્દ અંગ્રેજી છે (sentry) **૧૮** ચડાવે: ચડાવ ઉપર, ચડાવમાં **૨૮** શ્વેતસ્મિત. શ્વેત સ્મિતે, અર્થ એક જ: શ્વેતસ્મિત હોઇ, શ્વેત સ્મિતો વડે. **૩૪** સાર્થક્ય, સફળતા એવો સામાન્ય અર્થ જ લેવો. સાફલ્ય શબ્દ બરાબર બેસતો આવે. **૪૧** મધુરવા જેવા શબ્દો આપણા કેટલાક કવિઓ વારંવાર વાપરે છે. એમના બંગાળીના શોખને લઇને હશે.

**અશુદ્ધિ**—પંક્તિ **૪૩** સમરભેરિની, સમરભેરિના વાંચવું. **૫૧–૫૨** ઇતિહાસમાં જે અનેક યુગો વિષે કશું જ નથી, તે યુગોની ભવ્યતાનો પણ તું પ્રતીક, તે યુગોમાંનાં પરાક્રમો, કરતા ઇતિહાસો, આદિના પડછંદ ત્હારામાં સંભળાયા કરે છે. **૫૪ ૫૬**, ત્હારા ચરણમાં.

**૫૯–૬૨** આ તરંગ (કન્સીટ) જરા વધારે પડતો ગણાય. અશુદ્ધિ **૭૦** છેલ્લો શબ્દ ચુવે છેકી ત્યાં વાંચવું–તૂંપે **૯૪** અહિત: શત્રુ; (૨) ગેરલાભકારક. **૯૬** આત્માના અચલગઢો: અડગ પૌરુષવાળા વીરો.

---

# ૧૪

## વૃષ્ટિ પછી કુદરતનું સૌન્દર્ય: ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી.

**છંદ—**કટાવ

પંક્તિ ૭૬ થી શરુ થતો કટાવ જગણી (લગાલ) બીજ વા એકમનો છે. તે પ્હેલાંનો કટાવ અષ્ટકલ બીજનો છે. ત્રણ ત્રણ આવર્તને પંક્તિ બાંધી છે. અનિયમિત અંતરે રાચ રાચ...હજી રે એ બે પંક્તિ ફરી ફરી મુકીને કડી બાંધી છે. શ્રી રામનારાયણે કટાવના ગુણદોષ, આપણા યુગમાં થયેલા વૃત્તવિકાસની ચર્ચા કરતાં, સારા ચર્ચ્યા છે. પોતે એ રચના અજમાવી અજમાવી તેના પરિચયી થશે તો હું ધારું છું કે એ રચનાની ગુણવત્તા એમને વધારે આકર્ષશે.

ગો. મા. ત્રિ. પદ્યલય કે સંગીતના રસિયા ન્હોતા. વળી એમણે ગમે ત્યાં એકગુરુને સ્થાને બે લઘુ અને બે લઘુને સ્થાને એક ગુરુ વૃત્તોમાં પણ ગમે ત્યાં મૂક્યા એ અતિશિથિલ ધોરણે અને ગાથાના દુઃખદ વ્યાધિથી પીડાતા હતા તે વર્ષો દરમિયાન જ એમની ઘણીખરી કવિતા રચાઈ હતી. ગદ્ય અને પદ્ય ઉપર એકસરખું પ્રભુત્વ અત્યંત વિરલ, એ પણ એમની કવિતાનું મૂલ્યાંકન કરતાં ધ્યાનમાં રાખવાનું છે. એમની સમગ્ર કવિતા વિષે ગમે તેવો અભિપ્રાય બાંધો, એમની આકૃતિ ગુજરાતી કવિતાની શક્તિનો એક ઉત્કૃષ્ટ નમુનો છે.

**૨–૭** નદીની સપાટી ઉપર મંદ વાયુ નાજુક લહરીઓ પાડે છે તેની સાથે આકાશે વાદળાંની ચાદરમાં પાડેલી ભાતને કવિ સરખાવે છે.

**૧૩** સ્વર્ગીય મૃદંગ કે રતિદેવીની મૃદંગ બની મનોહર ગાજે છે. **૧૫** પયોધર, પાણીને ધારનાર. **૧૮** ધરાઃ સ્નેહમુદ્રામાં અહીં સર્વ છાપ્યું છે તે અશુદ્ધ છે. **૨૧** જળ ધારણ કરતું શ્યામ અને વ્યાપક રૂપ. **૩૩** અંધ બની, બીજી સર્વ વાતે અંધ બનીને, માત્ર રતિપ્રવાહનું વાહન બનીને, આ વિરાટ સૂરને મ્હારામાં પણ વહેવા દઉં છું. **૩૭** સકળ ભુવનઃ આખી પૃથ્વી, મ્હારૂં આખું જગત મ્હારા હર્ષ શોકે રંગાય, તેમ. **૪૫** દિવસ ચંદ્ર, દિવસે દેખાતો ચંદ્ર. એક ઉપર એક વિરોધાભાસી ઉપમા રૂપકો ખટકે છે તથાપિ અર્થતંતુની સળંગતાને સાચવે છે.

**અશુદ્ધિ** ૪૭ આલિંગત છે ત્યાં આલિંગન વાંચવું.

**૪૮–૫૦** વર્ષતાં વાદળાં નીચે ઉતરીને **નભકટિ પરથી** વર્ષે છે. **નભકટિ** ધારાકર, સ્નેહગર્ભ, કરાકર, કૌતુકકર્ષિ આદિ સમાસો, જેમાંનો એક એક આખી લીટી જેટલો લાંબો છે (પંક્તિ ૬૮ મી); માતરિશ્વ, સ્વસુખ, વિષ્ણુપદ, અમ્બુદચાપ, વગેરે શબ્દો, અને એકાદ સ્થલે જરા કિલષ્ટ રચનાઃ આવાં કારણોને લીધે આ કૃતિની ભાષાને અતિસંસ્કૃત કહેવી પડે છે.

**રસધર** મેઘ, **વર્ષા** વર્ષાઋતુ. વર્ષાદ જોરમાં પડે છે, પવન ખૂબ વાય છે, પછી બંને ધીમા પડે છે. અને પડેલા રસના સ્પર્શથી જ સૃષ્ટિની દરેક ચીજ પોતે

કેટલી તો રસાળુ સુન્દર છે તે પાંચે ઇંદ્રિયો ઉપર જાણે ઠસાવાને એકબીજી સાથે સરસાઇ કરી રહે છે. વર્ષાદ રહી જતાં પવન મંદ પડતાં અને તડકો નીકળતાં પંખો બ્હાર આવે છે, ખેલે છે, સેલે છે, કલ્લોલ કરી મુકે છે. **સ્વ-સુ-ખ** પોતાનું શોભીતું આકાશ, ધરતી અને આકાશટોચ વચ્ચેનું અન્તરાલ પંખીઓનું જાણે ક્રીડાંગણ, સુખચોગાન. **માતરિશ્વ** ધરતી માતાના શ્વાસ રૂપ પવન. ઝપાટા રૂપી બાલક ધરતીમાતાને વળગવા આકાશરૂપ ધાત્રીની કેડ ઉપરથી સરી પડે છે, ત્યાં માતાનો અતિનિકટ સ્વજન તેને વચ્ચેથી ઉપાડી લઇ ઉછાળે છે; ખેલવે છે, હા હા હી હી કરે છે, વગેરે. **વિષ્ણુપદ** આકાશ. "ત્રિ-ક્રમ" વામનાવતારનાં ત્રણ પગલાં-માંથી આકાશ એનું ખાસ, ગીત રાસ વગેરે વૃંદાવનમાં તો હોય, આ તો જાણે આખા આકાશને આ આનન્દમત્ત પંખીઓએ વૃંદાવન બનાવી મુકયું.

**કૌતુકકર્ષિ** અદ્દ્ભુતતાએ ખાસ આકર્ષક, **સ્નેહવિષ્ણુ૦** કૃષ્ણ=સ્નેહમૂર્તિ. સંસ્કૃત શૈલીના મોહાન્ધ ભક્તો સમાસાદિ વડે રચાતા ઉક્તિવૈચિત્ર્યને ભલે વખાણો: જે ઉક્તિવૈચિત્ર્ય માત્ર વૈચિત્ર્ય, કશાય વિશેષાર્થ વિનાનું; જે વડે સરલ અને સામાન્ય અર્થ આટકતરી રીતે ઓછા જાણીતા શબ્દોમાં કહેવાય; તે ગુણવત્ ગણાય ખરું? શ્રીકૃષ્ણના મુકુટમાંનો મોરપિચ્છ સમૂહ: ઇંદ્રધનુ તે આ મોરપિચ્છની કમાન. ઇંદ્રધનુષ્ય શી અજબસુન્દર ચીજ છે તે કહેવાને અજબ-વિચિત્ર શબ્દબાહુલ્ય (વર્બોસિટી verbosity) વાપરવું એ વર્ણનછટામાં કોઇક વાર ઉચિત ગણાય, એમ ઉમેરવું પણ જોઈએ.

**કરાકર** કર (કિરણ) ના આકર. આ ચાર અક્ષરનું ચોસલું કર્કશ નથી? **રતિ** રસ, વારિ, તેનાથી વિરુદ્ધ ગુણવાળા સૂર્યકિરણ, માટે તે **રતિમૂઢ**. પરન્તુ આ ક્ષણે એ કિરણ પોતાની પ્રકૃતિથી ઉલટું જેવું આચરી જલદના ઉદરમાં, વર્ષાધારાના બિન્દુ બિન્દુમાં પેસી જાય છે, અને આ અતિસુન્દર નવું રૂપ-મેઘ-કમાન જન્મે છે. આ કમાન જન્મે છે તે રતિ-રસ-જલના ત્રિભુવનવિજયનો સાક્ષાત પુરાવો! આજે સહુ રંગ અન્યોન્ય ખૂબ રતિ કરે છે, રંગો પણ અન્યોન્ય રંગે રમી રહે છે પુરાણોમાં સૂર્ય ભગવાનના ઘોડાને સાત મુખ કલ્પ્યાં છે. આ સૂર્યકિરણોનો પ્રકાશ પણ સાત રંગમાં પૃથક્કૃત થઈ જતો જોઇ, માણી, હે મન, તું રાચ.

પણ એ કમાન રતિ વધતાં-વર્ષાદ વાદલ ફરીને વધતાં-પોતાના મૂળમાં પાછી ભળી ગઈ, કમાન દેખાઈ તેય રતિનો એક આવિર્ભાવ; દેખાતી બન્ધ પડી તે પણ રતિનો એક આવિર્ભાવ. રતિના આવા આવા એક એકથી સુન્દર અસંખ્ય અકળ આવિર્ભાવોથી જ વિશ્વ ભર્યું છે.

વર્ણવવાના બનાવો અને દશ્યોની પરમ્પરાના વેગને પદ્યપ્રવાહનો વેગ ઝીલે છે અને પ્રતિબિમ્બે છે, યથાયોગ્ય વધારે છે ને ઘટાડે છે. આખી દૃષ્ટિમર્યાદામાં મેઘ વાયુ અને સૂર્યની અન્યોન્ય પ્રકૃતિઓ (action and reaction) અને

તેમાંથી ક્ષણે ક્ષણે પ્રતિફળતી વનસ્પતિ સૃષ્ટિ પંખીસૃષ્ટિ અવનિસૃષ્ટિ આદિની પ્રવૃત્તિઓ, અથચ એ સર્વ જોનાર ઝીલનાર સહાનુભૂતિથી ઉકેલનાર સાક્ષી હૃદય-બુદ્ધિની પોતાની દશાઓના પલટાઃ—આ સર્વ વિરાટ ચિત્ર વાણીની પીછી પદ્યલયની મદદ વડે એવું તો આબાદ ઉપજાવી આવે છે, કે તેમાં દોષો જો કે છે (ઉપર સૂચવાઇ ગયા છે), એમાં રુચિભંગ થાય એવા અંશો પણ છે, તથાપિ સમગ્રે લેતાં આપણી કવિતા સમૃદ્ધિમાં વર્ષાઋતુના અનુપમવિવિધ સૌન્દર્યનું આ કૃતિ એક ભવ્ય (અતિ વિશાલ અતિ સમર્થ) આલેખન છે, એમ સૌ સ્વીકારશે. ક્રાન્તિકારક મોટી વૃષ્ટિ માટે માત્રામેળ કટાવબન્ધ વાપર્યો છે, પછીની ઉલ્લાસ-ભરી સૌમ્યતાના વર્ણન માટે ઓછા વેગવાળો અને વધારે નિયમિત જગણી કટાવબન્ધ વાપર્યો છે, એ પદ્યપલટાનું મોહક ઔચિત્ય પણ કાવ્યને ફરી ફરી વાંચી બે વિભાગને અન્યોન્ય સરખાવી સરખાવીને જોઈ લેવું.

ભાવો અને અર્થના પ્રવાહની સાથે શબ્દ સમૂહ અને પદ્યના લયપ્રવાહનો મેળ, તે જ કવિતાના **પ્રસાદ.** જેમ ગોરો રંગ માત્ર ચામડીનો ગુણ છે, આખા શરીરનો અને ખાસ કરીને મુખનો સમપ્રમાણ સુરેખ ઘાટ અને નેત્રની કાન્તિ સમૃદ્ધિ, તે જ સ્ત્રીનું **રૂપ** છે, તેમ આખી કૃતિનાં જુદાં જુદાં અંગોપાંગનું અસાધારણ ચમત્કારક ઔચિત્ય, તે જ કવિતાનો **પ્રસાદ** છે. આવા પ્રસાદવાળી કવિતાઓ જ કોઇ પણ ભાષાની સાચી અમર **સમૃદ્ધિ** છે.

અહીંની પંક્તિ **૫૬** '**તે** રુમઝુમ,' સ્નેહમુદ્રામાં **ને** છાપેલું છે; પંક્તિ **૭૬** 'વધ્યો જ પ્રકાશ,' સ્નેહમુદ્રામાં જ નથી; એ બંને ત્યાં મુદ્રણદોષ છે અન્તે (**પં ૮૮**) "નિરખી લઈ લેઈ" એટલું નિરુપયોગી જણાતાં છોડી દીધુ છે.

---

## ૧૫

## ચંદ્રદર્શનઃ રસિકલાલ છોટાલાલ પરીખ

**છંદ**—દ્રુતવિલંબિત, વસંતતિલકા, હરિણી, અનુષ્ટુપ, તોટક, શાલિની, મંદાક્રાંતા, પૃથ્વી.

જન્મ. ઇ. ૧૮૯૮

**નયની તાલ** (સરોવર) વિષે પુરાણકથા છે કે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં સતીએ પડતું નાખ્યું ત્યાં તુર્ત રુદ્ર પ્રકટ થયા. તેમણે ભસ્મીભૂત સતી દેહને ઉપાડી લીધો અને આકાશમાર્ગે કૈલાસ ભણી ચાલી નીકળ્યા. માર્ગમાં સતીની આંખ પડી ત્યાં તુર્ત આ નયનીતાલ નિર્માઇ ગયું, અને આ તે આંખ કે સરોવર એમ તેને જોતા જોતા રુદ્ર જરા ઊંચી નજર કરે છે ત્યાં તો તેમને સતીના આત્માની કાંતિ આખા હિમાદ્રિને છાઇ દેતી જણાઈ...હિમાદ્રિની પાર્વતી તે સતીનો જ નવો અવતાર...

## વિવરણ ૧૫

અહીં કવિએ નયનીતાલના અતિ રમણીય પ્રદેશમાં ચંદ્રદર્શનના વર્ણનની સાથે આ પુરાણ વણી લીધું છે. વળી ચંદ્રવર્ણન કરતાં કવિને કાલિદાસના બે અમરસુંદર શ્લોકે સાંભરે છે "સાક્ષર યુગ" ની કવિતામાં અતિપાંડિત્યનો દોષ પણ ક્યાંક ક્યાંક છે, તે કબૂલ: આવી આવી શિષ્ટ સુંદર મધુર રચનાઓ પણ સાક્ષર યુગે કોઈ કોઈ આવી છે, જે તેનો વારસ ચાલતો યુગ તો જ્યારે આવશે ત્યારે વાંચીશું ને વખાણીશું.

**૧** કવિ હોડીમાં નયનીતાલની સ્હેલ કરે છે; રાત પડી છે એટલે ચંદ્રને જોવા નજર ઊંચી કરે છે. **૫–૮** પ્હેલા આઠ વર્ણો કાલિદાસનાજ સુપ્રસિદ્ધ શ્લોકના છે, જેનું આ કડી ભાષાંતર છે. હરતિ: હરની, હરે છે, સંસ્કૃત **हरति** એમ ને તેમ રાખ્યું છે એવા ભ્રમમાં ન પડવું. પથરાયલા અલક ભેગા થતા જાય અને વચ્ચે વચ્ચે કાળાશની જગાએ ગોરો રંગ વધે, તેમ અંધારૂં સંકેલાય છે, કૌમુદિ પ્રકાશિત જગા વધતી જાય છે. **૧૦** એ: પ્રિયતમા અહીં હાજર નથી માત્ર તેની આ અલકસંસ્કારની ક્રિયા કરતી છબી સાંભરે છે.

**૧૩** સખીસમણું: પ્રિયતમા માત્ર હાજર નથી એટલું જ નહીં; ગત થઈ છે, સ્મૃતિશેષ થઈ ગઇ છે. **૧૫** માંટ, ક્રિયાપદ સ્મૃતિ સ્વપ્ને શું ઢુબે છે, આ ચંદ્રોદયનું તો દર્શન કર! શાંત છપાયું છે તે સુધારી કાન્ત વાંચવું. **૨૦** નયની તાલ કાંઠે એક સ્થળે નયની માતાનું ન્હાનું દેવળ છે અને આ ચંદ્રોદય એવો થયો કે ચંદ્રને જે ક્ષણે દીઠો તે હૃદયની પ્હેલી ક્ષણમાં એનો પ્રકાશ સૌથી પ્હેલો એ દેવળ પર પડતો ચંદ્ર એ દેવીને નમન કરવાનું પ્રથમ કર્તવ્ય બજાવી આગળ વધતો–દેખાયો.

વધતી જતી ચાંદની જુવે છે વિરહાતુર સ્મૃતિની અસર પણ ચાલ્યા કરે છે અને કવિને દક્ષ–રુદ્ર–સતી–પાર્વતીનું પુરાણ સાંભરે છે. ગર્ગવન આ આખા પ્રદેશનું જૂનું નામ, **૨૩** બળતી લતા: બળતી સતીનો લતા સમો દેહ. **૨૬** સતી નયન ઢાળે, એના પ્રાણ શરીરમાંથી ઉડી જાય છે. રુદ્ર વિધુર થવાનો કારી ઘા હિમાલય, વન, પૃથ્વી સર્વને અતિઘાયલ કરી નાખે છે. ભૂમિ ફાટે છે, નયનીનો મોટો પાતાલ ઊંડો ખાડો પડે છે, તેમાં સતીનું નેત્ર પડતાં તુર્ત સરોવર થઇ જાય છે. રુદ્ર જ ગુપ્ત રીતે એ તેમને એ ખાડામાં સેરવી દઈ સરોવર નિર્મે છે. અને હિમાદ્રિ ઉપર બધે જ અજબ જ્યોતિ જુવે છે તેને જ સતીનો આત્મા ત્યાં સંક્રાંત થયલો ગણે છે.

ચંદ્ર ઊંચે ચડયો જાય છે, ચંદ્રપ્રકાશ વધ્યો જાય છે. મધ્યાકાશે આવતાં ચંદ્ર જલપરિવેશમાં દીપી રહે છે. તે જલકુંડાળાને કવિ વિયોગરસનું વર્તુલ ગણે છે. તેજ શાંત સરોવરની સુંદરતા, નાવડીઓ તમામ ટોચે પ્હોંચી ઘડી થંભે છે. કવિના ચિત્રની માલાના મણકાની ગતિ થંભતી નથી. **૪૭–૪૮** કાલિદાસના શ્લોકનું અનુકરણ.

---

# ૧૬

# સાગર અને શશી: મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત),

**છન્દ** ઝુલણા

તાલરચના પણ અનુકૂલ એવા હરકોઈ રાગમાં ખીલે. દીવે દીવો પ્રગટે એમ એક શબ્દમુકુલમાંથી જાણે બીજું વધારે સુન્દર ઉઘડતું હોય એવા સંગીતપોષક પ્રાસની **દમક** ઉપર **તરણીતરલ** અર્થ રેલ્યા કરે છે, અને પોતાની સ્થૂલસૂક્ષ્મ રમણીયતા માટે અમરતા સાધે છે. જયામેએએ, પાઆમેએએ, સ્નેહઘન કુસુમવન, વગેરે સંગીતના સાજ સાથે પૂરેપૂરાં ખીલે.

**વિષય** સૃષ્ટિમાં અને કવિહૃદયમાં ચમત્કારિક હર્ષોલ્લાસની ક્ષણનું વર્ણનઃ જૂન ૧૯૦૨ ની પૂર્ણિમા–ગોપનાથ પાસેનો દરિયો. અને વર્ણન છે તથાપિ આ કૃતિ ઊર્મિકાવ્ય ( લિરિક ) છે, કેમકે ઉલ્લાસની અને ઈશ્વર પ્રતિ આભારની લાગણીઓ વડે કૃતિ ઓતપ્રોત અને ઊર્મિપ્રધાન છે. સાગર ઉપર ચંદ્રોદયએ ભવ્ય વિષયના વર્ણન દ્વારા ઈશ્વરસ્તુતિ કરવામાં તેમ અનુગ્રહનું સ્તોત્ર સંગીતમાં રચવામાં ઔચિત્ય પણ પૂરેપૂરું છે. શૈલી રોમાન્ટિક છે પણ સાથે કલાસિકલ શૈલીની સ્ફુટાર્થતા ય પૂરેપૂરી છે. સમગ્રે એક છાપ ઉપજાવવી એ રોમાન્ટિક શૈલીનું નિશાન નથી. સમભાવી શ્રોતાહૃદય પોતાના ઉભરાતા હૃદયરસે ભરી દેવું, પોતીકા ઉભરો ભોગવતાં ભોગવતાં સ્તવવો અને ઉભરાવવો, એ પ્રકારની આ શૈલી છે. એ શૈલીની ખામીઓ વિનાનો અને તેના ગુણોત્કર્ષનો આવો બીજો દાખલો ગુજરાતી કવિતામાં ભાગ્યે મળે.

**અર્થ—સ્નેહઘન**—સ્નેહ તે જ મેઘ ઘેરી અને અજબ જેવી રીતે તૃપ્તિ દેનાર. **પરિમલ** તે જ સ્નેહ **નિજગગન**—પોતાને કુદરતી ગગનમાં, સૃષ્ટિપક્ષે આકાશમાં, કવિ પક્ષે ચિદાકાશમાં. **ઉત્કર્ષ પામે**—ઉંચે ચઢે છે. સર્વોપરિ થાય છે, સમુલ્લસી રહે છે; જેમ આ ક્ષણે કુદરતમાં ચંદ્ર તેમ ચંદ્ર જ પરિમલ, મેઘ, સ્નેહ, નેત્ર, અને ઈશ્વરનો અનુગ્રહ સર્વે : આખું બાહ્યાભ્યંતર ચંદ્રમય સ્નેહમય પરિમલમય ઉલ્લાસમય વર્ષાઋતુના આગમન જેવા તાપશાંતિના આનંદાનુભવમાં રસસુખાર્દ્ર : ઈશ્વરની પ્રસન્નતાએ તરબોળ : એ પ્રમાણે વર્ણન હોવાથી જ આ કાવ્ય રોમાન્ટિક શૈલીનો નમૂનો છે. **કાલના—(૧)** આ પૂરી થતી ઋતુના; (૨) મ્હારા હૃદયમાં લાંબા સમયથી જામેલા.

**નેત્ર**—ચિદાકાશમાં સ્નેહ, કુદરતમાં ચંદ્ર, સૂર્યચંદ્ર પિતાનાં સ્થૂલનેત્ર, જ્ઞાનસ્નેહ પિતાનાં સૂક્ષ્મનેત્ર ( સ્વીડનબોર્ગ ). પરિમલ એ સ્વીડનબર્ગી સૃષ્ટિમાં શેનું પ્રતિક, તે હું ભૂલી ગયો છું જિજ્ઞાસુએ સ્વીડનબોર્ગમાં જોઇ લેવું. સ્વીડનબોર્ગી ધૂમસ મિનારનાં અંદરનાં અંગોપાંગની ઘટનામાં એકવાક્યતા અસાધારણ

હોવાથી જ તાર્કિક મગજોને તે આખો મિનાર સંગીન લાગે છે: આ તો આખું યે ધૂમસ માત્ર છે, એ ભૂલી જવાય છે.

**કામિની** —જોબનમત્ત. **દામિની**—મોજાંઓ ઊપર પ્રકાશબિંદુ અને પ્રકાસરોની માળા જાણે વીજળીની છટા જેવી, દેખાતાં લોપાય તો લોપાતાં પાછી દેખાય એવી, ચાંદની. **કેલિકૂજન**—કૂજન રૂપ કેલિ. કોયલ બે હોય કે એક જ. સામસામી કોયલો કૂજનકેલિ કરે છે. અથવા તો એક છે તે વારે વારે કૂજે છે, ઉદ્દીપક કુહુક પંચમસ્વરને જાણે તદ્દન શાંત પડવા નથી જ દેવો એમ રહી રહીને ફરી ગજવવાની રમત કરી રહે છે. કેલિકૂજન સૃષ્ટિના સમુલ્લાસનો જાણે મૂર્ત અવાજ છે.

**તરણી**-નહાની હોડી; વિહાર-તરી ( jolly boat ). **ભાસતી**-ચળકી રહે છે, પૂર્ણિમાની ભવ્ય ભરતીમાં આખી સૃષ્ટિ નહાની શી લીલા-તરી જેવી સેલતી લાગે એ હર્ષોલ્લાસની પરિસીમા છે. ઈશ્વરકૃપાનો ઉલ્લાસ જ મુખ્ય આખી સૃષ્ટિની ઉલ્લસતી સુન્દરતા મુકાબલે ગૌણ, એમ પણ કવિહૃદયમાં છે તેવું અહીં વર્ણવાઈ જાય છે. પ્રથમ કડીનું મુખ્ય કથન દુઃખ સંતાપ શમે છે એવું હોઈ આ કડી તે કરતાં એક પગથિયું ઉંચે ચ્હડે છે. અહીં સ્વાનુભવ સર્વાનુભવમાં પીગળી જાય છે એ રીતે પણ આ કડી પગથિયું ચ્હડે છે. ઉપનિષદોમાં છેલ્લાં વાક્યની દ્વિરુક્તિ જેવી આ બંને કડીને અંતે પુનરુક્તિ, ત્યાં સુઘટિત તો અહીં સુઘટિત અને સુંદર બંને છે.

**સંગીતકાવ્ય**-કવિતા સંગીતથી ભિન્ન અને સ્વતંત્ર છે, કવિતાનું વાહન અર્થપ્રવાહ છે, તે સમઝાવવાને, વળી કવિતામાધુર્ય-અર્થપ્રવાહના લયનું માધુર્ય -સંગીતમાધુર્ય નથી, સંગીતમાધુર્યની છાયા દાસી ન્હાની બ્હેન કે કોઈ પ્રકારે આશ્રિત નહીં પણ સ્વતંત્ર વિભૂતિ છે, એમ એના વ્યક્તિત્વનો કરવાને, આ લેખકે પ્રસંગોપાત્ત લખ્યું છે, પરંતુ એ સર્વ લખાણનો માયનો એવો નથી જે યથાર્થનામ સંગીત કાવ્ય હોય નહીં, અગર તેની મ્હને કિંમત નથી કિંવા તેની સામે મ્હારે રૂસણું છે. સંગીત લેખે ઉત્તમ, કવિતા લેખે પણ ઉત્તમ એવી બંને કલાની ભિન્ન ભિન્ન કસોટીએ ઉંચી રચનાઓ વિરલજ હોઇ શકે; જે ખરેખર એવી હોય તે બેવડો શું અનેકગણો આનન્દ પણ આપે. એવી સંગીત કવિતાઓને જ નીચેનું સુભાષિત પૂરેપૂરૂં લાગુ પડે:—

**अविदितगुणा हि सुकवेर्भणितिः कर्णेषु किरति मधुधारां।**
**अनधिगतपरिमला हि हरति दृशं मालतीवल्ली ॥**

( તરજુમો )

**પ્હેલાં પણ રસ પાતાં સીંચતું મધુ ગેયકાવ્ય શ્રવણોમાં**
**જાતિવેલ ફુલફુલ્લા દગહર મગજ ભરતાં પ્હેલાં.**

---

## ૧૭

## નિશીથ:—ઉમાશંકર જેઠાલાલ જોષી.

**૭૯**—મિશ્રજાતિ, જેની મ્હારી વ્યાખ્યા માટે જુવો 'પારિજાત' માં મ્હારો પ્રવેશક.

શ્રી ઉમાશંકરનો આપણા કવિતોદ્યાનમાં પ્રથમ પ્રવેશ 'સમૃદ્ધિ' ની પ્હેલી આવૃત્તિના પ્રકાશન સમયે જ થયેલો ગણાય. ચાલતી સદીમાં જન્મેલા નવા કવિઓમાં સત્વર તરી આવેલા શ્રી સુંદરમ્ અને શ્રી ઉમાશંકર કવિ અને લેખક લેખે લોકપ્રિય પણ થઈ ગયા છે, એ આપણા સાહિત્યના ચાલતા યુગનું સુભાગ્ય છે. ઉમાશંકરે કૉલેજનો અભ્યાસ થોડો વખત છોડી દીધેલો પ્હેલી અનુકૂળતાએ પાછો ઉપાડી લઈ યશસ્વી રીતે પૂરો કર્યો છે. જો કે એમને (દલપતરામ અને કલાપીની માફક) આંખની નબળાઇ નડયા કરે છે. સાક્ષર યુગની વિદ્યા પરંપરાના એઓ અને શ્રી મનઃસુખ ઝવેરી સારા પ્રતિનિધિ બની રહેશે એમાં શક નથી. સાથે સાથે આમ જનતા માટે સહાનુભૂતિમાં ઉમાશંકર, સુંદરમ્ કે બીજા કોઇનાથી ઓછા ઉતરવાની ય ધાસ્તી નથી. સુંદરમ્ ભરૂચ જિલ્લાની અભણ વસતીમાંથી સાહિત્યમાં દાખલ થયા છે, ત્યારે ઉમાશંકર ઈડર તર્ફના મેવાડા બ્રાહ્મણ છે. બંને વિવિધ ક્ષેત્રોમાં અવનવી રીતે અસાધારણ શક્તિઓ વિલસાવે છે; અને આપણા સાહિત્યોપવનમાં "આ બે ઉગતાં તરુવરો નિર્વિઘ્ને પૂરેપૂરા ખીલવા ફાલવા પામે તો કેવું રૂડું !" —એમ સૌ સાહિત્યભોગીઓની શુભેચ્છાઓ એમના તર્ફ વળે છે.

**નિશીથ:** (૧) મધરાત, (૨) રાત. પણ અહીં રાત્રિનો દેવ એવો અર્થ લીધો છે અને વેદના ઋષિઓએ ઈંદ્ર, પૂષન, આદિત્ય, મરુત્ , યમ, યમી, અદિતિ, ઉષા આદિનાં સ્તોત્રો રચેલાં તેમ દેવ દેવી શબ્દને પ્રાકૃતિક તત્ત્વ કે ભાવના અર્થમાં લઈને તથા નટરાજની કલ્પનાનો આશ્રય લઇ એને દેવાધિદેવનું અદ્વિતીય ગૌરવ સમર્પીને કવિએ આ રાત્રિસ્તોત્ર લખ્યું છે. અતિશયોક્તિ કે રોમાન્ટિક શબ્દલીલા લાગે તેને આ દૃષ્ટિએ ઘટાવી લેવું.

**૫** તેજોમેઘ: નિહારિકા. નિહારિકાઓના લાંબા પટ તે જાણે આ નટરાજના નૃત્ય ઝપટે ઊડતા અને ફરફરતા ખેસના છેડા. **૬**. પાટ: દરબારમિજલસની ઠઠ ચારે બાજુ જામી હોય તેમાં વચ્ચે ખુલ્લી જગા, નટ, ગવૈયા, કવિ, ભાટ, ગણિકા, આદિની પ્રવૃત્તિ માટેનો રંગ, મંચ, બાજઠ, ઈત્યાદિ. **૮** ગર્ત: તારા વિહીન ખાલી અવકાશો, (એમ્પ્ટિ સ્પેસીઝ.) **૯** ચકરાતી: ધરી ઉપર ચક્રગતિએ ફરતી. **૧૬** આખી સૃષ્ટિ ત્હારો વિરાટ પાટ, તેમાં આ વસુંધરા ત્હારી રંગભૂમિ, ત્હારું રંગભવન. **૧૯** તારા તે ગગનને ત્હારે સ્પર્શે સ્પર્શે થતા રોમાંચ. **૨૧** વિકારવંટોળ: જુસ્સાભરી વિકૃતિઓ. વિકાર શબ્દ ઘણુંખરૂં બગાડ અનીતિમયના

આદિ સૂચવે છે. તેવું કશું અહીં અભિપ્રેત નથી. ત્હારી હૂંફે, ત્હારી ગોદમાં, પ્રીતિરતિના અનેકાનેક જુસ્સા મચી રહે છે.

અગસ્ત્ય: 'આર્ગો' નક્ષત્રમાંનો સૌથી ચળકતો તારો 'કેનોપસ.' મૃગ: મૃગશીર્ષ, 'ઓરિયોન.' ઉત્તરાયનનું પ્હેલું નક્ષત્ર. પ્હેલું માટે એને અગ્રહાયન પણ કહે છે. શ્વાન: આ વિશેષનામ અંગ્રેજ 'ડૉગસ્ટાર' અભિધાન ઉપરથી યોજ્યું છે. એ તારાનું ખગોળશાસ્ત્રીય નામ 'સીરિયસ' છે. આપણા આકાશમાં સૌથી વધારે તેજસ્વી દેખાતો તારો. પુનર્વસુ: આર્દ્રા પછીનું નક્ષત્ર. દેવયાની: 'લેડીઝ ચેયર' એ અંગ્રેજી અભિધાન ઉપરથી નવો ઘડેલો શબ્દ; આપણા જ્યોતિઃશાસ્ત્રની પરિભાષામાં એને શર્મિષ્ઠા કહે છે, તે ઉપરથી પણ કવિને દેવયાની નામ આપવાનું સુઝ્યું હોય. મઘા=દાતરડું. રાતે અગાસી પર કે ખુલ્લા મેદાનમાં નક્ષત્રો તારા સ્વર્ગંગા સપ્તર્ષિ આદિ તર્ફ જોઈ રહેતાં શ્રી ઉમાશંકરે અહીં નિશાવ્યોમનાં દૃશ્યોનું કેવું તો કલ્પનામય ચિત્ર આલેખ્યું છે, તે આપોઆપ ઉગી આવશે. આમ લખેલ ખુલાસા તેમ વર્ગમાં નકશા આદિ સાથે સમજુતી આપવામાં આવે, તે બધું છેક નકામું. **૩૯** નવ્ય: યોગીઓ તો નામરૂપ આદિના મોહને દૂર રાખી, એ સર્વ પ્રતિ વૈરાગ્ય જમાવીને તપશ્ચર્યા કરે. ત્હારૂં સનાતન નર્તન મોટામાં મોટી તપશ્ચર્યા છે, પરંતુ એ તપશ્ચર્યા એક પછી એક સુંદર રૂપના અંબારને સ્પર્શી સૌની ગ્હેલાવીને તું કર્યા કરે છે, એ ત્હારો યોગ અને તું બેય "નવ્ય."

મૌન, અગતિરૂપ શાંતિ, શૂન્યકાર: લોકોત્તર રહસ્યમય ભવ્યતા. **૫૬** ભાલ અને કપોલ: તારાઓની પાછળ અતટ ઉંડાણ જેવો દેખાતો અંતરિક્ષનો પોલો ઘુમટ. ડીલ: આ ઘુમટ પછી તારાઓ ચંદ્ર અને વાદળાં, એ જાણે નાચતાં નિશીથનાં મસ્તક, નેત્ર, કપાળ, મુખ, કંઠ...તે તળેનો છેક પૃથ્વીની સપાટી લગીનો દૃશ્ય વિસ્તાર તે નિશીથનું જાણે બાકીનું ડીલ.

સુનિશ્ચંચલ: અતિસંસ્કૃત પ્રયોગ; નૈયામિક શાસ્ત્રીય ચર્ચાના શુષ્ક દલીલોનાં લખાણમાં પરિભાષાના અને પરિભાષાને મળતા નવા શબ્દો યોજવા પડે અને વિચારણાની સફાઇ સૌથી આવતા હોઈ આવકાર પામે, એ જુદી બાબત છે. કવિતામાંય સફાઈ અને વિશદના અવકારને પાત્ર; પરન્તુ તે માટે પણ આવા પ્રયોગ અતિશુષ્કતા અમૂર્તતા આદિને લીધે કવિતામાં વર્જ્ય.

**૭૫ દાસ્યદુર્ભેદ્ય ૭૪-૭૯** એ છ લીટીનો ખંડક અતિમિતાક્ષર છે. મ્હારા ચિત્તની મૃત્યુઘેરીતમિસ્રા, ગ્હારી તંદ્રા, મ્હારા–એટલે વ્યક્તિ વ્યક્તિના–વિષાદ આદિને દૂર કરવા કવિ નિશીથદેવ–નટરાજ–દેવાધિદેવને પ્રાર્થે છે, એ અત્ર એક વિષય છે. રક્તસ્રોત=આખી પ્રજાનો રક્તપ્રવાહ; આંહી=આ પ્રજામાં–એ તમિસ્રા, તંદ્રા, વિષાદાદિ છે, તે દૂર કરવા એ જ દેવને આજીજી, એ કવિનો બીજો વિષય છે. છેલ્લા ખંડકમાં આ બીજો વિષય છંડાઇ પ્હેલા વિષયને જ વળગીને કૃતિ

સમાપ્ત થાય છે, તે ઉચિત જ થયું છે. બીજો વિષય માત્ર આ દેશ અને આ ઝમાનાને વળગે છે ત્યારે પહેલો જનતાસાધારણ હોઇ તમામ દેશકાલના તમામ મનુષ્યોને લાગુ પડવા જેટલો વ્યાપક છે.

વળી બીજા વિષયને જ લાગુ પડતું દાસ્યદુર્ભેદ્ય વિશેષણ પ્રાર્થનાની બીજા વિષય પૂરતી વ્યાપકતાને પણ વિશેષ ખંડિત કરે છે. દાસ્ય–ગુલામી–ગુલામી મનોદશા (સ્લેવ મેન્ટેલિટી)–બંધાઇ જવાને લીધે દુર્ભેદ્ય. (મધ્યમપદ લોપ લેવાની જરૂર નથી; પાંચમીનો તત્પુરુષ ગણવો બસ છે.) આ ગુલામી મનોદશા આપણામાં ક્યાંથી ? જૂના લિબરલો–રાનડે, સર ફિરોઝશાહ, ગોખલે આદિના અનુયાયી નાગરિકો માને છે કે– પેશવાઇ, મુઘલાઈ, અને તે પહેલાંથી શરુ થઈ સૈકાઓ લગી એકસરખું પ્રવર્ત્તી રહ્યું છે તે બેલગામ નેહુકમી જુલ્મી શાસનતંત્ર તળે આપણે છૂંદાતા રહ્યા છિયે તેથી આવી. એ પક્ષના મત મુજબ બ્રિટિશ તંત્રે તો આપણને આ આપણા શાસનના દોષ દેખાડયા, તે દૂર કરવા માટે આપણને તૈયાર કરવા માંડયા, તે દૂર કરવાના પ્રયત્નો આપણે મોટે માપે પૂરતી દૃઢતાથી કરતા થયા ત્યારે બ્રિટિશતંત્રે તો તેમાં આપણને ઉત્તેજન મદદ માર્ગદર્શન આદિ કરવા માંડયું. સંખ્યાબંધ અંગ્રેજોએ એમાં આપણી પ્રતિ સદ્ભાવ દેખાડયો, કોઈ કોઈએ આપણી આગેવાની પણ લીધી. બ્રિટિશતંત્ર છે જ ઉદાર. એ તંત્રની સહાનૂભૂતિ અને મદદ વડે જ આપણે આ જૂના હઠીલા રોગ જેવી ગુલામી મનોદશામાંથી કાળાંતરે મુક્તિ મેળવી શકીશું, સ્વરાજ્ય પ્રાણિત શાસનતંત્ર ઉપજાવી શકીશું. ટિળકપક્ષી અને કૉન્ગ્રેસપક્ષી જુદું જ માને છે. ગુલામી મનોદશાનું મૂળકારણ તે બ્રિટિશ રાજ્યતંત્રને જ ગણે છે; બ્રિટિશ શાસનની સામે થઈને તેને તોડીને જ સ્વરાજ્ય સિદ્ધ કરી શકાય એમ માને છે. સત્તાધર હાથે સત્તા ત્યાગે એ અશક્ય માને છે: એની મૂઠી કોઇ પણ પ્રકારના બળે ખોલાવવી જ પડે એમ માને છે. ઉપર સંક્ષેપમાં સૂચવેલ "જૂના લિબરલો"ના મતને પણ આ પક્ષ તો બ્રિટિશ મુત્સદ્દીગીરીએ ફેલાવેલી માયાજાળ ગણે છે અને આખો દેશ હવે એ મોહ અને ભ્રમમાંથી મુક્ત થઇ ગયો છે, આખી પ્રજા કૉન્ગ્રેસપક્ષી છે એમ પણ માનેમનાવે છે.

આ બેમાંથી વિશેષ સત્ય વા ઓછું અસત્ય કયા પક્ષમાં છે, તેનો નિર્ણય કરવાની ફરજ અહીં આપણે માથે આવતી નથી. ગુલામી માનસ શાથી ઉત્પન્ન થયું એ પ્રશ્નને કવિ–સુભાગ્યે–ગળી જ જાય છે. ગુલામી મનોદશાનું અસ્તિત્વ અને તેની બળવત્તા સ્વીકારતા બેય પક્ષ આ કૃતિમાંની પ્રાર્થનામાં ભળી શકે એમ છે.

ઈંદ્રાદિને સાચે દેવ માનતા વેદકાલના ઋષિઓ તેમને પ્રાર્થે, યજ્ઞભાગાદિ ઉપહારો અને સ્તોત્રો નમનો આદિ વડે તેમને રીઝવે, રીઝતા માને, એ સર્વના બદલામાં પોતાને ઇષ્ટવસ્તુઓ–વિજય, જમીન, પશુ, લક્ષ્મી, સંતતિ આદિ

પ્રેયોવસ્તુઓ પોતાને આપશે એવી આશાઓ સેવી એવા લલકાર ખુલ્લા અવાજે બુલંદ રાગે કરે, તે સર્વ તે દેશકાલની શ્રદ્ધામાં બંધબેસતું અને કુદરતી હતું. પણ આપણે તો સેંકડો વર્ષથી એવા દેવો, દેવ માનવ વચ્ચે એ પ્રકારના સંબંધવિનિમયમાં માનતા અટકી પડયા છીયે. આપણી કવિતામાં આવી પ્રાર્થનાઓ અને વાણીલીલાઓ શાને? લાગણી શક્તિ અને સમય જે કઈ એવી પ્રવૃત્તિમાં યોજાય તે એળે ન જાય? ઇશ્વરમાં માનનારા પણ તેની કનેથી પ્રેયોવસ્તુઓની માગણીઓ કરવી હવે છેક બાલિશ ગણે છે; તો નાસ્તિકો પણ શ્રેયોવસ્તુઓ માટેની પ્રાર્થનાઓને આપણા હૃદયનો કુદરતી વ્યાપાર અને આપણી ભાવનાઓમાં આપણને દઢાવનાર માને છે. પ્રાર્થનાની ફિલસૂફીની આથી વિશેષ ચર્ચા અહીં અપ્રસ્તુત. કવિની આશાઓ પ્રાર્થનાઓ આદિ સ્થૂલ છે કે સૂક્ષ્મ, એનો લલકાર કવિત્વમય છે. કે ગદ્યની નીચી ભૂમિકાનો,–એટલું જ આપણે તો જોવાનું છે.

**૮૬** ઉષા અરુણોદય, આદિ આગામિ ઉન્નતિનાં ચિન્હ કે પુરાવા લેખે વપરાય છે. હે નિશીથ; ઉષાના હે નેકી પુકારનાર!

**૬૮** ખેલંદા હે શાંત તાંડવોના: આ પ્રમાણે કોઇક પંક્તિમાં છંદનું માપ તુટે છે, એવી પંક્તિઓ અત્યંત વિરલ જ ચલાવી લેવાય. હે ખેલંદા શાંત તાંડવોના–એ પણ કંઈ બહુ વધારે સારું ભાગ્યે.

---

## ૧૮

## બહુરૂપિણી: ત્રિભુવન પુરુષોત્તમ લુહાર (સુંદરમ્)

**૫૬**

પ્રથમ દર્શને આ ઉછરતું શબ્દચમત્કૃતિબહુલ કાવ્ય વાદળીઓના વર્ણન જેવું લાગે, પરંતુ એને આખું ધ્યાનમાં લેતાં એ દેવોની દુલારી, ગિરિજા, રત્નાકરદુહિતા, સાવિત્રી, અલખકુમારી, વિરાટમાં વિરાટ સાગે અણુમાં અણુ સૌન્દર્યશ્રીનું જ વર્ણન સાબીત થાય છે. મસ્તીમાં આવી ગયેલા કિશોર ઉલ્લાસથી ગાય લલકારે એવું આ વર્ણન તર્કદષ્ટિને ઉચ્ચ સુવ્યવસ્થાવાળું ન જણાય, કલાસિકલ કરતાં રોમાન્ટિક શૈલી તર્ફ ઢળી જાય, એ કુદરતી છે. મયંક: ચંદ્ર. ઝોકતું –ઝોકાં ખાતું; ઝૂલતું, આંદોલાઈ પોઢે છે. વૃંદ: અનેક વાદળીઓ, અથવા તારા ઝુંમખાં, નિહારિકાઓ. ઓવારણાં...: કયા પ્રિયપુરુષને સત્કારે છે, તેને મધુપર્કે વધાવે છે, તેનાં દુઃખડાં લે છે, તેની સેવામાં પ્રાણ પાથરે છે, તે કહેતી જા, ઝોલો: હીંચકો. છૂપી: જાતે પડદા પાછળ રહેલી.

તું વેરાગણ છો, કુટુંબી સૌભાગ્યવતી છો, કુમારિકા છો, છો કોણ? પ્રતીક મોડેલ, આદર્શ, કલાસ્વામિનીનું ફલક તો આકાશપટ છે. ઊંચામાં ઊંચા કલાકારની કલ્પના ત્હારાથી દબાય છે, લચી પડે છે.

---

## ૧૯

## પ્રકૃતિરહસ્ય અને માનવબાળ: નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા.

**છંદો**—મંદાક્રાંતા, અનુષ્ટુપ ઉપજાતિ. પદો—ગરબી અને મ્હાડ.

કવિઓ કુદરત પ્રતિ કેવી કેવી ભિન્ન દૃષ્ટિએ જુવે છે, તે આ સ્તબકમાંનાં કાવ્યોને એક બીજા સાથે સરખાવતાં જણાઇ રહેશે. ન. ભો. દી. પોતે આ કૃતિ ઉપરના ટિપ્પણમાં લખે છે.—" કારવારમાં...સમુદ્ર દેખાતો છતાં એનો ગંભીર ઘુઘવાટ સંભળાયા કરતો હતો અને બીજી બાજુએ ઊંચી પર્વતમાળ આકાશને પ્હોંચેલી અદ્‌ભુત ઉભેલી હતી "— તે, દશ્ય ઉપરથી ઉપજેલા ભાવ આ કૃતિમાં ગુંથેલા છે. પ્રકૃતિ કાંતો " ઉન્નત (સબ્લાઈમ) " કાંતો " સુંદર (બ્યૂટિફુલ) " એમ બે જાતનાં દશ્ય દેખાડે છે એમ મનાય છે. ન. ભો. દી. ને આ અયોગ્ય લાગે છે, છે, અને તેઓ કહે છે, " વાસ્તવિક જોતાં ત્રણ વિભાગ " નિરનિરાળા સ્વીકારવા પ્રાપ્ત થાય છે, "૧ ભવ્ય (ગ્રાન્ડ), ૨ ઉન્નત ૩ સુંદર (બ્યૂટિફુલ) " આ કૃતિમાં ભવ્ય દર્શનાનું પ્રતીક દરિયો છે; ઉન્નતનું ગિરિરાજ છે; સુંદરનું ગિરિકોકિલ છે. ગિરિકોકિલના ખંડ માટે કવિ ગરબી વાપરે છે, ગિરિરાજ માટે મ્હાડ, દરિયાં માટે સંસ્કૃત ગણમેળ વૃત્તો. ભવ્ય દર્શન ભયાનક નહીં પણ ગંભીર આદરનો ભાવ ઉપજાવે છે; સુંદર દર્શન મુદિત પ્રસન્નતા વિકસાવે છે; ઉન્નતદર્શન ગંભીર આદર અને મુદિત પ્રસન્નતાવાળો મિશ્ર ભાવ પ્રેરે છે વગેરે ન. ભો. દી. ના ટિપ્પણમાંજ ધ્યાનથી જોઈ લેવું. ગિરિકોકિલ પંખી ગુજરાતમાં થતું નથી.

૨ મ્હારા હૃદયની શાંતિ ઉપર અશાંત તરંગાવલિ ઉપસાવે છે. આ જાતની ઊર્મિઓ ઉપજાવવાની શક્તિ, હે સિંધુ, તું ક્યાંથી લાવ્યો ? એ ઊર્મિઓમાં રમમાણ રહેવું માનવચિત્તને રુચે છે, જો કે એમનો શો ધ્વનિ સમજવો તે તો સદાય અવ્યક્ત રહે છે. હે સિંધુ, તું ત્હારો નાદ ત્હારી આ શકિત વગેરે માનવજાતિ ન્હોતી ત્યારનાં છો, માનવજાતિ લુપ્ત થશે ત્યારે પણ હશો; પરંતુ હે ચિરંજીવ મહાસત્ત્વ, તું પણ સનાતન અનાદ્યનંત તો નથી; તે મહાસિંધુ અમૃત પારાવાર જેની આગળ તું કશાજ હિસાબનો નથી, તે તો ઓર.

**૨૧-૪૨** ત્હારા જેવોજ અવ્યક્તધ્વનિ આ ગિરિકોકિલ. હે અદ્‌ભુત પંખી, ત્હારો ઉછરતો ટૌકો કૌમુદી જેવો માદક છે, વસંત જેવો મધુર છે, ચાંદની છાઈ માઝમ રાતે તું શો ખીલે છ જો ! અહોહો, ત્હારા ટૌકામાં એવા તો ભાવ ઉછળે છે, એ એટલા પ્રફુલ્લ ઘેરા અને ઊંડા લાગે છે, કે અગર જો કે તું પંખી છે તથાપિ માનવી હૃદયના કોઈપણ ભાવ ત્હને અજાણ્યા હોય એમ માની જ શકાતું નથી. એ ત્હારો ટૌકો શું કોઈ વખારે ઉન્નતદ્રાવક પ્રિયવસ્તુ કે પ્રીતિપાત્રના અનુભવ સ્મરણ અને ઝંખનમાંથી ફુટતો હશે ? તું શું શોધ છે ? શું સ્તવે વર્ણવે છે, શું વાંછે છે, શેની આશામાં મસ્ત છે ? પૂછ્યા જ કરૂં તો પણ કદી

જાણી નહીં શકું. આ ગિરિવર પણ જાણી શકતો નથી, જો કે ત્હારા આ માઝમ રાતના ટૌકા એને પણ પીગળાવી રહેતા જણાય છે.

**૪૩–૫૪** ધ્રુવ પદના એક બે અક્ષર આજ-ગિરિરાજ, હજાર-અપાર એમ કવિ ફેરવ્યા કરે છે. ધુમસશ્રીની પ્રીતને તે મેઘમાલાના પ્રેમપાશનેય અવગણ્યા જ કરતા હે ગિરિરાજ, તું એવા તે શા મનનમાં કે લક્ષ્ય ધ્યાનમાં આટઆટલો ડુબેલોજ રહે છે? વગેરે. છેલ્લી કડીમાં ત્રણેને સાથે સંબોધી તેમનો ઉપકાર માને છે.

---

## ૨૦

## સમુદ્રને : જેઠાલાલ ત્રિવેદી.

### છન્દ વસંતતિલકા, સૉનેટ.

**૧** દેવલોક, દેવોએ; અમારા લોકમાં તો મૃત્યુ હજી (અમી તેં ઉપજાવી આપ્યું તથાપિ) દરેકનું બારણું ઠોકયા જ કરે છે. તેં વ્હલોવાઇ વ્હલોવાઈ અંતરમાંથી ઉપજાવી આપે ત્હારાં બીજાં તેર રત્નોમાંથી પણ અમને તો એકે મળ્યું નથી, તે કવિ ટુંકામાં જણાવી દે છે. અને કહે છે, તો ત્હારો ગર્વ અને ત્હારાં ગુમાન અયોગ્ય નહીં? દીન હીન જનો ત્હને વંદે છે ત્હારાં સ્તુતિગાન કર્યાં કરે છે, તે બહુ અજુગતું નહીં? ના ત્હને જે અપ્રિય છે, તું જેને પોતાનું કલંક ગણે છે, તે—મીઠું—અમારૂં "સબરસ"—તું અમને આપે છે, એજ તું અમારી મહામોટી સેવા કરે છે, એમાં જ ત્હારી સાચી મોટાઇ છે.

---

## ૨૧

## બળતાં પાણી : ઉમાશંકર જેઠાલાલ જોષી.

### છંદ : શિખરિણી. પંક્તિઓ ૧૫ એટલે આ સૉનેટ નથી.

**૨** હૈયે સળગતી : ઓળા આકૃતિ પ્રતિબિંબ છે રંગ તો કેટલા અને કેવી રીતે પ્રતિબિંબે છે એ સવાલ અટપટો છે. એટલે એ ઓળા જાણે નદી પણ હૈયામાં સળગતી હોય તેવા લાગે છે એમ કહેવું, તે ઉત્પ્રેક્ષા અતિ ઉત્કટ ગણાય પરંતુ આ વિષે રસજ્ઞો ઝીણવટથી ચર્ચા કરે એમ ઈચ્છું છું.

**૩** દોટતી નદીના ઝોબા કાંઠામાં પછડાતી દોટે, ત્યાં છાંટા ફુવારા આદિ ઉડે, તેને ઉકળતાં પાણીના ઉડતાં બિંદુ કહેવાં, અને માનસિક ઉકળાટના અર્થવાળા 'તપી ઉઠે' શબ્દ વાપરવા, એ પણ અતિ ઉત્કટ ગણાય. પરંતુ વાચ્યાર્થમાં આવા બાધ ઉપરથી આખી બાજુથી દલીલ પણ કરી શકાય, કે જે "અન્યાર્થ" માં આ વિગતો પ્રત્યક્ષ છે, તે કાવ્યમાં વધારે સ્પષ્ટ ઉપસી આવે છે.

**૭ નવાણોમાં :** ઝરણાં, ધોધ, ન્હાની નદીઓ આદિ રૂપે તમામ પાણી ઊંચામાં ઊંચી ધાર (વૉટર શેડ) થી એક બાજુએ વહી એક બીજા સાથે ભળતાં ભળતાં નદી ઉપજાવે છે. એટલે તમામ નદીઓ ગિરિજાઓ પાર્વતીઓ છે. વડીલ માથે આફત વખતે છોરૂએ મદદ ન કરવી ? કરવી જ જોઈએ. પરંતુ નદીથી મદદ થઈ જ ના શકે, કુદરતે જે વહન માર્ગ નદીને નક્કી કરી આપ્યો તેમાંથી ગમે તેવે કારણે ય તે ચસે એમ બને જ નહીં.

૮ માઝા–મર્યાદા.

**૧૨.** વડવાગ્નિ–દરિયાના ઊંડાણોમાં ધગધગતો સનાતન અગ્નિ. નદીએ તો વહી વહીને દરિયે જ પડવાનું, જાણે કે આ અગ્નિ—દરિયાના પ્રજ્વલતા હૈયાનેજ ઠારવાનું એનું કર્તવ્ય.

**૧૩–૧૫** વર્ષાદનાં વાદળો પણ દરિયાના પાણીની વરાળ ઊંચે ચઢે તેનાં જ બંધાય છે, એટલે કે વાદળાંનાં પાણી નદીનાં જ પાણી છે, નદી જ છે, અને તે વડીલ ગિરિ ઉપર પડીને તેને ઠારે છે, લીલોછમ આર્દ્ર સમૃદ્ધ બનાવે છે. પિતા ગિરિને ખરે વખતે કરવાનું કાર્ય નદી બળતા ઝળતા પિતાની પાસે થઇને વ્હેતી હોય છે તથાપિ તેનાથી બનતું જ નથી. અને નદીનો પુત્ર, ગિરિનો દૌહિત્ર મેઘ, નાનાને ઠારે છે અહો, પણ તે ક્યારે ? દવની મોસમ ઉતરી ગયા પછી જ પોતાની હયાતીની મોસમ દરમિયાન. ચૈત્ર વૈશાખના તાપ અને તે ઋતુમાં જ્યાં ત્યાં સળગી ઉઠતા દવ બધુંજ ભસ્મ કરી દે છે ત્યારે તો એ તમામ ભસ્મ થઈ જ જાય છે. પણ આકૃતિ ઊંચા પ્રકારની રચના હોય તો તે વર્ણનકાવ્ય લેખે નહીં, **અન્યોક્તિ કાવ્ય** લેખેજ. ગિરિ નદી અને મેઘને બ્હાને કવિની દૃષ્ટિ આગળ હાલનો પુખ્ત અને આથમતો ઝમાનો, તેનું બાલક હાલનો કિશોર અને નવજુવાન ઝમાનો, અને ત્રીજી પેઢી એ જ પ્રત્યક્ષ છે. આ 'ઉક્તિ' જે 'અન્ય વિષય' માટેની છે, તે આ ત્રણ 'રુસ્તમ' 'સોરાબ, અને 'સોરાબ પછીની પેઢી'†

શ્રી ગાંધીજીની હાકલે જે કિશોર અને નવજુવાન 'ધોળી ટોપીઓ' ધંધા ઘરબાર અને વડીલો ભાંડુઓ આદિ તરફ પોતાનાં કર્તવ્યોને પડયાં મુકીને "દેશ-મુક્તિ યજ્ઞ" માં હોમાવાને આગળ ધરી આવી તેમાંના એક કવિ પોતે: એ મનો-દશાના નિરૂપણ લેખે, એ વર્ત્તન સેંકડો અને હજારોએ કર્યું તેની નીતિમત્તાની સાબીતી લેખે, આ કૃતિ સારી હોય તો જ એ સારી કવિતા. અને ધોળી ટોપી-ઓમાં કવિઓ છે તેમ વિવેચકો ય છે. કવિ લેખે જેટલા આ કર્તા ઉચ્ચ અને લબ્ધપ્રતિષ્ઠ છે, તેટલા જ વિવેચક લેખે ઊંચા અને લબ્ધપ્રતિષ્ઠ લેખક આ કૃતિ વિષે લખે છે, "નીડર અને કર્તવ્યધીર યુવકને આ હાકલ અસર કર્યા વિના ન જ રહે," પરંતુ, તેને "અત્યારની આપણા દેશની મોટામાં મોટી

† જુવો મ્હારૂં 'સોરાબ અને રૂસ્તમ એ ગુજ. વ. સોસાયટી' નું આબ્દિક વ્યાખ્યાન- ૧૯૩૮.

જરૂરિયાત માની ચાહોમ કરવામાં તેના (એ યુવકના) મનની મોટામાં મોટી વેદના તે તેના અનેક વીતકોમાં સીઝાતાં માબાપો છે, જેને તે કશી જ મદદ કરી શકતો નથી...... જ્યાં વાચ્યાર્થ ઉપરાંત વ્યંગ્યાર્થ હોય અને તે વ્યંગ્યાર્થ જ કાવ્યમાં પ્રધાન હોય, ત્યાં તે સંપૂર્ણ સ્પષ્ટ અને વાચ્યાર્થ સાથે સંવાદી જોઈએ...... કવિની કલ્પના જ પોતામાં સ્ફુરાયમાણ થયેલું માનવ-મંથન રહસ્ય કુદરતના આ દૃશ્યમાં જોઈ લે છે, અને એ વ્યક્ત થાય એવી રીતે એને કથે છે."* અર્થાત્ શ્રી પાઠક આ કૃતિ અન્યોક્તિ લેખે ઉચ્ચ હોવાનું પ્રમાણ-પત્ર પોતાના મતનાં કારણોમાં ઊતરીને આપે છે. અને શ્રી પાઠકના મત અને કારણોને અન્યાય ન થઈ જાય એટલા માટે મેં લાંબું અવતરણ ટાંક્યું છે.

ફિલસૂફીની દૃષ્ટિએ પણ આ છેક મનસ્વીપણું તો નથી. કુદરત શબ્દ અનેકાર્થવાળો છે, એનો મનુષ્યેતર કુદરત—જડ સૃષ્ટિ ચેતન સૃષ્ટિમાંનો સ્વેચ્છાશક્તિ વિહીન વિભાગ–એ અર્થ વૈજ્ઞાનિક પ્રગતિની સાથે સાથે જ આગળ આવેલો છે. માનવી સૃષ્ટિ અને માનવ વિચારણા શરુ થઈ ત્યારથી હજારો વર્ષો લગી કુદરત શબ્દ "દેવ ભૂત માણસ નિશાચર જડ" આદિ તમામને માટે સમગ્ર વપરાતો હતો, તેના અમુક ક્ષેત્રમાંના આચરણોના પ્રેરકબળોમાંનું એક ઇચ્છાશક્તિ પણ, બાકીનામાં એ બલ મુદ્દલ ન પ્રવર્તે, એ પ્રમાણેનો દૃઢ ભેદ એ હજારો વર્ષો દરમિયાન આપણે શંકારહિત સ્પષ્ટતાએ ગ્રહણ કરેલો જ નહોતોને. દૃષ્ટિ જ અસ્પષ્ટ તેટલે દરજ્જે વિચારણામાં વમળો હોય જ. મોતિયાનો રોગ થતો હોય છે તે વર્ષો દરમિયાન માણસ દરેક બત્તીની આસપાસ રંગવર્તુળો જુવે છે તે પ્રમાણે હિંદમાં પણ વૈજ્ઞાનિક વલણોનો અમલ વધશે તેમ તેમ હિંદના સાહિત્યમાંથી "વૃત્તિમય ભાવાભાસ" (સ્વ રમણભાઇ, મણિલાલ નભુભાઇ, ન. ભો. દી. એમનો ઘડેલો પારિભાષિક શબ્દ—રસ્કિનના 'પેથેટિક ફેલેસી' માટે). જડ પદાર્થોમાં ચેતના વ્યક્તિત્વ ઈચ્છા શક્તિ નીતિ અનીતિ આદિનાં આરોપણ અને એ પ્રકારનાં અન્યોક્તિ કાવ્યો વગેરે ઘણું ઘણું ઘટી જશે, અથવા વિજ્ઞાનદૃષ્ટિને પ્રતિકૂલ નહીં એવો વેશપલટો સ્વીકારીને જ ચાલુ રહી શકશે.

આપણી આસપાસની કુદરત એ પ્રત્યક્ષ પારાવાર અને તેમાનું જીવન નીતિ-અનીતિના ધર્માધર્મના દ્વંદ્વથી પર છે, જ્યારે આપણે કાળા માથાના માનવી તો આપણી દરેક હીલચાલ અને ખાસિયત એ દ્વંદ્વને ચશ્મે જોયા કરિયે એ કસોટીએ ચડાવ્યા કરિયે છ, ધર્માધર્મ ધર્મ્યાધર્મ્યમાંથી પ્રથમનેજ આપણે પસંદ કરિયે છ, વળગવા ઇચ્છિયે છ, પ્રવર્ત્તાવવા મથ્યા કરિયે છિયે. તાત્પર્ય કે કુદરતી પ્રત્યક્ષ, કુદરતી પ્રવૃત્તિ અને કુદરતી સૃષ્ટિ ઉપરથી આપણે માટે નીતિબોધ કે ધર્મને વળગવા ઉત્તેજના, સીધી દલીલે, સાદૃશ્ય ન્યાયે (આર્ગ્યુમેન્ટ બાઇ

---

* શ્રી રામનારાયણ પાઠક: 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો પૃ. ૧૧૪–૧૧૬

એનેલોજી) કે કોઈ પણ યુક્તિએ મળી જ શકે નહીં. જે આચરનારના આચરણ પ્રવર્તકોમાં સ્વેચ્છાશક્તિને સ્થાનજ નહીં, તેના ઉપરથી સ્વેચ્છાએ પ્રવર્તતા માણસને કશોજ ધડો મળી શકે નહીં.

પરંતુ આપણી જાણીતી અને માનીતી અન્યોક્તિઓ વિચારી જોશો, તો જણાશે કે કવિઓ ફિલસૂફોની ઉપલી મર્યાદામાં રહેતા નથી. કવિઓ તો કુદરત અને કુદરત પ્રવૃત્તિનાં ચિત્રોને નીતિબોધ અને પ્રોત્સાહનને માટે વાપર્યા જ કરે છે. મેવાડી રાણો પ્રતાપ અતિશય ત્રાસી ગયો, પ્રજાને અને પોતાનાં બાળકોને અકબર જેવા મહાસમર્થ શત્રુ સામેના સ્વાતંત્ર્ય સંગ્રામને લીધે પડતાં વધતાંજ જતાં દુઃખ એને પણ અસહ્ય થઇ પડયાં, અને એ વીર પુરુષ ઘડીક હતાશ અને હૈયાદુબળો બન્યો; અને ખપી જવાય તો ભલે તથાપિ નમવું તો નથી જ, એ તેનો નિશ્ચય જ્યારે ડગમગવા લાગ્યો, ત્યારે એના કવિમિત્ર પૃથુરાજે એને ફરી તેજસ્વી અને સત્ત્વસ્થ બનાવવાને કુદરત વર્ણનના વાચ્યાર્થવાળી અન્યોક્તિઓનોજ સફળ પ્રયોગ કરેલો આવા પ્રસંગોમાં કવિઓ અન્યોક્તિઓ વાપર્યા જ કરશે અને ફિલસૂફો ભલે ઉપર પ્રમાણેના અમૂર્ત (ઍબ્સ્ટ્રેક્ટ) સત્યને વળગી રહે સહૃદય કવિતાભોગીઓ એવી અન્યોક્તિઓને ઉંચી કવિતા ગણ્યાજ કરવાના તથાપિ આથી આ મુદ્દાને બરાબર વળગાવું ઘટે છે, કે ઉચ્ચતર ધર્મ અને કર્ત્તવ્ય કયું એ વિષે-શું કવિને શું પ્રતાપને કે શું એ કવિતાના ભોગીઓને-લેશ પણ શંકા નથી. રાણો પોતે ઘડીક અદઢ થઈ જાય છે, તે કાળે પણ પોતાનો ઉચ્ચતર ધર્મ તો એને એ સ્વાતંત્ર્ય સંગ્રામને ખેડયા કરવાનો જ વસે છે. ત્યારે ઉચ્ચતર ધર્મ કયો વારુ એ પ્રશ્ન આમ નિર્વિવાદ ન હોય, એ પ્રશ્નજ મતભેદનો વિષય હોય તો ? તો દેખીતું છે કે કૃતિઓને કવિના મંતવ્યને અનુકૂલ સહૃદયો જ ઉંચાં કાવ્યો ગણશે; તમામ કવિતાભોગીઓ સર્વાનુમતે એ કાવ્યોની ઉચ્ચતા નહીં સ્વીકારી શકે, સામા પક્ષવાળા એવી કૃતિઓને કેવળ પક્ષવાદથી ઉંચી નહિ ગણી શકે.

અને બીજું. વડવાનલને અને દવાનલને કશો સંબંધ છે નહીં. વડવાનલ ઠરે તો દવાનલ પ્રકટતો અટકે જ, એમ નથી. વડવાનલ ઠારી શકાય એવી વસ્તુયે નથી. એ અનાદિ છે. અને અનંત પ્રજ્વલ્યા કરવાનો છે, નદીઓ કે કોઇપણ કુદરતી સત્ત્વ વડવાનલને ઠારી શકે એમ નથી. વળી નદીઓ તો વહે છે જલની પ્રકૃતિએ અને ગુરૂત્વાકર્ષણ નિયમે; આમ તેઓ દરિયામાં પડે છે તે એમની પ્રવૃત્તિ વડવાનલ ઠારવાના હેતુથી એમ વર્ણવવામાં કવિ અધર કલ્પના પરપોટો જ ઉરાડે છે. કાવ્યના વાચ્યાર્થની સ્થિતિ આ પ્રકારની છે, તો તેમાંના "અન્યાર્થ" વિષે પણ સૂક્ષ્મ તપાસવા જેવું છે. નવલોહિશા ધોળી ટોપીઓ પ્રજાનાં દુઃખ અને અશક્તિ (વન અને ગિરિપરના દવ) માત્રનું મૂલ પરાધીનતાને ગણે છે; એ પરાધીનતા (વડવાનલ)નો અંત આણવાને રામબાણ ઉપાય અશક્ત અસહકારના

બેઠા બળવા (નદીઓના દરિયા પ્રતિ એકનિષ્ઠ પતન)ને ગણે છે; અને આ બુદ્ધિ પ્રવર્તે છે. વડીલો કુટુંબીઓ આદિ પ્રતિ પોતાની ફરજોને, કોઇને માથે બોજો થઇ ન પડતાં જાતમહેનતે પેટિયું રળવાના કર્તવ્યને, જેનું જેનું પોતા ઉપર ઋણ ચડયું હોય તે તમામ વ્યાજ સાથે વાળી દેવાના વ્યવહારુ કાયદાને, ટૂંકામાં, દુન્યવી સંબંધો અને નીતિ નિયમોના આખા તંત્રને અવગણી તોડી નાખી, આ એક જે પોતાને પરમ શ્રેય વસે છે તેની પાછળ ઝંપલાવે છે. માબાપ, ઘર બાર, સ્ત્રી (કે પતિ) બાલક, ધંધો, રૂઢિ, વચન, કબૂલાત, તમામને લાત મારી ચાલી નીકળે છે "જેલમહેલ" યાત્રાએ. કવિની નજર આગળ જે "અન્ય વિષય" છે, જેને લઇને એના અને એના સમાનધર્મીઓના ચિત્રમાં મહામંથન વ્હેલોવાઇ રહે છે, તેનું વાસ્તવિક સ્વરૂપ આ છે. શ્રી રામનારાયણ પાઠક પોતે ઉપલા અવતરણમાં સ્વીકારે છે, કે વાચ્યાર્થ અને "અન્યાર્થ" અન્યોન્ય "સંવાદી" જોઇએ. બે વચ્ચે સંવાદ કયાં અને કોલો ત્રુટે છે, તે વિચારશીલ વાંચક અહીં કેવળ તટસ્થપણે નોંધેલી વિગતો ઉપરથી પોતાની મેળે જોઈ લેશે.

'કવિતા શિક્ષણ'માં મેં ઇશારો કરેલો છે કે સાહિત્ય કૃતિઓ ધર્મ, રાજ્ય, સમાજ (લગ્ન, મિલ્કત વ્હેંચણી આદિ પ્રશ્નો), વ્યવહાર (આર્થિક પ્રવૃત્તિઓ) આદિને સ્પર્શે, ત્યાં ત્યાં એ ક્ષેત્રમાંના "સળગતા" (બર્નિંગ) પ્રશ્નોને લગતા મતભેદ અને વાદાવાદી, એ સાહિત્ય કૃતિઓના સાહિત્ય લેખે મૂલ્યાંકનમાં ય ધૂસ્યા વગર રહે નહીં. સાહિત્યના મુકાબલે શાંત જલોમાં પણ આપણા જીવનના આ ક્ષુબ્ધ સ્રોતોમાંના હોડાઓ અને વમળો ચડી આવવાનાં જ, કારણ કે વિચારપ્રવૃત્તિ જલ કરતાં પણ વધારે પ્રવાહી. પરિણામે જે પક્ષાપક્ષી મતામતી વાદાવાદી સાહિત્યમાં પણ દેખાયા વિના ન રહે, તેમાંની ઘણીને (ખરી રીતે) સાહિત્ય વિષયક ગણવી ન જોઇએ કેમકે તે આ જીવન ઝઘડાઓમાંના પક્ષાપક્ષી આદિનાં જ પ્રતિબિંબ હોય છે.

---

# ૨૨

## લાવાઃ દુર્ગેશ તુલજાશંકર શુકલ.

**છંદ—સ્રગ્ધરા.**

અર્થ સ્પષ્ટ છેઃ હે ધરતી માતા, મ્હારે અંતરે અહર્નિશ જ્વાળાઓ બળ્યા જ કરે છે, તો ત્યારે અંતરે પણ કયાં ઓછી બળે છે? પરંતુ ત્હારામાં કોઈક ઉદાત્ત ભાવ પણ છે જેને લઇને મુખે તો તું સદાહરિત સદામનોહર હસતી જ દેખાયા કરે છે, એવાં એવાં અંકુરો ત્હારી ગતીમાંથી સદા ય ફૂટતાં જ રહે છે. હે માતા, હે ગરીયસી ગુરુ, મને પણ એવો કોઈ ઉદાત્ત ભાવ અને તેનાં આવાં અહર્નિશ ફૂટતાં સુંદર મનોહર પરિણામો આપને, માડી !

---

## ૨૩

## જલધિમોજ શો-પ્રહલાદ જેઠાલાલ પારેખ.

**પૃથ્વી**

અર્થ સ્પષ્ટ અને સરલતાથી કહેલો છે. દીવડી શબ્દ કંઇક અનુચિત લાગે છે? જે તોટલું છે, જેની સામે આખો જન્મારો અફળાવું ફટાવું છે, જે આમરણ કુંભેશમાં ચૂરેચૂરા થઈ જવાય તોપણ કર્તવ્યસિદ્ધિની મઝા છે, તેને મુકાબલે પોતાનાં સાધન ક્ષુદ્ર છે એ પણ સંતોષ અને અભિમાનપ્રેરક વિગત છે, એટલે જે પ્રકાશ વડે પોતે માર્ગ જુવે છે અને આગળ વધવું સતત જારી રાખી શકે છે, તેના વર્ણનમાં પણ તે ય ક્ષુદ્ર છે એ ભાવ તો અવશ્ય જોઇએ.

---

## ૨૪

## કવિ અને જગત વચ્ચે વિરોધ: હરગોવિંદ પ્રેમશંકર કવિ:

જન્મ-ઈ. ૧૮૭૨ **છન્દ**—ગઝલ

કવિની કલમ ભાષા તેમ લય બંનેને કેટલી લીલાથી ખેલવે છે, બંનેમાં કેટલી રમતિયાળ છૂટા લઈ શકે છે તે કલાજિજ્ઞાસુએ જોવાનું છે.

ભાવનામયતા—**ખુદાઈ ઈશ્કનું ટીપું**. ઉરમાં આ પડતાં જ તે શુદ્ધ નિખાલસ પૂરેપૂરો પ્રેમ માગે છે, અને જાતે આપવાને તૈયાર છે, તેમાં નહીં શંકા, નહીં પાખંડ, નહીં તૃષ્ણા, નહીં કોઇ ભેદભાવની જરા સરખી છાંટ; જે સંપૂર્ણ સાત્વિક પ્રેમબલે એકેએક માણસ હરકોઈની સાથે સર્વમયતા અનુભવી શકે. આવી દુનિયા, આવી જનતા ક્યારે પણ હતી શું? આ કાળમાં કોઈ બી સ્થળે છે શું? ભાવિમાં કોઈ કાળે પણ થશે શું? અને તે પ્રશ્નનું સાચું ઉત્તર—"ના"! તો દુનિયામાં કોઈ હૃદય કોઈ સ્થાને કોઈ પણ કાળે આ ભાવનામયતા લઈને આવે, તે એકલ તલપવાનું અને ઝુરીને નિરાશ અને દુઃખી થયા કરવાનું કિસ્મત પણ લલાટે લખાવીને જ આવે છે; કેમ કે એની ઊર્મિને પિછાણે એવું પણ એને મળવું દુર્લભ છે. કવિપ્રાણિની વિચિત્રતા તેની અહમસ્મિતા (selfconsciousness સેલ્ફકોન્શિયસ્નેસ)ને લીધે જ નથી, જે લોકોત્તર પ્રેમ (ન્યાય; સત્ય; વફાદારી; આદિ પ્રેમહીરકના જ જુદા જુદા પાસા છે) તે માગે છે અને બદલામાં જાતે દેવાને તૈયાર છે; તે આ દુન્યવી વ્યવહારમાં તો સ્વપ્ને પણ સાંપડવાનો નહીં, એ પણ કવિપ્રાણીની વિચિત્રતાનું હાર્દ છે. અને આ હકીકત આ ટુંકું સાદું કાવ્ય નિખાલસતાથી અને કવિતાની શૈલીએ રજુ કરે છે.

ફારસી કવિતાપરમ્પરાની કેટલીક રૂઢ કાવ્યોચિત પદાવલિ (પોયેટિક ડિક્શન) અહીં ગઝલ જેવા છન્દની સાથે દેખા દે છે, તે માફકસર અને યથોચિત વપરાઈ

છે. **ઈશ્ક** પ્રેમ પારાવાર, **ઇશ્ક** ખુદા એ દૃષ્ટિ સૂફી કવિઓમાં જાણીતી છે. વચ્ચે વચ્ચે **સદાગતિ** (પવન), **ગુહ્યતમ**, જેવા સંસ્કૃત પ્રયોગો આવે છે તે અણધાર્યાં અને વિરલજ હોઈ (જાતે અલંકાર ન છતાં) અહીં અલંકારની ગરજ સારે છે. "પિછાણે દિલ તલપતું (તડફતું) દિલ" "ગળે લાગે જ્યહાં સાચે," આદિ અત્યન્ત સાદા પ્રયોગ ઉક્તિની નિખાલસતાને પોષે છે. વક્તવ્યનો સીધો નિરાડમ્બર પ્રવાહ, એ જ કર્તાની નિખાલસતાની છાપ પાડવા માટે (આપોઆપ પસંદ થયેલી) પદ્ધતિ છે. અને આભ દરિયા, આદિને સજીવ કલ્પી તેમની સાથે સંભાષણ, એ તો સર્વ દેશકાલની કવિતામાં વર્ણનને, દલીલને વા આત્મોદ્‌ગારને વધારે મૂર્ત અને સજીવન રીતે મુકવાની જાણીતી યુક્તિ છે.

તરુણ વાચક આને કરુણ કાવ્ય ગણે, પાકેલ વાચક શાન્તગમ્ભીર ગણે એ તારુણ્યવાર્ધક્ય વચ્ચેનો મતભેદ અનુભવભેદને લઇને અમર રહેવાનો; પણ બંને પોતપોતાની સહૃદયતાના પ્રમાણમાં આને સાદું ઊંચું ઊર્મિકાવ્ય ગણશે, કવિ અને કલાકારના હૃદયનું વિશિષ્ટ ઉમદાપણું શેમાં છે, અથવા એની ભાવનામયતા તે શું, તેનું પણ આ કાવ્ય ઊંચું નિર્મલ આલેખન ગણાશે.

**૫ ગુહ્યતમ ખૂણા** ઊંચા મકાનોવાળી શેરીઓમાં કે તરુવરો અને ગુલ્મોનાં ઝુંડવાળા બગીચામાં ચાંદની રાતે મોડા ફર્યા હો તે સમયનાં દશ્યો યાદ કરો, એટલે ગાઢ અન્ધકારને ચાંદની કેવી દર્શાવે છે અને શોભાવે છે તેનું વર્ણન કવિની સજીવન કલ્પના કોઈ ધન્ય પળે કેવા સાદા શબ્દોમાં આબાદ ઉપસાવે છે, તે ધ્યાનમાં આવશે. કવિતામાં કવિત્વમયતાના સ્થાયી અને સદાનન્દ અંશ આવાં કલ્પનાપ્રધાન દર્શનો છે. સામાન્ય દૃષ્ટિને કે જોડી જોડીને કવિતા ગોઠ ગુંથનારને આવા વર્ણનચમત્કાર શક્યજ નથી, તેણે તો ખડકવા રહ્યા વિવિધ વિવિધ અલંકારો, ને લડાવવા રહ્યા ક્વચિત ઔચિત અનુચિત તરંગો.

**૬ પ્રવૃત્તિ** દુનિયાદારીના વ્યવહાર **૭ જાતાં** કાઠિયાવાડી પ્રયોગ. **૧૦ ગુજ કિસ્મત** ત્હારી ખાસ કમનસીબી. ધરે આશ? મરે રે તું! **ધરે** પ્રશ્નાર્થ જેવો છે; પણ પ્રશ્નની ઉત્કટતાને લીધે વિસ્મયાર્થમાં ફેરવાઈ ગયેલો પ્રયોગ; **ઝુરે** શાપ જેવો ઉત્કટ આજ્ઞાર્થ છે.

---

## ૨૫

## સદ્‌ભાવના—મગનભાઇ ભૂધરભાઇ પટેલ (પતીલ)

છંદ—શાર્દૂલવિક્રીડિત.

આ સાચા કવિરત્નને પ્રથમ પરખ્યું રા. ભાઈશ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠકે. પ્રસ્થાનતંત્રીપદનાં કર્તવ્યો બજાવતાં એમણે શિષ્ટ ગુજરાતની જે સેવાઓ **બજાવી છે, તેમાં પતીલની કવિતાઓના પ્રકાશનને હું મોટા મૂલ્યની ગણું છું.**

સમૃદ્ધિની પ્હેલી આવૃત્તિમાં મ્હારે શ્રી પતીલની એક કૃતિ લેવી'તી જ; છતાં એ રહી ગયું, અને કયા કારણ વા ગફલતને લઈને એમ બનવા પામ્યું, તે ય યાદ નથી !

કેળવણી આખા પ્રજામાં ખૂણે ખૂણે ફેલાઇ ગયેલી હોય, વિદ્યાપીઠ અને વ્યુત્પન્ન વિવેચકોના શિષ્ટ સાહિત્ય વિષે વિચારમિનારો સારી પેઠે જાણીતા હોય અને ગામે ગામ સ્વીકારતા, ચર્ચાતા, છણાતા, શોધાતા હોય એવા દેશોમાં ય તે, કોઈ કોઈ કવિકોંટો કોઇ ખૂણે ફૂટે છે, અને આ સર્વથી સ્વતંત્ર રહી પોતાની મેળે પોતાને ફાવતી રીતે વધે ખીલે છે : પ્રજાનું ધ્યાન એના ભણી એ ઉગી નીકળ્યા પછી જ ખેંચાય છે. વર્તમાન ગુજરાતમાં શ્રી પૂજાલાલ અને શ્રી પતીલ આવા એકાકી અને આપબળેજ કવિ થયેલા કવિઓ છે. સુંદરમ્ કહે છે,

"સાથીઓ કંઇ સંગ છે."

શ્રી પૂજાલાલને અરવિંદાશ્રમ અને તેમાંથી ફૂટી સ્થલે સ્થલે નંખાતી નવી કલમોનો સાથ છે. શ્રી પતીલને આજ લગી કોનો સાથ હતો ? ન જાને. જે હશે તે નિઃસંદેહ છેક ન જેવો હશે. પરંતુ આ હું માત્ર હકીકત લેખે ટપકાવું છું. તપસ્વી આત્મા કે ભક્ત આત્માની જેમ સાચા કલાકારનું પણ આંતર જીવન એટલું તો પ્રબલમાતબર હોય છે કે તેને બાહ્ય સમભાવ પડઘા મિત્રતા પ્રશંસા આદિની ગરજ ઓછી જ રહે છે.

એકલ ફળેરમાં તરંગિતા વિચિત્રતા મનસ્વિતા આદિ વિશેષ આવે. શ્રી. પતીલ સંસ્કૃત—ફારસી પ્રણાલિકાના અવનવા મિશ્રણના પ્રયોગ ઉપર પ્રયોગ કરે છે. એમની સંખ્યાબંધ કૃતિઓમાં ફારસી ઉર્દૂ શબ્દોપ્રયોગો અને કાવ્ય રૂઢિઓ સાધારણ ગુજરાતી વાચકો ગ્રહણ કરી શકે તે કરતાં વધારે પ્રમાણમાં તેઓ વાપરે છે. આ શાર્દૂલવિક્રીડિતમાં પણ પ્હેલી પંક્તિને છેડે અને પછી દરેક અર્ધ કડીને છેડે "જોઈએ" શબ્દનો પ્રયોગ આપણને ગઝલની પ્રાસરૂઢિ સંભારી આપે છે.

કવિ ભગવતી સરસ્વતીને પ્રાર્થે છે : પણ આ ભક્ત, આ સેવક, આ ભિક્ષુક સામાન્ય કોટિનો નથી તો ! દયા ન જ જોઇએ. કૃપા ય નથી જોઇતી. દયા, કૃપા, બક્ષીસ, ભેટ, એ વડે તો એ ટેકી આત્મા પોતાનું અપમાન થયું ગણશે. એ નગદ લઈને આવ્યો છે અને તેનો અને પોતાને રુચતો આવે એવો જ બદલો એ માગે છે; વિદ્યા એવી મતા છે કે તેને (સંસ્કૃત સુભાષિતો સુસ્વરે આપણને કહ્યા જ કરે છે તેમ) રાજા ચોર કે આસમાની સુલતાની આફતથી કશીયે આંચ આવતી નથી. તો પ્રથમ, હે દેવી, મ્હારા નગદના બદલામાં મ્હને એ મતા આપ.

બીજું આપ ગુજરાન, કવિ નગદ આપ્યા જ કરશે તેની ગમે તે ખાતરી લઈ લે, અને ગુજરાન આપ, ગુજરાન જ, ભોગવિલાસ વાસના તૃપ્તિ આદિનો એ અર્થી જ નથી : તું એના નગદથી ખૂબ પ્રસન્ન થઈ જા, તો ગુજરાન ઉપરાંત થોડા સુખના દિવસ પણ આપજે.

નગદ બદલ મતાના સોદાની વાત થઈ રહી. હવે આ આપલેનો સંબંધ બંધાતાં ત્હને એના ઉપર ભાવ થાય, તો ત્હારી એ ભાવના સાચેસાચી સદ્ભાવના હશે તો જ તે એને ખપશે.

અને વળી જો તું કંઈક દાનદક્ષિણા આપવા જેટલી ઉદાર હો—ખરેખર ઉદાર હો તો જ સમઝી કે, આપતાં ત્હને જરા પણ સંકોચ થાય એવી કશી ચીજ આ અર્થી માગતો જ નથી, —તો આપ—

(૧) કાચ સરખું સ્વચ્છ હૈયું, જેમાં મુહબ્બતની છબી હૂબહૂ પડી રહે; અને તું ગમે તેટલા ટૂંકા હૈયાની હો તો પણ (૨) ત્હારી સદ્ભાવના.

આ બધો અર્થ આ કૃતિમાં છે? હા. વિવરણમાં મેં દર્શાવ્યા પ્રમાણે ગોઠવેલો ?—ના.

મ્હને ઘણા પૂછે છે. સંગ્રહ કરો છો, તે દરેક કૃતિ ઉપર વળી વિવરણ લખવા તસ્દી લ્યો છો, તો ઉત્તમોત્તમ વાનીઓ જ કેમ નથી લેતા? વસંતોત્સવ કે આરોહણ કે ચંદા જેવી કૃતિઓ અતિ ચવાઈ ગયેલી છે, તે એવી ન લેવાનું એક કારણ કેટલીક કૃતિઓ હોય છે રત્ન પરંતુ મલિન. અહીંની જેમ તેને ચોકખી કરવાથી તથા ગોઠવણી આદિના પ્હેલ પાડવાની ક્રિયાથી જ તેનું પાણી સામાન્ય વાચક જોઇ શકે. ઉલટ પક્ષે, કેટલીક કૃતિઓનું તેજ સામાન્ય વાચકને ખાસ આકર્ષે છે, પરંતુ રત્નપારખુ તેને ધુવે સમારે છે અને છે એવી દેખાડી દે છે, ત્યારે તે તેજ ઉતરતા પ્રકારનું અરે બનાવટી અને ખોટા સોનેરી જેવું છે તે સાચી હકીકત પકડાઇ જાય છે. શિખાઉ અને જિજ્ઞાસુને માટે ચોપડી લખતાં વિવેચકની ફરજ આ બંને જાતના થોડા નમુના પણ લેવાની છે. ગોઠવણ માટે પૂરતી તસ્દી ન લીધી હોય તેવી કૃતિના ગુણ કેટલા તો ઝાંખા પડે છે, શબ્દાલંકારની પદ્યાભાસી ખોટી પ્રસાધનાએ સામાન્ય વાચક ઓછા છેતરાતા નથી, એ બંને શિખાઉને શીખવવું, ઉચિત દાખલાઓ વડે પ્રત્યક્ષ કરી દેવું, એ પણ વિવેચકના શિક્ષણકાર્યનું એક અગત્યનું અંગ છે.

---

## ૨૬

## ગઝલ—બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા.

**છન્દ** પદ, ગઝલ: સાત કલનો એક સન્ધિ: બે સન્ધિએ ચરણ: બે ચરણે પંક્તિ, બે પંક્તિએ કડી. પણ આ પંદર કડીમાં આઠ ઠેકાણે તો કવિએ ચરણાન્તનો વિરામ અવગણી કડીને ( ચતુષ્પાદને બદલે ) દ્વિદલ બનાવી છે.

**સુખદુ:ખ, લાભાલાભ, હારજીત, રાગદ્વેષ, નરમાદા આદિ દ્વંદ્વોની પાર, અગમનિગમ આરે, રહેલાં, સમતા મૈત્રી અને કરુણા ( એક શબ્દમાં–સર્વાત્મભાવ) માં સંસિદ્ધ થયેલા ઓલિયાઓના બોધનો યત્કિંચિત પ્રસાદ.**

આવો પ્રસાદ ઝીલવાની યોગ્યતા એમના ઝમાનાના કવિહૃદયોમાં બુદ્ધિપ્રધાન અને બુદ્ધિશક્તિના અભિમાની મણિલાલ નભુભાઈની ખાસ ઓછી હતી, તો બાલાશંકર જેવા સરલ અને છેક ભલા માણસની ખાસ વધારે હતી. બાલાશંકર કેટલોક સમય તો નશાબાજ* થઈ ગયેલા, એટલી એ યોગ્યતા બેશક ઘટી. પણ મણિલાલ નશા કે બીજી એબથી ખરડાયા નહોતા એમ કોણ કહી શકશે? વળી આપણા કોઈપણ કવિની કવિતા ચાલતી કલમે લખાઈ હોય, લખાઈ જ ગયેલી હોય, કર્તા જાતે પણ જાણવા પામે કે આ શું લખું છું ત્યાં તો ચિચ્છક્તિઓએ ગોફ ગૂંથી લીધો હોય, તો તે બાલાશંકરની કવિતાઓ છે. એ કાગળો સચવાય તો કૃતિ રહે, અને અનુકૂલતા પ્રમાણે કે કોઈ આસપાસનાં આગ્રહે પ્રકટ થવા પામે, નહીં તો તે જાય, ફડી જ જાય, જાણે નહોતો પોપટ અને નહોતું પાંજરૂં એમ નામનિશાન સ્મૃતિ કશું પણ રહેવા ન પામે. કવિ તો અભિમન્યુ ચક્રાવાના જ્ઞાન સાથે જન્મેલો તેમ કવિત્વશક્તિ સાથે જન્મે છે, અખૂટ અજબ ખજાનો સાથે લાવે છે, તેમાંથી ઝમાનો જેટલો અધિકારી તેટલું જ મેળવી શકે, બાકીનું રહે અણઉઘડયું. સ્ફુટ ચિદ્વ્યાપાર તળેની ગુહામાં, એ વર્ણન એ ઝમાનાના કોઈને વિષે સાચું હોય, તો તે બાલાશંકર વિષે સાચું લાગે છે.

**અર્થ ૧ પ્યારાએ,** જગતના નાથે જે ત્હારે પ્યારું ગણવા લાયક ગણ્યું. **૨** દુઃખનું નિવાસ સ્થાન જ. જેમાંથી આપણને દુઃખજ મળે એવું. **૪** દુનિયાની નજરે જે સારું અને જે નઠારું. એ જોટકું, એ ફંદ ત્યાંજ. **૬** ત્હારા ચિત્તમાં જ ત્હારો જન્મવેરી ક્રોધ વસે છે. **મહાલક્ષ્મી** મોટામાં મોટો લાભ.

**૭ ઉન્મત્ત** આ શબ્દ આ આખા વાતાવરણમાં સંવાદી નથી. રહે ડૂબ્યો નિજાનંદે એમ અર્થ કરવો. **૮ જો કોઇની** તો પણ બદલામાં મીઠી વાણી જ કહેજે. આપણે જવાબદાર માત્ર આપણે શું બોલિયે છિયે તેના.

**૯** આપણે વીનવિયે તો ઉલટું કિસમત આઘું નાસે છે; **ન માગ્યે** જ દોડતું આવે છે. આવે તથાપિ એનો રજ વિશ્વાસ ન કરવો. **૧૦** દુન્યવી પ્રેમ. બેવફા સામું માણસ થશે, અને તું બેવફા એમ ત્હારી નિંદા કરશે નકામાં, નેનના બંને અર્થ બેસે. નિંદાના ભાલા ભોંકાશે; અથવા ત્હારે માથે નિંદાના વાવટા ઊડશે. **૧૧** એ દુન્યવી સત્ય તો કીમિયા જેવું જ અસત્ય છે. એનાથી દૂર રહેજે. તથાપિ એની મઝા ભલે જો. અને જે છે તે બોલી નાખવા ઉતાવળ શા માટે જ? કહેવાશે કરારે, યોગ્ય અધિકારી મળ્યા છે એવી ખાતરી કરી લઈને તેને જ **૧૪ નામનાં પુષ્પો** ૧૮ નામ, ૧૦૮ નામ, ૧૦૦૦ નામ, અસંખ્ય નામ એ જ પુષ્પોઃ કાવ્યકલાએ માલામાં પરોવાને...

---

* જુવો રા. રા. નર્મદાશંકર દેવશંકર મહેતાનું બાલાશંકર વિષે વ્યાખ્યાન, વિષયની મુશ્કેલી અને વ્યાખ્યાતાનો કવિ સાથે નિકટ કુટુંબીનો સંબંધ જોતાં, ગુજરાતીમાં આવું સત્યવાદી અને સુંદર વ્યાખ્યાન બીજું ભાગ્યે હોય.

**૧૫ મસ્તી** નિજાનંદ, ખુદખુમારી, ઉપર 'ઉન્મત્ત' શબ્દ આવ્યો તેને મળતો આ છે.

* આ ગઝલ "હરિ પ્રેમ પંચદશી" નામે પાલીતાણા શંભુપ્રેસમાં છાપી ઈ. સ. ૧૯૦૭ માં અનંતરાય માધવજી દવેએ પ્રકટ કરેલી ન્હાની ચોપડીમાંથી લીધી છે. ચોપડીમાં આ ૨૧ મી કવિતા છે; અને પહેલી ૨૩ કવિતા તથા અંતે કલાંત કવિ એટલી જ બાલાશંકરની કૃતિઓ છે. પૃ. ૧૧૨ થી ૧૩૧ લગીમાં છાપેલી બીજી કૃતિઓ મણિલાલ નભુભાઈ, મણિશંકર રત્નજી ભટ્ટ, આદિ વિવિધ કવિઓની છે. પહેલી ૨૨ કૃતિઓમાંની દરેક ૧૫ કડીની છે; એટલે હરિપ્રેમ પંચદશી તે પંદર કૃતિઓ નહીં, પંદર પંદર કડીની કૃતિઓનો સંગ્રહ એમ જણાય છે. બાલાશંકરની કવિતાઓ, જે જળવાઇ રહી હોય, તેનો આખો સંગ્રહ રા. રા. નર્મદાશંકર મહેતા જલદી બહાર પાડે તો સારું.

---

## ૨૭

## આત્મદીપો ભવ: ભોગીલાલ ચુનીલાલ ગાંધી (ઉપવાસી)

જન્મ—ઈ. ૧૯૧૨, પદ.

અર્થ સ્પષ્ટ છે. પડછાયાની માફક ઉડી જશે. તેલ દીવેલ છુપાયાં, છે તો ખરાં પણ છેક નહીં જેવાં.

---

## ૨૮

## એક ઈચ્છા—સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (કલાપી)

જન્મ—ઈ. ૧૮૭૪. છંદ—પૃથ્વી

ટેકની લીટી જરા જરા ફેરવફેરવ કરી છે.

અર્થ સ્પષ્ટ છે. અને પ્રથમ દર્શને વાહ વાહ ખાટી જાય એવો લખો છે. બીજાં હૃદયો સાથે સમજની આર્દ્રતા એ તો માણસજાતનું ભૂષણ છે. વિવિધ પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન માણસો સાથે જેમ મોટા ક્ષેત્રમાં અને સંખ્યાબંધ માણસો સાથે સમભાવી બની શકાય તેમ એ માણસનું બળ છે, દુર્બળતા નથી. પરંતુ આ બળનો વેશ ધરતી તથાપિ જે નિર્બલતા છે તે ઊર્મિલતા-લાગણીવશતા જરા જરામાં દયા ખાવાની દયાળુ દેખાવાની રોદ પડવાની આદિ પોચટતા પણ, ખાસ કરીને આપણી ગુજરાતી પ્રજામાં ઓછી નથી. અહીં જે દાખલા આપ્યા છે અને રેખાઓ આંકી છે તેમાં સેન્ટિમેન્ટાલિટી રૂપ નિર્બલતા લેશ પણ નહીં એવી આર્દ્રતા વાંચું છું, એવી સ્પષ્ટતા છે ખરી? ન હોય તો આમાં એટલી ખામી ગણાય.

---

# ૨૯

## પાંદડું પરદેશી: રામનારાયણ વિ. પાઠક ("શેષ")

જન્મ-ઈ. ૧૮૮૭ ૫૬

અર્થ સ્પષ્ટ છે. ૯ ફાટયું: ઉગી નીકળ્યું. ૧૧ એક ફૂંક: કર્તા લખે છે, "અહીં પાપવૃત્તિને પરદેશી પાંદડું કહ્યું છે. આત્મા સ્વભાવે શુદ્ધ, માટે પાપવૃત્તિ પરદેશી છે અને અચાનક આપણામાં આવી જતાં આત્માની ઉત્તમ અને સુંદર સંપત્તિ નાશ પામવા માંડે છે; એને અપનાવવાથી માણસની શક્તિઓ કરમાવા માંડે છે. કોઈ બીજી વૃત્તિના વાહનમાં બ્હેવડાવતાં એ દૂર જઈ પાછી આવે છે. તેનું દમન કરતાં તે ચિત્રમાં ઉંડી પેસી ત્યાં પાંગરીને ફૂટે છે.

પણ કોઇ મિત્રમાં તે પાપવૃત્તિની ઊર્ધ્વતા (સબ્લિમેશન sublimation) દેખતાં એવી ઊર્ધ્વતા મન ક્ષણમાં પ્રાપ્ત કરી લે છે. અને કશા પણ આયાસ વિના તેને ઉડાડી મુકી શકાય છે. ટેકની પંક્તિ પ્રચલિત લોકગીતની છે."

આમાં મ્હને તો ડગલે ડગલે વાંધા કે શંકા નડે છે, અને શ્રી પાઠક ફિલસૂફ તથા નૈયાયિક (લૉજિશિયન) પણ હોવાથી તેમાંના મુખ્ય અતિ ટુંકામાં જણાવું.

આત્મીય=નિજ; અને નિજ નહીં તે પર; પરંતુ પર તે બધું પરદેશી નથી. સ્વદેશીમાં પણ આત્મીય નહીં તે બધા જ પર; પરદેશીમાં પણ જે આત્મીય હોય ને સ્વકીય, પર નહીં.

જે ભૂમિકાએ આત્મા તો વિશુદ્ધ નિર્મલ નિર્મમ નિરુપાધિ એ સત્ય છે, તે ભૂમિકાને પાપ વિરુદ્ધ પુણ્ય આદિ દ્વંદ્વોની ભૂમિકા સાથે જોડાયલી એકાકાર અને સમાનધર્મા માની લઇને જે જે દલીલો ગુંથાય તે તમામ હેત્વાભાસોનાં જાળાં જ ગુંથાશે: બીજી તે આપણી સામાન્ય ભૂમિકા છે જ્યાં ભલે આપણે આત્મા શબ્દ વાપરિયે પરંતુ તે શબ્દને એ ભૂમિકાએ તો દેહીના અર્થમાંજ જ લેવાનો છે. અને વિશુદ્ધ નિર્મમ આત્મા તે દેહી કે દેહીની ભૂમિકાનો છે જ નહીં, એથી ઘણી ઉચ્ચતર ભૂમિકાનું જ સત્ત્વ છે.

અને છેલ્લી વાત ઉર્ધ્વીકરણ (સબ્લિમેશન) કઈ જે તે વાત નથી. તે સિદ્ધ થતાં મૂલ સ્થિતિ રહેતી જ નથી તો પછી તેને આયાસ વિના ઉડાડી શકાય છે એવી વાતો કેવળ શબ્દછલ છે; હેત્વાભાસ શબ્દછલ માત્ર ધુમાડાના બાચકા વગેરે ગદ્યમાં જ હોય એમ નથી; તે પદ્યમાં કે ગીતમાં ગુંથેલા હોય તેથી કઈ તેમનું સ્વરૂપ ફરી જવા ના પામે.

કવિએ પોતાના કાવ્ય કે ગીતનો અર્થ અમુક રૂપક (એલિગરી allegory) કે દૃષ્ટાંત (પેરેબલ, parable) નો જ લેવો એવો આગ્રહ રાખવામાં કેટલીક વાર જોખમ રહે છે, તેનું આ કૃતિ પોતે એક સારું દૃષ્ટાંત બને છે.

---

## ૩૦

## નિરભિમાન: હરિહર પ્રાણશંકર ભટ્ટ.

જન્મ—ઇ. ૧૮૯૫ છન્દ : પૃથ્વી.

**અર્થ ૧-૨** બુદ્ધિહીન જડતા તે તિમિર, કલ્પનાહીન દૃષ્ટિ તે કૂપમંડૂક દૃષ્ટિ **૫** પૂર્વનાં સ્ખલનોનાં સ્મરણથી. **૧૨** માં પણ ક્રમ ઉલટાવીને, તુજ કરુણાના. **૬** મદ-નઠોર, મદ અભિમાનને જોરે નઠોર. અહંકારીઓ કેટલા નઠોર (લાગણીહીન) હોય છે તો સૌના અનુભવની બાબત છે. મદ-નઠોર એ નવો સમાસ સુંદર અને સચોટ છે. **૯** સૂર્યના કિરણો **૧૦** બતાવવા, તેજ પ્રમાણે આગળ, ગણાવવા; શિશુ એ ધનુષ નિહાળીને ભાઈભાંડુને બતાવવા ધસે છે. હોંસે હોંસે દેખાડે છે, સગર્વ વખાણે છે. જગત વખાણે સગાં સંબંધીઓ ખાસ સૌને દેખાડે, એવી મ્હારી જે કૃતિઓ વિશેષતાઓ વિવિધ રંગબેરંગી શક્તિઓ અને યોગ્યતાઓ બની આવે છે, તે સર્વ મ્હારી ગણું તો તો હું પણ ફૂલણજી, એ એકે મ્હારી નથી જ: મેઘધનુષના રંગો મેઘના નથી તેમ: એ રંગો સૂર્યકિરણોતથ છે, મ્હારી જે શક્તિઓ આદિ તે તુજ કરુણાકટાક્ષોતથ છે. આ ઉપમાપ્રાણિત વિચાર જ નિરભિમાન (વિનમ્રતા) રૂપ હીરાના ગર્ભમાંનો પ્રકાશફુવારો છે. છેલ્લી કડીમાં એ જ ઉપમા આગળ ચાલે છે. સૂર્ય તપતાં જ મેઘધનુષ તો શું મેઘ છિન્ન ભિન્ન થઇ જાય છે. મ્હને જરાપણ અભિમાનનો ડાઘ લાગતાં કરુણાકટાક્ષને ફેકાણે મ્હારી સામે પ્રખર કટાક્ષ ફેંક, અને એ વર્ણ વિખેર, એ મેઘ સુકવી નાખ, હૃદયને પણ ભલે તોડી નાખ, વિનમ્ર ભાવે જ ન જીવું, તો જીવન પણ મ્હને ન ખપે. સીધાં બોધકાવ્ય (ડાઈડેક્ટિક પોએટ્રી didactic poetry) અને બોધગર્ભ બોધઘન સાચી કવિતામાં કેટલો બધો ફેર હોય, તે આ નમૂનો દેખાડી શકે છે. રસ્કિન કહે છે, ઉંચી કવિતામાં **સીધાં બોધવાક્ય** નથી હોતાં. તથાપિ તે વિચારશીલ અધિકારીને માટે ઊંચામાં ઊંચાં બોધસૂચનોથી સભર ભરેલી છે, એ અભિપ્રાયનું સત્ય આવા દાખલામાં જોઈ શકાય છે.

---

## ૩૧

## ઝાંખી—રામપ્રસાદ મોહનલાલ શુકલ.

જન્મ—ઇ. ૧૯૦૭ છંદ : ઉપજાતિ.

**૮** આવરે : પૂરાં થાય. મહત્, મહત્તર, મહત્તમ, એમ એ છેડો અનંત લગી ચડે છે, તો અણુ, અણુતર, અણુતમ, એ છેડે પણ અંત આવતો જ નથી.

**૩૦** અફાટ : અમર્યાદ.

સારબોધ છેલ્લી ૭ પંક્તિમાં છે અણોરણીયસ્ અને મહતોમહીયસ્‌ની વચ્ચે આવેલા માનવજન્તુએ દરેક છેડા ઉપરથી એક એક બોધ લઈને સમતા સાધવી ન ફુલાવું, ન નિસ્તેજ થઈ જવું : બ્રહ્માંડમાં જે સ્થાન આપણું નિર્માણ, તેને વળગીને તેને લગતાં કર્ત્તવ્ય કર્મ પૂરી નિષ્ઠાએ અને ઉત્તમોત્તમ કર્યા કરવામાં જ સાચી માનવતા છે.

---

## ૩૨

## અદ્‌ભુત મિત્રભાવ: બેહરામજી મેહરવાનજી મલબારી

જન્મ–ઈ. ૧૮૫૩. છન્દ : મનહર

**વિષય** મૈત્રીનો અજબ અભેદ. પ્રકૃતિભેદથી અન્યોન્ય આકર્ષાતા બે માણસનો સમ્બન્ધ પરિચય વધતાં હૃદય અને આત્મા અન્તરના અદ્વૈતમાં પરિણામે છે, તેનું નામ મૈત્રી. લાંબી ટુંકી મુદ્દતના અને વત્તીઓછી નિકટતાવાળા સાથ સંગાથ તો દુનિયામાં અસંખ્ય હોય, તે સર્વમાં અમૂલ્ય હીરા તુલ્ય મૈત્રી તો અત્યન્ત વિરલ જોવામાં આવે છે. આવી મૈત્રીના ઉલ્લાસમય વર્ણનવાળી આ કૃતિનો રસ કયો વારુ? વિચાર કરીને બોલજો, મનને તહમારા અભિપ્રાયનું કારણ યથાયોગ્ય લાગે ત્યારે જ જવાબ ઉચ્ચારજો, નહીં તો પોકળ પકડાઈ જશે.

**૧** નેક સાચા, પૂરેપૂરા નિખાલસ અને વફાદાર. "એકના બે થવું" એટલે ફરી જવું, બેવફા નીવડવું. થોડીવારમાં સાચી મિત્રતાના અદ્વૈતવાળી દેખાઇ પછી તૂટી જાય એવી મિત્રતાઓ જ્યાં ત્યાં જોવામાં આવે છે. એક તે એક, બે તે બે પણ ઈશ્વર સર્વશક્તિમાન, તે એકના બે પણ વારંવાર બનાવી રહ્યો છે!–વક્રોક્તિ, કેમકે કર્તા જાણે છે જ કે બેવફાઇનું ઉત્પાદક કારણ માણસની પોતાની કુપાત્રતા છે. તો શું અમારા બેનો અભેદ પણ, પૂરેપૂરો જામવા ન પામ્યો હોત તો તૂટી જાત ખરો કે? સંભવિત છે ખરું, ના કેમ કહેવાય! મતલબ કે છેલ્લી ત્રણ લીટીનો અર્થ જરા ક્લિષ્ટ છે. **બતલાવે** બતાવે માટે સુરત ભરૂચમાં વપરાય છે.

**તારનાર** સેવિયર: આ ખ્યાલ વૈષ્ણવ અને ખ્રિસ્તી ધર્મની વિચારમાળામાંનો છે. અહંકાર અહંત્વ: ગર્વ કે અહંભાવ કરતાં વધારે વ્યાપક અર્થ લેવો. **આવેશ** ઊર્મિ, જુસ્સો. **ઉદ્દેશ** લક્ષ્ય, ભાવના, જીવન શા અર્થે તેને લગતા સિદ્ધાન્ત. અને આવા પૂરેપૂરા અભેદમાં ખાસ તાજુબી એ છે કે મૂલ પ્રકૃતિએ હું ઊર્મિપ્રધાન તરંગી, ડહોળો, ઉછાંછળો છું, તું શાંત નિર્મલ સુધામય છે. મ્હારામાં સમુદ્રના અવગુણ અને ત્હારામાં ચંદ્રના ગુણ હોવાથી જ આપણ બેનું અદ્વૈત ઈંદુ–ઉદધિના જેવું કુદરતી અને ટકાઉ છે. પોતાના અવગુણ અને મિત્રના ગુણ ઉપર ભાર દઈને બાંધેલી આ રૂપકજોડ વખાણવા લાયક છે. એમાંથી ધ્વનિ પણ સાફ નીકળે છે કે સ્થાયી મૈત્રી ઊંડા (પણ એક બીજા સાથે આખડી ન

પડે એવા ) પ્રકૃતિભેદનો પાયો માગે છે. **ઉછળાઈ**, હિન્દુ લેખક અહીં 'ઉછળન્ત' લખત. **૩ જગતવાદ** જગતનાં દુઃખો જગતની લાહ્યોથી ત્રાહિ બચાવ ! બચાવ ! પરદુઃખે વારંવાર બળતો અને ઝળતો હોવાથી જ મ્હને ત્હારી શીતલ છાયા અને શુદ્ધ નિવૃત્તિ (સાત્વિકતા) કેટલી તો ઠારે છે, તે માપવાને પણ હું અશક્ત છું. તું સંગથી, તું-મય, તુંજ થઈને હું પણ ત્હારા જેટલો પવિત્ર બની શકું છું. **૪ હૃદયવિસ્તાર** દિલની મોટાઇ, ઉદાર સમભાવ, દિલાવરી. **ગુંજકર** ભમરો, કવિ જેવો ઊર્મિલ અને ગણગણતો ભમતારામ. કમલ મૂલ નાખી એક સ્થલે ચોંટેલું રહે છે, આસપાસ પાણીની શીતલતામાં. આ રૂપકજોડ પણ પોતાની અસ્થિરતા અને મિત્રની સ્થાયી સૌમ્યતા આગળ કરે છે. **દયામધ્યબિંદુ**, જેના આત્મા જેના ચારિત્ર્યનું મધ્યબિન્દુ, જે સજીવન બિન્દુમાંથી તમામ પ્રવૃત્તિકિરણો ચોદિશ ફેલાય, તે જાણે સ્વયમેવ દયા, મૂર્તિમતી દયાઃ હે મિત્ર, ત્હારું નામ છે તેવાજ ત્હારા ગુણ છે. પણ રખે આને ભાટાઈ ખુશામદ કે અતિશયોક્તિ ગણી સુગાતો ! હું તે તું, તું તે હું ત્યાં કયા કયાની ભાટાઇ કરવાનો ! પ્રેમોત્થ આનંદ કે શોકના અતિશયમાં થોડીઘણી તાણીને ઘટાવેલી ઘટના અથવા દૂરાકૃષ્ટ વિચારણા conceits કન્સીટસ ) આવી જ જાય; તે કુદરતી અને અનિવાર્ય હોવાથી દોષ નહીં પણ વિષયને ઘનત્વ ( solidity સોલીડીટી ) આપનારો ગુણ છે.

અહીં સાગર-શશીનું રૂપક અનુપમ રીતે વપરાયું છે તે ઉપર આવી ગયું. પણ એ વિષયનો સામાન્ય વિચાર કરતાં સાગર-શશી, શશી—કુમુદ, રવિ-કમલ, ચાતક-મેઘ, આદિ યુગલોનો ઉપયોગ કરવાની કવિતારૂઢિ સંસ્કૃત કવિતામાંથી ગુજરાતીમાં આવી છે એવી કવિતારૂઢિઓ ( poetical conventions ) નો જે ઝમાને અતિ ઉપયોગ જોવામાં આવે તે ઝમાને કવિતાની **સજીવનતા** પૂરતી **નથી**, ઘટી ગઇ છે, એમ જાણવું. સજીવન કલ્પનાશક્તિ પોતાના વક્તવ્યને માટે નવી નવી રચનાઓ જ પસંદ કરે છે. જૂના ઢાળાની, અને મોટે ભાગે જૂનાં શબ્દચોસલાં વાપરી વાપરીને કવિતાના મોટા જથ્થા દાયકે દાયકે ઉપજાવવામાં આવે છે. પરંતુ એ જથ્થામાં કવિતા ભાગ્યે હોય. તાજેતર તેમ શિષ્ટ કવિતાનાં અનુકરણ પણ ઘણાં થાયઃ અને આમાં બે વાત છે. ઉછરતો લેખક અનુકરણો દ્વારા સ્વતંત્ર લેખનશક્તિ અને સંકલના-શક્તિ ઉપજાવી શકે છે. પણ વર્ષો જાય તથાપિ જે લેખક અનુકરણ શક્તિથી આગળ વધેલો અને પોતાની કલ્પના અને સુરુચિસંવાદી વિવેકશક્તિ **ઉપર ઊભેલો દેખાય નહીં, તેવા લેખકની કવિતા ઉતરેલી માલા છે, તાજી નથી.**

# ૩૩

## સ્મારક: ચંદ્રવદન ચિમનલાલ મ્હેતા

જન્મ—ઈ. ૧૯૦૧

એમની ચૌદ સૉનેટોની પુસ્તિકા કવિ લેખ શ્રી ચંદ્રવદનનું પ્હેલું પ્રકાશન. તેમાંના મ્હારા પ્રવેશકપાનાથી તથા 'કવિતા શિક્ષણ'ના મ્હારા નિબંધમાં એમની એક રચના ઉપર મેં વિગતવાર ટીકા કરેલી તે ઉપરથી વાચક, આજે એમની કવિતાઓનો સમૂહ જોતાં જાતે જોઈ શકશે કે આરંભનાં એઓ જેટલા આશાસ્પદ લાગેલા તે કરતાં એમણે વધારે સારૂં અને ઊંચું કામ આપેલું છે; અગર જો કે હજી પણ એઓ પોતાની જ વિચારણા દૃષ્ટિ આદિને વિકસાવવા વધુ એકાગ્રતા સેવશે, તો નાટ્યક્ષેત્ર જેટલા કવિતાક્ષેત્રમાં પણ સિદ્ધહસ્ત બની શકશે. ઘણા ધારે છે તે કરતાં દરેક કલા ઘણી વધારે નિષ્ઠા અને ભક્તિ માગે છે જ. સાથે સાથે એવી નિષ્ઠા અને ભક્તિને ઘણા ધારે છે તે કરતાં વધારે વશ પણ છે. જન્મસિદ્ધ શક્તિઓ હોય તેવા જ કવિ બની શકે એ મત નિરપવાદ સાચો નથી.

**૧** સુગંધીમય પાંખડીઓ જેની છે એવી ગુલછડી લઉં ? સુગંધી ફુલ લઉં ? એવો અર્થ કરવાને સારૂ ગુલછડી શબ્દ પછીનું પ્રશ્નચિન્હ છે. **૨ અબોલ વદન:** શિલામાંથી ઘડેલી મૂર્તિનું. **૩–૪** વિરાટ અને માળા, તારા ઉપરથી એકદમ દીવડી આવી આવી બેપરવાઇ કે પ્રાસ–ગુલામી આ લેખકમાં ચલાવી લેવી પડે છે. **૫ રાખડી** શબ્દનું ઔચિત્ય એક તો પ્રાસમાલા અંગે અને બીજું આ કૃતિ સદ્ગત બ્હેન માટે હોવાથી છે; પ્રસ્તુત વાક્યમાં એ શબ્દ શું કાર્ય કરે છે તે સમજવું કઠણ છે. ત્હારી બ્રહ્માંડવ્યાપી વિરાટદેશ સ્મૃતિ જ ચાહું છું, તો તેને ઉચિત કોઈ પણ પરિચિત સ્મારક ક્યાંથી રચાય વારુ ?

**૯–૧૨** આ વર્ણન **પ્રિય**ંવદા ઠાકોર નામે કન્યા લાંબો સમય ખાટલાવશ અવસ્થામાં ગાળીને બહુ ન્હાની વયે બીચારી "છુટી" તેના ગુણોનું છે. કર્તાનું "પ્રિયં—" શબ્દથી શરૂ થતું બીજું એક સૉનેટ પણ આ બાલિકાને વિષે છે; જો કે કર્તા "ઇલા" નામ વડે પોતાની ત્રણ ચાર બ્હેનોને–કહો કે સખીઓને, બાલ્યકાળથી કિશોરવય લગીની સોબતિયણોને, એક સાથે લઇ લેવાના પ્રયત્નમાં સૌને લાગુ પડે એવું લખવા જાય છે, અને કોઇને ય બરાબર લાગુ ન પડે એવું લખે છે. અને તો પણ આ મતલબની એમણે જુદે જુદે સમયે લખેલી કૃતિઓમાં કહો કે કરેલી રમતોમાં આ જ ઉત્તમ છે.

## ૩૪

## ભાઇનો બ્હેન પાછળ વિલાપ: ઈંદુલાલ ફુલચંદ ગાંધી:

જન્મ–ઈ. ૧૯૦૫ છંદ : દ્રુતવિલમ્બિત.

**કૃતિ** "તેજરેખા" નામે ત્રણ ત્રણ કડીના સાત ખંડવાળાં કાવ્યમાંથી 'નમન' 'આભાસ છાયા' અને 'પડઘા' બીજા પાંચમા અને છઠ્ઠા છે, તે લીધા છે.

**૧ રતન નરોત્તમ** (૧) સામાન્ય નામો; (૨) વિશેષ નામો પણ હોય **૨** હું કાદવ, તેં એમાં ઉગાડેલી શુચિ ભાવના તે કમલ: એ રૂપક અત્યન્ત સુન્દર છે. હું શિશુ અને કિશોરમાંથી હજી તો મોટો થાઉં છું ત્યાં તો તું ચાલી ગઇ. તેં આખા જીવનમાં જે તપમંગલ સાધના કરવા–કરાવવાની ભાવના ઉદ્બોધેલી તેના અમલકાળના આરમ્ભમાં જ ચાલી ગઈ. **૩ નહોર** શબ્દ કદાચ વધારે પડતી ઉગ્રતાવાળો છે. સનાતન–ક્રૂર, સદા યે ક્રૂર. **૪–૬** ચોથી પંકિત કડીઓમાં એ જ આવ્યા કરે તે કરતાં પ્હેલી આવ્યા કરે તેથી પણ ઐક્ય સધાય છે, અને વાક્છટા લેખે આ યુકિત ચોથીની પુનરુક્તિ કરતાં ઉતરતી તો નથી જ. જલ--સરોવરનાં જલમાં. ૪થી કડી જરા અસ્ફુટ છે. ત્હારો પ્રાણ પવનમાં તરી રહ્યો છે; પાણી ચળકે છે તે એના જ તેજથી; જલચરો એ ચળકતા પાણીમાં ચંચુ બોળી આકાશમાં એ ત્હારું તેજ જોવા ઉંચી નજર કરે છે. **૨૬**નો કર્તા તરુવરો. ગ્રીષ્મમાંની શીતલ છાયા પણ ત્હારા પવનમાં તરતા પ્રાણનો પ્રભાવ છે. **૭** રોઇ રોઈ આંસુ ખૂટયાં. સ્વર અને પ્રતિસ્વર (રુદનના) સાંભળી સાંભળી કાન ફૂટયા. દુ:ખની શૂળ પણ શમી છે. પણ દુ:ખ પોતે હજી હૃદયમાં ઘર કરી બેઠું છે તે બેઠું જ છે. **૮**મી કડી પણ જરા અસ્પષ્ટ છે. ત્હારા શ્વાસ ધીમે ધીમે બન્ધ પડયા; નેત્રમાંના દીવા ઠરી ગયા; પણ ચહેરા ઉપર તેજ અને સ્મિત (આત્માએ એટલાં તો છાપેલાં), આત્મા ઉડી ગયો તે પછી પણ એ ત્યાં કાયમ રહ્યાં, **નાવડી** શબ્દ દીવડી સાથે પ્રાસ માટે આવ્યો છે: આધાર એટલોજ અર્થ છે. જીવનમાં ભાવનામયતા ખીલવવાનો ગ્હારો મુખ્ય આધાર ડુબી ગયો. **૯** ત્હારી સ્મૃતિ ઉરે જડાઇ છે તે અમર રહેવાની.

---

## ૩૫

## "ઇંદ્રધનુ" માંથી : સુંદરજી ગોકળદાસ બેટાઇ.

### છંદ—અનુષ્ટુપ, ઉપજાતિ: મિશ્રજાતિ ઇંદ્રવજ્રા

કેટલીક વાર હું આખી કૃતિ લઇ શકતો નથી તેથી કોઈ કોઈ કર્તા અને વાચકો અસંતોષ દેખાડે છે. પરિમિત કદના શિક્ષણ માટે યોજેલા સંગ્રહમાં જે કૃતિ લેવી તે આખી જ લેવાનો નિયમ પાળતાં કેટલીક કૃતિઓ આખીજ છોડી

હેવી થશે. કોઈક કૃતિ ટુંકાવવાથી સંકલનામાં અને ચોટમાં સુધરે છે; કેમ કે બધાજ કર્તા કંઈ કલાસ્વામી હોય નહીં. કેટલીક કૃતિઓમાં બે ત્રણ વિષય એક પછી એક લીધેલા હોય છે, તેવી કૃતિઓમાં મૂળથીજ ઐક્ય હોતું નથી. નવલકથાઓમાં તેમ કાવ્યમાં કેટલાક કલાકારો બહુ ધીમો આરંભ કરી ક્રમે ક્રમે વેગ અને જુસ્સો વધારે છે, તેવી કૃતિઓમાં આરંભના ભાગ અતિ લાંબા હોય છે જ. અને આખી કૃતિને ઠેકાણે તેમાંથી પસંદ કરેલા ફકરા જ આપવા માટેનાં કારણોની માલા આના કરતાં વધારે લાંબી છે અહીં માત્ર આટલા નિર્દેશે એ વિષય પૂરો કરૂં છું.

આ કવિનું "લોચન દાન" (અને એમના ગુરુ ન. ભો. દી. નું "ઉત્તરા અને અભિમન્યુ") પ્હેલી આવૃત્તિમાં લીધેલાં તે વખતે એક મ્હારા મતે સારુ કાવ્ય હતું નહીં. તે સમય લગીની આપણી અર્વાચીન કવિતામાં એ નમૂના સારી રીતે જાણીતા અને વખણાતા હતા માટે જ લીધેલા. બાકી—"મ્હને સૌથી વધારે આકર્ષે છે ત્હારાં લોચન" એ તો માત્ર પ્રેમીની શિષ્ટ સભ્યતાએ મર્યાદિત ઉક્તિ છે: અને પ્યાસ તો છે સંભોગની; તથાપિ એ આમ "લોચન" શબ્દ બોલે છે, તે ઉપરથી તે જ કાપીને તેના હાથમાં મુકી દેવાનું ઘોર બીભત્સ કૃત્ય જ વર્ણનનો મુખ્ય બનાવ, એવા મધ્યકાલીન રસવૃત્તિને જ આનંદ આપી શકતા કાવ્યને હું તો રુચ્ય ગણી જ શકું નહીં. આખ્યાન-કાવ્યો અતિ વિરલ હતાં ત્યાં લગી એ જાતિનો મોહ આપણા રસિકોમાં પણ વધારે પડતો ચાલ્યા કરેલો. હવે એમ નથી. વળી ભાઈ શ્રી બેટાઈએ તેના પછી અનેક સર્જનો આપણને આપ્યાં છે તો તેમાંથી મધ્યકાલીન રુચીને પ્રિય સ્થૂલરસના દોષથી મુક્ત એવી એમની એક કૃતિમાંથી આ ટુકડો લઉં છું.

ભાઈશ્રી સુંદરજીની કલમ અનુષ્ટુપમાં સિદ્ધહસ્ત છે. કવિના પિતાનું નામ ગોપાળજી છપાયું છે ત્યાં ગોકળદાસ વાંચવું. પ્હાના = માતા કે ધાવના થાનમાં વખત થયે દૂધ ભરાઈ આવે છે તે. તાત = વ્હાલા આ સંસ્કૃત પ્રયોગ છે. ગુજરાતીમાં તાત શબ્દનો જાણીતો અર્થ 'પિતા' જ છે. એક વાર= એ પણ સંસ્કૃત પ્રયોગ. એક નો અર્થ આવા અન્વયમાં સંસ્કૃત ભાષામાં રૂઢિબલે અનન્ય અદ્વિતીય સર્વોપરિ એવો થાય છે. દળતાં = હૈયાંને દળી દળીને ચૂરો કરતાં. ૨૦ લખતા = આલેખતા. પંડિત કવિ ક્ષણે ક્ષણે યન્નવતામ્ એ જાણીતા શ્લોકાર્ધને ગુજરાતીમાં ઉતારે છે. ૩૦ એ ભાર ઓછો થવા વિષે નિરાશા. ઉદ્ધાર શબ્દ આ પ્રમાણે વાપરની શૈલી અતિસંસ્કૃત.

૩૧ આશામંત્ર સનાતન આનો અર્થ સમઝાતો નથી. ગીતા પ્રકરણમાં મહાભારત શ્રીકૃષ્ણ કને અર્જુનને કહેવડાવે છે. "દિવ્યં દદામિ તે ચક્ષુઃ" એટલા ઉપરથી તે સનાતન આશામંત્ર કેવી રીતે બની ગયો એ રહસ્ય વૈષ્ણવ ઊર્મિલો જ જાણતા હોય તો ભલે! ૪૩-૫૦ અને એક શિશુ મૃત્યુ પામે છે

એક પિતા માતા વિરહે ઝૂરે છે, એમ નથી. ઘેર ઘેર રોજ ને રોજ જેને જેને આવા અનુભવ વીતે છે તે તે દરેકને તે અસહ્ય થઇ પડે છે. જુવો સ્મરણસંહિતા પ્રગટ થતાં તે વખતે એનું મેં સાહિત્ય માસિકમાં કરેલું અવલોકન.

**૫૨** નિજ = દંપતીના. **૫૮** સૌરભેથી = સૌરભ વડે, સૌરભબળે.

**૫૬** જીવનને ગૂઢ રીતે. એ બાળકોની સ્મૃતિઓને સંભારી સંભારી ઘોળી ઘોળી માબાપ કાલ ક્રમે કંઇક શાતા મેળવે છે. કવિ કહે છે આ દુઃખશમનનો ચમત્કાર સ્મૃતિઓ કરે છે. વ્યવહારુ જગત કહે છે કે રૂઝે ધીરે ધીરે કાલબળે. એમાં સાચું કોણ ? અહીં કવિ તો આગળ વધીને એ સાંત્વના કારણને નવો અદ્‌ભુત સર્જનતંતુ પણ કહે છે. આ અતિશયોક્તિ નથી ? સ્વીકારૂં છું કે વિરહ-દશાના ઉત્કટ દુઃખમાં દુરૂહ તર્ક કલ્પના આદિ માણસને માટે કુદરતી ચિત્ત-વ્યાપાર છે.

---

## ૩૬

## સ્મૃતિશેષ વડીલ પૂર્વજ આગળ નવીનનું પ્રાયશ્ચિત:

### ન્હાનાલાલ દલપતરામ કવિ:

**છન્દ**—અનુષ્ટુપ, પ્રવાહી (અથવા પ્રાચીન) જાતનો. આ કૃતિમાં અંત્ય પ્રાસ છે એટલો વિશેષ છે.

**વિષય** રા. રા. ન્હાનાલાલનું આછાન્દસ "ડોલન" ઘણાને અપ્રિય છે; મેં તો રા. રા. નરસિંહરાવ અને રમણભાઈની માફક પ્રથમથી જ એની વિરુદ્ધ અભિપ્રાય જાહેર કરેલો છે.*

'વર્સલાઈબર' કહેવાય છે તે, યુરોપના પ્રતિષ્ઠિત વિવેચકો પણ સ્વીકારે છે, 'વર્સ' જ નથી, કોઈની પણ એવી માપહીન કૃતિને આ સંગ્રહમાં સ્થાન હોય નહીં. તથાપિ રા. રા. ન્હાનાલાલ સાચા કવિ છે, અને પદોમાં અને પદ્યોમાં એમાણે એકથી વધારે જાતિમાં રચેલી કૃતિઓ ઉંચી છે. વિ. સં. ૧૯૦૧ થી આજ લગીમાં રચા-યલી કોઈ પણ ગુજરાતી કડીઓ અમર (અર્થાત્ ચિરંજીવી) નીવડે તો આ ગંભીર પ્રાયશ્ચિત્તકૃતિ અમર નીવડશે, એવું મ્હારું અધીન મત છે. અને વાંચ-નારને સૂચવું છું કે એક વ્યક્તિનું પોતાના આત્મા આગળ પ્રાયશ્ચિત્ત, એટલો જ એ પંક્તિઓનો અર્થ નથી. સુધારા અને દેશોદ્ધારને નામે સંસ્કૃતિના પરંપ-રાપ્રાપ્ત સાતત્યની સાંકળ તોડી નાંખીને અનાર્યતામાં અને ક્રાંતિમાં ઝંપલાવતા પશ્ચિમમોહિત ઝમાનાનું પોતાના જનક પૂર્વજ અને વડીલ આર્ય ઝમાનાઓની

---

* શ્રી રામનારાયણ વિ. પાઠકે "ડોલન" ના વિષયમાં ઊંડા ઉતરીને દાખલા દલીલો સાથે કરેલી શાસ્ત્રીય અને ગંભીર ચર્ચા જોવી. શ્રી ન્હાનાલાલ પોતે કેટલાક સમયથી સ્વીકારે છે કે એ છંદ નથી.

આગળ, વિનમ્ર ભાવે આંખમાં માય નહીં એમ છલકાતાં આંસુ સાથે અને ગાલ ઉપર પોતીકા હાથે તમાચા મારનાર નવીનનું પુરાણના પાદપંકજે, એ નિખાલસ પ્રાયશ્ચિત્ત છે,-એવો અર્થ પણ એ પંક્તિઓમાં સ્થલે સ્થલે સ્ફુરી આવે છે તો આપણે એ વિશાલતર ગભીરતર સત્યતર અર્થને વળગી, તેને જ મુખ્યાર્થ ગણવો. દલપતરામ અને ન્હાનાલાલને ગમે તેટલા મોટા માણસ ગણિયે, મોટો માણસ એટલે મોટો કણ માત્ર; જે કોઈ પોતાને અગર પોતાનાં વિષે આથી વિશેષ દાવો કરે છે તે દરેક ઝખ મારે છે બેશક. એટલે એવા માત્ર વૈયક્તિક અર્થ કરતાં એક ઝમાનાનું પૂર્વજ ઝમાનાઓ આગળ પ્રાયશ્ચિત્ત એવો અર્થ વિશાલતર અને ગભીરતર જ ગણાય. અને આપણા પ્રાંતમાં નર્મદનો દાખલો જાણીતો છે તેવા બંગાળ પંજાબ આદિ પ્રાંતોમાં પણ થયા છે, એટલે આ વધુ વ્યાપક અર્થ વધારે સાચો પણ છે, અને વાંચનાર માત્રને વધુ અસરકારક તો છે જ. વિશેષ સ્ફુટતા માટે જુદા શબ્દોમાં એને એ કહું તો આ પ્રાયશ્ચિત્ત રા. કવિનું પોતાનું વૈયક્તિક કાર્ય છે એ હકીકત સાથે આપણને સમ્બન્ધ નથી; 'સુધારકોમાં "વૈદ્યે પ્રથમ જાતે પોતાનું વૈદું કરવું" Physician heal thyself! એ આત્મશોધક બુદ્ધિનો ઉદય જે ઝમાનાએ અનુભવ્યો, તે ઝમાનાનું આ પ્રાયશ્ચિત્ત છે. રા. ન્હાનાલાલના આ કાવ્યની સાથે એમના જીવનના બીજા કોઈ ક્ષેત્રની સક્રિય પ્રતીતિઓનો કેટલો ને કેવો મેળ છે તે તપાસવાનું કામ આપણું નથી. ભાવનાઓ વિચારણા અને જીવનચર્યામાં વિસંગતિઓ નામે નહીં, એવો માણસ અત્યન્ત વિરલ. વળી દરેક દેશના સુધારકોની કવિતામાં કર્તા (કવિતા કલાથી જાણ્યે અજાણ્યે દબાઇને) આચારમાં કે વિચારક લેખે પોતે હોય તે કરતાં વધારે રૂઢિરક્ષક હોવાનો જ. આટલા લંબાણ વડે પણ આવા મોટા વિષયનું અછડતું દિગ્દર્શન જ કરાવી શકું છું તેથી જ વાચકે સન્તોષ માનવા કૃપા કરવી.

'પિતૃતર્પણ' કાવ્યના ૧૦૧ અનુષ્ટુપોમાંથી અહીં ૩૮ જ લીધા છે, તેમાંથી પ્હેલા ૨૦ દલપતરામને કે કોઈ પણ એક વ્યક્તિને કેટલા લાગુ પડે, એ મતભેદનો વિષય બને, તે કરતાં આપણા પૂર્વજ વડીલોની આર્યતાને તે કેટલા લાગુ પડે, એ વિષે બહુ જ ઓછો મતભેદ થવાનો, એમ માનું છું. વીશ અનુષ્ટુપ પૂર્વજ પ્રશસ્તિ, નવ પ્રાયશ્ચિત્ત, અને નવ **पितृदेवो भव** એ મહામંત્રના શ્રવણના, એમ કવિતાના ત્રણ વિભાગ ચોકખા પડી જાય છે. આ નમૂનો અહીં છાપતાં કર્તાની જોડણી અને વિરામચિહ્નોની વિચિત્રતા ત્યજી દીધી છે.

કર્તાની કલમ મોટે ભાગે રોમાન્ટિક શૈલીવિહારી છે તે આ દાખલામાં પણ દેખાઈ આવે છે.

**૧ વસંત** દલપતરામની પુણ્યતિથિ, ઈ. સ. ૧૮૯૮ ના માર્ચની ૨૫ મી, વિ. સં. ૧૯૫૪ ના ચૈત્ર શુદ ૩ શુક્રવાર તો હું એ સ્મરણોનો પ્રેરિત રસહોરી

ગાવાને ઠેકાણે પિતાની છબી જ દૃષ્ટિ સન્મુખ કરું. **૩ પુણ્યશ્લોક** વિખ્યાત, ખાસ કરીને વિશુદ્ધ સાત્ત્વિક ચારિત્રને માટે વિખ્યાતઃ નલ; યુધિષ્ઠિર, હરિશ્ચંદ્ર જેવાને જ લાગુ પડે. **૪–૫** હિમાલય જેવા હૈયાના ગર્ભમાં આસ્થા આદિ જ્યોતિશિખાઓની **દીપમાલા** દીપી રહેલી. **૭** પંક્તિનો પૂર્વાર્ધ ખડબચડ છે; પંક્તિ **૧૯, ૩૨, ૫૦, ૬૨** અને **૬૬** ના પૂર્વાર્ધ પણ પ્રવાહી નથી. પણ છોતેરે પંક્તિ એક જ ઢાળમાં વહે એવું કૃત્રિમ માધુર્ય પણ કોઇને જ રુચે. **૮** આત્માનો અન્તશ્ચક્ષુ આગળ ખુલતો મહાસાગર બાહ્ય મહાસાગરથી જરાય ન્હાનો નથી. એમાંનાં મોતી જરાય ઉતરતાં મૂલ્યનાં નથી.

**૭** અને **૯** સંસારથી દૃષ્ટિ સંકેલી લીધી, બ્રહ્માંડથી ચક્ષુ વાળી લીધાં, આ શબ્દોમાં દલપતરામ નામે અમુક વ્યક્તિની કાયા અમુક વયે પ્રજ્ઞાચક્ષુ બનેલી, એવો પણ હોય પરંતુ અહીં આપણને તે સાથે નિસબત નથી. દલપતરામને જ અગર કોઇ પણ એક વ્યક્તિને જ લાગુ પડે એવો આ પ્રથમની ચાળીશ પંક્તિઓનો અર્થ આપણે નથી લેવો; આપણા આર્ય વડીલોના આખા વર્ગને, તેમનામાંના ઉત્તમ ભાગને, લાગુ પડે તેટલો જ અર્થ લેવો છે. પુત્ર તો પિતાના ગુણોને વધારીને વર્ણવે તેને આપણી સંસ્કૃતિ જરા ખોટું ગણતી નથી.

**૧૨ પરમાનંદ** પરબ્રહ્મને જ સુલભ એવી શાંતિ. **૧૫** ત્હમારી સારપનો લાભ મેળવનારાઓએ ત્હમને આશીષોનો બદલો આપ્યો. **૧૬** આ કૃતિમાં બેચાર ઠેકાણે ઉપનિષદોનાં અમર વાક્યોની છાયા કુદરતી રીતે આવી જાય છે, **દેહી કેરો મહારથી** નરનારાયણની અખંડ જોડ. **ઇંદ્રિયોના અશ્વ** એ ચરણ કર્કશ લાગે છે.

**પ્રભુની દિશામાં** રેખા માત્ર પણ આડુંઅવળું ફંટાયા વગર. વિષયો (૧) સામાન્ય અર્થ; (૨) પ્રદેશો.

**૧૮ યોગી**, કર્મયોગી, નિષ્કામ કર્મયોગી. **૧૯** સૌ ડાળીઓ સંસાર વ્યવહાર, જ્ઞાન તપ, ભક્તિ ચારે. **૨૦** મૂલમાં અહીં છેલ્લો શબ્દ યે છે. યે=પણ, એ=ડપલી.

મૂલમાં અહીં લગીના **૫૫** અનુષ્ટુપમાંથી **૨૦** જ લીધા છે, દલપતરામને જ લાગુ પડે એવા તો ખાસ છોડી દીધા છે. અહીંથી અંત સુધીના **૧૮**, મૂલમાં પણ **૧૮** જ છે.

**૨૧ પિતૃભાવ** પિતા માટે આદરભાવ હોત તેના જેવાં આચરણ, કુલીન બાલકનાં આચરણ, છાંડી સ્વચ્છંદે અરે વિરુદ્ધ ભાવે વર્ત્યો. **ખડવું** ચ્યુત થવું. કાઠિયાવાડી બોલીમાં સાંધો હાડકું કે અંગ ‘ ખડી ગયું ’ કહેવાય છે.

**૨૨** અવમાનના કરી, સત્કારવા જોઇતા હતા, મેં તો તુચ્છકાર્યા; આદરભાવથી વર્તવું જોઇતું હતું, મેં ઉલટી જ વર્તણુંક ચલાવી; કિશોર વયમાં અને ગધ્ધાપચીશીમાં કહો કે છીછરી બેસમજ પાશ્ચાત્ય પચ્ચીશીમાં—‘ સરસ્વતી-

ચંદ્ર' માંના 'ઉદ્ધતલાલ' જેમ વર્ત્યો. **ગારો કાદવ** શબ્દ એટલો તો આકરો છે, કે મૂલમાં આ પંક્તિનો પ્હેલો શબ્દ ને છે, ત્યાં મેં રે લખવાની છૂટ લીધી છે. આગળ "ઝેર ફોધા" "પંક," "અળવીતરાં" (અવળચંડાં વર્ત્તન) વગેરે પણ એટલા જ સખ્ત છે. પશ્ચાત્તાપની તીવ્રતાની છાપ વાંચનારના મન ઉપર પૂરેપૂરી ઉપસાવે છે. ૨૪ મ્હારા આત્માનું છીછરાપણું હણ્યું; મૃત્યુનો આ ઘા એવો વાગ્યો કે હું ઉંડો થયો, મ્હારી દૃષ્ટિ આખી યે ફરી ગઈ; આર્યતા મ્હારામાં જન્મવા પામી, અને આ નવા તેજે હું જોઇ શકું છું, જે એ તો મ્હને જન્મની સાથે જ આપેલો શ્રેષ્ઠ વારસો હતી. મ્હારા અતીવ નિરંકુશ ઉધમાતોમાં પણ હું ઉખડી ન ગયો, તેનું ખરું કારણ, મેં આજ લગી સ્વપ્ને પણ ધારેલું નહીં એવું, અર્થાત્ આ આર્યતાનો વારસો હતું, એ પણ હું હવે જ જોઇ શકું છું. હજી પણ જ્યાં જ્યાં માટી-કાદવ–પંક હોય ત્યાં ત્યાં પંકજ (કમલ)–કે પંકજ ઊગી નીકળવાનો સંભવ-માનશો **૨૬ સંચવું સાંચવું:** મહામૂલ્ય વસ્તુને સંભાળથી ઉંડી ગુપ્ત મુકવી, "સંચ" માં સુરક્ષિત રહે એમ. **તે** ને ઠેકાણે મૂલમાં બીજે **એ** છે.

**૩૦ હો:** થાય. કો ભૂતકાલ=અફાટ સિંધુ. તેનો મહાધ્વનિ, આકાશવાણી શો, ઘેરા તુમુલ તોફાનના મહાઘોર શો ઘોરતો, સમસ્ત જીવનના સાર રૂપ, પ્રભુના શબ્દ જેવો ચંદ્રની જ્યોત્સ્નાધારા શો, સુધામય, કારમો પણ દિગ્વિજયી અને નિર્ણાયકઃ વિશ્વકોલાહલને પ્રભુનો શબ્દ શમાવે, ઘોર અંધકારને ચંદ્ર ઉજાળે, તેમ મ્હારી બાલ્યકાળથી આજ લગીની સ્મૃતિએ, મુઝવણો, તોફાની ઊર્મિઓ, ગેબી બંડવૃત્તિઓ, સર્વને શમાવતો, ઉજાળતો, જીવતોઃ ચારિત્રને નવે નામે ખીલવનાર બીજ જેવો બીજમંત્ર, અવિરામ, અજેય શાંતિસિદ્ધિ મંત્ર. **૩૭** પુરાણા એ યુગોને યે એમ વાંચતાં બે ય સાથે બોલવા સાંભળવા નહીં પડે.

**૩૮ पितृदेवो भव प्रिय.** હે વ્હાલા તું પુત્ર, તું તર એ જ અમારી પણ અમરતાઃ તું ડૂબ, એ તો અમારો પણ વિનાશ. અને માટે, હે તાત, સમઝ, પુરાણી અને સનાતન આર્ય સંસ્કૃતિના તારને તોડનારી ક્રાંતિનો * માર્ગ ત્હારે માટે

* ક્રાંતિ વ્યુત્ક્રાંતિ : રેવોલ્યૂશન ( revolution ); સમુત્ક્રાંતિ ઈવોલ્યૂશન ( evolution ); સમુત્ક્રમવું to evolve, સમુત્ક્રમે છે, સમુત્ક્રમ્યું, સમુત્ક્રમશે વગેરે. વિપ્લવ; ડેલ્યુજ ( deluge ), જલ ફરી વળે એવો પ્રલય. નાશ વિનાશ, પ્રલય = ડિસ્ટ્રક્શન ( destruction ), ડિસોલ્યૂશન ( dissolution ). જવાબદાર લેખકો અને વક્તાઓ આ ભારે શબ્દો તેમના અર્થ સ્પષ્ટ અને જુદા જુદા છે તે ધ્યાનમાં રાખીને જ વાપરવા ઘટે. બેજવાબદાર લેખકો અને વક્તાઓના ઉત્પાત (છીછાળાથી ભાષા ખેડાતી પોષાતી નથી, કે શક્તિવાળી નથી થતી, ઉલટી ડૂબે છે. વારુ devolution ઊર્ધ્વગામી નહીં પણ અધોગામી ક્રાન્તિ માટે

સમુત્ક્રાંતિનો નથી, ઘોર અપાય અને સત્યાનાશનો છે; આર્ય સંસ્કૃતિના તારનું સાતત્ય સચવાય એવા માર્ગે જ આર્ય બાલકો સમુત્ક્રમશે, ન અન્યથા ન અન્યથા.

આ વિવરણથી સંતોષ ના થાય એવા વાંચનારને માટે ઉમેરવું પ્રાપ્ત થાય છે કવિતા અને કલાની રીતિ વિચારબીજનું સૂચન માત્ર કરે છે. આ સૂચનને તે મંથનોત્તર શાંતિ નિરૂપવાની પોતાની પદ્ધતિએ બનતું મનોવેધક બનાવી શકે પરંતુ સૂચન તે સૂચન જ. કવિતાકલા પ્રતિપાદન પણ કરવા મંડી પડે ત્યાંજ તેમાંથી કલા-પરી ઉડી જાય: શકુન્તલાનો જન્મ થતાં જ, એ નવાં બાલકનાં પોષણ ઉછેર આદિ વ્યવહારકર્તવ્ય આવી લગતાંજ, મેનકા ઊડી ગઈ હતી, તેમ વિચારના સંપૂર્ણ પ્રતિપાદનને માટે જિજ્ઞાસુએ ઇતિહાસ, શાસ્ત્ર અને ફિલસૂફીનું ક્ષેત્ર ખેડવાનું રહે છે જ. †

---

## ૩૭

## રમણભાઈ મહિપતરામ નીલકંઠ

જન્મ—ઈ. ૧૮૬૮ મૃત્યુ—ઈ. ૧૯૨૮.

### છન્દ—ઉપજાતિ.

ગૃહિણી ગૃહમુચ્યતે : નરના ચિત્તને સ્વસ્થ સ્થિર અને એક વર્તુલે રાખતું મધ્યબિન્દુ વ્હાલી નારી છે, જે વિરલ દાખલાઓમાં માતા કે બ્હેન ભાભી પુત્રી કે મિત્ર બનેલી કોઈ વિધવા પણ હોઈ શકે ખરી, તથાપિ સોએ નવ્વાણું કે એથી પણ વત્તા પ્રમાણના દાખલાઓમાં પત્ની જ હોય.

**અર્થ ૧ તાકીતાકી** લગ્ન પછી થોડાજ સમયમાં આ જોડી તુટી એમ બતાવનારો આ એકજ ભાવ કૃતિમાં રહી ગયો છે-આવી ગયો છે, **૨** ત્હારૂં મુખ-દર્શન નહીં, ત્હારો પ્રેમાનુભવ અટક્યો, મ્હારા જીવનનું એ મધ્યબિન્દુ ડૂબ્યું, પ્રેમપાશે નિશ્ચિન્તતા અને નિરાંતની આશે તેમ નવીકરણ-અનુભવે ફરીફરીને જે હું તું કને આવ્યા કરતો તે પૂરું થયું,—ત્યારે હવે પછીનું શું વારું? અહો, તારા અને ધૂમકેતુના તરંગ આ તદ્દન સાદી અને નગદ વાસ્તવિક બાબતમાંથી આપો-આપ ફુટી નીકળે છે; એનું નામ કવિતાનો ફુવારો—

**૫** સુખો દુ:ખો આદિ સૃષ્ટિમાંનું તમામ, સુખદુ:ખ તમામ સૃષ્ટિમાંનું તમામ, એમ બેવડો અન્વય લેતાં પણ તાત્પર્ય એ જ, **૬.** સજીવન ચિત્તને અક્ષોભ કે જડતા અશક્ય છે; (એને ધ્રુવદશા જેવું ઊંચું મોહક નામ આપિયે

---

ગુજરાતીમાં કયો શબ્દ વાપરીશું? ઈવોલ્યૂશન માટે **ક્રાન્તિ** ન વાપરીએ સમુ-ત્ક્રાન્તિ અને ઉત્ક્રાન્તિ જ વાપરીએ, તો તો ડીવોલ્યૂશન માટે ક્રાન્તિ શબ્દ જ સારો—અપક્રાન્તિ વાપરવાની જરૂર જ ન પડે.

† કડી ૩૩ નો પ્હેલો શબ્દ **ઘોરે** વાંચવો.

તો ય એ જડતા જ); અને તું જતાં અસ્થૈર્ય વધે જ ને. ૭ **જેને ન મચ્યે કંઈ ખેંચનારું**–છાયા ગ્રહ અને તારા મુકાબલે. ૮ **જાઉં?** કેટલાક ધૂમકેતુ એક સૃષ્ટિ ખંડ છોડયા પછી પાછા કદાપિ ત્યાં આવે નહીં, એમ જાઉં તે જાઉં જ? દ્વિરુક્ત અને ઉપલો વિષય પૂરો થયેલો જણાવવાની સાંકેતિક યુક્તિ છે, ઉપનિષદો જેટલી પ્રાચીન.

આ પ્રમાણે માંડેલો વિષય તો અહીં પૂરો જ થયો, એમ નરી કલા ગમે તેટલી ઉચ્ચ સૂક્ષ્મ શક્તિસંપત્તિવાળી હોય પણ ખાતરીપૂર્વક જોઇ શકે નહીં. નરી કલા આને લમ્બાવવા જાય, વચ્ચે કંઈક વિશેષ અલંકરણ ઉમેરવા જાય, અને આખું બગડે. નરી સરલતા નરી નિખાલસતાને જ સાધ્ય છે, એટલે કે ચારિત્રગુણ છે, કલાશક્તિ નથી.

---

## ૩૮

## "અરે ન કાં પ્રીતમ...?": કરસનદાસ નરસીં માણેક

જન્મ–ઈ. ૧૯૦૧ **છંદ** ઉપેન્દ્રવજ્રા

આ કવિનો કૃતિસંગ્રહ "આલબેલ" પત્નીવિરહ વિષયક બે કૃતિઓથી શરૂ થાય છે. બંને મળીને આ વિરહકાવ્ય ૪૬૨ પંક્તિનું છે. તેમાંથી બીજી કૃતિ 'સ્મૃતિપરાગ'માં કવિએ ત્રણ સ્મૃતિઓ ગૂંથી છે તેમાંની વચલી અહીં લીધી છે. મથાળે મુકેલું નામ મેં યોજ્યું છે.

**૬** પદશૃંખલ : કવિતા રૂપ બેડી ર્‌હારો પ્રયાસ સૂર્ય તેજને ધરતીવડાંમાં ઉતારવાના પ્રયાસ જેવો જ હસવા સરખો ! આ કવિ કવિત્વમય ખ્યાતિ પામેલી અને પરિચિત પદાવલ કે અલંકારમાલા નથી વપરાતા; નવી જ યોજે છે એ એમની ખાસ આકર્ષતા છે.

**૧૦** સૌંદર્ય વસ્યા : જેનો આત્મા સુંદરતા છે એવા અર્થાત્ નખશિખ સુંદર

**૧૨** સ્થૂલ સદ્મ : પ્રાકૃત દેહ; કુદરતની જેજે ખૂબી તે સ્થૂલ માનવીમાં તે હોય વારુ!

**૧૩** સુર–આવલિ : કોયલ ટૌકાના સુરોની નિશ્ચિત આનુપૂર્વી.

**૧૪** અનુરૂપ કાયા : તેને પ્રતિબિંબે એવી પદાવલી, (કવિતા પંક્તિમાં) શબ્દમાલા. મેં થાકીને આંખ ઉઘાડી ત્યાં પરાગમતિં વિશુદ્ધિ મૂર્ત્તિ ત્હને સામે દીઠી.

**૧૭** ત્હારા નેત્રમાં કો (અનિર્વચનીય) વિરેખ (નિરાકાર—મોં માથું કહી ન શકાય એવું લોકોત્તર અબ્જ) પ્રતિબિંબ (મગજમાં બુટ્ટો કોતરેલો તેની છબી રૂપ નેત્રબમ્બ) ઝુલતું હતું—શેનું ? કોઈ દિવાસ્વપ્નનું, કોઈ સ્વર્ગીય–ભાવનાનું.

**૨૦** આ પંક્તિમાંનું કો ઉપલા જ અર્થમાં 'નમુલો' સાથે લેવું. **અસ્ફુટ-વાણી = વિરેખ.**

**૨૧** બે ય ઉરો—ત્હારું ઉર અને મ્હારૂં વિચાર ભાવોર્મિ પ્રાણાદિ દરેક બાબતે એક જ ધબકારે ધબકતાં હતાં.

**૨૪** સમાધિ : મૌનદશા.

**૨૫** બંને : અમે બંને રસાળ : ઉત્તમ જાતિનો આંબો. ઉરની : અમારાં ઉરની. વાસંતી લાગણીઓ આપણે ઝીલિયે અનુભવિયે છે તેમ સૌ કોઈ અનુભવે એમાં કાં ન બને વારુ ?—એ અમારી ભાવનાને સૌ સમજે એવા મૂર્ત રૂપમાં નિરૂપવાની ચાવી અમને જડી. આ કોયલ ટૌકાથી આપણાં ચિત્તંત્ર સાથે રણઝણી ઉઠે છે તેમ સૌનાં.........

**૩૧** વસંતના—જીવનના : વાસંતી ઊર્મિઓ જીવનમદનો જીવનના યૌવનના અર્ક, તેના સુરો.

**૩૩** રસની સમષ્ટિ રચાવી સર્વત્ર : કુદરતની પ્રત્યેક વસ્તુમાં પ્રેમી બનવાનું તેમ સામા પ્રેમીને આકર્ષવાનું વળણ સંપૂર્ણપણે આ રસની અધિષ્ઠાત્રી ઋતુ પ્રગટાવે છે.

**૩૬** પંક્તિ ૨૫ અને ૨૯ માં અપૂર્ણ રાખેલું પ્રશ્ન વાક્ય કવિ અહીં પુરૂં કરે છે. પોતાના વક્તવ્યની છાપ પૂરેપૂરી ઉપસાવવાની આ સાદી યુક્તિ કવિએ જેટલી સહજ રીતે તેટલી જ આબાદ વાપરી છે.

**૪૦** સાખ – ત્હારાયે : આ બધું મનનું હજી મનમાં જ રહી ગયું છે; ત્યાં તો તું ત્હારો સાદ, ત્હારી સુરાવલિ પણ—હજી તો ભોગવવાનો આરંભ માત્ર થાય છે. એટલામાં જ–શમો છો, વિરમો છો, 'હમણાં તો હતાં પણ હવે નથી' એવાં બની જાવ છો !

**૪૧–૪૪** ગુજરાતી કવિતાના ઉત્તમોત્તમ શ્લોકોમાંનો એક. શ્લેષ અને પંક્તિમાંની વર્ણસગાઈ શબ્દાલંકારો જ છે, અને અલંકારોમાં શબ્દાલંકારની જાતિ શૂદ્રની છે; વળી વિશેષણ કૃદંત કે કોઈપણ એક જાતના શબ્દોનો સમુચ્ચય આણવાની યુક્તિ યે નથી અઘરી કે નથી વિરલ; પરંતુ સાધનસામગ્રી ત્યારે સાદી અને પરિણામ ત્યારે અદ્ભુત,—એનું નામ ચમત્કાર. તું જેવી સાક્ષાત અનંગ (કામદેવ) મૂર્તિના ઉમંગો અનંગ (શરીરહીન) બની ગયા એ ઉમંગો પણ ત્હને છાજે એવા જ—જડભૂત શુષ્ક રુદ્ધ ઉરોને હરી લ્હેતાં રસાસ્વાદી રસવિનિમયી, પ્રેમજીવન ભોગવતાં અને ભોગવાવતાં બનાવવાના એ ત્હારા કોડ.

**૪૫–૪૮** પંક્તિ ૪૫ નબળી છે. 'કુસુમ સૌ દલ સૌ વસનો ત્યજી'—એવો અર્થ છે. ચિમળાઇ ખરી જાય કણ પણ રહે નહીં તે પછી પણ ફુલના રસ અને સુગંધ વાતાવરણમાં ફેલાઈ રહે છે. ઉર તૃપ્તિ નિમંત્રણ : 'હે માનવીઓ ત્હમે આવો ને, આ વાસંતી ઉર તૃપ્તિ મેળવો ને ! કાં નથી મેળવતાં ભલા ?'–એ નિમંત્રણ રૂપ ત્હારી વાસના માનવીઓએ સ્વીકારી નથી ત્યાં તું ચાલી ગઇ, તોપણ એ ત્હારી વાસના–એ ત્હારાં નિમંત્રણ–ચોતર્ફ સરે છે અને ફેલાય છે.

**૫૧–૫૨** ખરી રીતે આ ન્હોતરાં રૂપ સંગીત ગંગા વસંત ઋતુ પોતે વ્હેવડાવી રહી છે. તેમાં ત્હારો સુર-મ્હારો સુર–સૂર્યના જળહળ જ્યોતિમાં ઘરદીવડાં જેવા જ ને. પરંતુ, આપણે પ્રયત્નબલે અતિક્ષુદ્ર, આપણે એ સાથે સાથે કરિયે, એ જ આપણી લગ્નગ્રંથિનું અદ્વૈત.

બીજી કડીમાંનું રૂપક ફરી યોજીને સમાપ્તિ કરી છે. છેડા છેડી જેવા છેક ઘરગથુ પ્રયોગ વડે પ્રેમનું અદ્વૈત સૂચવી દીધું છે.

---

## ૩૯

## વત્સલનાં નયનો : મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)

**છંદ ૫૬** : પરમ્પરિત તોટક

'વત્સલનાં નયનો' જેવી નાજુક–સુન્દર કવિતા ગુજરાતીમાં બીજી ભાગ્યે હશે. શોકમય પણ અત્યંત છે.

પુરુષને સૌથી વ્યાપક ઊંડા ઊંચા સ્નેહ બેઃ—(૧) ભાવના અને કર્તવ્યનો; (૨) પોતાનાં બાલકોની માતા થયેલી પ્રિયતમાનો. બંને બીજકોમાંથી ફુટતા સુખ–દુઃખતન્તુઓ આખા જીવનમાં વ્યાપી રહે છે.* ભાવનાબલ કે સંજોગો પુરુષને તેના મુખ્ય જીવન વ્યવસાયમાં નાખે છે, એવો કે પામર જનો જેને "ભોગ" કહે, તે તમામને ભોગે એ કર્તવ્ય તો બજાવવું, તે જ એના સાત્ત્વિક ભોગ એનું સાચું જીવન, એની મુક્તિ બની રહે છે. અને ઝમાને ઝમાને કેટલાક અત્યન્ત ઋજુદર્શી આત્માઓનું મહાકર્તવ્ય ધર્મપલટાનું પણ બને. નિર્જીવ જૂઠો કે પાતકી લાગતો ધર્મઢોંગ વ્હેમ કે રૂઢિઓક તજીને સાચો સજીવન ઉદ્ધારક ધર્મ મેળવવા મથવાનું રૂપ ધરે ત્યારે (૧) અને (૨) વચ્ચે ઘોર વિરોધ પણ જન્મે જેથી કુમળાં હૃદયો પ્રજ્વળી ઉઠે. બંને વફાદારીઓ છે પણ એવી કે એક ચઢાઈ કરે તેમ તેમ બીજી ઉલટી દૃઢમૂલ બને !

પ્રિયતમા સાથે શી રીતે આવે ? નહીં જ આવે ! એ લાગણીનો આ ઉદ્ગાર છે. **મ૦** ખાનગીમાં પત્ની સાથે ધર્મસાહિત્ય વાંચવા ચર્ચવાના પ્રયત્નો ફરીફરીને કર્યા કરતા; મુખ્યત્વે બાઇબલ અને સ્વીડનબોર્ગમાંથી ચુંટેલા અંશો, કેમ કે

---

* સુખતન્તુઓ અને દુઃખતન્તુઓ બંને. માટે જ સુખવાદની ફિલસૂફી (હીડનિઝમ hedonism)–**સુખ** શબ્દની વ્યાખ્યા ગમે તેટલી સાત્ત્વિક બનાવતાં પણ, જીવનનાં સૌથી મૂલ્યવાન ઊંડાણો કે ઊંચાઇઓને આંબી શકતી નથી. અને આગળ ચાલતાં, માટે જ કલાઓ છે ફિલસૂફીઓની મોટી બ્હેનો, ન્હાની બ્હેનો કને પોતે શીખે તે કરતાં તેમને વધારે શીખવે એવી. માનવીનું જીવન "સુખદુઃખ હિન્દોળો" છે, એ મહાસત્ય કલાઓને તો પ્રત્યાક્ષાનુભવ છે.

"શબ્દ" (ઈશ્વરવાણી)ની દિવ્ય શકિતમાં એમને અવિચલ શ્રદ્ધા હતી. ઈ. ૧૮૯૭ની બીજી કૃતિઓ આની સાથે વાંચવા જેવી છે—પૂર્વાલાપ ફરી છપાય ત્યારે ૧ લી આવૃતીનો (જાણીને મચડેલો, પડદા લેખે જ ગોઠવેલો) અનુક્રમ છોડી દઈને એમની કૃતિઓ કાલાનુક્રમે જ છાપવી. બીજા કર્તાઓ કરતાં પણ **મ૦** ની કૃતિઓમાં કાલાનુક્રમી ગોઠવણીથી આગલી પાછલી એકબીજી ઉપર સારો પ્રકાશ પાડશે.

**તિમિરાશયનું ગહન** અતિગહન તિમિરાશયઃ ભવિષ્ય, કશું સુઝે જ નહીં એવું ઘોર અન્ધકારમય. એમાં પડતાં આછાં આછાં સ્વપ્નાં જેવું આટલું જ દેખાય છે, કલ્પાય છે, કે પ્રિયતમાને તજીને જાણે **વિધુર** થયો હોઉં એવું જ જીવન અન્ત લગી ગાળવું પડવાનું. હું ખ્રિસ્તી છું ક્રાઈસ્ટ મ્હારો ત્રાતા અને ઈષ્ટદેવ એ જાહેર કરું, અને પ્રિયતમા આ ધર્મ ફેરમાં મ્હારી સાથે ન આવે, ન જ આવે ને!—એટલે મ્હારે એને તજવી જ ને, એ મ્હને તજે જ ને. એટલે હું વિધુર, એ વિધવા—આટલું સિદ્ધઃ બીજું કશું જ નથી સુઝતું. હું મ્હારું લાગ્યું તો જાણે સહું; પણ એ યે રોયા કરે, રોયા જ કરે, આખો જન્મારો, એ એના ભવિષ્યની રેખા પણ અચુક દેખાય છે, અને તે **કેમ સહી શકાય** વારુ? **વત્સલ** શબ્દ વાપર્યો છે પડદા માટે; અર્થ પ્રિયતમાનો જ છે; સદાકાલ રડતાં નયનાં પ્રિયતમા શિવાય કોઈ વત્સલનાં ન સમ્ભવે; બીજી કડી પણ પ્રિયતમાને જ લાગુ પડે છે. **વિધુર** શબ્દ પણ એજ અર્થ સાથે બેસે. **દોષભર્યા** મ્હારો દોષ એ હૃદયમાં બિલકુલ નથી વસતો, વિશુદ્ધ સ્નેહસરોવરમાંની સારસજોડી જેવાં એ નયન મ્હારી તર્ફે દયા સ્નેહ ભાવે ઉભરાઈ જાય છે. દુનિયાના જખમીના જખમ કોઈ પણ શય્યામાં રૂઝાવા શક્ય, તો આ શય્યામાં રૂઝાય, એવાં એ! એ શયન ઉપરનો મ્હારો અધિકાર ફેંકી દઇને હું તે ક્યાં ઠરી શકવાનો! મણિભાઈના હૃદયની કરુણ અવળાઈ આ—એ ભક્ત બનવા તલસે છે, વ્યક્તિસ્નેહ (ભક્તસ્નેહના હાથીપગલાંમાં આવી જ જાય એ દૃષ્ટિ છે જ નહીં એટલે) છોડી નથી શકતું, અને ઝુરે છે. આ સ્થિતિમાં ઉપર કહી ચુક્યો છું તેમ આ બે વફાદારીઓમાંની એક ધસારો કરે તેમ તેમ બીજીની જડ ઉલટી વધારે બાઝે! સારસ જોડી, નર માદા, સાથે સાથે જ આઘાંપાછાં તરે છે, તે આ ઉપમામાં સાધારણ ધર્મ છે. નરમાદા વચ્ચે સ્નેહ "પરિપૂર્ણ" એ ગુણ અહીં સૂચનબલે નાયક નાયિકાને સમર્પાય છે; અને જોડી તૂટવાની નવી સ્થિતિ=દુઃખપરિપૂર્ણતા, એવો ધ્વનિ સંગીતથી વાતાવરણમાં જામતા પ્રલમ્બ સુરની માફક ઉત્પન્ન કરવામાં કૃતકૃત્ય બને છે. આ ધ્વનિ પ્રથમ વાંચને બરાબર નહીં બેસે, મનનબલે, બુદ્ધિની જડતા હઠતાં બેસી જશે.

## ૪૦

## મૃગચર્મ: દેસળજી કાનજી પરમાર.

જન્મ–ઈ. ૧૮૯૪

**છન્દ** ભિન્ન છન્દોના સુઘટિત મિશ્રણની પ્હેલ કાન્તે "વસન્તવિજય" (૧૮૮૯) થી કરી; શિખરિણીને અભ્યસ્ત કરવાની પ્હેલ પણ એમણે જ "કુસુમાર" (બુદ્ધિપ્રકાશ માસિક–૧૮૯૦) એ ન્હાનાં ઊર્મિકથી કરી. પ્હેલી જાતના મિશ્રણમાં વિવિધતા વધી જાય તો કૃતિની સમગ્ર એક જ છાપ પડવી જોઇએ તેમાં વિઘ્ન આવે એ દેખીતું છે. કડીની અંદર તો વળી મિશ્રણ કરવામાં વધારે ચાતુર્યની જરૂર છે, અને અતિમિશ્રણ કે અનુચિત મિશ્રણ થઇ જવાનો સંભવ વધારે છે. આમાં કર્તાએ ઈંદ્રવજ્રા, ઇંદ્રવંશા, અભ્યસ્ત (=દોઢવેલ) શિખરિણી અને ખંડ હરિગીતનું મિશ્રણ કર્યું છે. **ક્રીડન્તી** જેવામાં પ્હેલો વર્ણ લઘુ ગણવાની પરિચિત જેવામાં **રિ** ગુરૂ ગણવાની છૂટ ટીકા પાત્ર છે.

**૧** આ (મ્હારા પગ તળે પાથરેલું ?) મૃગચર્મ **પુરપથ** રસ્તે રમતી બાળાની ઉડતી ચુંદડી જેવું છે. હે સદ્‌ગત મૃગ, આ ત્હારી છાયા **અરવ** બોલવાની શક્તિ ગુમાવીને મ્હારા ઘરના ઓરડામાં પડી છે.

**૨** એ અતિ સુંવાળી રંગીન અને સુંદર ત્હારી ચુંદડી ઉપર હાથ ફેરવતાં કલ્પનાનેત્ર ત્હારું જીવન દેખાડી દે છે, અને તેની કરૂણતા ધ્યાનમાં આવતાં કવિતામય આંસુ આવે છે. શોક કલ્પનોત્થ છે એટલે કવિતામય એ આંસુ જ મૂલવિરહકાવ્ય, આ શબ્દો તો તેનું ઝાંખું પ્રતિબિમ્બ. આટલું સમઝયા પછી બાકીનું મુકાબલે સરળ લાગશે. અંગ્રેજીમાં એલેજિ કહે છે એ જાતનું આ ગરબી-ઊર્મિક છે (જવો "લિરિક" પૃ. ૨૯ થી ૪૩). **૩ વૈરી–વિખેરી** વૈરી ત્હારો શિકારી; તેણે ત્હારી આંખથી ખરાવેલી આ આંસુધારા. **૪ ભગવો** ત્હારા ચર્મનો પ્રધાનરંગ; વૈરાગ્યની સંજ્ઞા જેવો ફટકેલો ખાખી. **મને** મનથી, મનમાંથી. બધા જ ભવસંગાથ, બધા જ દુન્યવી સમ્બન્ધો છેતરવામાં કુશલ અને ક્ષણિક લાગી જાય છે.

---

## ૪૧

## ઇતિહાસની આરસીમાં ગુજરાત: નવલરામ લક્ષ્મીરામ

**છન્દ** પદ, ગરબી. દેશીઓ ભજનો અને બીજા ઢાળના પૃથક્કરણ કરી પિંગલશાસ્ત્ર પ્રમાણે વ્યાખ્યા અને લક્ષણબંધી કરવી જોઈએ, એ કર્તવ્યક્ષેત્ર પ્રથમ આ વિવેચકે દીઠું. પણ એમને સંગીતનો પરિચય ઓછો, તાલની માત્રાઓ અને પિંગલની માત્રાઓમાં એ ગુંચવાયા, પ્લુતસ્થાનો નક્કી કરીને જ પંક્તિના સન્ધિઓ

પડાય એ એમને સુઝયું નહીં, વગેરે કારણોથી એ કશું કરી ન શક્યા. કવિતા કલા અને સાહિત્ય અને સાથે સાથે વિવેચનના અર્વાચીન થતાં આવે છે તેમ પિંગલશાસ્ત્રીઓએ પણ પોતાના શાસ્ત્રને અર્વાચીન દૃષ્ટિએ અંદર કેટલાંક પ્રકરણો ઉમેરીને નવેસર ગોઠવવાનો સમય ભરાઈ ગયો છે. સદ્ગત ગણપતરાવ બરવે જેવા સંગીતશાસ્ત્રીએ આ દિશામાં કેટલુંક પ્રાથમિક કામ કરી પણ આપેલું છે. સદ્ગત રણછોડભાઇ ઉદયરામે તો આપણા પ્રાચીન પિંગળનો તમામ ઉપયોગી ભાગ બહુ ચોક્કસ રીતે એકત્ર આપીને વ્યાકરણના આ વિષય જેવો પોતાનો જ કરી લીધો છે.

ગુજરાતના ઈતિહાસમાંના આગલા ત્રણ યુગની ઉડતી નોંધ સાદી પણ સૌને રસિક લાગે એવી કરી છે એટલે દરજ્જે આ પદ્યરચના કવિતા છે. વળી કડીઓની ગોઠવણીમાં ચાતુર્ય વાપર્યું છે. ૧૪ થી ૧૯મા કડીમાંની લાગણીને ૯થી ૧૨મી કડીમાં પેસવા દીધી નથી. "પરતંત્ર થયા, લાગી ખાંપણ રે" અને "પાદશાહી અમદાવાદ સ્વતંત્રપણે લાડે" વચ્ચેનો વિસંવાદ ઢાંકવામાં આ ચાતુર્યે ફત્તેહ મેળવી છે. **સ્વતંત્રપણે** ખરી રીતે દિલ્હીથી સ્વતંત્ર થઈને એટલો જ અર્થ છે.

**અર્થ ૧ ઇતિહાસ રૂપ ભૂતકાલદર્શક આરસી:** જામે જમશીદ. ફરતી છે છાંડી : **अव्यक्तादीनि भूतानि, अव्यक्तनिधनानि च** અને જે **मध्य** દેખાય છે તેમાં કશું થિરથાવર નહીં; ચલિત સૌ છેક જ રે. થિરથાવર-શૂન્યતાને અંતે પાછી સંભારીને કવિએ કૃતિનું ઐક્ય સાધ્યું છે.

**૩ એંશી વર્ષ પશ્ચાત:** ગવર્નર જનરલ વેલસ્લી અને લોર્ડ હેસ્ટિંગ્સના સમય લગી. નાદિરશાહના સમયથી માંડીને, એટલે કે સાઠ સિત્તેર જ વર્ષ: અને તેમાં પણ આરંભના દાયકા રાજ્ય મેળવતાં ગયા અને છેવટનામાં તો રાજ્ય ઉત્તરોત્તર ખોતા ગયા, "ચાર દિવસ ચમકાર" જ.

**૪ પૂણા:** પેશવાઈનું પાટનગર. ગુજરાતી દક્ષણીઓને એમની પાઘડી ઉપરથી ચકરાં અને એમના ખોરાક ઉપરથી ચટણા કહે છે, તો દક્ષણીઓ ગુજરાતીઓને ઘીશક્કર, ભાઈસાહેબ વગેરે ઉપનામો આપે છે. નામનો ઉચ્ચાર જ 'ગુજરાથી' એમ વરાર ખોટો કરે છે. પાડોશી પ્રજાઓનો સંબંધ અન્યોન્ય સહાનુભૂતિનો જવલ્લે જ જોવામાં આવે છે. **જાલમજોર** જુલ્મ અને જબરદસ્તી ઉપર મુસ્તકીન પણ ક્રૂર અને કરડાથી વધારે આકરો અર્થ ન લેવો. આપણે ગુજરાતીઓ આકરા શબ્દોને તેમના પૂરેપૂરા અર્થમાં નથી વાપરતા **इकडे या** 'અહીં આવો' માટે મરાઠી ભાષાના શબ્દો. જેમ આગળ અમદાવાદી પાદશાહતના આરંભને માટે એક લીટી ઉર્દૂ ભાષાની મુકી છે.

**૫** પંક્તિમાં અર્થ ન સમાય ત્યારે એકાદ શબ્દ બહાર રાખવો, એ પદ્ધતિ સારી નથી. **ધર્મનું** હિંદુ ધર્મનું, આપણા ધર્મબંધુઓનું, બ્રાહ્મણોનું. **૬ પાશ**

નિયમો, મર્યાદાઓ. નીતિના કયા કયા નિયમો તેનું દિગ્દર્શન પછીની કડીમાં છે. **૮ રોગ** નીતિમય બંધારણ અને વહીવટ બદલ્યાં એ રોગ **૧૦** સસલો કુતરા સામે ધસ્યો અને કુતરાને નસાડયો, એવી વીરભૂમિ; પણ આવી દંતકથા ઘણા દેશકાલમાં ઘણા શહેરો માટે કહેવાયેલી છે, એકેને માટે વિશ્વાસયોગ્ય ઠરી નથી. કયાંથી ઠરે ? તેજાંની વાત પણ માત્ર દંતકથા છે, ઇતિહાસમા સ્વીકારાય એવી સાધાર નથી. **અસાઉળ :** ગામડાનું મૂળ નામ, ભીલી બોલીનું. સંસ્કૃત લેખકોએ સંસ્કારી લઇને એને આશાપલ્લી કહ્યું. ગામ ઉપરથી તેના મૂલ નાયક-નું નામ કે મૂલ નાયક ઉપરથી ગામનું નામ તે કશું કહેવાય નહીં. સિદ્ધરાજના પિતા કર્ણદેવે એ બાજુના ભીલો ઉપર દાબ વધારવાને અસાઉળમાં થાણું સ્થાપ્યું, તેને કર્ણાવતી નામ આપ્યું, ત્યારથી સાબરમતીને કાંઠે આવેલું એ સ્થળ સાહિ-ત્યેતિહાસમાં બંને નામે ઓળખાતું થયું. ભરૂચથી દરીઆકાંઠાનો રસ્તો ખંભાત સીધો જતો, પણ ખંભાતથી શિરોહીનો રસ્તો તેમ ભરૂચથી શિરોહીનો રસ્તો અને કાઠિયાવાડ (સોરઠ) માંથી શિરોહીનો રસ્તો અહીં મળતા, એટલે આ સ્થલ કીંમતી વ્હેપારવ્હેવારના ધોરી રસ્તા ઉપર તેમ ખંભાત ભરૂચ તથા સોરઠ ઉપર અમલ જમાવવાને માટે મધ્યવર્તી, એ જ એની ચડતીનું ખરું કારણ. તેજાં, અમદાવાદની ઉત્પત્તિ વિષેની લાગણીઓમાં અસાઉળનો (કર્ણાવતીની આસપાસ અર્ધ તાબે થયેલા મુલકનો) કોઈ ખાંટ જાતિનો નાયક હશે તેની પુત્રીનું નામ છે. લાવણીઓ પ્રમાણે પાદશાહ તેજાંને પરણ્યો તેથીજ અહીંજ રહ્યો, અને અસાઉળ પાસે ભદ્રનો કિલ્લો બંધાતાં એ અસાઉળ અને કર્ણાવતી જ અહમદા-બાદનું નવું નામ પામ્યું, તથા પાદશાહનો સિતારો ચડતો થવાથી એ નામે આગલાં નામ દાબી દીધાં; નવાં શાહેરનાં મકાનો તળે જુના શાહેરનાં ખંડેરો દટાઈ જાય છે તેમ.

**૧૧ સણુંગ:** સુરંગ, જમીન તળે લાંબો સાંકડો રસ્તો. **૧૩** ઈ. સ. ૧૪૧૨; તેમ આગળ ઇ. સ. ૧૩૦૦ ઇ. સ. ૧૩૦૦ થી ૧૪૧૨ ગુજરાતની રાજધાની પાટણ મુસ્લિમ અમલમાં; તે પ્હેલાં પણ રાજધાની પાટણ, હિંદુ અમલમાં પણ હિંદુ અમલમાં આ કવિતા પ્રવેશતી જ નથી. પાંચસો વર્ષ પહેલાંનો પણ અકરા-ફેર કલ્પના આગળ ખડો થતાં કવિને શોક એટલો તો વધી જાય છે કે એનું સાન થંભી જાય છે ! આ તરંગને "સુરતી,' કહિયે તો સુરતીઓને માઠું લાગશે કે ? **૧૪ ધિક નાગર નગુરા:** આ પદ જૂની લોકોક્તિ છે, કર્ણદેવ વાઘેલાના મુખ્ય મંત્રી નાગર માધવ મહેતાને માટે છે. **૧૯ ધર્મ** વૈયક્તિક નીતિ, સામાજિક નીતિ, આશ્રમનીતિ રાજ્યનીતિ, રાજ્યબંધારણનીતિ, અને જીવનનાં ઈશ્વર પ્રતિ કર્તવ્ય સર્વને માટે આપણે આ એક જ બોલ વાપરતા આવ્યા છિએ. **જ્ઞાન:** સાર, સારબોધ.

સ્વતંત્રતા પાછી ન મેળવિયે ત્યાં લગી આપણામાં ખાંપણ જ, એ દૃષ્ટિ નર્મદ અને નવલ પ્હેલાંના કોઈ પણ ગુજરાતીને સ્ફુરેલી જાણવામાં નથી. અંગ્રેજી કેળવણીનાં વ્યાપક પરિણામોમાંનું એક આ દૃષ્ટિ. ટૉડ, ફાર્બસ, હોપ, કર્ટિસ, હાવર્ડ, એ અર્વાચીન ગુજરાતના વિધાયકોની પ્હેલી પેઢી ઓગણીશમી સદીમાં આખા યુરોપમાં ખીલેલી પ્રજાસ્મિતાની ભાવના અહીંના સુશિક્ષિત વર્ગમાં અને રાજાઓમાં પણ વ્યાપે એમ નિખાલસપણે ઈચ્છતા હતા. એલ્ફિન્સ્ટન, માલકમ, આર્થર વેલસ્લી મન્રો, મૅકોલે, ઍન્સ્ટિક, આદિ અર્વાચીન હિન્દના વિધાયકો પણ એ જ વલણના હતા.

---

## ૪૨

### સુરત : નર્મદાશંકર લાલશંકર.

**છન્દ :** રોળા છન્દ. નર્મદના પિંગલપ્રવેશમાં આના માપ વિષે નીચેની કડી છે—

આવીસ પાદે મત્ત એક ગુરુ અન્તે આણે,
કવિ જેમાં અનુરત્ત, હરે જક્ષ જતિ જાણે;
નામે રોલા વૃત્ત સૂણતાં સ્હેજ વખાણે,
માને નહિં સત મત્ત જઈને ગાડી તાણે,

**પાદ** પંક્તિ **મત્ત** (૧) માત્રા; (૨) મત. હર અગિયાર **જક્ષ** તેર. આ સાચું મત ન સ્વીકારે તે બળદ ! * 'દલપત પ્રાસે બ્હાય' એમ કવિએ દલપતરામ ઉપર આક્ષેપ કરેલો અને તળે ટિપ્પણ ઉમેરેલું, "તે જ શબ્દ—અક્ષર ફરી ફરી લખી એમાં ચતુરાઈ છે એમ બતાવી લોકોને ફોફલાવે છે કે મ્હને મોટો કવિ કહો." પણ જે કંઇ શબ્દ પ્રાસ અલંકાર તર્ક પ્રથમ સુઝે તેને જ ઝડપી લઇ કડીને આગળ ચલાવવાનું વલણ નર્મદમાંય ઓછું નથી.

**વિષય** ભૂતકાલની જાહોજહાલી અને વર્તમાન અવદશાનો વિરોધ.

**૧ તુજ** શહેરના તેમ શહેર લોકના. શહેર લોક તેજ શહેર—એક આત્મા બીજું શરીર; અને નર્મદ કહે છે, અહીં સુરતને સ્ત્રી કલ્પી છે.

**બેહાલ**—નામ લેખે વાપર્યું છે. આ તે **હાલ ?** ના રે, **બેહાલ** જ કહેવાય !

**બાંકી**—બંકિમા ફાંકડી છેલછબીલી; હે બાંકી તું કુંદનમાં જડાઈ કુંદનથી વિશેષ દીપતી હતી, તે કથીરથી પણ ઝાંખી અને ઓછા મૂલ્યની બની.

**૨** બીજા બાજીરાવ પેશવાના રત્નજડિત ગણપતિ અને સુરતનગરી વચ્ચે આ તુલનાની અર્ધ કડી. ભીમરાવ કૃત કોહીનુર વિષેની વસંતતિલકા કડી પ્રમાણે,

* છેડે ગુરુ જોઇએ એ નિયમ નર્મદે પોતે નથી પાળ્યો એમ પ્રથમ દર્શને લાગશે (જુવો પ્હેલું દ્વિદલ). પણ 'મૂરત' 'સૂરત' એમાં **ત** ખોડો ઉચ્ચારાય છે, **રત** ગુરુજ છે.

ગુજરાતી કવિતાનું એક રત્ન છે. **સકુમારો** સુકુમાર; (૧) ગણપતિ ન્હાનો અને ઉત્તમ કલાએ સુશોભિત; (૨) સુરતનો દેહ નાજુક અને સુંદર. બંને સુકુમાર (શોભીતાં મહામૂલ્ય અને સ્વસંરક્ષણે અશક્ત—અબલા જેવાં) : બંને વચ્ચે સ્થાયી સાધારણ ધર્મ આ એક. **વેચાયો કડકે-વ્હેંચાયો** : બંને વચ્ચે બીજો સાધારણ ધર્મ કે આફતોને પરિણામે બંને (વ્હેં) ચાયાં, એકના કટકા થઈ જ ગયા; બીજાના પણ થઇ ગયા—સુરતી અને રાંદેરીઓનાં ટોળાં ઉપર ટોળાં દેશ-દેશાન્તર જતાં રહ્યાં, એક નાશ પામ્યું; બીજું નામમાત્ર જીવે છે. પ્રાકૃત કવિતા પ્રણાલિ **વે વ્હેં** ને એકજ ગણે; વેચાયો—વ્હેંચાયો એને એક શબ્દ અને શ્લેષાલંકાર જ ગણે. એટલે આ આખું વાક્ય શ્લેષોપમા છે.

પછીની પંક્તિઓમાં સુરતની આગલી જાહોજલાલી અને હાલની પડતી વચ્ચે વિરોધ સ્ત્રીદેહનાં અંગો અલંકરણો આદિ વડે ઊંડી લાગણી અને નિઃશ્વાસ સાથે વર્ણવ્યા છે. બુરજ કોટ અને તે ઉપરના રંગરંગી વાવટા તે નિબિડ સ્તન અને તે ઉપરનાં વિવિધ ચોળી વસ્ત્રાદિ : અત્યારે ઢળી પડેલાં નૂર વિનાનાં થાન. ચળકતાં નયન : અત્યારે ફુલાંવાળાં. ગાલ, ઓઠ, દાંત, નાક, મુખ, અને એકંદર રૂપ તે વખતનાં કેવાં તો ભભકાદાર હતાં તે સાંભળતાં, તે દરેકની અને તે સર્વની હાલતની એકંદર સ્થિતિ, છે તેથી પણ વધારે ખાવા ધાય એવી લાગે છે. + કરુણરસમય વિરોધાલંકાર સ્પષ્ટ છે. સ્ત્રી લેખે વર્ણન હોવાથી સજીવારોપણ ( personification ) પણ સ્પષ્ટ છે.

---

+આવી કવિતા સામે ત્રણ જુદી જુદી દિશામાંથી ટીકાઓ થાય (૧) અલંકારશાસ્ત્રીઓ ઉપમા, રૂપક પરંપરિત રૂપક, સજીવારોપણ, અતિશયોક્તિ, વિરોધ શ્લેષ, યમક વગેરે અલંકારોની વ્યાખ્યા પ્રમાણેનાં આમાં લક્ષણો કેટકેટલાં નથી અથવા પૂરતાં સ્ફુટ નથી તે બતાવે. યોગ્ય છે. પણ અલંકાર પોતે પોતાને જ માટે નથી. કોઇ લક્ષણ—લક્ષણો ન હોવાથી કે અસ્ફુટ હોવાથી અર્થમાં જેટલી કચાસ રહેતી હોય તેટલા અંશમાં જ આવી ટીકા ઉપયોગી ગણાય. (૨) ચોખલિયા આની સામે ટીકા કરે કે સ્ત્રીનાં સ્તન વગેરેનું સૂચન પણ અનીતિમય—તો એવું મહીપતરામી ધોરણ વિચારવા જેવું પણ નથી. કમળારોગી બધું પીળું દેખે પીળું દેખે તેમ ચોખલિયા બધે જ અનીતિ કલ્પે છે, જ્યાં ને ત્યાં અભડાય છે. (૩) ભાવનાવાદી (idealist) આની સામે ત્રીજી જાતની ટીકા કરશે. એ વર્ગના પંડિત કહેશે, આંખમાં ફુલાં, ગાલમાં કુવા, નાક પર ચાઠાં, તાળુમાં દાંત સીડાય ઘુવડ જેવો દેખાય, વગેરે વિગત કુત્સિત છે, સુરચિભંગ કરે એવી છે. આવી ટીકાઓમાં સત્ત્વ હોય છે ખરું પરંતુ તેનું મૂલ્ય કેટલું તે મતભેદનો વિષય છે. વાસ્તવિકતા અને સુરુચિ વચ્ચે વિરોધ પડે, તેમાં વાસ્તવિકતા ( realism ) અને સુરુચિમાંથી કોને કેટલી જતી કરવાની વારુ ? આ પ્રશ્ન ઉપર મતભેદ સદાય

**૫ કારમું** અજબ, અસર ઉપજાવવામાં ચમત્કારિક, માયાવી **ખ** આકાશ **ધૂપ**, તડકો, તાપ, દુઃખ. **દુખદ** ઉડતી ધૂળમાંની કાંકરી આંખમાં ભરાય તેથી દુઃખદ, એવા વિશેષ અર્થમાં આ લીટીને બાંધી લેવાની જરૂર નથી. કવિએ પોતાના ટિપ્પણમાં માત્ર એક દાખલો આપ્યો ગણીને સામાન્ય અર્થ લેવો.

---

## ૪૩

## સહસ્ત્રલિંગતળાવના કાંઠા ઉપરથી પાટણ.
### નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયા :

જન્મ—ઇ. ૧૮૫૯. મૃત્યુ—ઇ. ૧૯૩૭. **છંદ**–રોળા.

**૩ હાડ** : ખંડેર **૮ જેહ નયન** : જેનાં નયન.

**૯ સરસ્વતી નદી:** દરિયાને ન મળતાં રણમાં જ સમાઈ જાય છે એમ પણ કુંવારી. વાંકાચૂંકા વહનને લજ્જા અને લાડના આરોપે વર્ણવ્યું છે. ત્હારી અત્યંત પડતીમાં પણ ત્હને વળગી રહી છે. માનવી હૃદયમાં તો એટલી બધી વફાદારી ભાગ્યે; ખરે એ ઇશ્વરની કરુણાનું જ વહન ત્હને વળગી રહ્યું છે!

**૧૨ ભર** : પૂરેપૂરા માપની, ઉભરાતી.

**૧૪ બૂઝવતી** : નિસ્તેજ કરતી. ઈશ્વર–કરુણા કંઈ લક્ષ્મી વૈભવ આદિ જેવી લૂંટાય એવી વસ્તુ છે, કે ખૂટે!

**૨૨ કાલે** : આવતી જ કાલ. **સુજ તનડું** : ઈશ્વરકરુણાનું.

---

## ૪૪

## ઝારાનૂં મયદાનેજંગ: દુલેરાય લાખાભાઇ કરાણી.

**છન્દ** સવૈયા

**વિષય** યુદ્ધવર્ણન. કચ્છનો રાવ ગોડજી વિ. સં. ૧૮૧૭ માં ગાદીએ આવ્યા તેના સમયમાં આ યુદ્ધ થયું હતું, કહે છે કે ૧૮૧૯ ના માગસર સુદ ૧૦ શુક્રવારે

---

રહેશે. શબ્દોથી આલેખાતો અર્થ ચિત્રોથી આંખે વળગતા અર્થ જેટલો ઉત્કટ નથી હોતો, ખાળના ચિત્રમાં પણ વાસ્તવિક ખાળની દુર્ગંધ નથી હોતી, નેત્રગ્રાહ્ય વાસ્તવિકતાજ હોઈ શકે; વગેરે કલા અને કલાસાધનોની જાણીતી મર્યાદાઓ જર્મન પર્યેષક લેસિગ ( Lessing ) એના લાઓકૂન ( Laokoon ) ઉપરના ગ્રંથમાં સુઝાડેલી સૂક્ષ્મ દૃષ્ટિનો ઉપયોગ કરીને, ટીકાકારે લક્ષમાં રાખવાની છે. વળી આ પણ નિર્વિવાદ છે કે વાસ્તવિકતાને ગાળી નાખીને સુરુચિ જ રાખવામાં આવે છે, તો ઊર્મિપ્રવાહ અને બોધ પણ ઝાંખો અને નબળો પડી જાય છે.

કર્ણદેવનો હડહડતો વેરી બની માધવ દિલ્હી પાદશાહ અલાઉદ્દીનના લશ્કરને લઈ આવ્યો, તેમ પૂંજો દિવાન પદ ખોતાં, રાવ સાહેબ સામે સિન્ધથી ગુલામશાહ કલોડાના લશ્કરને લઈ આવ્યો. આજ કારણ હોય, તો તે દન્તકથા માધવને વિષે નોંધે છે એટલું સબળ નજ ગણાય, અને એટલે દરજ્જે પૂંજાનો દ્રોહ પાતકીપણામાં ચડી જાય. ઝારાની ડુંગરી ધાર કચ્છની ઉત્તર સરહદ પાસે છે. વિંઝાણ ગામ અબડાસા તાલુકામાં આવેલું છે, નરા ગામ સિન્ધ અને કચ્છ વચ્ચેના રણને કાંઠે છે. નરાના ઠાકોર સતાજીના વંશના એટલે સતાણીઓ. આ પ્રસંગે નરાનો ટીલાયત ભીમજી સતાણી હતો, તેણે ઝારાના યુદ્ધમાં અદ્ભુત શૂરાતન દેખાડયું, અને હજી પણ કચ્છમાં એ વીર પુરુષ વિષેની રોમાંચક કાફીઓ ગવાય છે. ઝારાના યુદ્ધને કચ્છી પ્રજા અત્યન્ત ઘોર ગણતી આવી છે; 'ઝારો માર્યાનો કેર', 'ઝારાના જંગની આણ', વગેરે વેણ હજી પણ ચાલે છે. ભુજિયો કિલ્લો પાટનગર ભુજ પાસે છે, તે ખંડેર ઘણા વખતથી એક મહાભુજંગનું મથક મનાય છે. દર નાગપંચમીએ રાવ સાહેબની ત્યાં સ્વારી જઈને એ કહેવાતા રાફડામાં દુધના તામડા રેડી આવે છે.

**મચદાને જંગ** એ સમાસનો અર્થ મહામોટી ખુનખ્વાર લડાઇ એવો થઈ શકે ખરો? **શેષ** નાગની ફણાઓ ઉપર ધરણી જ છે, આખી સૃષ્ટિ નથી, એ હકીકત કર્તા ભૂલ્યા લાગે છે.

**૨ સુરંગ** ફાંકડી એવો અર્થ અહીં હોય નહીં, અન્ધારે ફેલાતી સળંગી ખટપટ, જેનો અન્ત લડાઇમાં જ આવે. **૩ લોહજ** (શ્લેષાલંકાર)—(૧) લોહગઢ+**જ** લુવાણો. (૨) લોઢા જેવાજ. **૫ જુડધાર** જટાજૂટવાળા નામ જેવા. કક્કલો છચ્છરો ભાટિયા લુવાણા અને બીજા જમાનદારો. **૬ ટીલે** યુવરાજપદે. વળી વરરાજા. જેના હાથનું મીંઢળ હજી છૂટયું નહોતું. **અઠંગ** અશંગ; અટૂલ એટલે અજિતના અર્થમાં, અથવા અતુલ બલીના અર્થમાં કોઇ કોઇ વાપરે છે, પણ શબ્દ ખોટો લાગે છે. **૮ વ્યંગ્ય** રહસ્યની ભરેલી; શું કરવા ધારે છે, શું કરશે. શા હેતુથી, તે નસીબદેવીનું કળાય તો એનું કળાય એવી. **વ્યંગ** ખોડું, ખંડિત અંગવાળું. એટલે બંને શબ્દ જુદા જુદા છે. પ્રાસ માટે કોઈ કાળે વ્યંગ્યને ઠેકાણે વ્યંગ ન લખાય, **વ્યંગ્યને ય** અંગ વિનાનો **વ્યંગ** ન લખાય. **૯** કચ્છી લશ્કરને પોતાની બાજુએથી જતું જોઇ ભુજિયા ભોરિંગ ભડકયા— લશ્કરના અસાધારણ કદથી એમ ગણો, આવું સમર્થ લશ્કર યુદ્ધમાં તો કપાઈ જવાનું એ ખયાલથી કચ્છ સાથેની સહાનુભૂતિથી કકળી ઊઠયા, એમ કલ્પના કરો, બંને ચાલે. **૧૦ મેલાણ** પડાવ. **૧૮ મખ** યજ્ઞ. **૧૯ પડદે** પડદા પાછળથી આપણાથી ન સમઝાય એમ.

કચ્છ નિર્વીર્ય થયું, બાયલું બન્યું, ફીકું પડી ગયું, આ ઝારાના ઘમસાણ પછી. જેના પછી બનાવ બને તે તે જ કારણથી બન્યો એવું અનુમાન ખેંચવું,

તે ન્યાયશાસ્ત્રમાં જોકે જાણીતો હેત્વાભાસ છે, તોપણ કવિઓ આવા કારણ-કાર્યસમ્બન્ધ વિનાસંકોચે બાંધે છે. અને બાંધે છે તેથી પણ વધારેવાર સૂચવે છે.

કર્તા પાસેથી મ્હને મળેલી નકલ મુંબાઇ સમાચાર વિ. સં. ૧૯૮૬ ના દીવાળી અંકમાં પ્રકટ થયેલી છે તે કરતાં કૈંક જુદી હતી. અહીં છાપતાં જરા સમારી લીધું છે, અને કેટલીક કડી છોડી દીધી છે.

---

## ૪૫

## જયજય ગરવી ગુજરાત: નર્મદાશંકર લાલશંકર.

ઈ. ૧૯૦૯ માં રાજકોટ મળેલી સાહિત્ય પરિષદમાં આ ગીત સોરઠમાં બેસાડીને ગવડાવેલું તે પછી એ આખા ગુજરાતમાં લોકપ્રિય થયું છે. અહીં દેવદેવીઓની કડી છોડી દીધી છે; કોપને છેલ્લે પાને નર્મદે ઉમેરેલી કડીઓમાંથી છેલ્લી જ રાખી છે.

**૨ અરુણું પરભાત**: સૂર્યોદય એટલે પૂરેપૂરા ઉજેસ પ્હેલાંનું ચોઘડીયું. **૬ સુભટ**: ગુજરાતી વીરો. **જુદ્ધ રમણ**: ઉત્સાહી યુદ્ધખેલ. સાગર કર્તા છે, જુવે ક્રિયાપદ છે: નદીઓ અને જુદ્ધરમણ કર્મ છે. **૯ તે**: તે સુપ્રસિદ્ધ (સંસ્કૃત પ્રયોગ). **૧૪** ગુજરાતીની ગમે તે બોલી--આપણી ભાષાની કોઈ પણ ઉપભાષા-ડાયલેક્ટ. આર્યધર્મ શબ્દ સંદિગ્ધ છે. પારસી ધર્મ આર્ય ઓલાદના લોકોનો ગણાય; મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મ આર્ય=સુધરેલા ગણાય. જૈન બૌદ્ધ આર્ય ઓલાદની હિંદવાસી પ્રજાના ગણાય. ઓલાદે ગમે તે, સુધરેલી હોય તે તમામ પ્રજાઓ અને તેમના ધર્મો આર્ય સિવિલાઈઝ્ડ, એવો સામાન્ય અર્થ લેવો. જાત શબ્દનો સામાન્ય બોલીનો નાતજાત અર્થ લેવાય, પણ વ્યુત્પત્તિ પ્રમાણે 'જાતિ' નો અર્થ વધારે રૂચ્યો. **૧૯ પરધર્મી**: આપણાથી જુદા ધર્મ પાળનારા **૨૨ બંધન**: (કર્તાની વિચારમાલામાં) મુખ્યત્વે વ્હેમનાં બંધન દુષ્ટ રૂઢિઓનાં સામાજિક બંધન. **જમે ભરે**: પોતાને લાભ ખાતે જમા કરાવે.

---

## ૪૬

## માજીનું સ્તોત્ર: બળવંતરાય કલ્યાણરાય ઠાકોર.

### અંજની ગીત.

**માજી**—હિંદ મૈયા, હિંદદેવી. **ભાલ ત્રિવલિ**: કપાળમાં એક ઉપર એક ત્રણ લાંબી કરચળી પડે તે અસાધારણ બુદ્ધિનું ચિહ્ન ગણાય છે. હિમાલયની એક પછી એક ત્રણ અતિલાંબી ગિરિમાલા છેક બ્રહ્મપુત્રા આસામમાં વાંક ખાઈ દક્ષિણે વળે છે ત્યાંથી સિંધુ નદી વાંક ખાઇ દક્ષિણે વળે છે ત્યાં લગીની. ઉત્તરમાં

હિંદના પૂર્વ પશ્ચિમ ખૂણા આ બે નદી વાંક. રેવા અને મહા નદી મળીને હિંદ મૈયાનો કંદોરો કાશી નાકમાં વાળી પ્હેરવા વીંધેલા છિદ્ર પાસેનું મોતી. બીજા બે વાળીના લંબગોળ વર્તુલને બે છેડે. કહેવાય છે પંચ–આબ પણ એ પ્રદેશ સાત મોટી નદીઓનો બનેલો છે; એ જાણે ત્રિશૂલને બદલે સપ્તશૂલ હથિયાર. સહ્યાદ્રિ ગિરિમાલાનો વાંક તલવાર વાંક જેવો છે.

**સ્વરબ્રહ્મ:** ધાર્મિક સુરાવલિ. નાદના અખંડ પ્રવાહથી અંતરિક્ષમાં જે સુર નિકેતન બંધાય છે તેનો આત્મા બ્રહ્મ (=પરમાત્મા) છે. **લે તાળી:** તેને સંવાદી જીવનલીલા વિસ્તારે છે. **જ્ઞાન સમાધિ પ્રકાશ:** લોકોત્તર ત્રિલોક નિયામક ઋતનો પ્રકાશ.

**રાજ રતન:** ઇતિહાસખાણે પાકેલા ઉત્તમોત્તમ રાજવીઓમાં શિરોમણિ એવાં આ ત્રણ ત્હારા ઇતિહાસમાં દીપે છે.

---

# ૪૭

## સામ્રાજ્યશાંતિ : ન્હાનાલાલ દલપતરામ કવિ.

**છંદ**—ઉપજાતિ, પુષ્પિતાગ્રા, ઇંદ્રવજ્રા, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, ઇંદ્રવંશા, અને વચ્ચે વચ્ચે અનુષ્ટુપ, જેમાં એકથી વધારે પદ છેક અનિયમિત.

શ્રી ન્હાનાલાલ અનુષ્ટુપમાં સિદ્ધહસ્ત છે તેથી તેઓ એ છંદ સાથે જે અતિ છૂટ લે છે, તે લેવાનો એમને કોઈ રીતનો હક્ક મળતો નથી. શ્રી ન્હાનાલાલ ગુજરાતી ભાષા ઉપર સારૂં પ્રભુત્વ ધરાવે છે તેથી એઓ શબ્દોનો મોડવામચડવાની વાક્યરચનાને મોડવામચડવાની અને બીજી અતિછૂટો લે છે, તે લેવાનો એમને કોઈ રીતનો હક્ક મળી જતો નથી. વિદ્યાપીઠશિક્ષિત વાચકવર્ગનો શિષ્ટમત આપણી ભાષા અને આપણા સાહિત્યવાઙ્મય અંગે બંધાવા માંડતાં હજી તો એક આખો ઝમાનો વહી જશે. દરમિયાન ઉછરતા લેખક ભાઈ બ્હેને ખાસ ચેતતા રહેવું, **શ્રી** ન્હાનાલાલે છૂટ લીધી છે માટે તે તો શિષ્ટ ગણાય, એવી એવી ભૂલ ન જ કરવી.

"રાજરાજેન્દ્ર જ્યોર્જને"માંથી અહીં માત્ર ખંડ ૫ મો ખંડ ૮ મો અને ખંડ ૯ માના પ્હેલા બે શ્લોક લીધા છે.

**૪** હે ભૂપ, આપના સામ્રાજ્યનું મંદીર. **૫** ગ્રીસ અને રોમ વિષેની આ વારંવાર સંભળાતી વ્યપ્તિઓ માત્ર અર્ધસત્યો છે; હેટરિશિયનને પ્રિય કેમકે ઉપયોગી, સત્યવાંછુએ ત્યાજ્ય.

**૩૧ વ્યક્તિત્વ:** ભિન્ન ભિન્ન વ્યક્તિત્વો, ભિન્ન ભિન્ન પ્રજા વ્યક્તિઓ. આખા શ્લોકનો અર્થ અવ્યક્ત શબ્દના અર્થની જેમ અસ્ફુટ રહેતાં પણ ન સમજાય એવો નથી. પરંતુ ધર્મોમાં પણ વ્યક્તિ વ્યક્તિ ભેદોની પાછળ વ્યાપક જે અભેદી

અવ્યક્ત, તે જ ધર્મનું ધર્મત્વ, તે જ કોઈ પણ ધર્મનો આત્મા, તે જ ધર્મ, સત્ય, બીજ ઉપાધિરૂપ, વા ગૌણ, વા મિથ્યા, વા દેશકાલલગ્ન, સનાતન નહીં, સનાતન તત્ત્વ તો જેટલું સર્વસામાન્ય સર્વેના ગર્ભમાં **ગૂઢ** તે જ,—એમ આજે કયો ધર્મ સ્વીકારે છે વારુ? અને જે સાચું નથી, સ્પષ્ટ નથી, નક્કર નથી, તેને બ્રહ્માંડનું વંડેરૂં **સૂત્ર** કહેવું એ શબ્દનો ઘોર દુરુપયોગ જ છે. બ્રહ્માંડમાં એવું કોઈ સૂત્ર છે જ **નહીં** એવું કથન ઉપલા કથનથી લેશ પણ ભિન્ન નથી. આમ કેવળ ધુમાડાના બાચકા ભરવા ભરાવવા એ રોમાણ્ટિક શૈલીનો એક મોટો દોષ છે.

**૩૮ તીર્થ**: બંદર, પ્રવાસ પૂરો થતાં છેવટ ઉતરીને ઠરવાનું સ્થાન. **૩૯ ચોખંડ**: આખી પૃથ્વી. **૪૧ પંચ**: આર્બિટ્રેટર્સ. **ચણી** છપાયું છે, તે ભૂલ સુધારી **ગણી** વાંચવું. **૪૨** દેશને ઠેકાણે **રાજેન્દ્ર** શબ્દ બે અલ્પવિરામ વચ્ચે **૪૩ સદ્યત્ને** શબ્દના બે અર્થ થાય: (૧) થતો યત્ન; (૨) સંત પુરુષ-પુરુષોનો યત્ન. સારો યત્ન એવા અર્થ માટે સાચો શબ્દ—સુયત્ન. સત્પ્રજા સમાસ પણ ચિન્ત્ય. વળી સુપ્રજા સમાસનો અર્થ સંસ્કૃત પ્રમાણે તો સારી સંતતિ થાય. **પ્રજા**: લોક, નેશન, દેશવસતી એમ લઈયે તો સુપ્રજા="સારી પ્રજા" થાય. અને આ તો ઠીક છે; શ્રી ન્હાનાલાલના લખાણમાં એવા ઉગ્ર દાખલા પણ જડશે, જે પેલા સુભાષિતને સંભારી આપે, કે પંડિત સારો, ઠોઠ સારો, પણ અર્ધદગ્ધને તો બ્રહ્મા ય પ્હોંચે નહીં.

**૫૧-૫૪** આવી રચનાઓ અંગ્રેજીમાં સાધારણ છે, અને ગુજરાતીમાં વધતી આવે છે. પણ બીજું આ જુવો કે શ્રી ન્હાનાલાલ વક્તૃત્વમાં ફરી ફરીને સરી પડે છે. ગદ્યને અને વક્તૃત્વને સારો મેળ છે. કવિતાને અને વક્તૃત્વને એટલો નથી. અપદ્યાગદ્ય અને વર્ણાડંબર ડગલે ડગલે વક્તૃત્વમાં સરી પડતાં જોઈયે છિયે. શ્રી ન્હાનાલાલમાં અપદ્યાગદ્યના ઉપયોગની સાથે વક્તૃત્વમાં સરી પડવાનું વલણ વધ્યું હોય તો તે સમજી શકાય એવો વિકાસ (?) છે. અને આ તો માત્ર સૂચના છે. અને દાખલા દલીલો વડે તપાસવાનુ કામ એમના અપદ્યાગદ્યના અભ્યાસીનું છે. ટૂંકામાં, ઐતિહાસિક અને રાજપ્રકરણી વિષય ઉપરની કવિતા લખતાં કવિએ બે સામસામાં ભયસ્થાનોથી ચેતતા રહેવાનું છે: (૧) વાક્છટા; (૨) સ્થળે સ્થળે માત્ર હકીકત કથનોની ગદ્યાળવી (prosaic પ્રોઝેઈક) પંક્તિઓ.

---

## ૪૮

## ચક્રવાકમિથુન: મણિશંકર રત્નજી ભટ્ટ ("કાંત")

પ્રથમ પ્રકટ, બુદ્ધિપ્રકાશ મે ૧૮૯૦. મ્હારા વિવરણ સાથે; જેનો મોટો ભાગ શ્રી રામનારાયણ પાઠકે 'પૂર્વાલાપ'ની એમની સટીક આવૃત્તિમાં આપેલો છે.

**૧૧૪** *પંક્તિની કૃતિમાં છેલ્લી પંક્તિમાં માત્ર **જ** નો **અ** કરવામાં આવે

* આ કાવ્ય સંગ્રહમાં છાપ્યું છે ત્યાં પંક્તિ સંખ્યા ( ૧૦, ૨૦ .....

અને એટલી જ 'સુધારણા' એ કૃતિનો આખો ઝોક એટલે તો ફરી જાય, કે 'ક્યહિં અચેતન એક દિસે નહીં' એ પાઠવાળી નવી રચના અને 'ક્યહિં જ ચેતન એક દિસે નહીં' એ પાઠવાળી મૂલ રચનાને એ સામસામાં આશયનાં કાવ્યો ગણવામાં ય અતિશયોક્તિ થાય ભાગ્યે,—એવો બીજો દાખલો આખા જગતના સાહિત્યમાં નહીં જડે. 'ક્યહિં જ ચેતન' લખેલું ત્યારે કર્તા અજ્ઞેયવાદી અને સચ્ચિદાનંદી વિશ્વહિતને બદલે વૈજ્ઞાનિક સમુત્ક્રાંતિમાં માનતા હતા. આ વિષે એમના તે વખતના મિત્રોની સ્મૃતિઓ કરતાં વિશેષ ચોકખો અને અસંદિગ્ધ પુરાવો એમના એક પ્રકટ થયેલ પત્રમાં છે. એમણે શ્રી હરીલાલ જીણાને આ કૃતિને સમજવી સુગમ બને માટે જ લખેલું —"હું ન્યાયી કે દયાળુ કોઇ અધિષ્ઠાતા છે, એમ માનતો જ નથી. પ્રણયમાં જ સુખ હું સમજું છું, અને તે આ જગતમાં સુખી કરતાં દુ:ખી વધારે કરે છે. (તા. ૨–૩–૧૮૯૦, જુવો કાન્તમાલા પૃ. ૩૨૩). એટલે આવા વિષય ઉપરનું કાવ્ય પોતે કેવળ કરુણાવસાની યોજે એ જ એમને માટે કુદરતી હતું. નાયક નાયિકાનું આખું જીવન એક જ દિવસમાં નિરુપવાની જાણીતી કલાયુક્તિ વડે એમણે એ જોડાના પ્રેમને અને પ્રેમભોગના સુખને અવધિએ પ્હોંચાડચા, અને પછી "અત્યારોહે નિયત પડતી મોટ, મોટાતણી યે" ( શાકુંતલ ૪ શ્લોક ૫ મો ) એ ન્યાયે સાત્ત્વિક પ્રેમાવગાહનના સુખશિખરની ટોચ ઉપરથી તેમને— વિરહની પ્રેમશૂન્ય રાત્રનું કરાલ દુ:ખ કોઈ પણ રીતે ટાળી શકાતું નથી, તો આવા વિશ્વમાં જીવવું જ શાને— એમ શૂન્યભાવિ અંધતામિસ્ર આત્મહત્યામાં ધકેલી દઈ, આશા કે પ્રકાશ કે પ્રેમની એક પણ લકીર વિનાનું કરુણાવસાન સિદ્ધ કર્યું.

સૂર્યકમલ, ચંદ્રકુમુદ આદિ આદર્શ પ્રેમી યુગ્મો સંસ્કૃત કવિસંપ્રદાયમાં કલ્પેલાં છે (આ જોડાઓના પ્રેમપ્રકારો વચ્ચે ગો. મા. ત્રિ. સરસ્વતીચંદ્ર ૪ થા ભાગમાં એક સ્થલે સૂક્ષ્મ ભેદપ્રભેદ ચર્ચ્યો છે તે જિજ્ઞાસુએ જોઈ લેવું). ચક્રવાક ચક્રવાકી પણ એક આદર્શ પ્રેમી જોડું છે. અને એ જોડાના જીવનની વિશેષતા આ છે કે દૈવયોગે કોઈનો શાપ થતાં પ્રેમી-જીવનનો સાચો સમય રાત, તે તો એમને હર હંમેશ આખી યે વિયોગમાં જ ગાળવી પડે છે; તે એ પંખીયોનિની વ્યક્તિઓ તો કોઈ વ્હેળિયાને સામ સામે કાંઠે કે બીજે એવે સ્થલે એક બીજાનો અવાજ તો સાંભળી શકાય એટલે જ અંતરે બેસી આખી રાત એક બીજાને આરટવામાં ગાળે છે. કવિએ "આદર્શ પ્રેમી યુગલ" ની ભાવનાને વળગી આ કાવ્યમાંનાં નાયક નાયિકાને માનવીનાં હૃદય અને માનવીની ભાવિદૃષ્ટિ બક્ષ્યાં છે. માનવીઓના હૃદયમાં પ્રેમની સાથે અને પ્રેમની હરિફાઈ

---

એમ છાપવી રહી ગઈ છે. જ્યાં જ્યાં એમ જોવામાં આવે ત્યાં ત્યાં વાચકે તે માંડી લેવી. કેમકે વિવરણ ઘણેખરે સ્થલે પંક્તિસંખ્યા દર્શાવીને લખેલું છે, જો કે ક્વચિત કડી સંખ્યા પ્રમાણે લખેલું પણ જોવામાં આવશે.

કરતા બીજા મોટા જુસ્સા પણ હોય, ત્યારે કવિકલ્પના આ નાયક નાયિકાને પ્રેમમય પ્રેમનિમગ્ન જ રાખે છે : તેમને 'સ્નેહબાલ' કહે છે. "ગમે તે થાવ વિયોગની એક પણ રાત નથી સહેવી—સહેવાય જ કેમ ! એ કરુણાવસાન સાધક વિચારબીજ પણ કાંતે પોતે નવું ઉપજાવેલું નથી, એ મત મળતી કડીઓ જૂના કાળથી કંઠસ્થ સાહિત્યમાં ઉતરી આવેલી જાણીતી છે, તેમાંની એક મેં સાંભળેલી તે મુજબ ટાંકું છું.

"સાંઝ પડે દિન આથમે, ચકવી બેઠી રોય,
ચકવા, ચલો જયેં જિહાં સાંઝ ન પડતી હોય !"×

આમ આખું વસ્તુ પરંપરા પ્રાપ્ત છે. કૃતિને વિશેષતા આટલી જ કે કર્તાએ તેને અહીં અજ્ઞેયવાદી વા નાસ્તિક વિચાર વલણ સાથે ગુંથી લીધું છે.

**૧ ચોપાસ** કે **ચોપાસે** ? અનુષ્ટુપ વિષમ ચરણનો છેલ્લો વર્ણ લઘુ રાખવો ઠીક નથી; (૧) સોરઠનો ભાસ થાય છે, (૨) એ વર્ણ ખોડી ગણાઇ ચરણ સાતવર્ણું ગણાઈ જવાનો સંભવ છે. આ અનુષ્ટુપ છૂટો રહી જાય છે. દ્રુતવિલંબિત પછી મંદાક્રાંતા એમ આઠ પંક્તિની એક એક કડીવાળી રચના **૧૩** મા શ્લોક લગી ચાલે છે. પાછી **૨૪–૧૫** દ્રુતવિલંબિત અને **૧૬** મંદાક્રાંતા, **૧૭-૧૮** દ્રુતવિ૦ અને **૧૯** મો મં૦, એવી બે કડી છે. ને પછીની બે કડી મૂલ માપ પ્રમાણે આવે છે, પછી પાછી બે દ્રુતવિ૦ વાળી કડી, અને અંતે ત્રણ શ્લોક છૂટા છૂટા એમ કવિએ જરા અનિયમિત રચના કરી છે.

**૧૩ નિભૃત** = છૂપું, સૌથી છૂટાં પડી જઈને, જરા ય સંકોચ મર્યાદાદિ વિના પૂરેપૂરાં સુખ માણવાને. **૨૩ ઉત્તાન કચ્છ** = તળાવો થયાં હોય એવી ખાઇઓના કાંઠા, ઢળતા, ભેજવાળ, લીલોતરીએ છવાયલા. તળાવ થવા જેવડી ઉંડી વિશાળ ખાઇ ના હોય અથવા પાણી છીછરાં હોય ત્યાં ઘાસ છોડ્યા વગેરે ઉંચા ઉગેલાં એટલે પાણી દેખાવા ન પામે, તેવી જગાઓ તે "કાંઠા" નહીં, માત્ર ભેજવાળ ઢાળવાળી જગાઓ. નિભૃત, ઉદ્‌ગ્રીવ, સંવૃત આવલી, ઉત્તાન કચ્છ, સ્મૃતિનાશની જવનિકા, નિષ્ઠુર પ્રાણ (બહુવ્રીહિ સમાસ), આદિ વાળી આકૃતિ બેશક અતિસંસ્કૃત છે, કાંતની બીજી કૃતિઓથી સરલતામાં ઉતરતી છે.

**૩૦** હિમબિંદુઓ પાંદડાં ઉપર અને બ્હારની બાજુએ; તેને ચૂસી લઇ રવિકિરણો અંદર ઉંડે લગી ઉતરી જાય છે.

**૩૭ વિમુખ** = નારી સહજ લજ્જા પંખિમાં આરોપવાની કશી જરૂર ન્હોતી.

**૪૧** આ ક્ષણ લગી ભોગ ભોગવવા, પછી પૂરેપૂરી બંધી, એવો અંકુશ.

---

× શ્રી રા. વિ. પા. પોતાની ટીકામાં ટાંકે છે તે સંસ્કૃત શ્લોકમાંની "ભ્રમતિ વિહગસાર્થાન્..." પંક્તિ સ્પષ્ટ કહે છે કે એ શ્લોકના કર્તાએ વર્ણવેલી દશા ઉપલી કડી વર્ણવે છે તે દશા પ્હેલાંની છે.

**૪૭ સરોષ** = આરક્ત.

દેવતાઓ, વિદ્યાધર વિદ્યાધરીઓ, જડ આંખે ન દેખાતી સૂક્ષ્મ યોનિઓની વ્યક્તિઓ; આખા હિંદમાં વ્યાપેલો આ એક સુંદર નિર્દોષ વ્હેમ છે કે સંધ્યા-સમયે, ગોરજ ચોઘડિએ, આ સર્વ સ્વસ્થાને જતાં હોય છે આપણા માથા ઉપર થઈ આકાશ માર્ગે.

**૫૦ વિરલ** = ઉત્કૃષ્ટ એ અર્થ લેવો. **૫૩** વિરહપળ આવી તો, એમ વિસ્મૃતિ પટદો ચીરાય છે. **૫૫ અનુભવે ન છતાં** = જુવો કર્તાના ઉપલા જ પત્રનો બીજો ભાગ (કાંતમાળા). વિરહ આવ્યો તો એ વિચાર ક્ષણવાર એટલો પ્રબલ બની જાય છે કે જેહું "યામિની, દુઃખ, કાલ, પ્રાણીઓની કઠોર ચીસો વગેરે" ને સાક્ષાત્ અનુભવે છે. આખો દિવસ દૂર રાખેલી સ્મૃતિઓની એક ક્ષણ તો જાણે વળગી પડી પોતાના ગાઢ આશ્લેષે બચકી મારે છે! આ કડી ૧૫–૧૬ મધ્યમાં મૂકી છે સાભિપ્રાય; અને આખી રચનાને–અહીં લગીનાં પ્રેમાનંદના ઉત્સાહી વર્ણન છતાં પણ કરુણ પ્રધાન બનાવે છે.

**૬૦** કોઈ નિર્દોષના ક્રૂર પંઝે મોત, બંધન, આદિના. **મંદ**: ડીપ, દોલો, રમ્બ્લિંગ, એવો અર્થ લેવો; જો કે આપણી ભાષામાં આ શબ્દ ઘણું ખરૂં પ્લીઝિંગ ચાર્મિંગ વગેરે અર્થમાં વપરાય છે, તેવા અર્થ સાથે 'શોર' શબ્દનો મેળ ન મળે. **૬૨ ઉન્મત્ત**: તત્ અને મત્તની વચ્ચે યતિસ્થાન છે. આવી રચના સંસ્કૃત કવિતામાં ય મળશે; અને અહીં તો ઉન્મત્તતાના શાબ્દિક પડઘા લેખે સાભિપ્રાય પણ ગણવાને પાત્ર. **૬૬** મા પંક્તિ દુર્બોધ છે. ૧૯૯૦ માં અર્થ કરેલો રા. વિ. પા. માં ૨૦૨ મે પાને છે. 'આળસ' ને બદલે આજે કહીશ —નઠોર સર્વવ્યાપી સત્ત્વના આવા આવા કામો જેવા પડે જોયા જ કરવા પડે તેથી સુકોમલ ચિત્તોમાં વ્યાપી જતી મૂઢતા આદિની અસહ્ય અવસ્થા.

**૭૩–૭૪** પ્રેમ જીવન દેહદ્વયે ક્રિયાવિભક્તિ પણ બીજી બધી રીતે અદ્વૈત સાધે છે. યુગલ ઊંચામાં ઊંચી ટોચે ચડી જાય છે. આખા વિશ્વ પર નઝર ફેરવી લે. શૂન્યં! શૂન્યં! પ્રેમ--રસ--જેવી કોઈ ચીજ ન મળે! કેવળ જડતા--પાપાંગો જ! **૮૭** રસકોશ ગણિયે તે વાદળીઓ પણ આઝાં ઘાબાં જેવી લૂખી, ઈચ્છા કે નિશાન વિના, જ્યાં ને ત્યાં તણાયા કરતી! સંમૂઢ બની જાય છે.

**૮૨ ધૃતિ** = ધૈર્ય.

કૃતિમાં કેટલાક અંશ અતિ આકરા છે, તથાપિ વર્ણનને સમગ્ર લેતાં કહી શકાય કે કર્તા અજ્ઞેયવાદથી પણ આગળ નથી જતા; વિશ્વલીલાના કારણોમાં એક સત્ત્વ તો અતિબલિષ્ઠની સાથે રાક્ષસી (ડાય બોલિકલ) પણ છે વા હશે વા હોય તો નવાઈ નહીં એમ માનનારા તો નથી. વિશ્વમાં જડતા હૃદયશૂન્યતા પ્રેમહીન-તા જ આરોપીને કર્તા અટકી જાય છે. પ્રેમાભાવ અને રસશૂન્યતાથી આગળ ધપી **નિર્દય નિષ્ઠુર સર્વભક્ષી રાક્ષસતાનો** આરોપ કર્તા કરતા જણાતો નથી, એમજ

લેવું પ્રાપ્ત થાય છે. એટલે અતિ આકરા અંશો લાગે તેને પણ આ મર્યાદિત અર્થમાં બેસાડી લેવા. આગળ પંક્તિ **૧૦૨** પણ જુવો. ત્યાં આ **આ ઐશ્વર્યે**= આવા વિશ્વતંત્રમાં એટલોજ અર્થ છે.

**૯૯–૯૦–૧૦૧** વિધિશાપ જેવું કશું જ ના હોય, સૂર્ય આથમતો જ ના હોય, જરાક તો રસાર્દ્રતા હોય, એવી સૃષ્ટિમાં ચાલોને,–એમ ચકવી પોતાના નાથને વીનવે છે. ચકવો ડોકું ધુણાવે છે. સૃષ્ટિ જે છે તે આ: આમા તો ધ્રુવ નજીક પ્રદેશો છે જ્યાં સૂર્ય ક્ષિતિજ ઉપર લાંબો સમય રહે છે, તો તે પ્રદેશોમાં એ લાંબા દિવસો પછી રાતો પણ એટલી જ લાંબી હોય છે. તો ચાલો જીવન અને વિરહ બેયનો એક સાથે જ અંત આણી દઈયે. જે જીવવું=વેઠવું તો ન જીવવું ન વેઠવું એ બેવડો નકાર એક સાથે સાધિયે. **૧૦૫ ગહન:** મૃત્યુની અંધારી અતલ ખાણ. **૧૦૨** પછીનાં * * ચિહ્ન જેવડું એમના નિર્ણયનો અમલ કરે છે, તે એમનું ઝડપીપણું અમુક ક્ષણો ચાલ્યું એમ સૂચવવાને છે. **૧૦૩–૪ ભાસ:** પોતે આ વિશ્વમાં અનુભવેલું તેથી જુદી જાતના હાસ્યયુક્ત આનંદદાયી પ્રકાશનો ભાસ. **૧૦૭ પ્રકાશ:** એ નવી જાતનું ભાસતું હોય છે તે તેજ. પરંતુ—Alas! "the fancy cannot cheat so well As she is famed to do, deceiving elf." એ ભાસ માત્રજ છે, આ "અવર" અને "ધન્ય હાસયુક્ત" ભાસતી દુનિયા પણ જે છોડી દીધી તેના જેવીજ છે, તે જ છે, અહીં પણ "પાષાણો" જ છે, અહીં ક્યાંય ચેતન નામે છે નહીં. એ પંક્તિ મૂલ કૃતિ પૂરી થાય છે.

પછી કર્તા સ્વીડનબોર્ગી અને ઈશ્વરશ્રદ્ધાળુ બન્યા, એમની કવિતાઓનો પોતે છાપવા માટે સંગ્રહ કર્યો ત્યારે પોતાની અશ્રદ્ધાળુ અવસ્થાની કવિતાઓ એમને ખૂંચવા લાગી. સૌથી વિશેષ ખૂંચી આ કેમ કે આમાં ઈશ્વર નથી, પ્રેમ આશા આદિને આક્રંદ સાથે નિરૂપેલો હતો. અને "ભાસ" શબ્દ કે "પાષાણો" આદિ આક્રંદ, આપઘાતનો નિર્ણય બીજુ કશાંય એમણે ન ફેરવ્યું, એક માત્ર છેલ્લી લીટીમાં જ અક્ષર ફેરવીને એ લખ્યા, અને આ કૃતિને આ નવા પાઠ સાથે પ્રકટ કરવા ઠરાવ્યું તે મુજબ એ પૂર્વાલાપમાં એમના મૃત્યુ પછી પ્રકટ થઈ.

આ હકીકત છે, મૂલ કૃતિનો આશય, મૂલ પાઠનો આગલા અંશો સાથે મેળ સ્પષ્ટ છે. આખી કૃતિ એ પાઠમાં જ કુદરતી રીતે પરિણમે છે. નવો પાઠ એવો સુસંગત છે જ નહીં. વળી એ નવા પાઠને વળગતાં, આ વિચિત્ર પરિણામ છે, કે મણિભાઈએ આ ફેરફાર કરતાં આ બધા વિષે કેટલો અને કેવો વિચાર કર્યો હશે કે 'એ તો વાંચનારા ફોડી લેશે સ્તો' એમ કશો જ કર્યો નહીં હોય, તે પણ સમઝાતું નથી.

શ્રી રા. વિ. પાઠક નવા પાઠનો પક્ષ ખેંચી એ રૂપની આખી કૃતિના ધ્વનિ વિષે લખે છે, "પ્રેમની ખાતર આત્મભોગ આપ્યો તેથી" એમને સત્યજ્ઞાન

થવા પામ્યું, એમ લખે છે, તે ગાંડની કલ્પના ગણાવાને જ પાત્ર છે. જૂના પાઠ પ્રમાણેનું પરિણામ આવેલું ત્યારે શું એ આત્મહત્યા પ્રેમની ખાતર ન્હોતી ? વળી ક્યાંય પણ સામાન્ય પ્રેમીઓની કે પ્રેમવિનાનાંની ગતિ વિષે જરાપણ સૂચન જોવામાં આવતું નથી; તો આત્મબલિદાન કરવા જેટલાં આગ્રહી અને આતુર પ્રેમીઓને એ બલિદાનનો ફલ લાભ-સત્ય જ્ઞાન-થાય જ, એ શા ઉપરથી ?

નવો પાઠ લેતાં આખી કૃતિનો ધ્વનિ કેટલો તો ફરી જાય તે તપાસવામાં પણ એક બે મિનિટ ગાળવી ઘટે. અજ્ઞાનની અંધકારમય અને દુઃખદ (પ્રેમાનુભવના સુખી વિભાગો પણ આ સર્વ માત્ર ક્ષણિક અને નાશવંત એ ભાને દુઃખદ) દશામાં આખો જન્મારો ગાળે, તેઓ પણ, આત્મહત્યા જેવું ઘાતકી મોત પામે તેઓ પણ, મૃત્યુ થતાં જ જ્ઞાન-ધર્મ-પ્રેમ પામે છે, અમરતા, સ્વર્ગીય સુખોવાળી અમરતા એકદમ મેળવે છે,-એવો તો આ ( નવા પાઠવાળી ) કૃતિનો ધ્વનિ નથી, એમ શી રીતે કહી શકાય વારુ ?

પોતે માત્ર આવશ્યક અને ઓછામાં ઓછો ફેરફાર કર્યો તેથી ધ્વનિ તો આવો વિચિત્ર બની જાય છે, એ કર્તાના ધ્યાનમાં ખરેખર નહીં જ આવેલું હોય ? અથવા શું સ્વીડનબોર્ગ આમ માનતો હતો ? આ જીવન દરમિયાન ગમે તેવા અજ્ઞાનમાં હોય તેમાં પણ મૃત્યુ પામતાં જ પૂરેપૂરે જ્ઞાન-સત્ય આદિ જો મળતાં જ હોય, તો સ્વીડનબોર્ગ કે બીજા કોઈ ધર્મોપદેશકનીયે શી જરૂર ?

મૂલકૃતિ પણ વસંતવિજયથી ઉતરતી ગણાવાને પાત્ર. વસંતવિજય વિષય, વાસ્તવિકતા, સમૃદ્ધિ ત્રણેમાં ચડે.

---

## ૪૯

## દશરથનો અંતકાળ: ગણપતલાલ ભાવસાર.

### ૫૬

**૧ નિદાઘ** : તાવ. **૭ મુક્ત** : નિરભ્ર. **૧૫** તપનઃ સૂર્ય. **૨૨** આકાશમાંના તારા સંધ્યાના જામતા અંધકારમાં દેખાતા તે કરતાં તેમનાં સરજૂમાંનાં પ્રતિબિંબ વધારે ચોકખાં દેખાતાં, તે જાણે સરજૂનીર આકાશને તેજોદાન કરી રહ્યું હતું. **૨૭** આટલું બોલતાં મરણ પથારીએ પડેલા દશરથને ગળે સોસ પડે છે એટલે તે કૈકેયીને કહે છે; ટીપું પાણી પા.

**૪૬** ને—અને હાય રે ! (૧) વધુ બોલવાની શક્તિ જ રહેતી નથી એટલે આમ બોલી જવાય છે; (૨) મૃગ ધારેલો તે તો—અરે રે મ્હારાં કરમ !—**શ્રવણ બ્રાહ્મણપુત્ર હતો, જેના અંધ માબાપે દીધેલા શાપને લઇને તો અત્યારે આ દશા થઇ !—જેનો ઉપાય જ નથી.**

બોલે છે તે તમામ સાદા સીધા સુંદર વનવર્ણનના જ બોલ બોલે છે. ધીરે ધીરે વિગતે વિગતે આખું ચિત્ર ચિતરે છે. જે કહેવાનું છે તે અનુક્ત જ રહે છે તથા પૂરેપૂરૂં કહેવાઇ જાય છે.

---

## ૫૦

## એક તોડેલી ડાળ: બલવંતરાય કલ્યાણરાય ઠાકોર.

**છંદ:** શિખરણી અને પૃથ્વી; પંક્તિ ૨૦મીમાં પૃથ્વીનો **પ્રથમ** અષ્ટવર્ણી ખંડ બેવડીને પંક્તિ બાંધી છે.

**૪ જ્યોત્સ્ના:** પ્રકાશ. **૫ સજ:** સજ્જ. **૮ જૌહર:** જૌહરનો ડંકો યુદ્ધ દરમિયાન તેમાંના સૈનિકોને માટે જ અને છેલ્લો મારીને મરવાનો ધસારો કરવા માટેનો, તે જ કેસરિયાંનો ડંકો. અહીં માટે એ શબ્દ ખોટો કહેનારા ન. ભો. દી. અને કે. હ. ધ્રુ. જેવા પ્રોફેસરોએ પોતે સાચા જ હોવા જોઈએ એ વલણમાં જરા મંદ પડી મ્હને પૂછ્યું હોત, તો હું એમને કહી શકત-આ તો ઉપમા જ છે. જેવી રીતે જૌહરનો આદેશ કે નિર્ણય થતાં કોઈ પણ સૈનિક આગળ ધાયા વિના ન રહે, તેવી રીતે...આવી તો એ બેય આચાર્યોએ ‘ ભણકાર ’ ભણાવતાં બે ચાર ભૂલો કરેલી.

**૧૦ પૂરો:** આગળ અને પાછળના બે ય વિશેષણો સાથે લેવાનું.

**૨૦ સખી:** નાયકની પત્ની નાયકની ઘોડી બે ય અન્યોન્ય સખી.

**૨૨** વૃક્ષો કેમ કે હુમલો એવો બલિષ્ઠ હતો કે લશ્કરલાયક ઉંમરના બધાનેજ દેશના હરેક ભાગમાંથી એકદમ ચડી જવું પડેલું.

**૨૭ દુર્ગ:** વિકટ પહાડીઓ, ખાઈબર ‘ પાસ ’ જેવી ઘાટીઓ, વગેરે.

**૩૮** નિજ+આશ્વાસન: આવા સંધિપ્રયોગો સામે હવે ટીકા થવા લાગી છે, તે અનુચિત છે. બેશક સંસ્કૃતમાં ચાલે ( બલ્કે આવશ્યક ) તે તમામ સંધિ પ્રયોગો શિષ્ટ ગુજરાતી લખાણમાં આવી શકે. પણ અતિ સામાન્ય અને આપણી વાતચિતમાં પણ કુદરતી રીતે થઇ જતા સંધિઓ આપણા વૈયાકરણોએ નોંધવા ઘટે અને તેથી કંઈક વિશેષ છૂટ સંસ્કૃત શૈલિના ગુજરાતી શિષ્ટ લખાણોમાં કવચિત સ્થાને લઈ શકાય.

---

## ૫૧

## વીરની વિદાય: ન્હાનાલાલ દલપતરામ કવિ.

**૫૬,** રાગ મ્હાડ

**રસ** આવાં સર્વાંગસમ્પૂર્ણ ગીત ગુજરાતીમાં બહુ ઓછાં છે. ભાષા, સ્વર-વ્યંજનયોજના, પ્રાસ, લય અને વિરામ, તાલ અને સુરાવલિ, વાચ્યાર્થ અને

**સાથે સાથે** આવતાં ઘેરાં આવાં સૂચનો, કોઈ પણ અંગ તપાસો; ધારી ધારીને તપાસજો; ક્યાંય ખામી બતાવી શકશો ? આનો રસ ? શૃંગારની તો છાંટજ છે; **નાયકનાયિકા નવલોહિયાં છે** એટલું બતાવવા પુરતી કરુણના ઘેરા ઓળાને પણ દાબી રાખવાને સમર્થ એવો મહાન સભર અને તેથી શાન્ત **વીર** આ કાવ્ય અને ગીતનો રસ છે. આવી બાબતમાં ખુલાસો કરવો કે ચર્ચામાં ઉતરવું વૃથા છે; સૌએ જાતે મનન કરીને પોતપોતાનું મત બાંધવું. આ વીર આટલો સમર્થ, સભર, અને શાન્ત શાને ? કર્ત્તઅનિષ્ઠા બળેઃ ક્ષત્રિય ક્ષત્રિયાણીનો ધર્મ આ જ, એવા દૃઢ સંસ્કૃતિવારસા બળે.

**હાલ** નવજુવાનો ઘણાં ગીત ઘણી કવિતા લખે છે અને છાપે છે. કેટલીક એમના જેવા મંડળોમાં વખણાય પણ છે. પરંતુ **અમરતાની છાપવાળી હોય તેજ કવિતા.** કવિતા કંઈ રતે રતે સવારે કે સાંઝે ખીલી સાંઝે કે સવારે કરમાતું—અને એવાં બીજાં માટે જગા કરતું ફુલ નથી. એવાં ફુલ-કે ઉતરેલાં અને બીજી ત્રીજી સાતસોમી વાર વપરાતાં ફુલ—કવિતા નથી, ઉપકવિતા પણ હોય કે ન હોય, માત્ર પ્રાસંગિક પદ્ય કે સંગીત છે. બારમાસી સદા-અભિનવ અને તે કૃતિમાંજ નવું સર્જેલું ફુલ હોય, તે જ કવિતા. વળી ઘણી કવિતા એવી હોય છે કે તેની સુવાસ અને સુન્દરતા માત્ર ઋતુ મર્યાદિત નીવડશે કે ચિરંજીવ, તે ઝટ પારખી પણ શકાતું નથી. પરીક્ષકની આ અશક્તિ હું તો પ્રથમથી સ્વીકારતો આવ્યો છું. કલા માત્રમાં કાળે કરીને જ સ્થાયી મૂલવણી બની આવે. પરન્તુ આ નમૂનામાં જે ગુણો છે તેવા ગુણોવાળી, કે આ બાવીશ નમૂનાની અંદર છથી વધારે આવી ગઈ છે એવા ગુણોવાળી કવિતા હાલ લખાતી કવિતાની અંદર પણ હશે, તો કવિતા વિષે માણસની ભાવના જેમ વધારે ઉંચી, તેમ તે એવી કવિતાથી વધારે આનન્દશે.

**અર્થ ૧ કેસરભીના** કેસરિયાં કરવાને સજ્જ થયેલા એવો અર્થ નથી. કેસરિયાંનો સમય તો બહુ મોડો આવે. શત્રુ સામે ચડી જવાને સજ્જ એટલો જ અર્થ છે. દુસ્મન અને આપણા વચ્ચે યુદ્ધોથી કારમો જંગ મંડાયો છે, પણ સૌથી ઉપર હજી મહારાજાના દુન્દુભિ ગડગડે છે, જે તહમારા જેવા સામન્તો અને વીરોને વિજય પ્રયાણ માટે હાકલ કરી રહ્યા છે.

**૩ પુર** શહેર—શહેરો ભંગાય છે, ભેળાવામાં છે. મ્હોલાતો—કેટલીક—હાલી ઉઠી છે; સામન્તોની રાજાઓની એમ લેવું. ઉત્તરાર્ધ સારાઈ અને સાથે અર્થસમ્ભારમાં અદ્‌ભુત છે; લગભગ બધું ખંટિત થઇ ગયું છે, થવામાં છે, જેમ જંગનું કારમાપણું વધતું જાય છે તેમ વધારે ઉત્સાહ અને દૃઢતાથી આગળ ધસીને ખપી જતા વીર સુપુત્રોની કીરત, તે એક જ અખંડ પ્રકાશી રહે છે. મૃત્યુના મોંમાં ધસી ધસીને અમરતા વરે, મૃત્યુને જ પોતાનો અમર મિનાર બનાવી લે, તે કીર્તિ.

**૪ સાંકળી** સાંકળેલી. અથવા બખતરને નાન્યતર જાતિનો શબ્દ રાખવો તો વજ્રની સાંકળીઓવાળું બખતર. **૫ મોડ** મુગટ. **માંડવ** માંડવે. **ખેલવાં કે ખેલવા?** બંને ચાલશે.

**૭ શૂરાં, શૂરા, કે શૂર?** શૂરાં જ જોઇએ; વીરપત્નીઓ પોતાના ખપી ગયેલા પતિઓ પાછળ સતી થઇને એમને મળે, તે સુરગંગાનો ઘાટ. **૮ ફાગ** શૃંગારના ઉલ્લાસ, નૃત્ય, ગીત, રંગ, વગેરે. **જયકલગી** જશ મેળવ્યાની નિશાની રૂપ કલગી. **વીરુંને** વીરો અને વીરપત્નીઓને. **૯ વાધો** સિધાવો, ફત્તેહ!

---

# ૫૨

## અભિમન્યુનું વીરોચિત મૃત્યુ: મનસુખલાલ મગનલાલ ઝવેરી

જન્મ–ઈ. ૧૯૦૭

**છન્દ** અનુષ્ટુપ (કડી ૭); સ્રગ્ધરા (કડી ૪); દ્રુતવિલમ્બિત (૨); અને વસન્તતિલક. વૃત્તયોજના વિષયને ખીલવે એવી છે.

**વિષય** "અભિમન્યુ" નામે ૪૫ કડીના કાવ્યની છેલ્લી ૧૪ અહીં લીધી છે. મૂલમાં કડી **૨**નો છેલ્લો શબ્દ 'ભીમનાદે' છે; કડી **૫** માં 'આથડ્યા' છે; **૧૩** માં 'અપ્સરા' એકવચને છે, અને ક્રિયાપદો ભૂતકાલનાં છે; અહીં ઉતારતાં આટલા કેવલ શાબ્દિક ફેરફાર કર્યા છે.

**અર્થ ૨ તોમર** લોહગદા કે સાંગ. **ઘાતઘાતે** દરેક પ્રહારે. **૪ તાત** દુ:શાસન. એનો પુત્ર દૌ:શાસનિ; સુભદ્રાપુત્ર સૌભદ્ર અભિમન્યુ. **તુમુલ ગદા** ઠીક નથી. **૯ ભીમ** ગદા, ભીષણ મહામોટી અને વજ્ર જેવી ગદા. **૧૩ કુરુકુલાંકુર** આ શબ્દની અહીં યોજના અપૂર્વ ઔચિત્યવાળી છે; અર્થ કુરુકુલનો અંકુર એટલો જ છે, પણ એના અવાજના કલંક, કુલાંગાર, કુરકુરિયું, જેવા શબ્દો સાથે સામ્યથી વાચક નિન્દાનો ધ્વનિ પણ પકડી લે છે. આમ વિજેતાને ન નિન્દાય એ નીતિ અર્થમાં પાળીને પણ કવિ શાબ્દિક છલે તેને નિન્દે છે. લાઈબલ ઉચ્ચાર્યાના પરિણામનો છાંટો પણ પોતાને ઉડે નહીં એવી રીતે લાઇબલ કરવું હોય તેવા માણસને આ કવિત્વરીતિની ઢાલ ઉપયોગી ખરી! **૧૩ જનક:** અર્જુન. મરતાં પણ અભિમન્યુ પિતાની ધર્મકાર્યે ગેરહાજરીમાં તેના કર્તવ્યમાં યથાશક્તિ ધૂમી ઝઝૂમી ખપી જતાં કૃતકૃત્યતાનો આનન્દ અનુભવતો સ્વર્ગે ગયો. **ઉત્કંઠી** આતુરતાને લીધે ડોક આગળ આગળ ધપાવતી. **અમરકુસુમ** નન્દનવનનાં, દેવોનાં. **વીર્ય** અસાધારણ માટે બહુવચને **૧૪** મૃત્યુમાં આનન્દતા એ વીરના મૃત્યુથી આખા વિશ્વે શોક અનુભવ્યો.

---

# ૫૩

## પ્રિયાવર્ણન: અરદેશર ફરામજી ખબરદાર

જન્મ—ઈ. ૧૮૮૧.

**છંદ**—૮+ ૮+ ૮+ ૭ વર્ણો વડે મનહરનો એક પાદ થાય છે, જેની આપણે બે પંક્તિ ગણિયે છિયે; એવા પાદાંતપ્રાસવાળા ચાર પાદની એક કડી ગણિયે છિયે. આમાં દરેક પદમાં ચોથું આવર્ત્તન સાતને ઠેકાણે છ વર્ણોનું છે; અને આખી કડીમાં એક પ્રાસ નથી; બીજી ચોથી પંક્તિનો એક અને છઠ્ઠી આઠમાનો બીજો એવી આ નવી પણ **મનહર** જાતિની રચના છે. હિંદીમાં **મનહર** ઘનાક્ષરી જાતિના છંદો સારી પેઠે લોકપ્રિય છે. બંગાળીમાં તેને મળતી "પયાર" જાતિના છંદો લોકપ્રિય છે. હિંદી બંગાળી ઉચ્ચારણથી આપણા ગુજરાતી ઉચ્ચારણની ભિન્નતાના અમુક લક્ષણને લઇને આ જાતિના છંદ ગુજરાતીમાં લોકપ્રિય ના થઈ શકે, તેની સવિસ્તર ચર્ચા માટે જુવો મ્હારો "પારિજાત" (શ્રી કર્તા પૂજાલાલ) નો પ્રવેશક. સમૃદ્ધિની પ્હેલી આવૃત્તિમાં પણ સ્તુતિમંગલ વગેરેના મનહરોના પૃથક્કરણ વડે દર્શાવેલું હતું કે પંક્તિમાંના દરેક **અ**ને પૂરો ઉચ્ચારવો. આપણી ઉચ્ચારણની લઢણથી વિરુદ્ધ છે. ઉચ્ચારવો શબ્દમાંનો **ર** કે ઉચ્ચારણ શબ્દમાંનો **ણ** આપણે પૂરા લઘુ **અ** સાથે નથી જ ઉચ્ચારતા. પૂરા **અ** અને દ્રુત **અ** વચ્ચેનો તફાવત ભાષાશાસ્ત્રીઓ ગુજરાતી શબ્દનું અંગ્રેજી લિપિમાં લેખન કરતાં આ પ્રમાણે દર્શાવે છે: લેખન શબ્દને તેઓ lekhan એમ નહીં લખે, lekhana એ પ્રમાણે લખશે. મનહર શબ્દને તેઓ અંગ્રેજી લિપિમાં લખશે manahara.

પૃથ્વી **થકી પર** એવાં **ગણિત** હું **કેમ** કરૂં

કે **અમલ કમલ મુખમલ** જેવી પ્રિયા મ્હારી

જેવી પંક્તિઓમાંના બધા **અ** મનહર જાતિમાં ઉચ્ચારવા જોઇએ તે પ્રમાણે (દ્રુત નહીં પણ પૂરા લઘુ) સામાન્ય ગુજરાતી વાચક નહીં જ ઉચ્ચારે.

પારસી ઉચ્ચારણમાં ગુજરાતીઓના ઉચ્ચારણ કરતાં કંઈક "પ્રયત્ન (stress)" ની આદત વિશેષ હોવાથી પારસી કવિને ઉપલી દલીલ પૂરતી વજનદાર ન યે લાગે. અસ્તુ. આ પિંગલપૃથક્કરણની વૈજ્ઞાનિક વિગતને આથી વધારે જગા ન ઘટે.

અહીં "કલિકા"માંથી કડી ૩૦થી ૩૫ લીધી છે.

૨ **ભારી** = ભારે મુશ્કેલી. **દીધો નથી** : કોઈને ગણી આપેલો નથી.

૪ **વિધિ** = વિશ્વકર્મા. આત્માનાં **આબ**, નૂર. ૧૦ **હિમપાશ** ?*

૧૧ **નિરીક્ષી**=સ્પર્શે તપાસી જોઈ. ૧૨ **માણિ**=ભોગવી; અથવા પ્રમાણી = માપી જોઈ. ૧૩ **અવાચ્ય**=પીધા પછી જેનું માધુર્ય વર્ણવાય નહી એવું.

---

* એક મિત્ર ધારે છે કે મૂલ શબ્દ હિમરાશ=હિમરાશિ હશે: **પ** છપાયો છે તેને છાપની ભૂલ ગણવી.

**૧૪ લેહ** =લગની. **૧૫-૧૬ મુખમલ** મૃદુ, કમલ ગૌર, તો અમલ મિષ્ટ ? અહીં અમલ એટલે શું ? કે એ વસ્તુ નથી માત્ર વિશેષણ છે ? તો અલ્પવિરામ શાને ? કે ગોરી પ્હેલી બે પંક્તિની વસ્તુઓ, મૃદુ ગુગળનાં પાન અને મુખમલ મિષ્ટ કવિતા, સ્વપ્નદીઠી પરી માટે લગની, અને અમલ = હાકમી ? નશો ? કે અમલ કમલ મુખમલ એ શબ્દ રણકામાં મૂર્છિત થઈ બુદ્ધિએ અર્થ પૂછવો જ નહીં ?

**૨૦-૨૪** આત્માની શ્વેતતાએ છલોછલ ભરેલા કુંભ (સ્તન)ના ઉભરાથી મહામુનિના ટેક પણ તુટે, હું એ કુંભ પામું તો એ અમી એવું લૂટું, એક પણ બિંદુ...સુરુચિનો ભંગ થાય છે એવી ટીકા કરવી નથી ગમતી, પણ અહીં તો એ જ ટીકા કરવી પડે છે.

**૨૫** વિશ્રાંતિ જેવી કાંતિ એ ઉપમા પાછળ શો અર્થ હશે વારુ ? આ કડીની બાકીની પંક્તિઓ જૂની અતિશયોક્તિઓની ઢબની છે.

**૪૦** દુનિયાનાં અસંખ્ય ઉર રોજ સૂર્યોદય થાય ને નવી આશા અનુભવે છે, મ્હારૂં ઉર પ્રિયાના હાસ્યે હાસ્યે નવી આશા અનુભવે છે.

વ્યાખ્યાનમાં સંસ્કૃત કવિઓના સુંદરી વર્ણનની સ્પર્દ્ધામાં ઉતરતા કવિ પ્રેમાનંદે દમયંતી વર્ણનમાં કમાલ કરી છે, નમૂનાઓ પ્રમાણે બરાબર નવી સર્જન કરી છે, નખશિખ વર્ણનની વિગત સાંકળીમાંથી એક પણ કવિ ભૂલ્યા નથી. અહીં પણ કવિએ અતિશયોક્તિ તરંગો એક ઉપર એક ખડક્યા છે. અર્વાચીન વાચકને મન અંગ્રેજી સંસ્કૃત ગુજરાતી ગમે તે ભાષામાંના આવાં અતિશયોક્ત નખશિખ વર્ણન ઊંચી કવિતા રહ્યાં નથી તે જેમ વધારે કવિઓ સમજી લે તેમ તેમના હકમાં સારું છે.

---

## ૫૪

## તારામૈત્રક: સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (કલાપી)

**છન્દ** અનુષ્ટુપ (કડી ૧, ૩, ૧૧, ૧૪); ઉપજાતિ (૨); ઇંદ્રવજ્રા (૧૮); વસન્તતિલકા (૪-૭, ૧૨, ૧૩); માલિની (૧૦); હરિણી (૧૫, ૧૭); શાર્દૂલવિક્રીડિત (૯), શિખરિણી (૮), અને મન્દાક્રાન્તા (૧૬).

**વિષય** "હમીરજી ગોહેલ" એ અપૂર્ણ મહાકાવ્ય (એપિક epic)ના પ્રથમ સર્ગ-તારામૈત્રક-માં બે કડીનું મંગલાચરણ છે, કડી ૩ થી ૨૦ માં પ્રભાતે હમીરજીનું ચિત્ર છે, અને કડી ૨૧ થી ૪૨ માં નાયક અને નાયિકા (વેગડા ભીલની પુત્રી) ચન્દ્રાના અન્યોન્ય દર્શનનું આ બીજું ચિત્ર છે, તે ૨૨ કડીમાંથી અહીં ચાર છોડી દીધી છે. આવાં સર્વાંગનિર્મલ પ્રેમચિત્ર ગુજરાતી કવિતામાં અતિવિરલ છે. વર્ણનની ગતિ મન્દ છે, પણ તે આવા વિષયમાં દોષ નથી.

**અર્થ** ૧ આ **ઝબક** ઝબકનું કારણ કડી ૪ થી માં છે. **શો** સમો. ૩ **ઝરી** તસર; આગળ પણ. **લ્હેરી** લહર, **૫ જ** ઘણા છે. નયનો, દિલ, પાંખ — નાયકનાં; જે તે—નાયિકા. **૬ વદન** નાયિકાનું. **કો નયન** કોઇ પણ આંખ, કોઇની પણ આંખ. નાયક આવા તરંગ કરે છે. આવું અનેરૂં રૂપ જોતાં ક્ષણ થોભી એ સર્જવાને માટે સરજનહારનો ઉપકાર કોણ ન ગાય? દુનિયામાં આવી આવી સુન્દરતા છે તેથી મગરૂર પણ કોણ ન થાય? કોણ ન હરખે? ૮ **નવયૌવનમાં** મુગ્ધ કન્યા અને કુસુમકળી બંનેને નાજુક સુરેખતાથી વર્ણવ્યાં છે. ૯ જાદુઇ રૂપમાં નવયૌવનની ક્રીડામય ઉગ્રમૃદુ લાવણ્યવતી છલોછલ રસીલી સ્વતંત્ર દશા હોય, અને તે દશામાં કોઈ **તાન** નવું ધારણા–સ્થાન આવી મળતાં એ ઉગ્રમૃદુક્રીડા લાવણ્ય સ્વતંત્રતા આદિ તમામ હૃદયના ઉંડાણમાં ઉતરી જાય, ત્યાંજ એકાગ્ર થાય, એવી મુગ્ધા યુવતીને આવી દશામાં જેનાર નેત્ર અને હૃદય ભલે ને ગમે તેનાં હોય પણ તમને એ યુવતીનું તાન લાગ્યા વગર, તે એ યુવતીમાં એકાગ્ર થયા વગર, રહીજ શકે નહીં. આને દુર્બોધ રચના કહેશો કે અતિ નાજુક જ કહેશો? **૧૦ ખડક જગત કેરૂં** જગતમાં ખડક જેવું ગણાવા યોગ્ય ખડકનું જ રૂપક ઘટે એવું આ યોદ્ધાનું હૃદય. અહીં દુર્બોધતા હોય છે ખરો. એ હૃદય પણ આ ક્ષણે તો સ્નેહરસના વિપુલ (વિશ્વવ્યાપી) વોધમાં રસમય બનીને વહી રહ્યું છે. સ્નેહવોધ વિશ્વવ્યાપી છે એ મંતવ્ય કર્તાને અતિપરિચિત હોવાથી જ અહીં અનુક્ત રહી ગયું છે, અને કડીની દુર્બોધતા વધી છે. આટલું સમજતાં વળી સુઝે એમ છે કે અહીં કર્તાએ **કો** પેલા જાણીતા એ અર્થમાં વાપર્યું છે. ૧૧ એ ભોળી મૃદુ આંખડી નાયિકાની. ૧૨ ચોટલાની અસાધારણ લંબાઈ વર્ણવી છે. **અલક** અલકલટ. ૧૩ આ તારામૈત્રકમાં પ્રથમ નાયિકા મોહી પડી, પછી નાયક, એમ વર્ણવેલું છે; કાલિદાસના શાકુન્તલમાં પ્રથમ અંકમાં છે તેથી ભિન્ન ક્રમે. લગભગ સાથે અન્યોન્યાકર્ષણ થઈ જાય, પછી કોને એક ક્ષણ વ્હેલું થવા પામ્યું, એ તો પ્રેમી યુગલને વ્હાલી રસિક હોડ માત્ર છે. ૧૪ **આંસુડાં** રસબિન્દુઓ, રંખ સ્થૂલ આંસુનો અર્થ કરતા. ૧૬ **તાજું** તાજગીવાળું, નાયિકાને અજાણ્યે જ લજ્જાની સુરખી ચડી આવી, જેથી વધારે મોહક બની; નાયકને 'પ્રાપ્ત' 'પ્રાપ્તવ્ય' એ ભાન રોમે રોમ વ્યાપતાં-અજાણ્યે જ—જન્મારો ધરીને કરવું છે પણ શું એ અસ્પષ્ટ વૈરાગ્ય જેવી દશા સરી ગઈ, તાજગી અને ઉમંગ વ્યાપી રહ્યાં. કડીનો ઉત્તરાર્ધ 'વિશેષાર્થમાંથી સામાન્યાર્થ'' એ રૂપના અર્થાન્તરન્યાસ નામે જાણીતા અલંકારનો સારો દાખલો છે. ૧૭ **ધ્રુજે છે** એમ અન્વય છે. ૧૮ જાદુ (૧) નાયિકાનો જાદુ (૨) નાયકનો જાદુ (૩,૪) કામદેવનો કદાચ જાદુ (૧,૨) બંનેનો સામસામો એમ લેવું વધારે સારૂં. બંનેએ સામસામો જાદુ પ્રસાર્યો, સામસામા જાદુમાં સપડાઇ ગયાં.

---

## ૫૫

### અજબ તાર ખેંચ્યાં અહા: ચતુરભાઈ ઉમેદભાઇ પટેલ.

**છંદ.** પૃથ્વી. ચાર પંક્તિની કડી એ નિયમ અવગણ્યો છે અર્થની જરૂરત પ્રમાણે ૨, ૫, ૭ પંક્તિની કડી પણ કરી છે.

**વિષય.** ગ્રામ્ય જીવનની કુદરતમાં અને કુલીનતાની મર્યાદાઓમાં સ્ફુરતો કિશોર કિશોરી પ્રેમ.

**શેષ** અવશેષ. આ પ્હેલી કડી શબ્દાલુ છે: મનરંજતો અને રમણીય; અતલ અને ગંભીર; વિશાલ અને મહા; પણ ઉછરતા લેખકમાં શબ્દાલુતા તો હોય. આ નમૂનામાંનું ચિત્ર સુરેખ અને નાજુક હોવાથી પસંદ કર્યું છે. **કુંદ** મોગરો. પાણી ભરતી કિશોરીઓ કુવાને ઘેરી રહે, કુવાની આસપાસ ડોલી રહે, અને એમની વાતો મચેલી જ રહે. થોડા કુંદગુલ્મોમાં એક ગુલછડી "ભળે પણ જુદી તરે" એ રૂપક સાંગોપાંગ સુંદર છે.

**મધુ** મોડી. રૂપલી કડીના કિશોરીજૂથ અને આ કડીના કિશોરજૂથનાં વર્ણના પૂરતાં ભિન્ન અને એકસરખાં રુચિકર છે. બંડીઘોતિયાં સાદાં હોય, ચોળી ચુંદડી ઘાઘરો અલંકૃત હોય, તેમ કિશોરીજૂથવર્ણન અલંકૃત છે, એ વિશિષ્ટતા ઉચિત જ છે. **અળવે**, લીલાએ; રેડતાં સાથે સંબંધ છે. બીજસંદેશડાથી થતો આનંદ સખીઓને જોવા દેવાય નહીં અને ઢાંકેલો રહે પણ નહીં, એનું રમ્ય વર્ણન લગ્નની સંખ્યા સાથે સરખામણીથી વધારે રમ્ય લાગે છે. આખા ચિત્રનું મધ્યબિંદુ આ કડી છે,

અજબ તાર ખેંચ્યાં, સ્વપનવારિસીંચ્યાં, એ શબ્દઝુમખાં કવિતાને જોઈતી લયવાળી મિતાક્ષરતાના સારા નમૂના છે. કિશોર વયની ઝીણીઝીણી સ્પષ્ટાસ્પષ્ટ એક બીજામાં ગુંચવાતી અથડાતી આશા અને ઉલ્લાસપ્રધાન ઊર્મિઓનું વાસ્તવિક મનોહર ભાતીગળ ચિત્ર પાડયું છે. આ લેખકની કોઇક સૉનેટો પણ સારી છે. અહીં તો કૃતિને દ્વિખંડી ગણિયે તોપણ દરેક ખંડ ૧૩ લીટીનો જ થાય છે.

---

## ૫૬

### સખી મેં કલ્પી'તી—ઉમાશંકર જેઠાલાલ જોષી

### છંદ–શિખરિણી સૉનેટ.

પ્હેલી આવૃત્તિ વખતે મ્હને અર્વાચીન સુરુચિને અનુરૂપ પ્રેમકાવ્યાના નમૂના બહુ થોડા મળ્યા હતા. નવી કવિતાએ આ ખોટ ઝડપથી પૂરી નાખવા માંડી છે.

**૨ નિતરતી**, નીતારેલી (નીતરી) રેડતી. **૪ જતી**, ચાલી જતી તે પછી પણ. **મોહમદિરા:** માદક મસ્તી જેવો આનંદ. કલ્પનાથી પ્હેલી ઝંખના (ફરીફરીને

વાંછના), સૌથી પ્હેલી વાંછના. ૭ **પ્રતિબંબે** દર્શને; પ્રતિ પ્રતિબંબેઃ દર્શને દર્શને, એમ લેવું, જો કે એમ સ્પષ્ટ કહ્યું નથી. ૮ **સુરભિઃ** સુવાસઃ સ્ફુરંતીએ સકર્મક ક્રિયાપદનું કર્મ. સ્વપ્ન અને દિન વચ્ચે દેખાતો વિરોધ, તેથી તો શકે શબ્દ ઉમેર્યો, દિવાસ્વપ્ને શક્ય તેવી—કલ્પિત જ હોઈ શકે એટલી બધી મનોહર સુવાસ. ૯ **પ્રતિમાઃ** પૂતળી જેની દરેક હીલચાલ લીલામય, રસિક, અનેરી. ૧૦ વળી કોઇનું પણ અનુકરણ નહીં બીજી કોઇની સ્મૃતિને જગાડે એવી પણ નહીં; હીલચાલ, હાવભાવ, આકારઇંગિત, તમામ એનાં પોતીકાં જ; આત્મદ્યોતક, આત્મોત્થ અને વળી સુકુમાર. **સ્વપ્નઃ** અહીં અભિલાષ મનોરથ આદર્શ ભાવના આદિ; ડ્રીમિંગ્સ, એસ્પિરેશન્સ, આઇડીયલ્સ.

અને ઉપરાંત આ મહત્ત્વનું લક્ષણ પણ એનામાં ખરૂં એ માત્ર વિલાસવસ્તુ કે રમકડું કે ઝનાના બીબી નહીં તો, જગજંગ રમાંગ સહચરી રમણી, વીજળી જેવી ઉત્સાહ પ્રેરક ભેરૂ ૧૪ **હૈયાંની રચના**—ઓલહાર્ટ: હૃદયંગમ હૃદયમૂર્તિ.

---

## ૫૭

## તે રમ્ય રાત્રેઃ ત્રિભુવન પુરુષોત્તમ લુહાર (સુંદરમ્)

**છંદ**—મિશ્રજાતિનો અવનવો નમૂનો.

૪ **રજઃ** જરીક.

૭ **કામ્યઃ** ભોગવવા યોગ્ય, કામોત્તેજક. સુંદરતાએ દિઙ્મૂઢ જેવા થઈ ગયા.

૧૮ **મૂકતા (મૌન)**ના વાતાવરણમાં દિઙ્મૂઢતારૂપ ખટકે **૨૫ રમણીયગાત્રે,** અન્વય જણાવે છે આ સ્થળે આ સમાસ છે અને સંબોધન છે. પણ રમણીયાણિ ગાત્રાણિ યસ્યાઃ સા રમણીયગાત્રી (રમણીયગાત્રા ખોટું); એટલે સંબોધન વિભક્તિનું રૂપ રમણીયગાત્રિ સાચું અને ગાત્રે ખોટું. કવિએ આ કશી પરવા રાખી નહીં અને રાત્રે સાથે પ્રાસ સાધી લીધો. બીજી લીટીમાં એજ બે શબ્દો છે, પણ ત્યાં સમાસ નથી, બે છૂટા લેવાના છે, એટલે ત્યાં વાંધો પણ નથી.

---

## ૫૮

## આપણી રાતઃ મણિશંકર રત્નજી ભટ્ટ (કાંત).

કવ્વાલી

બીજી પત્ની, એમનાં ઉછેરમાં સંતાનોની માતા એમની આગળ સીધાવી ગયેલ, નર્મદાનું આ સ્તોત્ર ગુજરાતના દાંપત્યજીવનાનુભવનો કવિતાકલાના આકાશમાં અમર અનુપમ તારો ઝળકાવે છે. મણિશંકરનો પોતાનો સિદ્ધાંત હતો કે માત્ર અંગત વીતકોની કવિતા તે કવિતા નહીં; એવી કવિતા રચનારો

કવિ ના ગણાય. અતિ ઊંડી કરુણતા આમ ચિંતને ધોવાઈ ધોવાઈ શાંત સુંદર રૂપે જ સ્વયંપ્રકાશ ઝગી રહે એવી એમની જ એકથી વધારે કૃતિઓ આ સિદ્ધાંતનું સત્ય મર્યાદિત જ હોવાનું સાબીત કરે છે.

આખા દામ્પત્યજીવનને એક પૂર્ણિમાની રઢિયાળી રાત લેખે નિરૂપતો કવિ એ એક જ રૂપકમાં પોતાના ધર્મ, પ્રેમ, આદિ વિષેનાં દૃઢમંતવ્યો કવિતાના આત્માના ધ્વનિ લેખે જણાવી દે છે. **૨ ચંદ્રમાઃ** ઇશ્વર ? પતિપત્ની પ્રેમ ? **તારાઃ** બીજાં પૂજ્ય સત્ત્વો ? બીજા કૌટુમ્બિક પ્રેમો ? કવિતાનો પ્રદેશ કથનથી ઘણો વધારે વિશાળ છે; સ્પષ્ટ કથનોની મર્યાદા બ્હાર સૂચનોના પ્રદેશ વધારે વિશાળ છે. પરંતુ શબ્દસાધિત સૂચનો કેટલેક અંશે સાકાર તો હોઈ શકે; સંગીતના કેવલ લયસુરવાળા સાધિત સૂચનો માત્ર ઊર્મિપોષક; તેમનો પ્રદેશ આની મર્યાદાઓથી પણ બ્હારનો અને લગભગ અમર્યાદ, સંવેદના અને અસંવેદનાના સંધિમાં મળી જતો. અને આકૃતિ તો કવિતા અને ગીત બંને છે. પણ ગેય કવિતા વિષે એક આગલા વિચારણમાં મળી ગયો છે. આવી કૃતિઓમાં અહીંની પંક્તિ પર પંક્તિની અસ્ફુટતાઓ તે દોષ નથી કેમકે સ્ફુટ આકાર કૃત્ય પરિણામ આદિ કશું આ લેખવા ઉદ્દેશ જ નથી. **૧૧ સ્મર** (૧) સ્મૃતિ (૨) કામદેવ. **૧૩ આશકોઃ** પ્રેમીઓ, મિત્રો, સંબંધીઓ. **૧૬ ભોગઃ** ચોખલિયા પોતાના ગંદા મગજનો મંદવાડ અહીં આરોપીને આ પંક્તિને આ કૃતિમાં દોષ ગણે છે. ઉત્તમને ઠેકાણે નાજુક, સુંદર, સમુચિત, કે કુદરતીના અર્થનું વિશેષણ હોત તો પણ કશો વાંધો કે દોષ જોવા કારણ ન્હોતું શિવાય કે જોનારની પોતાની દૃષ્ટિની નીચતાનું.

---

## ૫૯

## ભતવારીનું ગીતઃ કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણી

જન્મ—ઇ. ૧૯૧૧

**આંબો, પ્રેમકચારી**, એ ય વિશેષનામ. **૪ સિતારીઃ** તારક. અર્થાત્ ચાંદલો.

આપણા ગોપકાવ્યને યુરોપી પેસ્ટોરલ આઇડિલ જાતિનો લેબાસ પ્હેરાવવા ઇચ્છે છે.

---

## ૬૦

## મઢૂલીઃ જન્મશંકર મહાશંકર બુચ (લલિત):

જન્મ—ઇ. ૧૮૭૭

**૧** એ અમારી ઝુંપડી, બીજી ઝુંપડીઓ જેવીજ છે, તથાપિ કંઈક એની

વિશિષ્ટતા પણ છે.

**૭ સામે:** નદીને સામે તીર. આ તીરે અમે સંસારી (રક્ત) છિયે અને નથી; ગો. મા. ત્રિ. 'સરસ્વતીચંદ્રમાં' મઠાધિપતિ વિષ્ણુદાસ કને કહેવાડે છે અમે તો ગોપીચંદનના જ તિલકો કરિયે છિયે એટલે બ્રહ્મચર્ય દીક્ષા લઇયે છિયે તે બીજા પંથોની જેમ મૃત્યુ લગી પાળવાને બંધાણુ નથી; યથારુચિ પાછા સંસારી થવાને અમે તો છૂટા રહિયે છિયે: એવો જ કંઈક અહીં અમારી મઢુલીના અમે સંસારી લોકોથી સામે કાંઠે વસિયે છિયે, અમે સંસારી છિયે અને નથી એમ કહેવામાં આશય જણાય છે.

**૧૧ લગની:** દીશાનો અર્થ તો નથી. લગની લાગે તો: એવાં વલણ બળ પકડે તો.

ગો. મા. ત્રિ. નું Asceticism in my sense of the term એ અપ્રકટ વ્યાખ્યાન પણ કવિએ વાંચ્યું હતું.

---

## ૬૧

## પ્રણય પ્રશસ્તિ (૧૧–૧૨–૧૯૩૬): બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

**છંદ**—ઝૂલણા. છેલ્લી લીટીમાં એક અક્ષર વધારે છે.

**૧ જગદેવ:** હે પરમેશ્વર! **ચપેટ:** લપડાક: **૨ વેસ્ટમિન્સ્ટર**, પાર્લમેંટની બેઠકોનું સ્થાન તે આખા સામ્રાજ્યની રાજધાનિ. **ઓટાવા:** પશ્ચિમોત્તર છેડે કૅનૅડાની રાજધાનિ: **આકલાંડ:** પૂર્વદક્ષિણ છેડે ન્યૂ ઝીલાંડની રાજધાનિ: આ બે છેડા અને મધ્યવર્ત્તિ વેસ્ટમિન્સ્ટર વડે આખું સામ્રાજ્ય આવી જાય છે. થડ! વાગી તે ચપેટ થડ! થડ! ગાજતી આખા સામ્રાજ્યમાં ફેલાઈ ગઈ. આ થપાટ મારનાર કોણ? આગળ જોતાં જણાશે કે પ્રણયની દેવી, યુદ્ધદેવમાર્સની પત્ની વીનસ. **૩** સામ્રાજ્યના સૌથી જાણીતાં ત્રણ નામ–મુખ્ય પ્રધાન, આફ્રિકાનો સુપ્રસિદ્ધ રાજપુરૂષ સ્મટસ, હિંદના નામાંકિત "મહાત્મા" ગાંધી વડે તેમ આફ્રિકા અને હિંદના બીજા બે મોટા વિભાગ વર્ણનમાં આણીને અહીં પણ આખું સામ્રાજ્ય સમાવી લીધું છે. સ્મટસ પ્યૂરિટન છે; પ્રેમવિકાર આમ કર્તવ્ય બુદ્ધિને ઢીલી પાડે તે પ્યૂરિટનો ખાસ અધઃપાતનું પ્રમાણ ગણે છે. **મોહ:** સ્ત્રીનું જોગમાયા સ્વરૂપ જેની કલ્પનામાં પણ નહીં, સ્ત્રીનો અનુભવ જેને બ્હેન, માતા, આદિ સામાન્ય સામાજિક સંબંધોનો જ છે, તે તો આવા બનાવને સમજી જ ન શકે, તેનાથી કેવળ મોહ પામી દંગ થઈ ઊભા રહે. **સત્યના અખતરા:** "સત્યાગ્રહના પ્રયોગો," જે ગાંધીજીનું જીવનકાર્ય. આ આઠમા એડવર્ડ અને એની પ્રણયરાજ્ઞીના અદ્દભુત બનાવથી એવા જ આગલા બનાવો સાંભરે છે, જે ઇતિહાસને પાને અમર રહી ગયા છે: એણ્ટનીકલીઓપટ્રા, હેલ-

નપારિસ, કચદેવયાની, મહાભારત ઘમસાણનું અધિકરણ દ્રૌપદી; એ ચાર: બે આપણા, એક પ્રાચીન ગ્રીસનો, એક રોમન સામ્રાજ્યનો.

**૬ જીવનગરલ:** કચના જીવનનું હાલાહલ ઝેર. **૭ મોડયા:** નાશ કર્યો. **૮ જેહ:** જેણે કૌરવોનો ઉચ્છેદ કરવાનું પોતાનું સાધ્ય સાધવા જતાં પોતાના જ કુળની શી દશા થવાની તેનો જેણે વિચાર સરખો ન કર્યો **૯ યૂરપીભારત:** **૧૯૧૪ થી ૧૯૧૮** નો મહા વિગ્રહ. એનાથી કેટકેટલા તાજ નંદાયા, કેટકેટલાં રાજકુલો પડી ભાગ્યાં! એ સર્વની અવદશા હજી ચાલૂજ રહી છે અને આ નવી આફત—મોટામાં મોટા સામ્રાજ્યનો સમ્રાટ ગાદી તજે છે! આગલી આફતો યુદ્ધદેવ માર્સને લઈને, એ બધા કેરથી એ તો ઘરાયો જણાય છે, તો આ નવી આફત એની રાણી વીનસને લીધે: પ્રણયદેવી પ્રેરિત રૂપમોહનીને લીધે. **૧૧ દામિની:** સૌદામિની, વીજળી; જે તીક્ષ્ણ તરલ અને તીરછી છે, કામિનીઓની નેત્રદ્યુતિ જેવી. **૧૨** મૂર્છામાં એવો તો પટકાય છે તેને કશું જ સુઝતું નથી. વ્યવહારુ લોકના કરતાં ઊંધાં જ મૂલ્યાંકન તે કરી નાખે છે. **૧૩ પ્રમાણે:** પ્રમાણ ગણે છે, વ્યાજબી માને છે. **૧૪ જાદુઝર:** જેમાંથી મોહજાદુ ઝર્યાંજ કરે છે એવી **૧૫ પ્રણયમૂર્તિ ભુજપાશ:** પોતાની પ્રિયતમાના આલિંગનને જીવનસર્વસ્વ ગણે છે, એ તે પ્રાપ્તિ માટે નહાનીમોટી તમામ વસ્તુ હોમી દે છે, ગુમાવી બેસે છે, અને એ સર્વસ્વ ત્યાગને લેખવતો પણ નથી.

---

## ૬૨

## પ્રેમનો જાદૂ: મગનભાઇ ભૂધરભાઇ પટેલ (પતીલ)

લાવણી.

**૩ તમ:** તમસ, અંધારૂં **૬ વેંચી:** ભાગ પાડી લીધા. દરેક ઉભયમય થયાં.

૮ જે માત્ર આભાસ હતો તે પ્રકાશ થયો, માત્ર ધાર્યું હતું તે આકાર થયો, માત્ર ભાવના હતી, મનોરથ હતો, સ્વપ્ન હતું, તે વાસ્તવિક સત્ય બીના બની ગઈ.

૧૦ આપણો દરેક અનુવાદ (તરજુમો) આગલ કરતાં વધુ વધુ સરલ બનતો જ ગયો.

**૧૪ ભાવિ:** ભવિષ્ય; ઝિંદગીનો તું મ્હને મળી તે પછીનો આખો પ્રવાહ.

**૧૫–૧૬** જીવનસમરકાળ (૧–યમ; ૨–સમય) રૂપ પાણીનો પ્રવાહ, તેને આપણે સાથે તરતાં તરતાં કાપવા અને આગળ આગળ વધવા લાગ્યાં. અલંકારમાં કિલષ્ટતા દેખીતી છે, પણ અર્થમાં મુશ્કેલી પડતી નથી.

**૨૩–૨૪** અને સહજીવન વડે જીવવાની જે આ કલા આપણે કેળવી તેને જગત જાદૂનું નામ આપતાં, તે એને સાદામાં સાદે બોલે આબાદ વર્ણવે છે

નહીં વારુ (અથવા "એ કહે"=જગત કહે છે એમ ના પણ હોય;) કર્તાનો અર્થ "એ, સખી, તું કહે" એવો પણ હોય. અને તો આ બે પંક્તિનો જે અર્થ થાય છે તે પણ એટલો જ સરલ અને મઝાનો છેઃ જગત તો એને જાદુ ભલે કહે. પણ એ કલા કે જે કંઈ છે તે કેટલું બધું સાદું રહસ્ય છે, તે તું કહે.

---

## ૬૩

## મોટો પ્રશ્નઃ મુકુંદ વિજયશંકર પટ્ટણી (પારાશર્ય).

જન્મ-ઈ. ૧૯૧૪ **છંદ-મનહર**. પંક્તિ ૧૪ છે.

પ્રાસ રચના કડકમાં કડક સૉનેટ નિયમાવલિને આંટી દે એવી અને અર્થાનુરૂપ ઔચિત્યે દીપી રહે એવી છે. વિચાર વલણ પણ દેખીતું છે. તથાપિ આવા **મનહર** બંધને સૉનેટ ગણવો કે કેમ એ પ્રશ્ન સૉનેટ-વિવેચકોને માટે, "મોટો" વિકટ થઈ પડે તો નવાઈ નહીં. 'સૉનેટ ગણાય' એ મતના સમર્થનમાં કદાચ સૌથી મોટી દલીલ આ, કે ચૌદ લીટીની કૃતિ કરવી છે એવો કર્તાનો નિર્ણય ના હોત, તો બે પંક્તિ—બે વિશેષ દૃષ્ટાંત વડે વધારીને કર્તા મનહરની બે પૂરી કડી જ રચત.

સદ્‌ગત શંકરલાલ માહેશ્વરના પ્હેલાંથી મનહરની પરંપરા સિદ્ધિ અનેક પ્રશ્નોરા કુટુંબોમાં ચાલી આવે છે. શ્રી પ્રભાશંકરના કેટલાક ખૂબસુરત મનહરો હજી ઘણાને યાદ હશે. શ્રી મણિશંકર કવિતા લખવી શરૂ કરી ત્યારથી મઝાના મનહર, કિશોર ચિત્રકાર પાટીમાં આડી અવળી રેખાઓમાંથી સજીવન આંબો કે ઘોડો દોરી લાવે એટલી લીલાવૃત્તિએ રચતા. કાન્તમાલા સંગ્રહી તે વખતે રાજકોટમાં શ્રી ત્ર્યંબકલાલના (તે વખતે પણ) સેંકડો મનહરો મેં જોયા હતા, અને તેમાંથી વાનગી રૂપ નમૂના એ સંગ્રહમાં એમણે મ્હને લેવા દીધા હતા. મેં માગણી કરી રાખી છે કે શ્રી ત્ર્યંબકલાલની નોટબુકો મ્હને થોડા મહિના મળે તો તેમાંથી ગુજરાતી સાહિત્યમાં સદાને માટે ઉમેરવા લાયક કડીઓ તારવી આપું.

આ આર્થિક ભીંસના ઝમાનામાં **મનહર**નો આ તરેહનો નર્મ (હ્યુમર) ઉપયોગ જેટલો નવાઇ ભર્યો તેટલો સહજ છે. **૨** ઇતિહાસના આખા પ્રદેશમાં. **૫ ખોટોઃ** અશ્રદ્ધેય. એ આખ્યાનોમાં ઇતિહાસ કરતાં કવિકલ્પનાના રસો વિશેષ છે, **૯ ધર્મ** એટલે જ બધું ગોટાળું. **૧૦** એક છોકરાએ 'સિપાઇનો બળવો' એ જવાબ આપ્યો, ત્યાં તો મ્હેતાજીની ચંચળ સોટી એના વાંસા ઉપર પડી રહી! **૧૧ 'મેલી'** શબ્દ દ્વયર્થી છે. દોટો મેલી છે, વગર વિચાર્યે ઝુકાવ્યું એમ કંઈ

કંઈ વાર ભજ્યું છે; (૨) મેલી=મલિન: ૭ માં સુધારા–ધારા તેમ ૧૩ માં બાંક–શંકનો અંત:પ્રાસ ખાસ ધ્યાન ખેંચે છે. ઉત્તરાર્ધોને મ્હેતાજીનાં તે તે જવાબને ન સ્વીકારવાનાં કારણ પણ ગણી શકાય; અને મ્હેતાજીને જ્યાં એવું રહિયા–કારણ તત્કાલ ન સુઝે ત્યાં જવાબનો અસ્વીકાર એ મહાપુરુષ સોટી લગાવીને પણ જણાવે–મ્હેતાજી છે ને!

---

## ૬૪

## ગરીબોનાં હૈયાં: હંસરાજ હરખજી

**છન્દ** પદ, ચમનકલ્યાણ રાગ.

**વિષય** અમરેલીના હંસરાજ કવિનાં પદોની બે ત્રણ ન્હાની ચોપડીઓ બ્હાર પડી છે તેમાં રા. રા. કરસનદાસ જગજીવનદાસ ચીતળિયાએ ઇ. સ. ૧૯૨૭ માં બ્હાર પાડેલા ચોપાનિયામાંથી આ નમૂનો લીધો છે. બે કડી છોડી દીધી છે. કવિનાં ઘણાંખરાં પદ ખીચડિયાં લાગે છે; વિષયનું ઐક્ય અને તેની સારી માંડણી થોડામાં જ છે. સંગીતની મીઠાશ લગભગ હરેકમાં છે, કેટલાકમાં અસાધારણ; અને એ પદોની લોકપ્રિયતા આ ગુણને આભારી છે. આ અહીં લીધું એટલે રા. રા. લલિતનું "ધા સુણિયે" પ્રસ્થાન માસિકમાં લીધેલું તે છોડી દઈને બીજું લીધું.

**અર્થ ૧ ડેરાં**: દેરાં (કાઠિયાવાડી ઉચ્ચારણ) ૧૦૮ નામ, એક હજાર દશ હજાર નામમાં પણ સુણવામાં ન આવે એવાં નવાં **એવા** એટલાં તો **બેયાં** હાથ. એમને બાથમાં ઘાલો, ભેટી પડો. **૨ અમૃતજલ** દયા, આંસુ. **૩** સ્નેહી સમ્બન્ધીને આપવું એ તો વ્યવહાર, કેટલીકવાર એકનું દશગણું મેળવાય એવો સોદો પણ એ હોય. **દેવતા** દેવ ગરીબોને તદ્દન નિઃસ્વાર્થે સેવનારા દેવ કયાં મળશે? **સુરવર ચાબુક** દુકાળ, જલપ્રકોપ, પ્લેગ આદિ, જે દરમિયાન હજારો માણસો અણધરાતી જઠરાગ્નિ-ભૂખે પીડાય છે. બીજા યજ્ઞ–ધર્મકાર્યો **માયાવી** માનજો. **૫ બેલડિયાં** ચમલ, સહોદર. મોટાન્હાના તવંગર ગરીબ એ ભેદ જૂઠા છે. સૌ એક પિતાના સમાન ભાંડુ એ જ સાચું છે.

---

## ૬૫

## ઉદ્બોધન: રમણલાલ પીતાંબરદાસ સોની

જન્મ—ઈ. ૧૯૦૭.

**છંદઃ**—મિશ્રજાતિ કહે છે પણ એ વસંતતિલકા વંશસ્થનો ઉપજાતિ છે. ઉપજાતિ મિશ્રજાતિના ભેદ વિષે જુવો મ્હારો "પારિજાત"નો પ્રવેશક.

**૩ કાલ ઊભરે:** ઇતિહાસની છેક સીમાઓ ઉપર કોઈકવાર લગીર દેખા ન દેખા એ પ્રમાણે: આજ લગી તું કોઈ યુગમાંના ઐતિહાસિક બનાવોનો નેતા, કે મુખ્ય કારણ કે કેન્દ્રસ્થ પાત્ર કેમ નથી બન્યો, હેં ભાઈ? ૪ **ક્ષુદ્ર:** ખાખાપીખી, પ્રાથમિક જરૂરી સાધન સમૃદ્ધિ પણ જ્યાં એવી સરખી જ. ૬ **નિ:સીમનો** પ્હેલો વર્ણ લઘુ ગણ્યો છે એવી બેપરવાઇ શી રીતે નભે? વળી ભાર નામ સાથે વિશેષણ લેખે નિ:સીમનો પ્રયોગ સારો ના ગણાય, અતિવિચિત્ર લાગે જ. કોલસાના દાખલો તૂં ય લે ને, ભાઈ! નાવ બની જતાં થડોનો દાખલો લે; જલબિંદુઓ જે એક એક ક્ષુદ્રાતિક્ષુદ્ર તે ગગને ચડી ગાજવીજ તોફાન ઉપજાવી શકે છે, તે દાખલો લે. બોલવા માંડીશ ત્યાં ત્હારી વાણી તો દિવ્ય મંત્રો સમી પૂજ્ય અક્ષરશ: આચરણીય ગણાશે: પારખું જો તો ખરો!

મતલબ: મહાભારતમાં શ્લોક છે:—

કાલો વા કારણં રાજ્ઞ:, રાજા વા કાલકારણં,

ઇતિ તે સંશયો માઽભૂત્ રાજા કાલસ્ય કારણં.

આ હતી પ્રાચીન માન્યતા, હજારો વર્ષ લગી પછી જર્મનીમાં ઓગણીશમી સદીમાં નૉર્ડિક અને યાહુદી લોહીના સંમિશ્રણે કાર્લ માર્ક્સ નામે એક અર્વાચીન ઋષિ (!) પેદા થયો; એ ગંદી દાઢીવાળા ગોબરા, સામાન્ય વ્યવહારમાં નીચ ભિક્ષુક જેવા માણસે પોતાના અમુક વિચારબીજોને આખો જન્મારો કેળવી કેળવીને એક વિચાર–જંગલ ઉપજાવ્યું અને તે ઘણાખરાને લગભગ દુર્લભ લાગે એવી શૈલીમાં રજૂ કર્યું. મૂડીમાલેકોને હાથે પેટપૂરતું તો પામતાં પણ માંડ પેટપૂરતું, લોહીનું પાણી કરી નાખીને જ, પામતાં બુદ્ધિશાળી શિક્ષિત સ્ત્રીપુરુષોની સંખ્યા સેંકડો ઉપરથી લક્ષાવધિ થવા લાગી, તેમ તેમ આ ઋષિના ચેલાઓ વધતા ગયા; પેલા વિચારજંગલને સોશ્યલિઝમ નામ અપાયું, અને એની મુખ્ય માન્યતા આ શબ્દોમાં મુકી શકાય, પ્રજા: કાલસ્ય કારણં. એક યુગ આથમે છે નવો ઊગે છે, નહીં રાજા વા મહાપુરુષના બલે; ન તો કાલબલે; મુખ્યત્વે પ્રજાઓની સ્થૂલ સમૃદ્ધિ સાધનો માટેની ચડસાચડસી ટક્કરો, ભીંસ, મારામારી, કાપાકાપી, હિજરતો, વગેરે પ્રવૃત્તિઓ જ યુગોના અસ્તોદયના કારણ ગણવાને પાત્ર છે.

આ "સમાજવાદ" સાચો છે? અર્ધસત્ય છે? માત્ર ધુમાડાના બાચકા અને અમર્યાદ બુભુક્ષા રાક્ષસીના ભટકા છે? એવા એવા સવાલ અહીં અસ્થાને છે; પૂછો અર્થવિજ્ઞાનને, નીતિમીમાંસાને, જીવન ફિલસૂફીને કલા ગમે તે વિચાર-બીજ વિચાર–સ્તબક વિચાર–વૃક્ષ વિચારજંગલ અને લાગણી–દંગલને પોતાની રચનામાં સામગ્રી લેખે વાપરી લે કલાનો એ હક્ક સર્વમાન્ય છે. કલા તેમાંથી અમુક અંશને સાચો ગણો, એવો બોધ કરવા જાય, તો તે અપ્સરા મટી જઈને

પાતર થઇ જાય છે, એ કલાક્ષેત્ર અને કલાકર્તવ્યની મર્યાદા પણ લગભગ સર્વમાન્ય છે.

---

## ૬૬

## લોકપ્રકોપ : પૂજાલાલ રણછોડદાસ દલવાડી

શિક્ષકે વર્ગમાં આ કવિનું 'બતાવો ને બંદી', શ્રી ઉમાશંકરનું 'જઠરાગ્નિ' અને બીજાં એવાં કાવ્યો તરફ ધ્યાન ખેંચવું.

---

## ૬૭

## શ્રીજીનો ભક્ત : ઠાકોરદાસ પુરુષોત્તમ ચોકસી

જન્મ—ઈ. ૧૯૧૧.   **છંદ :** પૃથ્વી

**૧ ગણ, ભરખવું** આદ અપભ્રંશ વાપર્યા છે ખેડુતની બોલીનાં રૂપ લેખે; મનખ જેવા શાહુકારની બોલીનાં રૂપ લેખે; પણ શબ્દ જેવાં રૂપ કવિના વર્ણનમાં આવે છે તે માટે કશો બચાવ નથી; **૫** મુડી કહો મતા કહો, જે કહો તે અમ ગરીબોને અમારાં બાલબચ્ચાં જ. **૯ ધરમફંડ:** કોઈ ન્યાસની, કોઇ ટ્રસ્ટફંડની. **૧૦ પુત્ર** મગન ભરજુવાન અકાળે મરી ગયો, ત્હારાં પાપને લીધે, એ ઉપરથી તો સમજ ! કે હજી પણ વધારે સન્ત રોપભર્યા ધર્મદેવ તહને કરશે ત્યાં લગી ય નહીં સમજે ! તો પુત્ર ગયો, તેમ આ બાટની નવી પટલાણીને પણ ગુમાવીશ, અલ્યા ! તું મ્હને પટાવી શકીશ, દુનિયા આખીને છેતરી શકીશ, પણ શરત રાખ કે અંતર્યામી પ્રભુ કોઈથી પણ છેતરાવાનો નથી—વગેરે. અને આમ પ્રભુનો ધાક દેખાડતો આ શાહુકાર પોતે એ ભાષણ દરમિયાન શું કરી રહ્યો હતો ? નાહીને અંગે—છાપાં તિલક-ચંદન વિભૂતિ લગાવી રહ્યો હતો, પ્રભુની મનસા વચસા કર્મણા ભક્તિ જ કરી રહ્યો હતો ! કવિ આખું ચિત્ર આલેખીને મૌન પાળે છે; ટીકાનો અક્ષર સરખો ઉમેરતા નથી.

---

## ૬૮

## ક્રાન્તિની ઝંખના : ઝવેરચંદ કાળીદાસ મેઘાણી

જન્મ—ઈ. ૧૮૯૭   **છન્દ** પદ, રાગ માઢ.

**વિષય.** રા. રા. 'સ્નેહરશ્મિ' ક્રાન્તિના રાસનું જ અંધકારની પશ્ચાદ્‌ભૂ ઉપર આખું ચિત્ર આલેખે છે, તો રા. રા. ઝવેરચંદ ક્રાન્તિભાવ પાછળની મનોદશાને અહીં સુકોમલ કરુણ કવિતાની પીંછીએ ચિત્રે છે. કિશોરો અને યુવાનોની એ મનોદશા અહીં વિચારશીલ વાંચનારને માટે તેની શક્તિ અશક્તિ બંનેમાં

ખડી થાય છે. એક બે શબ્દ બદલ્યા છે. શબ્દાર્થ સ્પષ્ટ છે. ઊર્મિઉછાળાનાં પૂરને પટુકરણ કવિઓ સેવે છે અને વધારે વેગવાન બનાવે છે, કવિતાકલાના પણ સાચા ઉપાસક રહીને, આવી આવી કૃતિઓ વડે. વ્યક્તિ કે બનાવવિષયક અતિશયોક્તિઓ અને અને બીજાં પ્રચારક પદ્યો, માત્ર પદ્યરચનાઓ છે, ક્ષણજીવી છે, પ્રજાની **કવિતા**માં સ્થાન પામે એવાં **સમૃદ્ધ** હોતાં નથી.

જેને આપણી રૂઢ પરિભાષામાં 'પ્રસાદ' કહે છે તેને જ હું કવિતાની સમૃદ્ધિ કહું છું. લય, શબ્દ, અને અર્થ એ ત્રિપુટીમાં, અતિઉત્કટ વિરોધોથી અતિ સૂક્ષ્મ મેળો લગીનાં અન્યોન્ય પ્રતિબિંબ રચનામાં સારી રીતે ઝીલાયાં હોય તેજ રચનાનો પ્રસાદ વા તેની સમૃદ્ધિ છે. કેમકે કવિતાની પદાવલિ સામાન્યમાંથી અમર બની જાય છે. આ પ્રમાણે ત્રણે અંગ એક બીજાનાં પ્રતિબિમ્બ ઝીલતાં એક બીજાને સમ્પૂર્ણ વિકસાવે છે અને અજવાળે છે ત્યારે. લય શબ્દ અને અર્થની એકરસતા તે પ્રસાદ વા સમૃદ્ધિ. સરખાવો રોબર્ટ બ્રાઉનિંગ કૃત Abt Vogler કડી ૭ મી—"ત્રણ સુર ભેળવતાં એ પ્રસવાવે છે, ચોથો સુર નહીં; પણ તારો !"

પર્યપકનો અર્થ એટલે ઉપર અગાધ આકાશ ને તળે અગાધ આકાશની વચ્ચે તરતો અર્થ, પોતાની બધી ઝીણી મોટી રેખાઓ અને ગતિઓ અન્યોન્યના સમન્વયમાં ધારી રહેતો અર્થ. કલાકારનો અર્થ ભાવપ્રધાન હોય છે, ભાવને પણ સત્યનું વાસ્તવ હકીકતના જેટલી જ મહત્વનું અંગ ગણે છે, અને સૂક્ષ્મતમથી ઘેરાતાં ઘેરા, ક્ષણિકથી સનાતન લગીના અતિતરલથી લગભગ નિશ્ચલ, બધા માપના, બધી જાતના ભાવ, ઊર્મિ, લાગણી, આન્દોલન, સ્પન્દ, તેમના અન્યોન્ય સમન્વયોમાં જોઇ રહેવામાં જ એને સુન્દરતાનાં દર્શન થાય છે, એને મોહ આશ્ચર્ય ભવ્યતાના અનુભવ મળે છે, એની કલ્પના સર્જક બની રહે છે. કવિતાકલાના જે ભગતોને તેની આ સમૃદ્ધિનો ખયાલ છે, અને તેના ઉપભોગસુખનો અનુભવ છે, તેઓ પદ્ય કે સંગીતના કેવલ જોડકણાંને, ચાલતા પૂરને અનુકૂલ અર્થ હોવાથી કે બીજા કોઇ નિમિત્તે, કવિતામાં દાખલ કરાવવાના પ્રયત્નો વારંવાર થયા કરે છે તેથી જરાયે ક્ષુબ્ધ થતા નથી, એવા પ્રયત્નો જ્યાં સુધી અજ્ઞ નિખાલસતાના અને ભૂલ ભરેલા તોય શુદ્ધ આદરભાવના હોય છે ત્યાં સુધી.

**અર્થ—યુગનર** યુગપલટો ઉપજાવવાની અસાધારણ શક્તિઓવાળો મહાપુરૂષ **ભડવીર. જીર્ણતા દારુણ થંભ** શબ્દ ૧ અને ૨ નો અગર ૨ અને ૩ નો સમાસ ગણીને પણ અર્થ થઇ શકે, પરન્તુ ત્રણે શબ્દ છૂટા રાખી જીર્ણતાના દારુણ થંભો એવો અર્થ સારો છે, તો પાંડિત્ય નકામું.

## ૬૯

## વિખૂટા મિત્રને: રમણિક બળદેવદાસ અરાળવાળા

જન્મ–ઇ. ૧૯૧૩ પૃથ્વી—સૉનેટ.

**૪ માત્ર:** લેશ પણ. **૭ અતલ:** અનંત, જેનો ન ઉપાય ન છેડો એવું એકાંત એકાકી જીવન.

**૧૧** આ પંક્તિ આખી કૃતિનું બીજક. સખ્ય થયું, ત્હારા જેવાનું થયું, જેથી વિશેષ ઉપભોગ યોગ્ય ઉન્નતિપ્રદ બીજું સંભવે ય નહીં એવું,—અને કાળબળે એ પણ તૂટયું, તો પછી મિત્ર મેળવવાની વાંછના વાસના માત્ર વર્જું છું, વર્જાઈ જ જાય ને. અને આમ સંપૂર્ણ ત્યાગ કરતાં પણ જે અત્યંત દુઃખ થાય છે તે દુઃખના ઉદ્‌ગાર જેવું પોતાની જાતને ધૂમકેતુ ઉપનામ વડે સંબોધન છે. હે સૂર્યમંડલમાં જેવો ધૂમકેતુ તેવો સમાજમંડલે અકેલરખડૂ બની ગયેલ જીવ! **૧૪ આપણી:** મ્હારી અને મિત્રની. આમ એક અર્થ થાય; પણ ધૂમકેતુ શબ્દ વડે પોતાની જાતને નહીં મિત્રને સંબોધે છે, એમ પણ લઈ શકાય, અને એમ લેતાં, પછીના તમામ શબ્દોના અર્થમાં જરા પણ ખેંચતાણ વગર જે અર્થ ફલિત થાય છે, તે એ પંક્તિઓનો બીજો અર્થ છે. **૧૩ અફસોસ:** આ શબ્દ અફસોસ? એમ પ્રશ્નચિહ્ન વડે આગલા શબ્દોની સાથે અન્વયમાં લેવાય: અફસોસ! એમ વિષાદચિહ્ન વડે પાછલા શબ્દોની સાથે અન્વયમાં પણ લેવાય. બંને રીતે લેવા ભલામણ છે.

---

## ૭૦

## મિલન આતુરાં: ભોગીલાલ ચુનીલાલ ગાંધી (ઉપવાસી)

છંદ–પૃથ્વી.

**વિષય ૬૯** ને મળતો, ત્યાં બે મિત્ર એક બીજાથી છેક અળગા પરાયા જન જેવા થઇ જાય છે. મિત્રતા જેવી કોઈ ચીજ જ નથી એવી નિરાશા બંનેના લોહીમાં છવાઇ જાય છે. અહીં નાયક નાયિકા વચ્ચે નિર્મલ સભર સ્નેહ બંધાયો છે, લગ્ન મુહૂર્ત, લગ્નમંડપ, તમામ સુશોભિત તૈયારી છે, અને એ ઉલ્લાસક પલમાં જ કાલબળ–માડીની હાકલ ગાજે છે, માંડવેથી વરરાજા પાછો વળી જાય છે, એ વિષય છે. જે ઝમાનાની, જે પરિસ્થિતિની કૃતિ "બળતાં પાણી" છે તેની જ આ ૬૯ અને ૭૦ છે.

**૩** દરેક પ્રેક્ષકના મનમાં ઉલ્લાસ ભરતી. જીવન પ્રભાત હતું. **૭** અતલ, અતટ, અનંત અને સનાતન. **૧૫** માતની માતાએ ઉચ્ચારેલ આદેશેલ અસહયોગ

=અસહકાર: આપણા બેના લગ્નનો પણ વિચ્છેદ, આપણાં સ્નેહાળ સ્નેહજીવન-તરસ્યાં હૃદયોનો ય વિયોગ.

પણ પછી આ કર્તા ભાવિમાં એક નજર ફેંકે છે અને અવાસ્તવ એવો દુઃખદાહ કલ્પી તે નહીં કલ્પિત બળવાની મોજ (!) માણે છે. કિશોરવયને કરુણ પ્રતિ પક્ષપાત હોય છે, અને વ્યવહારુ દુનિયાની સ્થૂલ બોલીમાં પેટ ચોળી ચોળીને ન હોય ત્યાં શૂળ આણવી, માથું ચોળી ચોળીને જાણીને બળતરા ઉપજાવવી, એવું એવું કિશોર કિશોરીને ગમે છે, તો કિશોર કવિને આમ કેવળ કપોલકલ્પિત રોદણાં રોવાં પણ રચે છે.

મ્હને એવા કપોલકલ્પિત કરુણચિત્રોનો મોહ હવે આ ઉંમરે ક્યાંથી હોય ? કિશોરોને હોય છે, બીજી ભાષાઓના સાહિત્યમાં પણ આવી કવિતા જાણીતી છે, અને બાયરોનિકને નામે ખાસ વર્ગની ગણાય છે.

"હું તો ક્ષણક્ષણે સુણું" વગેરેને બદલે અનુભવ અને માનસશાસ્ત્ર બે ય ચોકખું જણાવે છે કે આવા દાખલામાં લાગણીનું ઉર્ધ્વીકરણ (સબ્લિમેશન) થાય છે; વ્યક્તિસ્નેહ જેટલા બળનો, જે વિશુદ્ધિનો, તે બળ અને વિશુદ્ધિ માતૃસેવાલગનીમાં સંક્રાન્ત થાય છે. અને સ્નેહીયુગલમાંની જે વ્યક્તિ નવી હાકલને સુણતી નથી, જૂના ચીલાઓમાં જ જીવન ગાળે છે તેને પણ તે ચીલા અને પરિસ્થિતિને બંધબેસતું જીવન મળી રહે છે.

અથવા તો એ વ્યક્તિ હાકલને સાંભળતી થાય છે અને નવા રાહ નવી પરિસ્થિતિમાં આવી જઈ ત્યાં બંને પાછાં મળે છે; મુલતવી રહેલ લગ્ન ત્યાં પૂરૂં થવા અને માણવાનો દરેક સંભવ આવી મળે છે.

અથવા તો—અતિવિરલ સંજોગોમાં—દુષ્યંતને જેમ શકુંતલા પાછી મળી એવો ચમત્કાર બને છે.

અથવા અને ઘણાખરા દાખલામાં તો લડાઇ અને માતૃસેવાની ઉગ્રતા લાંબા સમય લગી એક સરખી ચાલતી નથી, વચ્ચે વચ્ચે મુકાબલે શાંત ગાળાઓ આવે જ છે, અને આ "બળતાં પાણી" તેવા ગાળામાં ઠરે છે.

કવિતા એટલે કલ્પના પ્રવૃત્તિ એ સાચું, તેની સાથે સાથે આ પણ સાચું કે કલ્પનાની પણ બેલગામ પ્રવૃત્તિ અવાસ્તવ ભૂમિકામાં તાણી જાય છે. વળી ઉપર સ્પર્શેલ ઉર્ધ્વીભવનનો કિશોરાવસ્થાને હજી અનુભવ જ નહીં એટલે એ દલીલની એમને કિંમત ક્યાંથી.

**૨૪–૨૫** મૃતદેહ દીવાલની પુંઠે...માતાના સેવાકાર્યમાં જ પળે પળ ગાળતો નાયક ભૂતકાલના સ્નેહમાં જાણે મરી ગયેલ જેવો જોવામાં આવે છે. તે એનું માત્ર બાહ્ય સ્વરૂપ છે. એની હૃદયગુહામાં તો એ "ભદ્ર પડઘો" દ્વિગુણ પડ્યા જ કરે છે. સ્નેહબદ્ધ નાયિકાહૃદયને તો તે સંભળાવો જ જોઇએ...આ પ્રમાણે લેતાં બધું સ્પષ્ટ સમજાશે.

**૩૨-૩૫** પડી પરવશે જ જ્યાં ભરતમાત-શા મોહ રે ! આ પંક્તિઓ અવાસ્તવ કલ્પિતકારુણ્યની પરાકાષ્ઠા જ. હિંદભૂમિની પરતંત્રતા અંગ્રેજો તો હાયકે હાયકે ઓછી ઓછી કરવાની નીતિ દૃઢતાથી પાળેલી છે અને ઉત્તરોત્તર વધતા વેગે એ જ નીતિ અમલમાં મુકાતી આવે છે.* (૨) એનું અનન્યત્વ સાધે તે સ્નેહ. "હૃદયમાં સદા વિમલ ઉત્કટ સ્નેહ જો વહેતો રહે છે, તો પછી આખો જન્મારો વિરહમાં વીતી જાય તેનું પણ દુઃખ જ નથી, ખરું ને?" આ પણ અવાસ્તવ કાલ્પનિક કરુણતાની પરાકાષ્ઠા. કવિકિશોરો આવું આવું ચિતર્યા જ કરવાના: શબ્દસૌન્દર્ય, લયમાધુર્ય, તર્કલાલિત્યે લોભાવતી એમની આવી પંક્તિઓને વાચકો ઓછું ઓછું ઉત્તેજન આપતા થાય, તો જ આવાં લખાણ ઘટવા પામે.

---

# ૭૧

## ન રહી ! : મગનભાઈ ભૂધરભાઇ પટેલ ("પતીલ")

કર્ત્તા આને ગઝલ કહે છે અને પ્રાસરચના તથા ફળની ચોટસિદ્ધિ ગઝલ જાતિનાં છે, પણ પદ્યમાપ તો તોટક વૃત્તનું જ છે. શ્રી પતીલ આમ બીજા છંદોમાં પણ ગઝલી કે બીજી ફારસી ઉર્દૂ બાંધણી અને ટકોર-પદ્ધતિ આણીને ગુજરાતી કવિતામાં નવી સ્વાદુતાવાળાં ફળ ઉપજાવે છે. બાલાશંકર વગેરેથી ઘણા વધારે સાહસિક પ્રયોગો કરે છે: એમાંથી કેટલાકને ગુજરાતી કવિતા પચાવશે અપનાવશે તે આજે ન કહી શકાય. ફારસી ઉર્દૂ શબ્દોના અતિપ્રમાણથી પણ એમની કેટલીક કૃતિઓ દુર્બોધ બને છે. આ કૃતિ ઉપર જ પાછા આવતાં ઉમેરવાનું સાહસ કરી નાખું છું કે આના જેટલી વિષાદમય બીજી દશ પંક્તિ જડવી મુશ્કેલ થઈ પડશે.

**૧ સર:** શિર, **જા:** જગા. **૫** નકલ કરતાં મેં લખી નાખેલું "ચિઝના સમ ખાઇ કહું" પછી મૂળ જોતાં જ સમજાયો કે કવિની શબ્દાવલિ ઘણી વધારે આકરી છે ! **૮** નીકળી જવાની અણી ઉપર આવેલા જીવે જીભને છેલ્લો હુકમ કર્યો,–"ચુપ !"

**૯-૧૦** (૧) પતીલ લવે છે, કવિતા પણ કવિતા રહી **નહીં:** (અ) મ્હારી કવિતાય મ્હારી દશા પ્રમાણે ગુણહીણી બની ગઈ છે. (આ) સારી જહાંમાં માત્ર કવિતા મ્હને આહ્લાદ આપનારી તે ય પોતાની એ શક્તિ અત્યારે તો ગુમાવી

* વિષયાંતર જોરી લઇને એ વાક્ય ઉમેરું છું કે ટિળક અને પછી ગાંધીજીએ પ્રસારેલી માયાનો અમલ બીજ કેટલા દાયકા? ત્રણ? ચાર? વળી આતતાયી જર્મની રશિયાને પણ ભયકારણ બને, તે પ્હેલાં ઇંગ્લાન્ડ અને ફ્રાન્સની સાથે રશિયા પણ જોડાઈ જવાનું, એમાં શંકા જ શી?

બેઠી છે (૨) લવે લવ પણ, લેશ પણ. (૩) લબે કવિતા આ હોઠ (પોતાની આદત મુજબ) જે કવિતા બોલ્યા કરે છે, તે પણ હવે કવિતા નથી રહી; અથવા મ્હારે લબે કવિતા = મ્હારી કવિતા. અર્થાત્ મેં કવિતાશક્તિ પણ ખોઇ ! (૧) માં **લવ** ક્રિયાપદ, (૨) માં વિશેષણ, (૩) માં નામ છે. અર્થ (૨) અને (૩) માટે આશ્ચર્ય ચિહ્નનું સાચું સ્થાન પતીલ શબ્દ પછી; અને (૧) માટે અફસોસ શબ્દ પછી તુર્ત.

---

## ૭૨

## ખારે સમંદર–દેવજી રામજી મોઢા.

જન્મ—ઈ. ૧૯૧૩.

૨ અહીં ખારે સમંદરનો અર્થ (લક્ષણાએ) અનંત વિસ્મૃતિમાં એવો થાય પણ, બેશક, ધ્રુવપદ **લેખે એ બે શબ્દનો અર્થ** આ ખારો ઝેર સંસારસાગર. અને સમુદ્ર શબ્દનો અપભ્રંશ સમંદરર્ કે સમદરર્ એ દેશકાલાતીત વિભૂતિની અતાગતા, અનંતતા, વિરાટ ભવ્યકાય, વગેરેનું સમુચિત શબ્દ-બિંબ લાગે છે.

**૩-૪** ચંદ્ર કવિની પડતીએ આનંદે છે તોપણ રવિ તો તેને પોતાની કાંતિ આપે છે જ, એવો એ મહાનુભવ છે: અને એવા કેટલા તો થોડા ! અને ચંદ્રનો સ્વાર્થી આનંદ રવિ જતે જોઈ જાય છે તોપણ એકનો બે થતો નથી, પોતાની પ્રકૃતિસિદ્ધ ઉદારતાથી ચલિત થતો નથી.

**૬ દેતા સમતાસાગર:** શમતાના સાગર; સાગરની શમતા જેવી શમતાવાળા એવા પાઠ પણ લેવાય. છે તે પાઠનો અર્થ કરવામાં શમતા = શમે છે.

---

## ૭૩

## ભગ્ન સ્વપ્નની નાવ : ઝીણાભાઈ રતનજી દેસાઈ ("સ્નેહરશ્મિ")

જન્મ—ઈ. ૧૯૦૩

**૩** જ્યાં રાત દિવસ સાંઝ સવાર એમ કશા જ ભેદ વર્તાતા નથી.

**૪ પ્રેરક:** કેમકે આશાજનક, પ્રોત્સાહક. **૬ હીર:** અહીં આ શબ્દનો મૂલ્યવાન વસ્તુથી વધારે અર્થ નથી; હીર (૧) રેશમ (૨) હીરા, બેસે નહીં; હીરા = રત્ન એમ જ લેવું. ખામી, અપૂર્તિ, અનૌચિત્ય ગમે તેટલાં મનુષ્યજીવન તો છે માત્ર **"ભગ્ન સ્વપ્નના ખંડિત ટુકડા"** અને આ ચાર શબ્દો ગુજરાતી કવિતા ખજાનામાં એક અમૂલ્ય અમર પંક્તિરત્ન ઉમેરે છે. અર્થપોષક શબ્દરવનો જાદુ પંક્તિને પ્રથમ સાંભળતાં જ સ્મૃતિમાં સદાને માટે જડી દે છે.

---

## ૭૪

## અમે મનુજ : મનઃસુખલાલ મગનલાલ ઝવેરી.

**છંદ—પૃથ્વી**

મેં આ કાવ્યમાં અમે, અમને, અમારી શબ્દની નારસિંહી જોડણી કરી છે તે કાવ્યના અર્થ ધ્યાનમાં આવતાં કોઈકને જ અનુચિત લાગશે.

**૬ સોહ્યલાઃ** દોહ્યલા, દુર્ગમ, દુર્લભથી ઉલટું. **૧૮ પ્રતિચ્છવિઃ** હૂબહૂ નકલ **૧૯ અવઃ** હવે. **૨૦ પ્રાસાદઃ** મહેલ જેવી આલીશાં ઈમારત; હું જેને વિચારાંમિનાર કહું છું તે બુદ્ધિગુંથણી, મગજગોંફ. બુદ્ધિનો ઉપહાસ કે બુદ્ધિનો ચાબખો છે.

---

## ૭૫

## બુદ્ધનાં ચક્ષુઃ ત્રિભુવનદાસ પુરૂષોત્તમદાસ લુહાર (સુન્દરમ્).

**છન્દ** શિખરિણી.

**૧ નમણાં** નાજુક, રૂપાળાં, અને વિનમ્રના અર્થે સૂચિત થાય. **પ્રભુ** શબ્દ આમ આપણ વર્ગવાચક સામાન્ય નામ લેખે વાપરતાં અચકાઈયે છિયે તે યોગ્ય છે. દશાવતારને માટે જ એ શબ્દ રહે, એથી વધારે વિસ્તારાય નહીં તો સારું જૂના કાલમાં ભગવત્ જેવા શબ્દ વધારે છૂટથી લગાડવામાં આવતા, તે રૂઢિ વખાણવા લાયક કે પાછી અનુસરવા યોગ્ય નથી. **દિવ્ય મુદ** દિવ્ય મુદાની પ્રભા કે મુદાના દિવ્ય પ્રભા, મુદાને વિલક્ષણ સાત્વિક આનંદના અર્થમાં લઇયે તો તાત્પર્ય એક જ. **૨ નખાગ્રે** નરસિંહાવતાર; **દન્તાગ્રે** વરાહાવતાર, **શબ્દછલથી** વામનાવતાર; **કોદંડ** રામાવતાર; **પરશુ** પરશુરામાવતાર; **ચક્રે** કૃષ્ણાવતાર. એમ છ અવતાર સ્પર્શીને બુદ્ધાવતારનો સર્વથી વ્યતિરેક ખૂબીથી સાધ્યો છે. પ્હેલી પંક્તિમાં નવે અવતારને સ્પર્શી પછી મુકાબલે છોડી દેવા જેવા બેને છોડી દીધા, અને ઉક્તિમાં લાઘવ સાથે બળ આણી આખી વાત એક કડીમાં પૂરી કરી લીધી છે. કલા, કથન, સૂચન અને વ્યંગ્યમાં છે, તેમ સવિવેક મૌનમાં ય છે. ચિત્રકાર ચિત્રમાં ખૂબી અને સચોટતા રંગ અને રેખાઓથી તેમ જગા છેક ખાલી રાખીને પણ સાધે છે. ગુજરાતી કવિતાના આખા જથામાં આવી અર્થઘન, સવિવેક અને વળી સુન્દર કડીઓ કેટલી હશે ? આપણી કવિતાની સમૃદ્ધિ ગણતાં આવાં મુક્તકોનું મૂલ્ય છે, તેટલું આખી ચોપડીઓનું પણ નથી.

**૩ ભુજાએ** સામસામા બલ પ્રયોગે લડી મરતું. હિંસાશીલ માણસ સામાના અહિંસક દેખાતાં આચરણને પણ કુટિલતાના દાવપેચ ગણે, તે આચરણ ખરે અહિંસક તો નહિં હોય એમ એને સુઝે જ નહીં ને ! **નવ** નવીન; વિધાતાએ તો આપેલાં પણ ત્હમે અવતર્યાં ત્યાં લગી વ્યર્થ રહેલાં, સાચો ઉપયોગ પ્રથમ ત્હમે શીખવ્યો, ત્હમે એને સાર્થક કરી દેખાડયાં, માટે નયનોના સાચા સર્જક

પણ ત્હમે. આ તરંગને વિચિત્ર કહેશો ? દુરાકૃષ્ટ કહેશો ? ગમે તે કહો પણ એમાંનો તથ્યાંશ સ્વીકારવો પડશે, કેમ જે એ માત્ર તરંગ નથી, એની પાછળ કલ્પના દર્શન અથવા ભાવનામય દૃષ્ટિબિન્દુ રહ્યું છે, આ આખી કૃતિ એ દૃષ્ટિબિન્દુ-માંથી જ ફુટે છે.

**૪-૬** બુદ્ધના જીવનના આરમ્ભના મુખ્ય બનાવો સૂચવે છે. **રમણીની ભુજાઓની પ્રેમશૃંખલાને પાંજરે** ત્હમને પૂર્યા. કવિ ત્હમને પૂર્યા નથી કહેતા, એ દયામય ચક્ષુને પૂર્યાં એમ કહેવું વધારે સાચું લાગે છે. અને એ છૂટયાં એટલે એમણે દુનિયાની બીજી દગોને પણ મુક્તિ આપી. **સૃષ્ટિખાડનાં** ગંદાં ખાબોચિ-યાંમાં જરા, વ્યાધિ અને મૃત્યુ એ ત્રણ વમળોમાં ફરી ફરીને સપડાતા આપણે સૌ કીટોપમ જીવડા. **જીવો ઉપર નભતા જીવ** (૧) હિંસાએ પેટભરી, કે સત્તા લક્ષ્મી આદિ સાધન મેળવી ટકાવીને જીવન ટકાવતા જીવ. આ અર્થ કાવ્ય-સન્દર્ભમાં ઉત્તમ ભળે છે (૨) જાતમહેનત વગર બીજાઓને માથે પડી નિર્વાહ ચલાવનાર પરોપજીવી જીવ—પૅરેસાઈટસ ( parasites ) હરામભક્ષક આવો અર્થ પણ આ શબ્દોનો થાય, પણ તે લેવાજ પડે એમ નથી, માટે ન લેવો. બુદ્ધે છ વર્ષ ઉગ્રતપ કરીને પછી દેહદમનનો માર્ગ છોડી દીધો. મહાવીર અને બુદ્ધ વચ્ચે એક મૌલિક ભેદ આ છે. હૃદયસાગરને છેક તળીયે ઊતર્યાં. **મુક્તા** મોતી જેવો નિર્મલ સુરત્ન અનુપમ મુક્તિપંથ, નિર્વાણમાર્ગ. ૮ **ઉદ્ધારી. ...પ્રભુએ ચક્ષુ શમાવ્યાં** ભવલીલા સંકેલી લીધી. **એને** આ નવી અહિંસા દૃષ્ટિને. મૂલની એક કડી છોડી દીધી છે.

---

## ૭૬

### તારનું તૂટવું:—કેશવરામ હરિરામ ભટ્ટ.

જન્મ— ઈ. ૧૮૫૧ મૃત્યુ—ઈ. ૧૮૯૨ **છન્દ—પદ.**

સંગીતમાં લાંબી કવિતા ન હોય, સંગીતમાં ગતિમાન વિચારણા થોડી જ હોય કે ઘણુંખરું નયે હોય. કેટલીક વખત વસ્તુનાં અંગોપાંગ સંખ્યાબન્ધ હોઇ તેમાંનાં મુખ્યને સ્પર્શતાં કડીઓ ભરાય છે, જેને લીધે વિચાર ગતિ કરે છે એવો આભાસ થાય છે, પરન્તુ “ પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ” એના જુદાજુદા દાખલાઓ વડે કડીઓ રચી હોય તેમાં વૈવિધ્ય આવે છે. તથાપિ વિવરણનો **પ્રવાહ** આવતો નથી, તેમ આવાં સંગીતકાવ્યોનું પણ સમજવું.

**વિષય**—જીવનની અપૂર્ણતા. પાંચ પંદર પચીશ જુદીજુદી વસ્તુઓ અને શક્તિઓના સારા મેળમાં સહકાર, એનું નામ જીવન. અને તે તો એમાંથી એક પણ ખોટકાય ત્યાં ભાગી પડે છે. છ કડીની કવિતા છે, તેમાંથી ત્રીજી છોડી

દીધી છે. આ કવિ ઘણી કૃતિઓમાં છેલ્લી કડીમાં પોતાની સહી કરે છે એટલે કે પોતાનું નામ કેશવ કેશવ હરિએ ટુંકા રૂપમાં કડીમાં વણે છે.

**અર્થ**—મ્હારે ધન જન ધામનો ખપ નથી, કદાપી ન્હોતો. હરિરસપાનને જ હું જીવનસર્વસ્વ જીવનસફળતા ગણનારો: તે પણ મ્હારે માટે તેં અશક્ય બનાવ્યું, હે હરિ, ત્હારી કરણી અગમ્ય જ છે. હરિને આવો શાંત ઠપકો કે આવી કરુણસૌમ્ય અર્જ આપણી ભાષામાં કેટલી હશે? **જીવાળી** તારનો સ્વર બરાબર નીકળવા તેમાં રેશમી દોરા ખોસે છે તે.

**બારું**, દ્વાર, માર્ગ (કાઠીયાવાડી બોલીમાં—બાર). **બૂટી** જડીબુટ્ટી, કાઠીયાવાડમાં " તૂટીની બૂટી નહીં " એ કહેવતમાં અને છૂટા પણ બૂટી ઉચ્ચાર થાય છે; એટલે આ કવિએ લે છે તેવી છૂટનો દાખલો નથી. ૨ ૭ કડીમાં **જાતા** (જતા) પણ કાઠિયાવાડી પ્રયોગ છે. **કહું છું કામ ન મારે રે૦** આ પંક્તિથી ટેકનો અર્થ પૂરેપૂરો આલેખાય છે. તાર તૂટ્યો તેથી મ્હને લાગે છે હવે આ ભવમાં ભગવાન ભજન મ્હારાથી નહીં થઇ શકે. ભગવાનભજન માટે જ જીવન, ભગવાનભજન જ જીવન, એ હું માનનાર અને પાળનાર તેનો તાર તૂટે છે, એ ત્હારી કરણી, હે કેશવ હરિ (અથવા હું કેશવ હરિ કહું છું હે કેશવ, અથવા હરિસુત હું કેશવ કહું છું જે), મનથી અને વાણીથી અગમ્ય છે. **यतो वाचो** निवर्तंते આદિ ઉપનિષદનાં વાક્ય પ્રસિદ્ધ છે.

**ધ્વનિ** તમ્બુરો એટલે શરીર એ પહેલો ધ્વનિ. સંસારમાં વ્યવહારનો આખો ચરખો એ બીજો ધ્વનિ. તુંબડું, તાર, પારા, નખલી, ખૂંટી, ઘોડી, જીવાળી, નરઘાં કે ઢોલક વગેરેનાં ઉપમેય **શરિર** પક્ષે ક્યાં ક્યાં? **સંસાર** પક્ષે ક્યાં ક્યાં? બધાં ન કહેવાય, બે ત્રણ મુખ્ય ઉપરાંત બીજાં માત્ર સૂચિત રહે, તે આવી કવિતામાં દોષ નથી. ભાષા આપણા વિચારોના મોટા ભાગને સ્ફુટ કરી શકતી જ નથી. વળી વ્યાકૃત (આર્ટિક્યુલેટ articulate) વિચારોમાં પણ આપણાં વલણો રુચિઓ આદિ પૂરાં આવી શકતાં નથી. અને સંગીત તો આપણી પ્રકૃતિગુહામાં ખૂબ ઊંડું ઉતરી શકે છે. એટલે સંગીતકાવ્યોમાં વૈખરી (આર્ટિક્યુલેટ રૂપોથી) થી એના પદોમાં કહ્યાનું હોય તે ઉપરાંત જે અસ્પષ્ટ ધ્વનિ સૂચવતા હોય તેનું મહત્ત્વ પણ ઓછું નથી.

---

## ૭૭

### મૃત્યુ: ચમનલાલ કચરાલાલ ગાંધી

જન્મ—ઈ. ૧૯૦૯ સ્રગ્ધરાવૃત્ત.

વીર ભારુ સ્થિરતા મધુર પરી જેવા શબ્દોને આ કવિ વિર ભિરુ સ્થીરતા મધૂર પરિ આદિ કરી નાખે છે, તે ખૂંચે છે.

૧ જગતને પગ તળે છુંદનારાઓ 'વીર', કહેવાય ખરા કે? મહાપુરુષ એટલો જ અર્થ લેવો. **૨ નંદ:** લક્ષ્મીનંદો, લક્ષ્મીના માનીતા પુત્રો; પોતાની માતાના ચંચલ નયનોના મોહમાં જેઓ રાતદિવસનું ભાન પણ ભુલી જાય છે. હે મૃત્યુ, ત્હારાથી ભલભલા ત્રાસે છે.

**૫ સ્મૃતિ** શબ્દ નબળો. ત્હારું નામ માત્ર કાને પડતાં આમ થાય છે, તો ત્હારામાં એવું તે શું છે જે! **૬ પાર્ષદ** : અનુયાયી, ગણ, સેવક, આદિ. **અણ-કથી** = અણ-કથ, વર્ણવી જ ન શકાય એવા. ૭ જૂથમાં પાર્ષદોમાં. ૯-૧૦ સાચી વાત તો આ છે કે ત્હારા સ્વરૂપથી અજ્ઞ માણસોએ ત્હને આવો ક્રૂર કલ્પ્યો છે, અને પછી તેઓ પોતેજ સર્જેલાં કલ્પનાભૂતથી છળ્યા કરે છે. આ પ્રમાણે અહીં વિચારપલટો હોવાથી જો કવિએ ચૌદ જ લીટીની કૃતિ રાખી હોત તો આને સૉનેટ ગણી શકાત.

**૧૦ હત્યારી** = ઘાતકી. સ્વાર્શિલા શબ્દ વાક્યમાં બરાબર બેસતો નથી, આત્મસન્તોષી જેવો અર્થ જ લઈ શકાય. **૧૧ નભપરિસપનાં:** ફેરીઓનાં સુંદર રૂપ રોમાન્ટિક સ્નેહાચરણો વગેરે. બાળકોને તું ઉપાડે છે, બાળકો મરે છે, ત્યારે તેમને તું કંઈ એવો ભયાનક કે વિકરાલ નથી લાગતો; તેઓ તો હસતાં રમતાં પરીઓનાં સ્વપ્ન જોતાં જ મરી જાય છે.

ત્હારી કુંજે, ત્હારે ધામ આવું બધું (વામે) શમી જાય છે; ક્રૂરતા, ભયાનકતા, હૃદયહીનતા, પામરતા આદિ માણસોના એમનાં જીવનવ્યવહાર દરમિયાન અન્યોન્ય થતાં આચરણોમાં હોય છે; મૃત્યુ પામ્યા પછી માણસો ય તે આવું કશું નથી કરતાં. **૧૩ જયઅજય તણા ભાવ:** અહીં ભાવ = સ્થિતિ, અવસ્થા. વિજયની દશાના હર્ષોન્માદોત્થ ઝેરી વાયુ, પરાજયની દશાના વિષાદોત્થ ઝેરી વાયુ. ત્હારા ધામમાં તો કિન્નરી (અત્યંત સુંદર) ગીતો ગુંજી રહે છે.

ખરી રીતે જોતાં તો હે મૃત્યુ, તું પિતાતુલ્ય છો, વગેરે **૧૭ ઇચ્છે:** કર્તા લખે છે—ઈચ્છું અને અર્થ કરે છે, "તું ઈચ્છું ત્યારે". તું ઇચ્છું કરતાં તું ઈચ્છે વધારે ચલણી અને સરલ ગણીને એટલો ફેરફાર કરી લીધો છે. હું ઇચ્છું ત્યારે તું મ્હને ઉપાડી લેજે એવો અર્થ તો હોય જ નહીં.

## ૭૮

## સુરવાટ: કેશવલાલ હરગોવિન્દદાસ શેઠ.

**છન્દ ૫દ.**

**અર્થ** આત્મા વતન જવાની સાચી વાટ માટે તલસે છે.

**૩** આ કડી જરા અસ્પષ્ટ જણાય છે. **સોણલું**-સ્વપ્નું કર્તા માયાના અર્થમાં વાપરે છે કે ભાવનામય વાસ્તવની ઝાંખના અર્થમાં? **ઝોલાંખાય**

એટલે ? કોઇ પણ શબ્દ જાતે નથી કવિત્વમય, અકવિત્વમય. પણ કેટલાક લેખકોને અમુક જાતના શબ્દો ને શબ્દગુચ્છો તરફ અજબ પક્ષપાત હોય છે. હું કડી આમ લઉં છું:—જે સ્નેહ માત્ર એક દિવસના અવધિનો, પ્રભાતે પ્રકટી સંધ્યાકાળે આથમી જતો, તે સાચો સ્નેહ નહીં સ્નેહ નામે સ્વપ્ન માત્ર છે, તેનાથી તો મ્હારી સજીવનતા મરૂં મરૂં થઇ જાય છે. ૪ બળદને કાંધ પડે, માણસને જોડા વાગી વાગી તાલ પડે, એમ "**પીઠ પડી**" વાપર્યું લાગે છે. અથવા બરડાની કરોડ ભાંગી ગઈ એ અંગ્રેજી રૂઢ પદ ( back is broken ) નો અનુવાદ ગણીને અર્થ કરવો. શબ્દ પસંદગીમાં ખામીઓ તો હોય. કવિતા જો વિચારણાપ્રવાહ, તો આપણે શબ્દોની પસંદગીને અવગણી ન શકિયે, શબ્દો પણ યથાયોગ્ય હોવાથી જ વિચારાલેખન ખીલી આવે, તથાપિ આપણે મુખ્ય જોવાની વસ્તુ વિચાર અને ભાવ. અને આને લીધે જ આ પદ ભક્તહૃદયનો સાચો અસરકારક અને હૃદયવાહી સંગીતમાં યોજેલો ઉદ્‌ગાર છે. પ્રસ્થાનમાં આ કવિના આપેલા પદ કરતાં આ વધારે સારું લાગવાથી તેને બદલે અહીં આ લીધું છે.

---

## ૭૯

## સનાતન અંધાર : અરદેશર ફરામજી ખબરદાર

**પદ.**

ગેયકૃતિની ખૂબી અને ચોટ-આછામાં આછા એકાવન ટકા-તેના ધ્રુવપદમાં સૂચક્તા ધ્વનિ શબ્દચમત્કૃતિ કે કોઈ જાતની ચોટ જણાતી નથી. **પવિત્ર:** પુરાણોમાં જેમ દેવો અને દાનવો લગભગ સરખાં તોળાતાં બળ છે, ખ્રિસ્તી ધર્મમાં જેમ ઈશ્વર અને શયતાન બે છે, ઝરથોસ્તી દીનમાં તે પ્રમાણે અહુર્મઝદ અને અહ્રિમનની જોડી છે; તમસ તેજસ્‌ના જેટલું દિવ્ય અને પૂજ્ય ગણાય છે. અને એ ભાત તે તે ધર્મ અને ફિલસૂફીના નિષ્ણાતો મંજૂર રાખે વા ન રાખે, અહીં તો કવિ અંધકારને સનાતન, દિવ્ય, ગયબી, ભવ્ય, તેજસથી દુણાયલાં અને ત્રાસેલાંનો એક માત્ર આશરો, તેમને ઠારનાર, વગેરે સ્તુતિપુષ્પે નવાજે છે, અને તેમ કરવામાં પોતાને સાધ્ય તે બધી ય કવિત્વપદાવલિ ( પોયેટિક ડિક્શન ) ઠાલવે છે. સપાટિયો અર્થ સ્પષ્ટ છે; ઉંડું ઉતરવા માગે તેને આ કવિ અને એના પ્રશંસકો કહેશે આ મ્હાડ કેવો ખુલ્લો છે, કેવો ચગે છે, વાણીમાં પ્રાસોમાં પ્લુતોમાં કેટલો પ્રસાદ છે તે તો જરા જુવો ! પરંતુ, ભાઇ રે, મ્હાડની કે કોઈ પણ રાગની સુરાવલિ તો વિના શબ્દે, લેશ પણ અર્થવિના, માત્ર વાદિત્ર કે કંઠની સારીગમે પૂરેપૂરી ચગી શકે છે; જો તેમાં શબ્દોને પણ જોડો. અને તે શબ્દો સાથે હોય, સુરાવલિ સાથે સાથે વાક્યાવલિ પણ હોય, તો કવિતા (માત્ર

સંગીત તો નથી, કંઈક બીજી વસ્તુ છે, એનું પોતાનું વ્યક્તિત્વ છે, તે ) એ વાક્યાવલિમાં હોય તો જ હોય. આ મ્હારૂં મત ભલે તપાસો, ચૂંથો; જે કરો તે શાંત શાસ્ત્રીય રીતે, આધાર દલીલ આદિ વડે કરશો. એ વાક્યાવલિ કે અર્થ-પ્રવાહમાં કવિતા હોય તો અને ત્યારે તેને આ રાગનો સાથ કેવોક દીપે છે એ સવાલે વિચારવો પ્રાપ્ત થાય છે. પણ રાગ તે કવિતા નથી, કવિતા તે રાગ નથી. જેમ દેહ તે પ્રાણ નથી, પ્રાણ તે દેહ નથી, હૃદય તે બુદ્ધિ નથી. બુદ્ધિ તે હૃદય નથી; જો કે એ-અને બીજાં ઘણાં દ્વંદ્વ-વ્યવહારુ દુનિયામાં સાથે સાથે પ્રવર્ત્તતાં હોય છે, તે એટલે લગી કે તેમને ખરેખર એકબીજાથી છૂટાં પાડવા માટે ઊંડામાં ઊંડી ફિલસૂફીની જરૂર પડે છે.

**૩** જે સૌથી પ્રથમ પ્હેલું સર્જાયું, તે પ્હેલાં પણ—હે અંધાર, હે અભાવ હે અવ્યક્ત, હે કેઑસ, તું તો હતો; એવો તું જ એ તમામનું ઉદર, ગર્ભ-સ્થાન. જે જે સર્જાઈ પ્રત્યક્ષ થાય તે તે તમામ સર્જાતા પ્હેલાં અવ્યક્ત રૂપે તું અવ્યક્તમાં હતું જ. **૬ તાન** શબ્દ નારીજાતિએ વાપર્યો છે.

**મૌન**=ગાન, એ કોટિ ઘણા વાપરે છે, ખાસ કરીને રોમાન્ટિકો અને તેમાં અલૌકિકતા, ભવ્યતા આદિ જુવે છે. આવી શબ્દાવલિઓ પાછળ શો જ્ઞાન કે આનંદનો અંશ હશે, તેઓ જ જાણે! "શૂન્યમુખ ચિદાકાશ" જેવાં એ શબ્દજાળાંઓમાં મ્હને અર્થ દીસતો જ નથી તો રસ ક્યાંથી હોઈ શકે! હું રહ્યો સ્થૂલ બુદ્ધિ. + = −, **અનંત**=શૂન્ય, **પ્રકાશ**=તમસ, એ બધું જેને ગમ્ય હોય તે મુબારક હો, મ્હને તો એ અગમ્ય છે, એમ વિના સંકોચે સ્વીકારૂં છું.

ધિ મ્યૂઝિક ઑફ ધિ સ્ફીયર્સ તમસના ગભીરતર ગાન આગળ માથું નમાવે છે, તેમાં લીન થાય છે, તેને અધીન વર્તે છે: હશે ભાઈ! જ્યાં ન પ્હોંચે રવિ ત્યાં પ્હોંચે કવિભાયડા!

સૂર્યમંડલ, નક્ષત્રમંડલ, સ્વર્ગંગાઓ, નિહારિકાઓ, વિરાટમાં વિરાટ સત્ત્વો તેમનાં જીવન તેમનાં ગાન સર્વે કાલ અને અવકાશને નામે ઓળખિયે છે તે વિભુ ઉદરમાં; અને કાલ–અવકાશનું એ સૌથી વધારે વિરાટ સત્ત્વ પણ, હે સનાતન, હે અંધકાર, તહારા અપરિમેય અગ્લુગ્લ ઉદરમાં. અહોહોહો! અધધધ!

**૧૩–૧૫** જુવો બ્લેન્કો વ્હાઈટનું જાણીતું સૉનેટ. અંધકારના ધામને સત્ય વિશેષણ લગાડીને કવિ શું કહેવા માગતા હશે? વ્યક્ત પ્હેલાં અવ્યક્ત અને વ્યક્તના અંત પછી પણ પાછું અવ્યક્ત. ઓરડો અંધારો હોય તેમાં દીવો કરિયે, એટલે દીવાનો પ્રકાશ અંધકારના ઉદરમાં પાક્યો એમ કહેવામાં જેટલું "સત્ય" હશે, તેટલું જ "સત્ય" દીવાને ફૂંક મારતાં ઓરડો પાછો જે અંધકાર થાય તે અંધકાર એ દીવાના ઉદરમાં પાક્યો એમ કહેવામાં પણ બેશક છે. અને **૧૬–૧૭** માં તો કવિ કમાલ કરે છે. એ વાક્ય બીજા શબ્દોમાં આમ પણ મુકાય: જીવન એટલું તો દુઃખદ છે કે મૃત્યુ છે (એ જીવનનો નાશ છે)

તેથીજ કંઈ યે રાહત મળે છે. આત્મહત્યાના બોધને ભવ્ય કવિતા કહો ને શાને નહીં કહો, વારુ! **૨૨–૨૩** પ્રકાશની દુનિયા, આ જીવતું વિશ્વ, જો માયાવી, અને જડ એકાકાર અવિકૃત અવ્યક્ત અંધકાર જો સત્ય, તો વળી પાછું અંધકાર તેજ એ સમીકરણ શી રીતે, ભલા? નવલરામે નર્મદને કહેલું, કવિ, ત્હમે હાસ્યરસનું શાસ્ત્ર ન સમજો! તેમ શ્રી ખબરદાર મ્હને કહી શકે છે, વિવેચક, તું ગેયકવિતાનું કે શ્રદ્ધાળુ સ્તોત્રોનું શાસ્ત્ર આ ભવે તો નહીં સમજે.

---

## ૮૦

## આપની યાદી: સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (કલાપી)

**છંદ** ગઝલ. **વિષય** ઈશ્વર જ સર્વસ્વ.

**અર્થ–માશુક** જેના ઉપર ઈશ્ક તે વ્યક્તિ; **આશક** ઈશ્ક કરનાર વ્યક્તિ. **આશના** ભાઈબંધ, દિલોજાન. **ચમન** (૧) બાગ, છૂટથી ફરવાની આકર્ષક જગા; (૨) મોજમઝા, આનન્દ **ખુન** લોહી. **ગોદ** બગલ, પાની. **દમ:** શ્વાસ. **સીતમ** જુલમ, બલાત્કાર. **ખંજર** જમૈયો, કટાર, છરી. **યાર** દોસ્ત, આશક **અહસાન** ઉપકાર **રેહમત** કૃપાદૃષ્ટિ (**રહમ** કૃપા). **રાહદારી** વટેમાર્ગુ. આ શબ્દમાં કવિની શરતચૂક થઇ હોય કે નકલ ઉતારનારની ભૂલ પણ હોય. અહીં જોઇએ **રાહબરી** ભોમિયાપણું, રાહ દેખાડનાર લેખે કામગીરી, રીતભાત, રાબેતો. **શરાબી** આપ ભક્તવત્સલ છો, હું આપનો છું એ ખુમારી.

**૧** લય અને શબ્દની ઈષ્ટાર્થ જણાવવામાં અજબ યોગ્યતા. અસરકારકતા, અન્યોન્ય બિમ્બપ્રતિબિમ્બભાવ, એનું નામ કાવ્યનો **પ્રસાદ. ૧** લી કડીમાં **ર રી રે રિ** જુવો. બીજી પંક્તિમાં સુખે કામદેવ દુઃખે રામદેવ એ વ્યાપ્તિને કેવું સુન્દર રૂપ આપ્યું છે. ગાંભીર્ય અને લીલાનો અજબ મેળ સધાયો છે **૨** લાલીનો અર્ક અત્યન્ત રૂપવતી ચીજ જોતાં ઈશ્વરની પણ શી બલિહારી એવી ઊર્મિ થઈ આવે છે. **૩ અહીં ત્યાં** સર્વવ્યાપક. **૫** અન્તર્યામી છો. **૯** હાથ મેળવવામાં સમભાવ દોસ્તી અને સહચારનાં તમામ રૂપનો સમાવેશ કર્યો છે. હાથ મેળવવાનો ચાલ યુરોપીય નકલ નથી; રાજપુત, ચારણ, બારોટ, કાઠી, આહીરમાં આગળથી ચાલ્યો આવે છે. **૧૦** આપની સાથે અભેદ, સર્વત્ર દરેક જાતના અનુભવમાં. આપની જુદાઈ જ દેખી દુઃખી છું. પ્રિયજન મૃત્યુનો અનુભવ. **૧૧** ઈશ્કના રાહમાં રાહબરી આપની; તથાપિ એ રાહબરીનું એક લક્ષણ આ આપની હુંથી માણસ–મર્ત્ય–માત્રથી જુદાઈ આ આપનું લક્ષણ કેમ ન રોવડાવે? **૧૨** દુઃખ રૂપે અનુભવેલું કે તાજું અનુભવાય, સુખ રૂપે અનુભવાય, તે સર્વ.

---

# ૮૧

## મિલનનું સ્વપ્ન : ઝીણાભાઇ રતનજી દેસાઇ (સ્નેહરશ્મિ)

### શિખરિણી : સૉનેટ.

**મનુષ્યનું જીવન=**વ્હેતી સરિતા: જન્મ, બાલ્ય, આદિ તમામ દશાઓમાં બેયનું સામ્ય ઉપમાનોપમેય ભાવે વાચકે ગ્રહણ કરવું. એ સમાન્તરે રહેતી અને વ્હેતી બે સીધી લીટીઓની પરમ્પરિત સમાનતા જેવી આ બેની, આખો ય કાવ્યવિષય છે એમ કહી શકાય, અગર જો કે અહીં ૧૪ લીટી જ હોવાને લીધે તેમાંના અમુક ખંડોને, વિશેષ સૌંદર્ય ભવ્યતા કે છટા પાડવાની અને દૃષ્ટિ તે પર એકાગ્ર કરવાની સુગમતાને લઇને-વાનગી પદ્ધતિએ સ્પર્શ્યા છે.

શિખરિણી દૃઢ યતિઓવાળો બંધ છે, રસૈઃ રુદ્રૈશ્છિન્નઃ એટલે કે ૬ ઠ્ઠી ૧૨ મી અને ૧૭ મી (છેલ્લી) વર્ણી ત્રણે સ્થાને વિરામ હોવો જોઇએ એવો બંધ છે; પરંતુ પ્રવાહ વગર રચના બાલિશ જ લાગે એમ જેને થઈ જાય તેવો કલાકાર આવા બંધનો ઉપરે વિજય મેળવી પોતાના વિચારનો પ્રવાહ એમાં સુંદર રીતે રેલાવી શકે, તેની આ રચના સારો નમૂનો ગણી શકાય એવી છે. વિરામો એકસરખા હોતા નથી, હોવા પણ ના જોઈએ, એટલે પોતાના વિચાર વલણને જ્યાં જરૂરી ત્યાંનો વિરામ સાંકેતિક વિરામો કરતાં વધારે આગળ પડતો બનાવીને, સામી બાજુ, જ્યાં તે બિનજરૂરી ત્યાં તેને ન જેવો બનાવીને; કલાકાર ઈષ્ટ ગતિઓ વળાંકો અને સાતત્ય સાધી લે છે. છેલ્લી પાંચ પંક્તિ ગુજરાતી કવિતામાં આરોહ અને ગાંભીર્યના સારા આદર્શોમાં મુકાય એવી સધાઈ છે.

**૧ ગિરિવર:** નદીબાળકોનો પિતા. તેનો ખોળો ( સાનુપ્રદેશ ) વિશાળ, ઢાળોવાળો.

**૨ લહર:** 'સલિલ', 'વહન' જેવો શબ્દ વાપર્યો હોત તોપણ અર્થ તે જ રહેત; આખા અંગોનો નિર્દેશ અંગથી કરી લેવો, અને તે અંગની પસંદગી ઔચિત્ય એટલે અર્થ સંદર્ભમાં સૌથી સારો મેળ બેસે એમ કરવી, એ કાવ્યત્વ સાધવાની યુક્તિ જાણીતી છે.

**૩-૪** નદીના ગિરિપ્રદેશમાં ન્હાનામોટા ધોધ મધ્યમ અસાધારણ ઉંચાઇથી પડે, તે દૃશ્યોનું ચિત્ર, શીકર, તે પ્રદેશમાં પાણીનું ગર્જન, અને તે ખટકની ભીષણતા એ ત્રણ જ અંશે સ્પર્શીને દોરી લીધું છે.

**૯ ગહનના ભવ્ય સપને:** ગભિર ઊંડું આત્મનિરીક્ષણ; અંતરાત્મા સહ સમાધિ. એની દશામાં; દિલ દરિયામાં ડૂબકીની અવસ્થા સૌથી વધારે વ્હાલી થઈ પડી હોય એવી સ્થિતિમાં. નદીનું મુખ એટલે દરિયા સાથે સંગમનો વિભાગ

હોડાઓથી–(ભરતી ઓટના જુવાળોથી) ક્ષુબ્ધ જ હોય, તેનું ચિત્ર 'ઉછળી રહેતી' એ બે અતિ સાદા શબ્દે દોરી લીધું છે. કવિતામાં પ્રસાદવાંછુ રસિક બંધુઓ, ત્હમે એને આવા સાદા અંશોમાં પણ જોતાં શીખો.

'સ્વપ્ન' શબ્દ અસ્પષ્ટ પણ સુખદ આદર્શમાં એકાગ્રતા જેવા અર્થમાં શ્રી ન્હાનાલાલ, શ્રી મનસુખલાલ ઝવેરી વગેરે વાપરે છે, તે મ્હને અરૂચિકર છે; સ્વપ્ન શબ્દ કાને પડતાં જ મ્હને તો પ્રથમ પ્હેલું ભાન અવાસ્તવિકતા (unreality) નું થતું હોવાથી. પરંતુ, સ્વીકારૂં છું કે કાંતના 'ઉપહાર' જેવા કાવ્યમાં અને બીજે કોઈ કોઇ ઠેકાણે પણ સ્વપ્ન શબ્દને કાં તો વ્યર્થ ગણવો પડે, કાં તો આવા અર્થમાં જ લેવો પડે. અહીં છેલ્લી લીટીમાં કવિએ 'સપનાં' લખ્યું છે પણ જો 'સપનૃં' લખ્યું હોત, તો અહીં એનો અર્થ લગભગ 'સ્વર્ગ' જેવો થઈ જાત.
**૧૩ ગહ્વરોઃ** ઘેરા સૉનેટબંધમાં ચૌદમાંની જે પંક્તિમાં અર્થનો અનિવાર્ય ગૌરવાંકિત કે બીજી રીતે ખાસ કીમતી અંશ, તે પંક્તિ કૃતિના અંતમાં કે અંત પાસે આવતાં આખી કૃતિની અસરકારકતા ખીલી આવે. 'જીવનનદી સુણે આઘાતે જ્યાં ગહન ગહ્વરો કાલરવ ત્યાં' એવી પંક્તિ છે.

શ્રી પૂજાલાલનાં ભક્તિકાવ્યો મેં વખાણ્યાં તે વિષે ગુજરાતી કવિતાની પ્રતિષ્ઠાનો જાણે ઈજારો લઈ બેઠેલાઓ કહેવા લાગ્યા, શું શ્રી ખબરદારે શ્રી અમુક તમુકે પણ ભક્તિકાવ્યો નથી લખ્યાં ? બંધુઓ, જે કવિ અને ભક્ત બંને હોય તેને ઉત્તમોત્તમ પણ જુનવાણી ઢબથી સંતોષ નહીં જ વળે, પોતાની લાગણી તે સ્વતંત્ર મૌલિક માર્ગોયે પણ બ્હેવડાવે. "ઘટે ક્ષણ અપૂર્વને નવલ વેદમંત્રાવલિ !" ઉંડે ઉર ગળી પડયો, અશ્રુતપૂર્વ ભજનધ્વનિ. રાધાકિસન, ને તુંહિ તુંહિ રામ, ને નાથ કૈસે ગજકો વગેરે વગેરે તો સૈકાઓથી સાંભળ્યા જ કરિયે છિયે; એને એ પીરસણ જરાતરા નવતર મસાલે તો ગમે તેવો ઉપકવિએ પીરસી શકે છે. પણ જરા અર્થઘનતા કે ચિત્રસંકુલતા કે અપરિચિતતા આવે કે ચાંચ ન બૂડે, એવા મંદાધિકારીઓ તો દરેક ઝમાને ઘણી મોટી સંખ્યામાં હોવાના જ.

---

# ૮૨

## સિન્ધુનું આમંત્રણ: રામનારાયણ વિશ્વનાથ પાઠક (શેષ)

**છંદ** સ્રગ્ધરા અને અનુષ્ટુપ, બંને અંત્યપ્રાસવાળા. ૫ મી કડીના અનુષ્ટુપમાં વિષમચરણો પણ પ્રાસે સાંધ્યાં છે.

**વિષય** આ અન્યોક્તિ નથી. વ્યાજોક્તિ નથી, પરંપરિત રૂપક નથી, કોઈપણ જાતનો માત્ર અલંકાર નથી; જો કે સિન્ધુ અને પરમાત્મા બેને લાગુ એવું

વર્ણન (સહોક્તિ) છે, અને તદન કુદરતી રીતે કરેલું (સ્વભાવોક્તિ) છે. પરન્તુ વિષયની ભવ્યતાને અત્યન્ત સીધી સચોટ રીતે વેધતી શૈલી, ભક્તહૃદયની નિખાલસતામાં ભાષાની અલંકારસમૃદ્ધિ અને બીજી ખૂબીઓને ગૌણ બનાવી દે છે. બાલક અને કિશોરની હીલચાલ માત્રમાં સજીવન સ્ફુર્તિ અને લીલા બંને હોય, પણ લીલા અને નૃત્ય આપણે અમુક હીલચાલ કે તેનો અંશ ખાસ નિહાળિયે ત્યારે જુદાં વખાણિયે, સામાન્ય રીતે તો એની સજીવનતાને જ નિરખી રહિયે. તેમ વાણીમાં પણ એકંદર અને ઓતપ્રોત ભવ્યતા કે તલસ્પર્શિતા આવતાં તેના પૃથક અંગોમાંના અલંકારાદિ ગૌણ બની જાય છે. અર્થની પ્રથમથી ખબર નહીં અને મથાળા ઉપરથી આ પંક્તિઓ સિંધુ વિષેની એટલું જાણીને જ વાંચવા માંડે, તેને આ પરમાત્મા વિષે પણ છે એમ ભાન થતાં, તે આદિથી ફરી વાંચે છે અને બેવડો આનન્દ મેળવે છે. અલંકારોના ભેદપ્રભેદનો પ્રપંચ આપણા મધ્યકાલીન વિવેચકોએ ખૂબ કર્યો છે, તેમાં કેટલીક સૂક્ષ્મ સુરુચિ પણ સ્થલે સ્થલે અનુભવાય છે; પરંતુ ઉત્તમ કવિતામાં તો અલંકારાદિ અનુભવાય તોપણ —પ્રિયાની કેવલ દેહસુંદરતા સુકુમારતા આદિની માફક—મુખ્ય ભોગવસ્તુ નહીં ને ધ્યાન બ્હારે રહી જાય એવી છેક ઉપાધિ બની રહે છે, તેનું આ સૂક્ષ્મ સમર્થ અને વૈજ્ઞાનિક વિવેચકોને કેટલું ભાન હશે વારુ, એવો સવાલ ઉઠતાંની સાથે, એ આખું શાસ્ત્રમંથન અર્વાચીન માનસને માટે ઉતરતા મૂલ્યનું જ બની જાય, એમાં શું આશ્ચર્ય.

**૧ આનન્દ સિંધુ** (૧) આનંદમય સિંધુ; (૨) પરમાત્મા, પ્રકૃતિએ જ આનંદસ્વરૂપ. **હસ્ત** (૧) મોજાં, (૨) કુદરતની કોઈ પણ લીલા. ઝાંયોનાં મોતીઃ ઝાંયો દેખાડતાં ટીપાં **ઝાંય**-ભપકી, આછેરું તેજ. ભેંસના ઘીની લીલાશ અને ગાયના ઘીની આછી પીળાશને ઝાંય કહે છે. ધૂપછાંય રંગી કાપડને એક બાજુથી અને એક જાતના પ્રકાશમાં જોતાં એક રંગનું તેજ દેખાય, સામી બાજુથી બીજા રંગનું દેખાય એવાં રંગમિશ્રિત તેજ—વૈવિધ્યને ઝાંય કહે છે જે હીરા રત્નો આદિના પ્હેલોમાં ખાસ ધ્યાન ખેંચે છે. ઝાંસ ઝાંહ, એ ઝાંય શબ્દનાં પ્રાંતિક ઉચ્ચારણ માત્ર છે.

**કડી ૧** સિંધુ પક્ષે સ્થૂલ વાસ્તવિક અર્થ. પરમાત્મા પક્ષે એના નિઃસીમ સદાસમવાત્સલ્યનો અર્થ. ઘરમાં જેમ બાલકોને બધી જ છૂટ, તેમ અહીં પણ છે.

**કડી ૩** માનવો (૧) આર્ય, (૨) પીતવર્ણ, (૩) હબશી; અથવા (૧) હિંદુ, (૨) મુસ્લિમ, (૩) ખ્રિસ્તીઃ અથવા અંગ્રેજ ફ્રેંચ, જર્મન, ઇટાલિયન એમ અનેક લોહી, ધર્મ રાષ્ટ્રસીમા, આદિ ભેદપ્રભેદે વિભક્ત, તથાપિ એક જ કુલ છેઃ આખી માનવજાતિ એક જ યોની છે. સિંધુને આપણે જુદા જુદા કાંઠા પ્રમાણે અનેક ગણિયે છ, મહાસાગર સાગર આદિને જુદાં જુદાં નામો આપિયે છ ખરા; પરંતુ વસ્તુતાએ આખો પારાવાર એક જ. ધર્મોનાં પણ આપણે ઐતિહાસિક

નામો ભેગાં કરિયે તો અનેકાનેક થાય, તથાપિ ધર્મવૃત્તિ, ધર્મતત્વ, માનવધર્મ-ના આત્મરૂપ સત્ય, એક છે. ઈશ્વર વિષેના ખયાલ અને વ્યાખ્યાઓ જુદે જુદે દેશકાલે જુદાં જુદાં પ્રવર્ત્યાં, તથાપિ પરમાત્મા એક છે. જમીનતટોની જડતા સાગરના ઐક્યને છેદી ન શકે. લોહી, મત, વતન, રાષ્ટ્રવાદ, ભાષા, સમાજબંધન આદિ જડ ઉપાધિઓ ગમે તેટલી, પણ માનવજાતિના સૂક્ષ્મ ઐક્યને વિભેદી ન શકે. ભેદભાવ પૂરેપૂરો જીતશો; સૂક્ષ્મ ઐક્ય વિકસાવશો, તેમ તેમ ત્હમે અનેરું ગૌરવ ("ગરવાં") સાધશો, ત્હમારા 'સુર" (જીવન) માં અનેરા રસ ફુટશે. મ્હારી સાથેનું ત્હમારું ઐક્ય પણ તેમ તેમ જ અનુભવશો.

**કડી ૪** સિંધુ પક્ષે શબ્દાર્થ છે તે વાસ્તવિક અને સાથે મનોવેધક છે. આ કડીની સ્વર–વ્યંજન–લીલા પણ જુવો. આર્ય કવિતાની પડતીના સૈકાઓમાં **गीतगोविन्द कीचकवध,** આદિ પ્રાકૃતસંસ્કૃત કૃતિઓમાં ખટખટતા શબ્દાલંકારો વધી ગયા અને એ વલણ જીત્યું, તથા હિંદી કવિતામાં તો દિગ્વિજયી થયું,—કલ્પના અને વિચારપ્રવાહ પણ કવિતામાંથી નષ્ટપ્રાય થયાં. એટલે કાલિદાસાદિ કવિઓની **સૂક્ષ્મ શબ્દાલંકૃતિ** વધારે સુંદર તેમ અર્થ અને ભાવને કુદરતી રીતે પોષનારી હોવાથી વધારે સચોટ છે, તે આપણે લગભગ ભૂલ્યા. હવે અંગ્રેજી કવિઓના સંપર્કથી તે આપણે આપણી ભાષામાં ખીલવવા માંડી છે. અંગ્રેજી શૈલીની ગુજરાતી કવિતા સ્પષ્ટ શબ્દાલંકારોને લગભગ વર્જે છે, ત્યારે કુદરતી સ્વર–વ્યંજન–લીલાની આશક બની છે. આ કડીમાં ફિલસૂફનો **ઊ**, પ્રૌઢાનો **ઔ**, નેઠકો **કલાકે૦ આ ઘેરા ઘોર ગર્વા** એમાં સ્વર વ્યંજન બંને, **અતલ ઉલ-ટતા** એમાં **ત લ** ની ઉલટી પુનરુક્તિ; **ઓઘો અગાધ** એમાં સ્વર વ્યંજન બંને **વિ—થિ—બા—બે**, અગાધ–અબાધનો પ્રાસ, અને બીજી પણ વિગતે સ્વર–વ્યંજન–લીલા આકર્ષી રહે એવી છે.

અને પરમાત્મા પક્ષે? માનવ ચિચ્છક્તિઓની ન્હાનીશી ફુટપટ્ટીએ પરમા-ત્મા અતલ છે, અગાધ છે, અગમ્ય છે, આશ્ચર્યવત્ છે; નેતિ નેતિથી અટકી જવું પડે એવો છે. પ્રતિભા સામાન્ય માનવીઓને તોલે ગમે તેટલી નિઃસીમ,–પણ પરમાત્માને હિસાબે? તરંગો, બુદ્બુદો, ગર્ત્તો, ઓઘો, વિસ્તારોના વિશેષણોમાં જે કંઈ અસ્ફુટતા, અપૂર્ણતા, અવિદતા છે, નેતિવાચકતા છે, તે પરમાત્માની સર્વતોમુખી અગાધતાને તોતડી માનવવાણી સ્પર્શી શકે તેટલી સ્પર્શે છે, અને અવાસ્તવની અસત્યતામાં કે અતિશયોક્તિની મૂર્ખાઈમાં પડયા વગર કૃતકૃત્ય બને છે. ઊંડામાં ઊંડી વિચારણા તેમ દરેક કલાની દરેક જાતિના રસિકને વ્હાલી ચમત્કૃતિ માત્રને માટે અહીં મનમાન્યો અવકાશ છે તો પછી સમાન્ય માણસો માટે પણ હોય જ ને.

**કડી ૫—૧ સહસ્ર** અગણિત. **ઘેલી** બેભાન, બસ વ્હેવું વ્હેવું એમ વ્હેવાની પ્રેરણામય જ: ક્યાં શા માટે શી રીતે વ્હે છે એવા કોઈપણ સવાલના જવાબ

દેવા શક્ત જ નહીં એવી : અજ્ઞાની શૂન્યતા, અબુદ્ધનું **મૌન** જ જવાબમાં **મળે** એવી. ઘડી વિમલ ઘડી મલીન : કેટલા સાદા શબ્દોમાં કેવો ગંભીર અર્થ છે ! **સરખી** સુરેખ, સમરેખ, **મથી મથી** શેને શેને માટે મથતા હોય છે વારુ ? અરે ! છેક બાલક, એમને માટે તે એવા એવા સવાલ પૂછવાના પણ હોય ! **જેમાં** મથે છે તેમાં કેવાં આનન્દે છે તે જુઓ, ઘડી પછી બીજા જ કશામાં આનન્દે છે તે જુઓ, એટલે ત્હમારી પૃચ્છા આ તત્ક્ષણ માત્રમાં જીવનારી યોનિ પરત્વે કેટલી કેટલી અજુગતી છે, તે ત્હમે જ પામી જશો. ટૂંકાં અને વ્યર્થ જેવાં પ્રેયો માટે એવાં મનુજ જન્તુઓ આ પારથી પેલે ત્યાંથી પાછા અહીં, એમ જન્મે મરે, જન્મે, લખચોરાશીમાં ભમરચકર ચકરભમર ફટાયા કરે. એ જ એમનો ઇતિહાસ. તેમને સિંધુ કહે છે, જે જે નદીઓમાં ત્હમે હો તે તેના પ્રવાહ પન્થોને વળગીને તેમને અનુકૂલ રહીને જ વહી આવો, તો ત્હમે અનાયાસે અને નિઃસંશય મ્હને જ પામશો. અહીં નદી = ધર્મ, પંથ, વર્ણાશ્રમપરંપરા, એવો સંકુચિત અર્થ પણ લેવાય ખરો; જો કે આવી કૃતિઓમાં સૌથી વિશાલ અર્થ જ પૂરો સાચો અર્થ. ( ધર્મ પલટો કરવા કરાવવા ઇચ્છનારને આ ઉચ્ચતર સત્યતર દૃષ્ટિ લગભગ અસાધ્ય છે. )

**જીવન** કેટલું તો કરુણ છે, દયા આવે એવું છે, તે છુપાવ્યું **નથી**. કલ્પના-કટાક્ષની સરલ ભવ્યતામાં કરુણ રસને ઓગાળી લીધો છે. આ પણ **હ્યુમર** **(humour)** નો એક પ્રકાર છે. અને આપણી કાવ્યમીમાંસા આને પણ ધ્વનિ જ કહે છે. માણસની વાણી તોતડી અને અશક્ત છે એટલું જ નહીં; એનાં ન્યાયશાસ્ત્ર, દર્શન, પૃથક્કરણ આદિ સત્યને પામવાની ક્રિયાઓ, તમામ તોતડાં અને અશક્ત છે. ભવ્ય તેમ ગહન બંને ક્ષેત્રમાંથી આપણી શક્તિઓ અંજાઈ જઇ પાછી વળે છે.

**કડી ૭ અહીંથી** ( ૧ ) સિંધુથી, **(૨)** પરમાત્માથી. દિનકર પણ અહીં જ પ્રથમ કિરણ પ્રસારે છે, અસ્ત અહીં જ પામે છે. **એક ચક્રે** અપ્રતિરથ (પુરાણોમાં સૂર્યના રથને એકજ ચક્રનો વર્ણવ્યો છે, એ હકીકત પણ આ પંડિત કવિના ધ્યાનમાં હોય તથાપિ અર્થ તો અનન્ય રાજાધિરાજ લેખે એ જ ઉત્તમ છે.) **અકલ સલિલ** સૃષ્ટિની ઉત્પત્તિનો પ્હેલો સર્ગ પ્હેલી માયા **(**જુઓ **નાસદીય** સૂક્ત વગેરે **) નિર્ગમે છે.** ઉત્પત્તિ પામે છે. **ઊંચા નીચા ફરીને** લખચોરાશી ફેરા, ઉચ્ચનીચ યોનિઓમાં. **સમય નિજ થતાં** કર્મપરિપાકે, પુરુષાર્થ સંચયે.

સિંધુ પક્ષે નામ તેનો નાશ, સર્જાય જે જે કંઇ તે તે વિસર્જાયા વિના રહે જ નહીં, એ સ્થૂલ અર્થ.

**કડી ૮ શુદ્ધ—મેલી** એ દ્વંદ્વ સિંધુ પર છે. ઉચિત–અનુચિત બેયને પોતાને લાભ અપક્ષપાણે આપતા સૂર્ય–ચંદ્ર, મરુત, અગ્નિ, એવાં એવા દ્વંદ્વોથી પર છે. પરમાત્મા પાપ પુણ્યના દ્વંદ્વથી પર છે. પાપ કર્યાં છે, પાપી છું અનધિકારી.

ધું, પાપવૃત્તિઓને પ્રજાળી વિમલ બનું ત્યારે જ અધિકારી, એવા એવા ખયાલ પણ મમત છે, અહંતા છે. આત્મા જાતે સદા અને સર્વાવસ્થામાં શુદ્ધ મુક્ત સ્વરૂપ છે જ, તો પછી એ સર્વ ચોખલિયાવેડા, શંકા, અનાસ્થા, વામી નાખોઃ આ શુદ્ધ મુક્ત પ્રવાહે શુદ્ધ મુક્ત વિહરો.

**કડી ૯-૧૦-૧૧** આટલે સુધી સમજી લીધા પછી સુસ્પષ્ટ છે. કડી **૧૦** પાછી કડી **૫-૬** જેવી છે. કડી **૧૧** પરમાત્માની અગાધ ઉદારતા અને ધીરજનું કથન છે. **કોઇ ગયું નહીં** એટલા તો થોડા ગયા કે સો પ્રમાદી વા નાસ્તિક, કોઈપણ ગયું નહીં, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. અને સિંધુ પક્ષે શું; એમ કોઈ પુછે તો તેનો જવાબ એટલો, જે તહમે ન સમજ્યા તેણે જ આવો અરસિક સવાલ પૂછ્યોઃ આ છેલ્લી પંક્તિઓમાં પરમાત્મા જ વિષય છે, સિંધુ તેનું પ્રતીક (ઓઠું) માત્ર છે.

---

## ૮૩

## નયણાંની આળસઃ ન્હાનાલાલ દલપતરામ કવિ.

**૫૬.** ખૂબી અને ચોટ કથન છેક સરલ સાદા બોલમાં અને સીધું દોર છે તેમાં ય પંક્તિમધ્યમાં શ્વાસ ખાવાનો વિરામ છે અને ઉત્તરાર્ધનું વલણ ચોટદાર આવે છે; ક્યાંક અર્થસમકૃતિ છે એવે સ્થળે શબ્દોનું ઔચિત્ય છે; **૪ સક્તઃ** આસક્ત **૧૨ દિનઃ** દિવસ કે દિવાકર, પ્રભા કે પ્રભાત. ઘુવડ, ઉપમાનની ઉગ્રતા આત્મનિંદાની માત્રામાંથી આપોઆપ ફળે છે. **સો વર્ષઃ** આખો જન્મારો, ઘુવડનો નહીં માણસનો. ઘુવડની આવરદા માણસનીથી વધારે કે ઓછી હશે તે જાણવાની કશી જરૂર નથી. એવી વૈજ્ઞાનિક વિગત વિના પણ આ કવિતા પૂરેપૂરી સમજાય એવી છે. **૧૫ પેલાંઃ** સંતભક્તોની વાણીમાં જે વિષે સાંભળ્યા કરે છુ., જેનો મ્હને પોતાને હજી સાક્ષાત્કાર નથી, તે. આંખ ઈશ્વરને જ ના દેખે એ જ ભારેમાં ભારે અંધાપો! **૧૭ જડ પડદાઃ** પડળો.

શ્રી પૂજાલાલના ભક્તિપ્રવાહની સર્જકતાને મેં સત્કારી, ત્યારે બેચાર બંધુઓ ખબરદાર ન્હાનાલાલ વગેરેની તારીફ કરવા લાગ્યા. બંધુઓ, જૂનવાણી ભક્તિ-પ્રવાહ,—એ રાહો, એ ઉપમાઓ, એ દૃષ્ટાંતો, એ શબ્દાર્થ પરંપરાઓ જેટલી સુપરિચિત અને સ્વાદુ વડીલોએ આપણને વારસે આપેલી છે, તેવી ને તેવી સતેજ આપણે તેમને આપણા વારસોને દેવી જોઈએ. પરંતુ એ બધું ય કરી આપે તે માત્ર ઉપકવિતાઃ જૂની અને પ્રિય, પ્રિય અને શિષ્ટ સુરાવલિનું અનુગુંજન માત્ર, રાહમાં ને માંડણીમાં વિચારણામાં ને શબ્દસિદ્ધિમાં સર્જક અવનવીનતા હોય, તેજ કવિતા. જુવો આની સાથે **૮૦–૮૨** અને **૮૪;** કઈમાં શી નવીનતા કેટલી જોવામાં આવે છે, તે તપાસો.

---

## ૮૪

## મ્હારા દેવ: પ્રબોધરાય માણેકલાલ ભટ્ટ

જન્મ—ઇ. ૧૯૧૩. **પદ.**

**૨** 'પ્રાણ': એ જ એક સત્: જીવનો જીવ, તત્ત્વનું તત્ત્વ; તેને આ મારો જીવ કુરબાન કરી દેવાના બદલામાં પણ જોવા પામ્યો નથી.

**૬** પરંપરાએ ઉતરી આવેલો શ્રુતિ વિષય છે; જાતે પોતાની આંખે જોનારો તો કોઈએ ક્યારે યે જોયો નથી. **૭–૧૦** તર્કગમ્ય છે ખરો, પણ તેથી શું વળે? **૧૪ વેદ ને પુરાણ:** ગીતા, બાઇબલ, કુરાન આદિ તમામ ધર્મગ્રંથોને આમાં લઇ લેવા. **૧૮ સપનાં:** માનસશાસ્ત્રીઓ આપણાં સપનાંને આપણા ચિત્તંત્રની સરજન જ ઠરાવે છે. તેમ આ સર્વે માણસની પોતાની કલ્પનાનાં જ આલેખનો છે. **૨૫–૨૬** દર્શન પુરાવો આધાર કશું જ ન મળે. અને તોપણ મારે ન માનવું, નહીં માનું, માને સો મૂર્ખશિરોમણિ,—એવો નિકાલ વા નિર્ણય પણ હૃદય સ્વીકારતું નથી. સૃષ્ટિના આરંભથી દેશે દેશે કાલે કાલે પ્રજાએ પ્રજાએ મળીને "તેત્રીશ કોટિ" દેવો માન્યા–મનાવ્યા, તેમનામાંથી એક પણ "સાચો દેવ" નથી; "સાચો દેવ" કેમ મળે તે હજી તો કોઇને લેશ પણ સુઝતું નથી; અને તો પણ "સાચા દેવ" માટેની ઝંખના માનવીનું હૈયું છોડી શકતું જ નથી.

નરી વાસ્તવિક્તાનો આ રણકો આર્ય પ્રજા વેદ અને ઉપનિષદોના કાળમાં પિછાનતી હતી. આ રણકાનો છેલ્લો સુર ગૌતમ બુદ્ધની વાણીમાં સાંભળવા મળે છે. પરંતુ તે પ્હેલાં સૈકાઓથી અનાર્ય ધાડાં ને ધાડાં હિંદમાં ધૂસેલાં હતાં, અને પછી તો વળી વધારે વાર વધારે મોટી સંખ્યામાં આવ્યા કર્યાં, લોહી ભેળાઈ ગયું, અને ગમે તે ભોગે પણ સો ટચ ચોકખું સત્ય મેળવવાની એ જિજ્ઞાસા ઝાંખી પડતી ગઇ છે. ઈ. ૧૯૦૦ પછી જન્મતા આપણા કવિઓમાં એ રણકો પાછો સંભળાવા લાગ્યો છે, એ આપણાં અહોભાગ્ય! પ્રજા એ રણકાને સત્કારશે ખરી, પૂરા બ્હારમાં ખિલવા દેશે ખરી, એ રૂપ એ રંગ એ ગંધ એ રસ સહી શકશે ખરી? કે એને તો ગોવર્દ્ધની ખવાબો અને ન્હાનાલાલી સમણાં જ વધુ રુચ્યા કરશે?

---

## ૮૫

## અવસાન: નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા

**છંદ**—વસંતતિલકા

ગીત વીજળી આદિ આસ્તત્વની ક્ષણમાં સુખદ છે; તે જો–આ ઝાપેલી પ્રતિકૃતિ દ્વારા–અત્ર, આ સંગ્રહ દ્વારા–જે જે બધુ અનુભવે તેમને પણ સુખદ

જણાય, કવિતાકલાનો આનંદ આપી શકે, તો...**૫ ઈંદ્રજાલરચના:** ઇંદ્રજાલ તો માયાવી જૂઠી આભાસમાત્ર રચના; એટલે પંડિત કવિ પોતે ટીકા લખે છે, ખોટી એવો અર્થ ન લેતાં ક્ષણિકતા લક્ષણે ઈંદ્રજાલ જેવી, એવો અર્થ લેવો. ઇંદ્રજાલની રચના = ઈંદ્રજાલ રચના ( છઠી નો તત્પુરૂષ ) ઇંદ્રજાલ રચના ઇવ રચના ( ક્ષણિકત્વાત્ ) – ઉપમિત સમાસ; ક્ષણિક છે તોપણ ચિંતા દુઃખ વિપત્તિ આદિને લઈને ભારે હૃદયને પણ રુચે એવી છે.

મ્હારા ગાનની માફક હું પણ ભલે ત્હારા સંવેદન અને ત્હારી સ્મૃતિમાંથી ખરી પડું: છેક જ ના ખરી પડું, જરાતરા થોડો સમય સાંભર્યા કરૂં એટલે ત્હારો સમભાવ મેળવી શકું તો બસ. સંગ્રહકર્તા પણ એટલો જ સમભાવ મળે તો ઘણું બધું એમ અનુરટણ કરતાં, ઉમેર્યા વિના રહી શકતો નથી કે સમભાવ આપવા મેળવવાની બાબતને ગુજરાતીઓ આંસુ સારવાની શબ્દાવલિએ વર્ણવે છે, આપણામાં એ અર્થ માટે એ શબ્દાવલિ આટલી રૂઢ થઈ ગઇ છે, એ આપણી પ્રજાની પોચટતા અને ઊર્મિલતાનો આબાદ પુરાવો છે. મરદોના અન્યોન્ય સમભાવ વ્યવહાર વિનિમયમાં હાલતાં ને ચાલતાં આંસુ આવે ખરેખર, તો એ સ્ત્રૈણતા નહીં વારુ, અગર તે માત્ર વાગ્વિવેકમાં, તો એ દંભ નહીં વારુ ?

# વિવરણ (પૃ. ૧૦૩ થી ૨૦૯)નું શુદ્ધિપત્રક

☞ આ ફર્માઓનાં છેલ્લાં પ્રુફ કર્તાએ જાતે જોયા વિના છપાયાં
— ચોપડી બનતી ત્વરાએ પ્રકટ થઈ જાય તે સારૂ —
તો એ ફર્માઓનું આ લાંબું શુદ્ધિપત્રક ઉમેરવું પડે છે.

| પૃ. | પં. | શુદ્ધ |
|---|---|---|
| ૧૦૭ | ૬/૨૭ | આ કૃતિમાંથી આરંભે / કવિઓમાંથી પ્રત્યેકના |
| ૧૦૮ | ૬/૧૬ | માતબરી/માત્ર સંવાદમાલાઓ (રચનાઓ શબ્દ છેકી નાખવો) |
| ૧૧૦ | ૧૧/૧૯ | મળે નહીં/ભાગી છૂટવાની |
| ,, | ૨૭/૨૯ | સારા કવિઓ/તથ્યાંશ |
| ૧૧૧ | ૧૮ | ભૂતકાલમાં |
| ૧૧૩ | ૨૫ | ગુજરાતીમાં |
| ૧૧૪ | ૧૬ | છેલ્લી છ પંક્તિ |
| ૧૧૫ | ૨૪ | કવિતા કરતાં |
| ૧૧૬ | ૩૨ | આકર્ષકતા |
| ૧૧૭ | ૧૪ | ચોખ્ખ |
| ૧૧૯ | ૪/૨૭ | સંકલન/ચિહ્ન † તેહએ; એ ટિપ્પણ છે પછીને પાને. |
| ૧૨૨ | ૧૬ | એમની આ કૃતિ |
| ૧૨૩ | છેલ્લી | પ્રવૃત્તિઓ |
| ૧૨૫ | ૧૯-૨૦ | (ચંદ્ર...વધતો) |
| ૧૨૫ | ૨૭/૩૩ | નેત્રને / ચિત્તની |
| ૧૨૭ | ૩/૨૨ | પ્રકાશ / વ્યક્તિત્વનો સ્પષ્ટ નિર્દેશ |
| ૧૨૯ | ૨૬ | સાથી |
| ૧૩૦ | ૧૨ | આ આપણી હાલતમાં આપણા |
| ૧૩૧-૨ | ૨૦/૨૭ | ઉછળતું / ઉછળતો |
| ૧૩૧ | ૨૨/૨૫ | વિરાટ તેમ અણુ / ઢળતું જણાય |
| ૧૩૨ | ૬ | દેખાતો નહીં છતાં |
| ૧૩૩ | ૪/૧૩ | પ્રીતને તેમ મેઘ૦ / આપેલાં |
| ,, | ૧૬/૨૨ | આ તડને જે / આકૃતિઓને પ્રતિબિંબે છે; |
| ,, | ૨૯ | સામી બાજુથી |
| ૧૩૫ | ૧૮ | નહોતો; અને દૃષ્ટિ જ |
| ૧૩૬ | ૧૬/૩૨ | અહીં આ મુદ્દાને બરાબર વળગવું / નવલોહિયા |
| ,, | ૩૪ | અશાસ્ત્ર |
| ૧૩૭ | ૩૦ | છાતી |
| ૧૪૩ | ૨૦ ૨૧ | લાગે છે / સમભાવી |
| ૧૪૪ | ૯ | ચિત્તમાં |
| ૧૪૮ | ૭ | આરંભમાં |
| ૧૫૦ | ૧ | દેવી પંડ |
| ૧૫૩ | ૧૧ | પણ અર્થ હોય |
| ૧૫૫ | ૪ | છે કે કવિતા |
| ૧૫૬ | ૨૦/૨૧ | વાપરતા / આકર્ષકતા |
| ૧૫૭ | ૬ | એમ કાં ન બને |
| ૧૬૧ | ૨ | વિવેચના |
| ૧૬૨ | ૧૬/૨૭ | લાવણીઓ / ગાન |
| ૧૬૪ | ૮/૧૬ | એને એક શબ્દ / હાલની |
| ૧૬૮ | ૧૦ | ઇતિહાસખાણે |
| ૧૬૯ | ૨૩ | છે. એને દાખલા |
| ૧૭૧ | ૪ | મતને |
| ૧૭૨ | ૨૩/૨૫ | દ્વિધા વિભક્ત પણ / લે છે. |
| ૧૭૩ | ૧૮/૨૯ | પંક્તિથી મૂલ / પરિણામ આવે છે કે |

| | | |
|---|---|---|
| ૧૭૪ | ૧૬/૨૩ | તેમને પણ / તાપ |
| ૧૭૬ | ૧ | આછાં સૂચનો |
| ,, | ૧૯ થી ૨૧ | પરંતુ...હશે તો-એટલું છેકી નાખો. |
| ,, | ૨૨/૨૯ | ઉચ્ચ કવિતાથી / સાદાઇ |
| ૧૭૮ | ૧૮–૧૯ | Lëknan$^{a}$ Manahar$^{a}$ |
| ૧૭૯ | ૧૬ | સર્જત |
| ૧૮૨ | ૨૭ | ઉછરેલાં |
| ૧૮૩ | ૧૦/૧૩/૧૭ | લયસુરસાધિત / વિવરણમાં લખી / ગંદવાડ |
| ૧૮૪ | ૫ | બંધાતા |
| ૧૮૫ | ૧ | આદિકારણ |
| ૧૮૮ | ૧૮/૨૭ | દુર્બોધ / આ લીટી છેકી નાખો |
| ૧૮૯ | ૫ | બનાવો ને |
| ૧૯૦ | ૧૯ | ઘેરામાં ઘેરા |
| ૧૯૨ | ૪ | તેમાં કલ્પિત |
| ૧૯૩ | | ૭૦ મા વિવરણ છેડે ઉમેરો-હમણાં જ મુંબાઇ રામનારાયણ રૂઇયા કોલેજમાં કરેલું વ્યાખ્યાન "પ્રતિભાબીજની માવજત" ૭૦મી અને ૨૧મી જેવી કૃતિ માટે જોવું |
| ૧૯૪ | ૧/૧૪/૧૮ | કવિના આ હોઠ / રવિની / સમતા |
| ૧૯૫ | ૮ | બુદ્ધિને |
| ૧૯૬ | ૨૮ | વિચારપ્રવાહ આવતો |
| ૧૯૭ | ૨૬ | સૂચવાયા હોય |
| ૧૯૯ | ૧૮ | ચોટ હોય તે. એવું કશું આ ધ્રુવપદમાં છે ખરું? |
| ૧૯૯ | ૨૨ | અને આ વાત તે તે |
| ૨૦૦ | ૧૯ | તેને મુબારક. |

શ્રી રામનારાયણ વિ. પાઠકનાં "મ્હારાં સૉનેટ" એ ચોપડીના અવલોકનમાંથી—

...આપણા ટૂંકબંડોળી વિવરણ-સાહિત્યમાં અમે આને હૃદયથી આવકાર આપીએ છીએ...

પ્રોફેસર ઠાકોરનું આ વિવરણ માત્ર કવિતાના ઉપભોગને જ ઉપકારક થશે એમ નહીં; તેથી કવિતાલેખન ને પણ ઘણો ઉપકાર થશે. એમની નિરૂપણપદ્ધતિ માત્ર વિચારો આપે એવી નહીં પણ આપણને વિચાર કરતા કરે એવી છે. આ વિવરણ વાંચીને લેખકવાચક સ્વતંત્ર વિચાર કરવા—પ્રો. ઠાકોરની પેઠે જ, પ્રણાલિકાનું રહસ્ય સમજતાં છતાં પ્રણાલિકાથી તણાઈ ન જતાં—સ્વતંત્ર વિચાર કરવા, સ્વતંત્રપણે કાવ્ય-રહસ્યને અનુકૂળ પ્રયોગો કરવા પ્રેરાશે, અને એમાં જ આનું ખરૂં સાફલ્ય છે એમ અમે માનીએ છીએ. કવિતાલેખક વર્ગમાં તો પ્રો. ઠાકોર તરફ એટલું આકર્ષણ છે કે તેને આ વાંચવાની ભલામણ કરવાની જરૂર રહેતી નથી. પણ વાચકવર્ગને અમે કહીશું; પ્રો. ઠાકોરની શૈલીનાં અમુક લક્ષણ સામે ફરિયાદ ન કરતાં તે સમજવાનો પ્રયત્ન કરવાથી તેને વધારે ફાયદો થશે. આપણા થોડા સારા બલિષ્ઠ ઘનિષ્ઠ ગદ્યશૈલીના લેખકો-માં પ્રો. ઠાકોરનું અનન્ય સ્થાન છે, અને ગુજરાતી ગદ્ય—જેનું ભવિષ્ય અમને હજી ઘણું વિશાલ અને ઉજ્જવલ લાગે છે,—તેમાં કામ કરનારને પણ તેમના ગદ્યની તાલીમની એટલી જ જરૂર છે.

—**પ્રસ્થાન**, માઘ ૧૯૯૨,
પૃ. ૩૭૩–૩૭૬.